# જૈન ઇતિહાસ ની ઝલકો

પં. ચન્દ્રશેખરવિજયજી



૧૪૫ કમલ પ્રકાશન ટ્રસ્ટ

# જૈન ઇતિહાસની ઝલકો

પં. ચન્દ્રશેખરવિજયજી

૧૪૫

**કમલ પ્રકાશન ટ્રસ્ટ**

૨૭૭૭ નિશાપોળ, ઝવેરીવાડ,

રીલિફરોડ, અમદાવાદ-૧

**કમલ પ્રકાશન ટ્રસ્ટ**
જીવતલાલ પ્રતાપશી સંસ્કૃતિભવન,
૨૭૭૭, નિશાપોળ, ઝવેરીવાડ,
રીલીફરોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧

ટે. નં ૫૩૫ ૫૮ ૨૩
૫૩૫ ૬૦ ૩૩

**લેખક-પરિચય**

સિદ્ધાન્તમહોદધિ સચ્ચારિત્રચૂડામણિ
સ્વ. પૂજ્યપાદ્ આ. ભગવંત શ્રીમદ્વિજય
પ્રેમસૂરીશ્વરજી મહારાજા સાહેબના વિનેય
**પં. શ્રી ચન્દ્રશેખરવિજયજી**

પ્રથમ સંસ્કરણ : નકલ ૨૦૦૦
દ્વિતીય સંસ્કરણ : નકલ ૨૦૦૦
તૃતિય સંસ્કરણ : નકલ ૩૦૦૦
ચતુર્થ સંસ્કરણ : નકલ ૩૦૦૦
વિ. સં. ૨૦૫૫, ૧૫-૭-૧૯૯૯

**મુલ્ય :** ૩૦-૦૦

**ટાઈપસેટીંગ :**
**શાઈનઆર્ટ કોમ્પ્યુગ્રાફીક્સ**
રાજનગર, પાલડી, અમદાવાદ-૯
ફોન નં. : ૬૩૩ ૯૨ ૩૨

**મુદ્રક : ભગવતી ઓફસેટ**
૧૫/સી, બંસીધર એસ્ટેટ, બારડોલપુરા, અમદાવાદ-૪.

# પ્રકાશકીય

'ટપાલ દ્વારા તત્ત્વજ્ઞાન' માસિકમાં, 'ઈતિહાસની ઝલકો' નામનો વિભાગ- પ્રત્યેક અંકમાં આપવામાં આવે છે. ત્રણ વર્ષના છત્રીસ અંકો સુધી ચાલનારા આ વિભાગને સંપૂર્ણપણે અમે પુસ્તક રૂપે પ્રકાશિત કરી રહ્યા છીએ.

જૈન શાસનના ઈતિહાસનાં અનેક પાત્રોની અનેક અ–શ્રુત વાતો આ ઝલકોમાં તમને વાંચવા મળશે; અને તેમાંથી નિત-નવી સુંદર જીવન જીવવા માટેની પ્રેરણા મળશે.

જૈનોનો ભૂતકાળ કેટલો ગૌરવવંતો હતો ? તેમાં બનેલી ઘટનાઓ કેટલી જીવંત છે ? કેટલી બોધપ્રદ છે ? એની જોરદાર પ્રતીતિ આ ઝલકો વાંચતાં તમને થયા વિના રહેશે નહિ.

સહુ ઝલકોને વાંચે અને સ્વયં ભાવિ પેઢીના દૃષ્ટિકોણમાં આવનારા ઈતિહાસની એક ઝલક બને એવી અમારી અંતઃકરણની અભિલાષા છે.

લિ.
ટ્રસ્ટીમંડળ
કમલ પ્રકાશન ટ્રસ્ટ

તા. ૧૬-૬-૮૦

# લેખકીય

'ટપાલ દ્વારા તત્ત્વજ્ઞાન' માસિક માટે મેં આ લેખન તૈયાર કર્યું છે. અનેક સ્થળોથી મને જે મળ્યું છે, તેને સાદી, સીધી ભાષામાં મેં અહીં ટપકાવ્યું છે.

આ ઈતિહાસ છે. આમાં ક્યાંય મતાંતરો પણ મળવાના. પણ જો ક્યાંક મારી ખુલ્લી ક્ષતિ જણાય તો વાંચકો જણાવે; જેથી નવી આવૃત્તિમાં તેનું પરિમાર્જન કરી શકાય.

જૈન પરંપરાનો ઈતિહાસ તથા દોઘટ્ટી ટીકાયુક્ત ઉપદેશમાળા— આ બે ગ્રન્થોમાંથી ઘણી ઝલકો મેં લીધી છે, એટલે કોઈ ઝલકની તથ્યતા અંગે શંકા પડે તો તે બે ગ્રન્થો જોઈ લેવાની મારી ભલામણ છે.

ઝલક સહુના જીવનની રોનક પલટે એ જોવાની મારી એકમેવ અભિલાષા છે.

ક્યાંક જિનવચન વિરુદ્ધ લખાયું હોય તો અંતઃકરણથી ક્ષમા યાચું છું.

વિ. સં. ૨૦૩૬ દ્વિ. જેઠ સુદ ત્રીજ તા. ૧૬-૬-૧૯૮૦

લિ.

ગુરુપાદપદ્મરેણુ

પં. ચન્દ્રશેખરવિજય

૬૫, રાજગૃહી સોસાયટી, દેવલાલી કેમ્પ, નાસિક (મહારાષ્ટ્ર)

# અનુક્રમણિકા


૧. આર્યરક્ષિતસૂરિજી ------------------------------------ ૧
૨. શ્રીકૃષ્ણની ભેરી ------------------------------------ ૧
૩. શ્રીકૃષ્ણનો સંયમરાગ ------------------------------------ ૨
૪. સાત નિહનવો ------------------------------------ ૨
૫. દુર્બલિકા-પુષ્યમિત્ર ------------------------------------ ૩
૬. ઔરંગઝેબ અને શાન્તિદાસ શેઠ ------------------------------------ ૩
૭. પેથડમંત્રીનો પરિગ્રહ ------------------------------------ ૪
૮. સુમંગલાચાર્યજીનો યોગપટ્ટ ------------------------------------ ૪
૯. હેમચન્દ્રાચાર્યજીની માતૃભક્તિ ------------------------------------ ૫
૧૦. કુમારપાળ અને નૃપસિંહ ------------------------------------ ૫
૧૧. ઉદયનમંત્રી ------------------------------------ ૫
૧૨. કુમારપાળનો જૈનધર્મ-દ્વેષ ------------------------------------ ૬
૧૩. કુમારપાળની ગુરુભક્તિ ------------------------------------ ૬
૧૪. હેમચન્દ્રસૂરિજીની ગીતાર્થતા ------------------------------------ ૬
૧૫. જિનપ્રભસૂરિજી અને સોમપ્રભસૂરિજી ------------------------------------ ૬
૧૬. ઉપમિતિ-ભવપ્રપંચાના કર્તા-સિદ્ધર્ષિ ------------------------------------ ૭
૧૭. 'ધોળા વાળ જેવો જગતમાં બીજો કોઈ ઉપદેશ નથી ---- ૭
૧૮. તામલી તાપસ ------------------------------------ ૮
૧૯. રાવણની પ્રભુભક્તિ ------------------------------------ ૮
૨૦. મન્ત્રીશ્વર વસ્તુપાળ ------------------------------------ ૯
૨૧. ટોચ-સમ્યગ્દૃષ્ટિ સુલસા ------------------------------------ ૯
૨૨. થાવચ્ચાપુત્ર અને શુક પરિવ્રાજક ------------------------------------ ૯
૨૩. વજુઆ શેઠ અને રાજીઆ શેઠની ધર્મભાવના ----------- ૧૦
૨૪. સકળચન્દ્રજી મહારાજ ------------------------------------ ૧૧
૨૫. દીક્ષામાં વિલંબ ન થાય ------------------------------------ ૧૧
૨૬. ત્રિશલા અને દેવાનંદાનો પૂર્વભવ ------------------------------------ ૧૨
૨૭. હરિણૈગમેષી દેવ ------------------------------------ ૧૨
૨૮. આભૂશેઠની સાધર્મિકભક્તિ ------------------------------------ ૧૨
૨૯. વસ્તુપાળનો મુનીમ ------------------------------------ ૧૩

૩૦. નાગશ્રીનું કડવી તુંબડીનું શાક ---------- ૧૩
૩૧. ભવિષ્યમાં ગોશાલકની પ્રથમ દેશના ---------- ૧૪
૩૨. ધનમિત્ર અને ધનશર્મા ---------- ૧૪
૩૩. અભયદેવસૂરિજીનું ગુર્વાજ્ઞાપાલન ---------- ૧૫
૩૪. કીર્તિધર અને સુકોશલ ---------- ૧૬
૩૫. ગૂર્જરેશ્વર કુમારપાળ ---------- ૧૬
૩૬. ધર્મદત્તમુનિનો અહંકાર ---------- ૧૬
૩૭. મણિઉદ્યોત મહારાજ ---------- ૧૭
૩૮. શ્રીગુપ્તસૂરિજી અને ગોવિંદ ---------- ૧૭
૩૯. જીવદયાનો પરિણામ ---------- ૧૮
૪૦. યમુનરાજાનો પશ્ચાત્તાપ ---------- ૧૮
૪૧. રત્નપ્રભસૂરિજી ---------- ૧૯
૪૨. પુષ્પશાલનો વિનય ---------- ૨૦
૪૩. હાથીનો જીવદયાપરિણામ ---------- ૨૦
૪૪. જૈનાચાર્ય રુદ્ર ---------- ૨૧
૪૫. મોતીશા શેઠના પુત્ર ખેમચંદભાઈ ---------- ૨૧
૪૬. 'અવ્યક્ત' નામના નિહનવ ---------- ૨૧
૪૭. સુમતિનાથ સ્વામીજીનો ન્યાય ---------- ૨૨
૪૮. મહોપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજા ---------- ૨૩
૪૯. તામલીતાપસનો તાપ ---------- ૨૩
૫૦. ગોશાલકનો સાચો પશ્ચાત્તાપ ---------- ૨૪
૫૧. દંડવીર્યરાજાની સાધર્મિકભક્તિ ---------- ૨૪
૫૨. તુંગીઆનગરીના શ્રાવકો ---------- ૨૫
૫૩. બળદેવનો ભ્રાતૃમોહ ---------- ૨૫
૫૪. પુંડરિક સ્વામીજીને કેવળજ્ઞાન ---------- ૨૫
૫૫. સ્કંદકાચાર્યનો સ્વવિરાધકભાવ ---------- ૨૬
૫૬. વિમલવાહન રાજા ---------- ૨૬
૫૭. ખુશાલદાસશેઠની ખુમારી ---------- ૨૭
૫૮. સમ્યગ્દર્શનનો મહિમા ---------- ૨૭
૫૯. જીવાનંદસૂરિજીનો બૌદ્ધાચાર્ય સાથેનો વાદ ---------- ૨૮
૬૦. પાલનપુરના નવાબ ---------- ૨૮
૬૧. જગડૂશાહની અહિંસા ---------- ૨૮
૬૨. વાદિદેવસૂરિજી ---------- ૨૯
૬૩. કાકજંઘરાજા ---------- 30

૬૪. મેતાર્ય પ્રતિબોધ --- ૩૧
૬૫. વસ્તુપાળનો જમણવાર --- ૩૨
૬૬. વજ્રસ્વામીજી અને શત્રુંજયનો ઉદ્ધાર --- ૩૨
૬૭. 'પુણ્યવંતી પળો કોઈ ચૂકશો નહિ' --- ૩૩
૬૮. કુણિકનો અંહકાર અને છઠ્ઠી નારક --- ૩૩
૬૯. શ્રમણસંસ્થાની મજબૂતી --- ૩૩
૭૦. શ્રીયકમુત્યુ --- ૩૪
૭૧. વૃદ્ધમુનિ મુકુન્દનો સ્વાધ્યાયપ્રેમ --- ૩૪
૭૨. ભીમ શ્રાવકની સત્યવાદિતા --- ૩૪
૭૩. સુકૃત અનુમોદના --- ૩૫
૭૪. પેથડ, વસ્તુપાળ અને આભૂશેઠ વગેરેનો શાસ્ત્રરાગ --- ૩૬
૭૫. સિંહસૂરિજી અને ભરૂચ જિનાલયનો જીર્ણોદ્ધાર --- ૩૬
૭૬. શીલગુણસૂરિજી અને વનરાજ ચાવડો --- ૩૬
૭૭. 'સાધુને વહીવટી બાબતોમાં સીધા ઉતારવા નહિ' --- ૩૬
૭૮. અજયપાળનો કરુણ અંજામ --- ૩૭
૭૯. ખેમો દેદરાણી --- ૩૮
૮૦. સિદ્ધિચન્દ્રજી પંન્યાસ --- ૩૮
૮૧. મણિભદ્રજીનો પૂર્વભવ --- ૩૯
૮૨. દેવદ્રવ્યભક્ષણ અને શુભંકર શેઠ --- ૩૯
૮૩. તવ શાસનસ્ય ભિક્ષુત્વં, દેહિ મે પરમેશ્વર --- ૪૦
૮૪. કુંતલા મરીને કૂતરી થઈ --- ૪૦
૮૫. ધર્માત્મા વજ્ર અને આર્તધ્યાની પુત્ર --- ૪૦
૮૬. 'વેહાણસ' અને ગૃધ્રપૃષ્ઠ' મરણ --- ૪૧
૮૭. ગંગદત્તનું ભોગાંતરાય કર્મ --- ૪૨
૮૮. શિવભદ્રાચાર્યજી અપરિણતિ --- ૪૨
૮૯. તામલી તાપસની મોક્ષ પામવાની લગન --- ૪૩
૯૦. દયાર્દ્ર રાજા વિક્રમ --- ૪૩
૯૧. લાભ લેવા આભૂષણો ભઠ્ઠીમાં --- ૪૩
૯૨. પાદલિપ્તસૂરિજીની બુદ્ધિમત્તા --- ૪૩
૯૩. અપરિણત દત્તમુનિ --- ૪૪
૯૪. ગોશાલક --- ૪૫
૯૫. દૃઢપ્રહારીનું પરિવર્તન --- ૪૬
૯૬. ખંધકમુનિ --- ૪૭
૯૭. ચેડા મહારાજાની પ્રતિજ્ઞા --- ૪૭

૯૮. ગોશાલકનો પૂર્વભવ ---------- ૪૭
૯૯. ચંદનબાળાજી અને શેડુવક ---------- ૪૮
૧૦૦. વલ્કલચીરી ---------- ૪૮
૧૦૧. ચક્રવર્તી સનત્કુમાર ---------- ૪૯
૧૦૨. બ્રહ્મદત્ત ચક્રવર્તી ---------- ૫૦
૧૦૩. મહેશ્વરદત્ત અને સંસારની વિચિત્રતાઓ ---------- ૫૦
૧૦૪. ચિલાતી ---------- ૫૧
૧૦૫. ઢંઢણમુનિ ---------- ૫૨
૧૦૬. વજ્રસ્વામીજી મહારાજાની કેટલીક મહત્ત્વની બાબતો ---------- ૫૩
૧૦૭. વૈયાવચ્ચી નંદિષેણ-હાથી વેચીને ગધેડો ખરીદ્યો ---------- ૫૫
૧૦૮. ગજસુકુમાલ ---------- ૫૬
૧૦૯. સ્થૂલભદ્રજી અને સિંહગુફાવાસી મુનિ ---------- ૫૭
૧૧૦. અવંતિ-સુકુમાલ ---------- ૫૮
૧૧૧. રાજા ચન્દ્રાવતંસક ---------- ૫૯
૧૧૨. સુલસા ---------- ૫૯
૧૧૩. અંગારમર્દક આચાર્ય ---------- ૬૦
૧૧૪. સાધ્વી સુકુમાલિકા ---------- ૬૧
૧૧૫. વિમળમંત્રી ---------- ૬૧
૧૧૬. કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રાચાર્યજી ---------- ૬૧
૧૧૭. દારૂડિયો સાળવી અને ગાંઠ ---------- ૬૨
૧૧૮. મંત્રી માહણસિંહનો ધર્મરાગ ---------- ૬૨
૧૧૯. મંત્રીશ્વર પેથડ અને નમસ્કારમંત્ર ---------- ૬૩
૧૨૦. ખંભાતમાં જિનબિમ્બ ચોરી અને સંઘજાગૃતિ ---------- ૬૩
૧૨૧. જગડ શ્રાવકની ઉદારતા ---------- ૬૩
૧૨૨. કપર્દીમંત્રીનું તિલક ---------- ૬૪
૧૨૩. લાલભાઈની જૈનત્વખુમારી ---------- ૬૪
૧૨૪. લાલભાઈની નિર્ભીકતા ---------- ૬૫
૧૨૫. 'રાજેશ્વરી તે નરકેશ્વરી' ---------- ૬૫
૧૨૬. ભરતચક્રીની માહણસંસ્થા ---------- ૬૫
૧૨૭. પ્રભુ વીરનું શરણ અને ચમરેન્દ્ર ---------- ૬૬
૧૨૮. જગસિંહ શેઠની સાધર્મિકભક્તિ ---------- ૬૬
૧૨૯. સારંગશેઠની નવકારભક્તિ ---------- ૬૬
૧૩૦. રાણી મૃગાવતી અને રાજા ચંડપ્રદ્યોત ---------- ૬૬
૧૩૧. હાલિક ખેડૂત ---------- ૬૭

૧૩૨. ધનશ્રીની દુર્ગંછા અને પ્રભુવાણી ---------------------- ૬૮
૧૩૩. નાગદત્તનો પૂર્વભવ ---------------------------------- ૬૮
૧૩૪. મુનિની ભાષા - અસમિતિનું ભયંકર પરિણામ ---------- ૬૯
૧૩૫. ધંધામાં વૃદ્ધિથી પ્રભુભક્તિમાં કમી ---------------------- ૭૦
૧૩૬. સવા-સોમાની ટૂંક ---------------------------------- ૭૦
૧૩૭. નજીવી ભૂલનું ભયંકર પરિણામ ------------------------ ૭૧
૧૩૮. હીરસૂરીશ્વરજીનો પ્રભાવ --------------------------------- ૭૧
૧૩૯. કુમારનંદી સોનીની ભયંકર કામવાસના ------------------ ૭૧
૧૪૦. આચાર્ય પ્રદ્યુમ્નસૂરિજીની પ્રભાવકતા ---------------------- ૭૨
૧૪૧. આચાર્ય ધનેશ્વરસૂરિજી ---------------------------------- ૭૩
૧૪૨. આચાર્ય શીલભદ્રસૂરિજી --------------------------------- ૭૩
૧૪૩. વસ્તુપાળની પ્રશસ્ત ચોરી ------------------------------ ૭૩
૧૪૪. આચાર્ય ધર્મઘોષસૂરિજી -------------------------------- ૭૩
૧૪૫. સિદ્ધરાજના બે અવગુણ --------------------------------- ૭૪
૧૪૬. કુમારપાળનો અનુપમ સ્વાધ્યાય પ્રેમ -------------------- ૭૪
૧૪૭. કુમારપાળની દિનચર્યા ---------------------------------- ૭૫
૧૪૮. કુમારપાળને હેમચન્દ્રાચાર્યજીનો ઠપકો ------------------ ૭૫
૧૪૯. પ્રજાવત્સલ રાજા વીરધવળ ----------------------------- ૭૫
૧૫૦. રાજા ધંધૂક અને કરોડપતિ જૈનો ---------------------- ૭૫
૧૫૧. કુમારપાળનો શાસ્ત્રપ્રેમ -------------------------------- ૭૬
૧૫૨. સિદ્ધરાજ અને દેવપ્રસાદ -------------------------------- ૭૬
૧૫૩. વિમલમંત્રીની પ્રામાણીકતા ------------------------------ ૭૬
૧૫૪. ભીલડીઆજીની આગ અને સોમપ્રભસૂરિની ગીતાર્થતા --- ૭૬
૧૫૫. શાન્તિસૂરિજી અને મુનિચન્દ્રસૂરિજી --------------------- ૭૭
૧૫૬. દ્રોણાચાર્યજી અને સૂરાચાર્યજીની દાંડી ------------------ ૭૮
૧૫૭. સૂરાચાર્યજી અને રાજા ભોજનું ષડયંત્ર ------------------ ૭૯
૧૫૮. અનુપમાદેવી ષડ્દર્શનમાતા ----------------------------- ૮૦
૧૫૯. વસ્તુપાળ-તેજપાળની ચતુરાઈ -------------------------- ૮૦
૧૬૦. વસ્તુપાળનો સંઘ ---------------------------------------- ૮૧
૧૬૧. વસ્તુપાળની કુનેહ --------------------------------------- ૮૧
૧૬૨. વસ્તુપાળ-તેજપાળના જીવનની તવારીખ ---------------- ૮૧
૧૬૩. જગડૂશાહની ઉદારતા ------------------------------------ ૮૧
૧૬૪. દ્વારકાનું દહન ------------------------------------------ ૮૨
૧૬૫. કલિકાલસર્વજ્ઞ ભગવંતનું હાજરજવાબીપણું --------------- ૮૫

૧૬૬. દેવબોધિ બ્રાહ્મણ અને હેમચંદ્રસૂરિજી ---------------- ૮૬
૧૬૭. કુમારપાળની રાજા થવાની ભાવી આગાહી ------------ ૮૭
૧૬૮. બાલચન્દ્રનું પ્રતિષ્ઠા વખતનું કાવતરું ---------------- ૮૭
૧૬૯. હેમ-ખાડ -------------------------------------- ૮૭
૧૭૦. રામચન્દ્રસૂરિજીની પ્રભુ પાસે દૃષ્ટિયાચના અને બલિદાન ૮૭
૧૭૧. સાન્તનૂએ હવેલીનો ઉપાશ્રય બનાવ્યો ---------------- ૮૮
૧૭૨. સાન્તનૂની સિદ્ધરાજ પ્રત્યેની વફાદારી ---------------- ૮૮
૧૭૩. કુમારપાળના છન્નું દોષ ---------------------------- ૮૮
૧૭૪. ભીમો કુંડલિયો ---------------------------------- ૮૯
૧૭૫. કલ્પકની મંત્રીપરંપરા ------------------------------ ૮૯
૧૭૬. સ્વચ્છંદી સાધુઓથી ત્રાસેલા કાલકસૂરિજી -------------- ૮૯
૧૭૭. જૈન અને ઈસુ-મત વચ્ચે સામ્ય --------------------- ૯૦
૧૭૮. સાધુ-શબના અગ્નિસંસ્કારનો આરંભ ------------------ ૯૦
૧૭૯. બાળ આચાર્ય પાદલિપ્તસૂરિજી ---------------------- ૯૧
૧૮૦. રાજા વિક્રમનું દાન -------------------------------- ૯૧
૧૮૧. હરિણૈગમેષી દેવનો અધિકાર ------------------------ ૯૧
૧૮૨. આચાર્ય માનદેવસૂરિજી ----------------------------- ૯૧
૧૮૩. બૌદ્ધવિજેતા મલ્લવાદિસૂરિજી ------------------------ ૯૨
૧૮૪. હંસ અને પરમહંસ મુનિ ---------------------------- ૯૨
૧૮૫. શંકરાચાર્યે ગુજારેલો જૈનધર્મ ઉપર હાહાકાર ----------- ૯૪
૧૮૬. બપ્પભટ્ટસૂરિજી અને ધારશી શાહ -------------------- ૯૪
૧૮૭. ખેમર્ષિમુનિના વિશિષ્ટ અભિગ્રહ --------------------- ૯૫
૧૮૮. વીરસૂરિજીનું અષ્ટાપદગમન ------------------------- ૯૫
૧૮૯. માહણસિંહની સત્યવાદિતા -------------------------- ૯૫
૧૯૦. ગામની બહાર પૌષધશાળા -------------------------- ૯૬
૧૯૧. જિનપાલિત અને જિનરક્ષિત ------------------------- ૯૬
૧૯૨. ધન્યશેઠ અને વિજયચોર ---------------------------- ૯૭
૧૯૩. બપ્પભટ્ટસૂરિજીનું જીવન ---------------------------- ૯૮
૧૯૪. બપ્પભટ્ટસૂરિજી અને વર્ધનકુંજરનો વાદ ---------------- ૯૯
૧૯૫. બપ્પભટ્ટસૂરિજી અને શંકરાચાર્ય -------------------- ૧૦૦
૧૯૬. બાણ અને મયૂર પંડિત ----------------------------- ૧૦૧
૧૯૭. પેથડનો બ્રહ્મચર્ય-અભિગ્રહ -------------------------- ૧૦૨
૧૯૮. વિમળશાહ -------------------------------------- ૧૦૨
૧૯૯. યુધિષ્ઠિર અને ભીષ્મની સરળતા --------------------- ૧૦૩

૨૦૦. મેતાર્યનો ઘાતક : સોની ---------------------------- ૧૦૪
૨૦૧. વીર ! મધુરી, વાણી તારી ---------------------------- ૧૦૪
૨૦૨. આરસ કે વારસ ? ---------------------------- ૧૦૫
૨૦૩. આદિનાથ પ્રભુએ જણાવેલો તીર્થ-વિચ્છેદસમય ---------------------------- ૧૦૫
૨૦૪. વાગ્ભટ્ટનો જીર્ણોદ્ધાર ---------------------------- ૧૦૬
૨૦૫. ધાડપાડુ જયતાક ---------------------------- ૧૦૭
૨૦૬. ઝાંઝણનો સંઘ ---------------------------- ૧૦૯
૨૦૭. ત્રણ આચાર્યો અને પદ્મિની ---------------------------- ૧૧૦
૨૦૮. પેથડમંત્રી અને દેવગિરિ ---------------------------- ૧૧૦
૨૦૯. ધનપાળ, શોભનમુનિ તથા તિલકમંજરી કાવ્ય ---------------------------- ૧૧૧
૨૧૦. હેમચન્દ્રસૂરિજી અને સુવર્ણસિદ્ધિ ---------------------------- ૧૧૩
૨૧૧. કેવી ધન્ય તે સુશ્રાવિકા ---------------------------- ૧૧૪
૨૧૨. હીરસૂરીશ્વરજીનું અંતિમ ચાતુર્માસ ---------------------------- ૧૧૪
૨૧૩. આર્યરક્ષિતની દીક્ષા ---------------------------- ૧૧૪
૨૧૪. વાલીની દીક્ષા ---------------------------- ૧૧૬
૨૧૫. શ્રેણિક અને ભદ્રામાતા ---------------------------- ૧૧૬
૨૧૬. અભયકુમાર અને વેશ્યાઓ ---------------------------- ૧૧૭
૨૧૭. દ્વારિકાદહન પ્રસંગે એક શ્રાવકની દીક્ષા ---------------------------- ૧૧૭
૨૧૮. રાજા વિક્રમ અને સિદ્ધસેનસૂરિજી ---------------------------- ૧૧૭
૨૧૯. પેથડનાં ધર્મપત્નીનું દાન ---------------------------- ૧૧૮
૨૨૦. કુમારપાળની મધ્યાહ્નપૂજા ---------------------------- ૧૧૮
૨૨૧. વજ્રબાહુ અને મનોરમા ---------------------------- ૧૧૮
૨૨૨. ઉદયનમંત્રીની અંતિમ આરાધના ---------------------------- ૧૧૮
૨૨૩. કુમારપાળ અને સમ્યક્ત્વ ---------------------------- ૧૧૯
૨૨૪. કુમારપાળ અને બનેવી અર્ણોરાજ ---------------------------- ૧૧૯
૨૨૫. કુમારપાળની કૃપણતા ---------------------------- ૧૧૯
૨૨૬. ત્રણ ધર્માત્મા ભાઈઓ ---------------------------- ૧૨૦
૨૨૭. લક્ષ્મણનું અપમૃત્યુ અને સીતાજીનો વૈરાગ્ય ---------------------------- ૧૨૨
૨૨૮. નેમિકુમારનું અહિંસક યુદ્ધ ---------------------------- ૧૨૨
૨૨૯. ધનપાળની જિનભક્તિ ---------------------------- ૧૨૩
૨૩૦. ધનપાળની વાદશક્તિ ---------------------------- ૧૨૪
૨૩૧. વિમળ અને દામોદર મહેતા ---------------------------- ૧૨૫
૨૩૨. ચેડા મહારાજા અને કોણિકનું યુદ્ધ ---------------------------- ૧૨૫
૨૩૩. અટ્ટન મલ્લ ---------------------------- ૧૨૭

૨૩૪. શાસનરક્ષા માટેના પ્રસંગો ---------------------------- ૧૨૮
૨૩૫. સિદ્ધસેન પંડિત ---------------------------------------- ૧૨૯
૨૩૬. ક્ષીરકદંબક પાઠક ---------------------------------------- ૧૩૦
૨૩૭. કુમારપાળના પૂજાનાં વસ્ત્રો -------------------------- ૧૩૧
૨૩૮. કુમારપાળની આરતી--------------------------------- ૧૩૧
૨૩૯. પેથડની જિનભક્તિ ------------------------------------ ૧૩૨
૨૪૦. આમ્રભટ અને કુમારપાળ ----------------------------- ૧૩૩
૨૪૧. કુમારપાળનું જાસૂસીતંત્ર -------------------------------- ૧૩૩
૨૪૨. કુમારપાળ અને સોમનાથ મંદિરનો જીર્ણોદ્ધાર -------- ૧૩૪
૨૪૩. કરોડો સોનામહોરોથી થયેલા ગુરુપૂજન આદિ કાર્યો--- ૧૩૬
૨૪૪. કુમારપાળની ગુરુશ્રદ્ધા----------------------------------- ૧૩૬
૨૪૫. બાળમુનિ મલ્લવાદી અને બૌદ્ધ સાથે વાદ ----------- ૧૩૬
૨૪૬. જિણહશેઠ ---------------------------------------------- ૧૩૮
૨૪૭. દિગમ્બરાચાર્ય કુમુદચન્દ્ર-------------------------------- ૧૩૯
૨૪૮. દેદાશેઠ અને સોનાની પોસાળ ------------------------ ૧૪૧
૨૪૯. બાળસાધુને તમાચો ----------------------------------- ૧૪૨
૨૫૦. "સંસારમાં સારભૂત સ્ત્રી છે" ------------------------- ૧૪૪
૨૫૧. સોમનાથભટ્ટ અને અંબિકા---------------------------- ૧૪૪
૨૫૨. 'એક સમયમાં કેટલા ઉપયોગો'ની ભિન્ન માન્યતા---- ૧૪૫
૨૫૩. રાજા મેઘનાદ ------------------------------------------ ૧૪૬
૨૫૪. પંકપ્રિય કુંભાર ------------------------------------------ ૧૪૬
૨૫૫. રાજા થતા પહેલા કુમારપાળને ત્રાસ ----------------- ૧૪૬
૨૫૬. વર્ધમાનસૂરિજીને દેવીનો સંકેત ------------------------ ૧૪૭
૨૫૭. કુમારપાળ અને અજયપાળના મૃત્યુનો સમય --------- ૧૪૭
૨૫૮. વજ્રસ્વામીજી અને જાવડશા--------------------------- ૧૪૭
૨૫૯. વજ્રસ્વામીજીના જન્મ વગેરેની સાલનોંધ ------------ ૧૪૭
૨૬૦. પીથો અને ઘીનો વેપાર-------------------------------- ૧૪૮
૨૬૧. ઝાંઝણશાની દીકરી ઉપર સિદ્ધરાજનો પ્રેમ ----------- ૧૪૯
૨૬૨. તપસ્વી કૃષ્ણર્ષિ---------------------------------------- ૧૪૯
૨૬૩. વનરાજનો બાલ્યકાળ ---------------------------------- ૧૪૯
૨૬૪. પાસિલનું જિનાલયનિર્માણ ---------------------------- ૧૫૦
૨૬૫. કુમારપાળ અને કુળદેવી ------------------------------- ૧૫૦
૨૬૬. નન્નસૂરિજી અને ગોવિંદસૂરિજી ---------------------- ૧૫૨
૨૬૭. સિદ્ધસેનસૂરિજી અને ચિતોડનો સ્તંભ, પારાંચિત ----------
પ્રાયશ્ચિત ------------------------------------------------ ૧૫૫

૨૬૮. ઉદો વાણિયો અને સાર્ધમિક ભક્તિ ---------- ૧૬૦
૨૬૯. અકબરની ક્રૂરતાના પ્રસંગો ---------- ૧૬૨
૨૭૦. ચાંગો અને ઉદયનમંત્રી ---------- ૧૬૨
૨૭૧. ઉદયનમંત્રી પ્રથમ દેવલોકે ---------- ૧૬૪
૨૭૨. ધર્મશ્રદ્ધા અને શાતવાહન ---------- ૧૬૪
૨૭૩. પાટણના કપર્દીની સાધના ---------- ૧૬૪
૨૭૪. યશોધર રાજાનું અકાળે અવસાન ---------- ૧૬૫
૨૭૫. પ્રદેશી રાજાને રાણી દ્વારા ઝેર ---------- ૧૬૫
૨૭૬. રાણી મૃગાવતીનું ચિત્ર ---------- ૧૬૫
૨૭૭. ઝીંઝુવાડાના મહાજનની ચાલાકી ---------- ૧૬૬
૨૭૮. અનુપમાદેવીની ઉદારતા ---------- ૧૬૬
૨૭૯. ચન્દ્રયસા રાજાની પ્રતિજ્ઞા ચુસ્તતા ---------- ૧૬૭
૨૮૦. પેથડમંત્રીની અનોખી દાન-રીત ---------- ૧૬૮
૨૮૧. ગંગામાં અને શિખરજીનો પહાડ ---------- ૧૬૯
૨૮૨. શોભનની નીતિમત્તા ---------- ૧૬૯
૨૮૩. ઉદાયી રાજાનું ખૂન અને નવ નંદોની પરંપરા ---------- ૧૭૦
૨૮૪. મંત્રીશ્વર કલ્પક ---------- ૧૭૦
૨૮૫. પ્રવરદેવ નામનો ભિખારી ---------- ૧૭૨
૨૮૬. રામલો બારોટ અને તીર્થરક્ષા ---------- ૧૭૩
૨૮૭. યક્ષદેવસૂરિજી અને જિનમૂર્તિઓની રક્ષા ---------- ૧૭૪
૨૮૮. સિંહને દૂધ પીતો કરતા જૈન મન્ત્રીશ્વર ---------- ૧૭૬
૨૮૯. મજૂર અને પાંચ પથ્થર ---------- ૧૭૭
૨૯૦. પરમાત્મા આદિનાથનો પૂર્વભવ ---------- ૧૭૯
૨૯૧. જૈનમુનિ અને ચાણક્ય ---------- ૧૮૦
૨૯૨. સુબંધુમંત્રી અને ચાણક્યની બુદ્ધિમતા ---------- ૧૮૨
૨૯૩. રાવણનો પોતાનો મરણ અંગેનો પ્રશ્ન ---------- ૧૮૩
૨૯૪. નીતિમાન શ્રાવક અને દુકાળમાં ધોધમાર વરસાદ ---------- ૧૮૫
૨૯૫. પારસમણિ શેઠ હઠીસિંહ ---------- ૧૮૫
૨૯૬. આર્યરક્ષિતસૂરિજી અને ઈન્દ્ર ---------- ૧૮૬
૨૯૭. ભીષ્મની 'ના-યુદ્ધ'ની તીવ્ર ઈચ્છા વગેરે વિશિષ્ટતાઓ ૧૮૬
૨૯૮. ભીષ્મની પ્રતિજ્ઞા ---------- ૧૮૮
૨૯૯. અર્જુનનો વિષાદ અને કૃષ્ણની અપૂર્વ સમજાવટ ---------- ૧૮૯
૩૦૦. ખુમારીવંતા વીરાચાર્ય ---------- ૧૯૧

• • •

## ઉમળકાભર્યા હૈયે અમે સ્વીકારીએ છીએ
## આપનું સ્નેહભર્યું સૌજન્ય

પૂજ્યપાદ પં. ચન્દ્રશેખરવિજયજી મ. સાહેબના પુનઃ મુદ્રિત થનારા પુસ્તકો અને પ્રકાશિત થનારા નૂતન પુસ્તકોમાંથી આપે આ પુસ્તક પસંદ કર્યું અને અમને આપના ઔદાર્યને વ્યક્ત કરતી (વગર વ્યાજની લોન) બે વર્ષ માટે - આપી.

ખૂબ ખૂબ ધન્યવાદ.

પૂજ્યશ્રી તરફથી આપના પરિવારને ખૂબ ખૂબ આશીર્વાદ

**: સૌજન્ય :**

**ધીરજલાલ વીરચંદ મહેતા**

સી-૧, ટાઈપ-૧ રોડ, લાઈન નં-૪
વાપી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
વાપી - ૩૯૬૧૯૫ (ગુજરાત)

## તમારાં વહાલાં બાળકોને છેવટે
## ત્રણ વર્ષ માટે તો 'તપોવન'માં મૂકો જ

### દર જૂન માસથી શરૂ થતું સત્ર

ચારે બાજુ વિકૃતિના વાયરા વીંઝાઈ રહ્યા છે. ખૂબ જ નાની-દસથી ચૌદ વર્ષની વયથી જ બાળકોમાં ખરાબ સંસ્કારો પડવા લાગ્યા છે. 'ગંદું' કહેવાય તે બધું તેમના જીવનમાં પેસવા લાગ્યું છે. સમાજ તરફ સૂક્ષ્મ નજર કરતાં આ અતિ કડવું દર્શન કોઈ પણ સંસ્કૃતિપ્રેમીને થશે અને તે તીખી ચીસ પાડી દેશે. સંસારરસી જીવોની વહાલામાં વહાલી ચીજ તેમનાં સંતાનો ગણાય. જો તેમનું જ જીવનગુલાબ ખીલ્યું ન ખીલ્યું ત્યાં જ કરમાવા લાગે; તેમાં દોષોના કીડા પડવા લાગે અને એકાએક કરમાઈ જાય તો એ માબાપોએ ક્યાં જવું ? ક્યાં રોવું ? શું આપઘાત કરી નાખવો?

પોતાના ઘરમાં કે ગમે તેવાં બૉર્ડિંગ વગેરેમાં રાખીને બાળકોને શિક્ષણ આપી શકાશે, પરંતુ સંસ્કારો તો નહિ જ આપી શકાય. ઘરમાં માબાપો જ ટી.વી. વગેરેથી સમયની બરબાદી કરતાં ચક્કરોમાં જો ફસાયાં હોય અને બૉર્ડિંગોના સંચાલકોને જ બાળ-સંસ્કરણ માટેની કોઈ ગંભીરતા ન હોય તો સંસ્કાર ત્યાં શી રીતે મળશે ?

તપોવનમાં ધાર્મિક અને વ્યાવહારિક - બન્ને પ્રકારનું શિક્ષણ છે. એ શિક્ષણ પણ ઊંચી ગુણવત્તાવાળું છે; પરંતુ તેની સાથોસાથ અહીં બાળકોના જીવનબાગમાં સુસંસ્કારોના છોડોનું વાવેતર કરવાનું કાર્ય જ મુખ્યપણે નજરમાં રખાય છે. મોક્ષલક્ષ અને સદાચારપક્ષ એ તપોવનનું મુખ્ય તત્ત્વ છે. પ્રત્યેક બાળકને શારીરિક, શૈક્ષણિક, સામાજિક વગેરે રીતે સુવ્યવસ્થિત કરવાની સાથે તેને માનસિક અને આધ્યાત્મિક રીતે અત્યન્ત સુંદર બનાવવાનું સૌથી પ્રધાન લક્ષ છે. તે વડીલોનો અને દેવગુરુનો ભક્ત બને; સહુનો મિત્ર બને, જાતનો પવિત્ર બને... અને એ બધું બનીને એ શૂરવીર બને; જેથી રાષ્ટ્રરક્ષા, સંસ્કૃતિરક્ષા અને ધર્મરક્ષાનો એ સબળ યોદ્ધો બને એ જ આ તપોવનનું એકમાત્ર લક્ષ છે. એનામાં ધાર્મિકતા, માનવતા અને રાષ્ટ્રીયતા (રાષ્ટ્રદાઝ) જો લાવી ન શકાય તો તપોવનને નીચું જોવાનું થાય એવું તેના તમામ કાર્યકર-ગણનું મંતવ્ય છે.

જો આ બધી વિચારણામાં અને એના આધારે ગોઠવાયેલા તપોવનના

માળખામાં માબાપોને રસ પડતો હોય તો તેમનાં બાળકોને વિકૃતિઓના ઝંઝાવાતમાંથી ઉગારી લેવા માટે તપોવનમાં (ધોરણ પાંચથી બાર) કમસે કમ ત્રણ વર્ષ માટે તો મૂકવાં જ જોઈએ. બાળક તો નાદાન છે. એના ભાવીના ભવ્ય ઘડતરનાં આ કામમાં એને ક્યાંક અગવડતા પડે; એની ઘરેલુ સ્વચ્છંદતાને અહીં પોષણ ન મળે તેથી તે તપોવનમાં દાખલ થવામાં અરુચિ બતાવે તો કઠણ કાળજાના બનીને પણ માબાપોએ બાળકોના સમગ્ર જીવનના હિતમાં તેને ત્રણ વર્ષનું સંસ્કરણ તપોવનમાં અપાવવાનો નિર્ણય કરવો જ જોઈએ.

**યાદ રાખો : લાડમાં કે લાગણીમાં માબાપો તણાશે તો બાળકોના જીવનને આરંભમાં જ એવું મોટું નુકસાન થઈ જશે જે જીવનભરમાં ભરપાઈ થશે નહિ; જેનાથી આખું કુટુંબ 'ત્રાહિમામ્' પોકારી જશે.**

**ના....હવે શા માટે ક્રિશ્ચ્યાનિટીનો જ પ્રચાર કરવાની નેમવાળી કૉન્વેન્ટ-સ્કૂલમાં આપણાં બાળકો જાય ?**

**હવે તો માત્ર તપોવન એ જ આપણાં સંતાનોનો તરણોપાય.**

# જૈન ઇતિહાસની ઝલકો

**[૧] આર્યરક્ષિતસૂરિજી**

આર્યરક્ષિતસૂરિજી મહારાજાની પાસે એક વાર દેવેન્દ્ર આવ્યા હતા. તેમની પાસેથી 'નિગોદ' (જેમાં અનંતા જીવ વચ્ચે એકેક શરીર હોય તેવી વનસ્પતિનો એક પ્રકાર)નું વર્ણન સાંભળ્યું અને દેવેન્દ્ર તેમની જ્ઞાનશક્તિ ઉપર આફરીન પુકારી ગયા. ત્યાર બાદ દેવેન્દ્રે પોતાની હસ્તરેખા તેમને બતાવી હતી. જે જોઈને સૂરિજીએ તે વૈમાનિક દેવલોકનો દેવાત્મા છે તેમ કહ્યું હતું. તે સમયે મુનિઓ ભિક્ષાર્થે બહાર નીકળી ગયા હતા એટલે તેઓ પાછા ફરે ત્યાં સુધી રોકાઈ જવાનું અને દેવાત્માનું પ્રત્યક્ષ સ્વરૂપ તે શિષ્ય-મુનિઓને દેખાડવાનું સૂરિજીએ દેવેન્દ્રને કહ્યું. ત્યારે દેવેન્દ્રે કહ્યું, ''ગુરુદેવ ! તેમ કરવું મને ઠીક લાગતું નથી. મારા તેજસ્વી અને વૈભવી રૂપના દર્શને કોઈક મહાત્માને આવા ભૌતિક સુખનો ભોગવટો કરવા માટે ઇચ્છા જાગી જાય તે સંભવિત છે.'' સૂરિજી તેની વાતમાં સંમત થતાં, છેવટે દેવાત્મા આવ્યાની સાક્ષીરૂપે પ્રવેશદ્વાર બદલીને દેવેન્દ્ર વિદાય થયા હતા.

**[૨] શ્રીકૃષ્ણની ભેરી**

શ્રીકૃષ્ણ વાસુદેવ પાસે દેવાત્માએ આપેલી - દૈવી - ભેરી હતી. જ્યારે વગાડે ત્યારે જે કોઈ તેના ધ્વનિનું શ્રવણ કરે તે બધાયના (પ્રાયઃ) રોગો નિર્મૂળ થઈ જાય. દર છ મહિને એક વાર - મુકરર કરેલા સમયે - આ ભેરી વગાડવામાં આવતી.

એક દી કોઈ ધનવાન આદમી રોગમુક્તિ માટે દ્વારિકા આવ્યો, પણ તેના આવ્યાના થોડા જ કલાક પૂર્વે ભેરી વાગી ગઈ હતી. બીજા છ માસ સુધી રોગનું તીવ્ર દુઃખ સહન કરવાની તેની તાકાત ન હતી. તેણે ભેરીવાદક નોકરને સોનામહોર આપીને ફોડ્યો. ચંદનની ભેરીમાંથી એક કટકી કપાવીને ઘસીને તે પી ગયો. ત્યાં લાકડાની કટકી ગોઠવી દીધી. ખરેખર કીમિયો સફળ

થઈ ગયો. કેટલાક રોગી ધનવાનોને આ વાતની ખબર પડી. દરેકે ભેરીવાદકને વધુ ને વધુ લલચાવ્યો. અંતે આખી ભેરી નકલી બની ગઈ. જ્યારે વગાડવાનો સમય આવ્યો ત્યારે ભેરી ન જ વાગી. રોગમુક્તિ માટે આવેલાં હજારો ગરીબ લોકો નિરાશ થઈને પાછાં ફર્યાં.

થોડાક ધનવાનોના સ્વાર્થમાં કેટલાં બધાંનું નિકંદન !

## [૩] શ્રીકૃષ્ણનો સંયમરાગ

શ્રીકૃષ્ણ વાસુદેવ સંયમધર્મના કટ્ટર રાગી હતા અને તેથી જ પોતાનાં સંતાનોને તે તરફ વાળવાનો પ્રયત્ન કરતા. જ્યારે કોઈ માતા લગ્નને લાયક થયેલી પોતાની દીકરીને શણગાર સજીને પિતા કૃષ્ણ પાસે મોકલે ત્યારે કૃષ્ણ તેને પૂછતા કે, ''બેટા ! તારે રાણી થવું છે કે દાસી ?'' સહું કહેતું કે, ''મારે રાણી થવું છે.'' કૃષ્ણ તરત કહેતા, ''તો જાઓ....પરમાત્મા નેમિનાથ પાસે....અને તેમની શિષ્યા થાઓ.''

પરંતુ એક માતાએ એક દી પોતાની દીકરી કેતુમંજરીને ભણાવીને મોકલી કે, ''તારે એમ જ કહેવું કે, મારે દાસી થવું છે !''

બિચારી કેતુમંજરી ! તેણે પિતાજીના સવાલનો એ જ ઉત્તર આપ્યો અને તરત કૃષ્ણ વાસુદેવે વીરક નામના સાળવી સાથે પરણાવી. સાળવી તેને ભારે હેતથી અને પૂરી સગવડથી રાખતો હતો. કેમ કે તે મહારાજા કૃષ્ણની પુત્રી હતી. પણ શ્રીકૃષ્ણે તેને તેમ કરવાની સાફ ના પાડી. જ્યારે વીરકે એક વાર કેતુમંજરીને વધુ કષ્ટ આપ્યું ત્યારે તે રડતી રડતી પિતા પાસે ગઈ અને કહ્યું :

''પિતાજી ! હવે મને રાણી બનાવો.''

અને...થોડા જ કાળમાં કેતુમંજરી સાધ્વી બની ગયાં.

## [૪] સાત નિહ્નવો

સાત નિહ્નવોનાં નામ : (૧) જમાલિ, (૨) તિષ્યગુપ્ત, (૩) અષાઢાચાર્યના શિષ્યો, (૪) અશ્વમિત્ર, (૫) આર્ય ગંગાચાર્ય, (૬) રોહગુપ્ત, (૭) ગોષ્ઠામાહિલ.

આમાંના પહેલા, છઠ્ઠા અને સાતમા આજીવન નિહ્નવ રહ્યા હતા; જ્યારે બાકીનાએ તે જીવનમાં પ્રાયશ્ચિત્ત કરીને પાપશુદ્ધિ કરી હતી.

તારક જિનેશ્વરદેવોની પ્રરૂપણાથી-એકાદ બાબતમાં પણ-વિરુદ્ધ પ્રરૂપણા કરનારા આ સાતેય નિહ્નવ કહેવાયા છે. આમાંના પ્રથમ નિહ્નવ જમાલિ તો પરમાત્મા મહાવીરદેવના સંસારી જમાઈ (પ્રિયદર્શનાના પતિ) થતા હતા. જ્યારે

તેઓ પરમાત્માથી જુદા પડ્યા ત્યારે સાધ્વી બનેલાં પ્રિયદર્શના પણ જમાલિમુનિના પક્ષે ગયાં હતાં. જેમને પાછળથી ઢંક નામના પ્રભુભક્ત કુંભારે સાચા માર્ગે વાળી દીધાં હતાં.

આ જમાલિએ પ્રચંડ વૈરાગ્યપૂર્વક પાંચ સો રાજકુમારો અને એક હજાર સ્ત્રીઓ સાથે પરમાત્મા મહાવીરદેવથી પ્રતિબોધ પામીને દીક્ષા લીધી હતી.

## [૫] દુર્બલિકા-પુષ્યમિત્ર

દુર્બલ-પુષ્યમિત્ર નામના મુનિ નવ પૂર્વનો એટલો બધો સ્વાધ્યાય કરતા હતા કે ઘી વગેરે કાંઈ પણ વાપરે તો તે બધું સાફ થઈ જતું. તેમના સંસારી બંધુઓ બૌદ્ધધર્મી હતા. તેમણે તેમની દુર્બલતા બદલ ગુરુદેવ પાસે ચિન્તા વ્યક્ત કરી. ગુરુદેવે સાચી હકીકત સમજાવી, પણ સંસારી બંધુઓને સંતોષ ન થયો. ગુરુદેવની રજા લઈને વધુ પ્રમાણમાં ઘી વગેરે આપવા લાગ્યા. પણ સ્વાધ્યાયના અગ્નિમાં બધું બળીને ખાખ થઈ ગયું.

છેલ્લે ગુરુદેવે સ્વાધ્યાય બંધ કરાવીને માત્ર સાદો ખોરાક લેવડાવ્યો. થોડા જ દિવસમાં દુર્બલ-પુષ્યમિત્રનું શરીર હૃષ્ટપુષ્ટ દેખાવા લાગ્યું. સમગ્ર સાંસારિક પરિવાર આશ્ચર્યમુગ્ધ બની ગયો. સહુએ જિનધર્મનું શરણ સ્વીકાર્યું.

## [૬] ઔરંગઝેબ અને શાન્તિદાસ શેઠ

જ્યારે મોગલ બાદશાહ ઔરંગઝેબ હિન્દુઓનાં મંદિરો અને મૂર્તિઓનું ક્રૂરતાથી ભંજન કરતો હતો ત્યારે જૈન સંઘના આગેવાન શેઠ શાન્તિદાસ વૃદ્ધાવસ્થાનાં કષ્ટોની પરવા કર્યા વિના દિલ્હી ગયા હતા. બાદશાહને મોટું નજરાણું વગેરે અર્પણ કરીને પ્રસન્ન કર્યા હતા અને શત્રુંજય આદિ અનેક તીર્થો તથા જિનમંદિરોને હાથ પણ નહિ અડાડવાનાં ફરમાનો સૂબાઓ ઉપર મોકલાવીને પાછા ફર્યા હતા.

આ તે જ ઔરંગઝેબ હતો કે જેણે પોતાના યૌવનકાળમાં અમદાવાદના સૂબા તરીકેની કામગીરી વખતે આ જ શાન્તિદાસ શેઠનું અતિ ભવ્ય જિનાલય રાતોરાત ખંડિત કરીને મસ્જિદમાં ફેરવી નાખ્યું હતું.

શેઠ શાન્તિદાસ અને તેમના વંશવારસોએ વખતોવખત વણિકબુદ્ધિ વાપરીને પલટાતી જતી રાજકીય સ્થિતિઓમાં અઢળક સંપત્તિનો વ્યય કરીને પણ તીર્થો અને જિનમંદિરોની મોગલોનાં આક્રમણોમાંથી રક્ષા થતી રહે તે માટે પોતાની તમામ શક્તિ કામે લગાડી હતી.

### [૭] પેથડમંત્રીનો પરિગ્રહ

પિતા દેદાશાહે પોતાની સંપિત્તિનો ધર્મમાર્ગે ઉપયોગ કરી દઈને પુત્ર પેથડને માત્ર સુવર્ણસિદ્ધિનો રસનો પાઠ આપ્યો હતો. કમનસીબે તે સિદ્ધ ન થતાં પેથડ અતિ ખરાબ દરિદ્રતાનો ભોગ બની ગયો. જ્યારે એક દી ગુરુદેવના પ્રવચનમાં ધનના પરિગ્રહનું પરિમાણ (નિયમન) કરવાની પ્રેરણા સાંભળી ત્યારે સભામાં સૌથી છેલ્લે બેઠેલા દરિદ્ર પેથડે વધુમાં વધુ એક સો રૂપિયાનું પરિગ્રહ-પરિમાણ કરવાની પ્રતિજ્ઞા માંગી હતી. પણ ગુરુદેવે તેમ ન કરતાં તેને પાંચ લાખનું પરિગ્રહ-પરિમાણ કરાવ્યું હતું.

આ તે જ પેથડ હતો જેનું ભાગ્ય આડેનું પાન ખસી જતાં માંડવગઢનો મહામંત્રી બન્યો હતો. જેને પગારમાં વાર્ષિક ૧૪૭ મણ સોનું મળતું હતું. એવી સ્થિતિમાંય જેણે પોતાની પરિગ્રહ-પરિમાણની પ્રતિજ્ઞાને બરોબર પાળી હતી.

### [૮] સુમંગલાચાર્યજીનો યોગપટ્ટ

ઢીંચણની કોઈ તકલીફના કારણે સુમંગલ નામના આચાર્યે ગૃહસ્થ પાસેથી કામચલાઉ એક પટ્ટો લીધો હતો. જેને તેઓ બે પગની ચોફેર બાંધીને બેસતા એટલે ઢીચણમાં દુખાવો ન થતો. પણ અફસોસ ! આ પટ્ટામાં તેમને મોહ થઈ ગયો. સુવિનીત શિષ્યોની વારંવારની - પટ્ટો ગૃહસ્થને પાછો સોંપવાની - વિનંતી તેમણે ક્યારેય ન સ્વીકારી, ઉપરથી વધુ ને વધુ અકળાવા લાગ્યા. હાય ! તેના જ કારણે તે મહાન આચાર્ય કાળધર્મ (મૃત્યુ) પામીને અનાર્ય દેશમાં રાજકુમાર તરીકે જન્મ પામ્યા. જન્મતાની સાથે જ તે બાળકના પગ એકબીજા ઉપર ચડેલા હતા; જેવા પૂર્વભવમાં પટ્ટાની સહાયથી ચડાવાતા હતાં. આથી તે બાળક માટે એક માણસ કાયમ રાખવામાં આવ્યો હતો, જે તેને ઊંચકીને ફરે અથવા ગાડીમાં બેસાડીને ફેરવે.

વિશિષ્ટ જ્ઞાન પામીને સુવિનીત શિષ્યોએ પોતાના ગુરુના આત્માની આ દુર્દશા જાણી ત્યારે તેઓ ભારે જહેમતથી તે દેશમાં પહોંચ્યા અને ઘણી યુક્તિઓ કરીને તે આત્માને પ્રતિબોધ કર્યો. તે વખતે તે રાજકુમારે પૂછ્યું કે, "તમે મને પુનઃ દીક્ષા લેવાનું કહો છો પણ મારા પગો તરફ તો જુઓ. મારાથી ચાલી શકાય તેમ નથી તો વિહાર, ભિક્ષાટન વગેરે હું શી રીતે કરીશ ?"

પૂર્વભવના શિષ્ય મુનિઓએ તે યુવાન રાજકુમારને કહ્યું, "તમે જરાય ચિન્તા કરશો નહિ. અમે જીવનભર તમારી સેવા કરીશું. તમને ઊંચકીને વિહાર કરાવશું. તમે પૂર્વભવમાં અમારા ગુરુ હતા તે વખતના અસીમ ઉપકારનો બદલો વાળવાની અમને આ તક મળી છે."

અને.... ખરેખર રાજકુમારે દીક્ષા લીધી, આત્મકલ્યાણ કર્યું.

## [૯] હેમચન્દ્રાચાર્યજીની માતૃભક્તિ

કલિકાલસર્વજ્ઞ ભગવંત હેમચન્દ્રસૂરિજીનાં માતાએ પણ દીક્ષા લીધી હતી. તેઓની છેલ્લી સ્થિતિ આવી ત્યારે હેમચન્દ્રસૂરિજી મહારાજાએ તેમને અંતિમ આરાધના (નિર્યામણા) કરાવી હતી. તે વખતે તેમને પુણ્ય મળે તે નિમિત્તે હેમચન્દ્રસૂરિજી મહારાજાએ એક ક્રોડ નવકારનો જપ કરવાનું અને સાડા ત્રણ લાખ શ્લોકોની રચના કરવાનું જણાવ્યું હતું. આ શ્લોક-રચનાના સંકલ્પમાંથી જ જૈન ઈતિહાસને મોટા પ્રમાણમાં આવરી લેતા, 'ત્રિષષ્ટિ- શલાકા પુરુષચરિત્ર' ગ્રન્થનો જન્મ થયો. તેના દસ પર્વો છે અને કુલ છત્રીસ હજાર શ્લોક છે.

માતાના નિમિત્તથી પુત્રે જૈન સંઘને કેટલી મોટી ભેટ આપી !

## [૧૦] કુમારપાળ અને નૃપસિંહ

ગૂર્જરેશ્વર કુમારપાળનો પુત્ર નૃપસિંહ સોળ વર્ષની નાની વયે મૃત્યુની પથારી ઉપર આવી ગયો. કલિકાલસર્વજ્ઞ ભગવંત હેમચન્દ્રસૂરિજી મહારાજાએ તેને અંતિમ આરાધના કરાવી હતી. એ આરાધના કરતાં કરતાં નૃપસિંહની આંખમાંથી આંસુ વહેવા લાગ્યા. સુરિજી તેને કારણ પૂછ્યું. તેણે કહ્યું, ''ગુરુદેવ ! મારા પિતાજી કેવા કૃપણ નીકળ્યા કે એમણે સેંકડો શિખરબંધી જિન મંદિરોના નિર્માણ કર્યા પણ તે બધાય આરસપહાણનાં બનાવ્યાં. મારી ભાવના હતી કે મોટો થઈને હું સેંકડો જિનમંદિરો સુવર્ણનાં બનાવીશ. પણ હવે તે ભાવના પૂર્ણ થાય તેમ નથી એટલે રડું છું.''

આ શબ્દો સાંભળીને સૂરિજીની આંખમાં આંસુ ધસી આવ્યા.

## [૧૧] ઉદયનમંત્રી

પાહિનીને બે પુત્રો હતાં; મોટો કાન્હ અને નાનો ચાંગદેવ.

મહા-શ્રાવક ઉદયનને ત્યાં ચાંગદેવ મોટો થતો હતો. ઉદયન સાથે અવારનવાર ઉપાશ્રયે આવતા ચાંગદેવના લલાટ ઉપરથી પૂજ્ય આચાર્ય ભગવંતે તેના અતિ ભવ્ય શાસન પ્રભાવક તરીકેના ભાવિને જોઈ લીધું. તેમણે ઉદયનને તે વાત કરી.

સંઘના અગ્રણીઓની સાથે ઉદયન પાહિની પાસે ગયા. તેને કહ્યું, ''તું મને તારા શેઠ તરીકે માને છે પણ મને તારા પુત્ર તરીકે સ્વીકાર... અને મને તારો પુત્ર ચાંગદેવ સોંપી દે. મારે તેને દીક્ષા અપાવીને જૈન શાસનનો મહાન પ્રભાવક બનાવવો છે.''

સંઘ સાથે આવેલા મહામન્ત્રી ઉદયનની વાતનો પાહિનીએ સ્વીકાર કર્યો. સંઘે તેનું સુંદર બહુમાન કર્યું.

આ ચાંગદેવ તે કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવંત શ્રી હેમચન્દ્રસૂરિજી મહારાજા.

## [૧૨] કુમારપાળનો જૈનધર્મદ્વેષ

જ્યારે રાજા થયા બાદ કુમારપાળની પૂજ્ય હેમચન્દ્રસૂરિજી મહારાજા સાથે મુલાકાત થઈ ત્યારે તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે, ''તમારે તમારા જૈન ધર્મ અંગેની કોઈ વાત મને કરવી નહિ.''

સહુ જાણે છે કે આવું કહેનાર ગૂર્જરેશ્વર કુમારપાળ જૈન ધર્મના અનુયાયી પરમ શ્રાવક-પરમાર્હત-થયા.

## [૧૩] કુમારપાળની ગુરુભક્તિ

આ સૂરિજીના કાળધર્મ બાદ છ માસે કુમારપાળનું મૃત્યુ થયું. આ છ મહિના કુમારપાળે સતત સૂરિજીનું રટણ કર્યા કર્યું હતું. રાજકાજમાંથી તેનો રસ સાવ ઊડી ગયો હતો. પોતે રાજા હોવાથી તેના રસોડાની કોઈ પણ વસ્તુ - પાણી સુધ્ધાં - સૂરિજીના ખપમાં ન આવી તેનો ભારે રંજ હતો. તે કહેતા હતા કે, ''મેં રાજનો ત્યાગ કેમ ન કરી દીધો ? તેમ કર્યું હોત તો મારા ઘરના ઘડાના પાણીથી ગુરુદેવનાં ચરણનું પ્રક્ષાલન તો થયું હોત !''

## [૧૪] હેમચન્દ્રસૂરિજીની ગીતાર્થતા

એકદા બ્રાહ્મણોએ ઈર્ષ્યાથી પ્રેરાઈને રાજા સિદ્ધરાજને ફરિયાદ કરી કે, ''જેની ઉપર તમને ભારે બહુમાન છે તે જૈનાચાર્ય હેમચન્દ્રસૂરિજી આપણા સૂર્ય-ભગવાનને પણ માનતા નથી.''

વળતે દી આ સમસ્યાનું નિરાકરણ માંગતા રાજાને સૂરિજીએ માર્મિક રીતે કહ્યું કે, ''અમે જૈનો જ ખરેખર તો સૂર્યને માનીએ છીએ કેમ કે જેવો તે અસ્ત થાય છે કે તરત જ તેના શોકમાં (જાણે કે) અમે ખાવા-પીવાનું સંપૂર્ણ છોડી દઈએ છીએ. એને ફરી ઉદય થયા બાદ - કેટલાક સમયે - અમે પુનઃ ભોજન કરીએ છીએ.''

હવે શું બોલે બ્રાહ્મણો ?

## [૧૫] જિનપ્રભસૂરિજી અને સોમપ્રભસૂરિજી

જૈનાચાર્ય જિનપ્રભસૂરિજી મહાન શાસનપ્રભાવક હતા. તેઓનો જીવનકાળ

વિ.સં. ૧૩૧૮થી ૧૩૯૦નો હતો. તેમની પાસે અનેક વિદ્યા-સિદ્ધિઓ હતી આથી તેમના સમકાલીન રાજા મહમદ તઘલખ જૈન ધર્મ પ્રત્યે ઠીક ઠીક આકર્ષાયો હતો.

એકદા મહાસંવેગી આચાર્ય ભગવંત શ્રી સોમપ્રભસૂરિજી સાથે આચાર્ય શ્રી જિનપ્રભસૂરિજીનું મિલન થયું.

આચાર્ય શ્રી સોમપ્રભસૂરિજીએ જિનપ્રભસૂરિજી મહારાજાની શાસનપ્રભાવકતાની ભારે અનુમોદના કરી, ત્યારે આચાર્ય શ્રી જિનપ્રભસૂરિજીએ તેમને કહ્યું, ''મારી શાસનપ્રભાવકતાની પાછળ મારે કોઈ કોઈ વાર - વિદ્યાસિદ્ધિના વિષયમાં- થોડી છૂટછાટો લેવી પડી છે માટે હું સાચો શાસનપ્રભાવક નથી. ખરા શાસનપ્રભાવક તો આપ છો કે જે પૂરેપૂરું શાસ્ત્ર-નીતિનું જીવન જીવી રહ્યા છો અને અનેકોને એવા સંયમભરપૂર જીવનના આગ્રહી બનાવી રહ્યા છો.''

## [૧૬] ઉપમિતિ-ભવપ્રપંચાના કર્તા - સિદ્ધર્ષિ

વિશ્વવિખ્યાત સંસ્કૃત ગ્રન્થ ઉપમિતિ-ભવપ્રપંચા કથા.

એના રચયિતા-લેખક-શ્રી સિદ્ધર્ષિ નામના જૈન સાધુ હતાં. એમનો મુનિજીવન પૂર્વેનો કાળ સનસનાટીભર્યો છે.

તેઓ ગૃહસ્થ જીવનમાં ભારે જુગારી હતાં. એક વાર જુગાર રમતાં ૫૦૦ દ્રમ્મ સિવાય બધું હારી ગયા, પણ હજી દાવ ખેલવાની તીવ્ર ઇચ્છા હતી. તેમણે તે ૫૦૦ દ્રમ્મનો દાવ લગાવ્યો. જો ૫૦૦ દ્રમ્મ ન આપું તો મારું માથુ કાપી લેજો.'' તેવું જુગારી-મિત્રોને કહ્યું. અને... સિદ્ધ હારી ગયો. ૫૦૦ દ્રમ્મ લઈને તે ભાગ્યો. કોઈ જ્ઞાની ગુરુના ઉપાશ્રયમાં પેસી ગયો. જુગારીઓ પાછળ પડી ગયા. તેને સોંપી દેવાની વાત જુગારીઓએ ગુરુજીને કરી. પણ સિદ્ધના લલાટ ઉપર લખાયેલા અવ્યક્ત શબ્દો, ''ભાવિનો મહાન શાસનપ્રભાવક'' ગુરુજીએ વાંચી લીધા. જૈન શ્રાવકોને વાત કરીને ૫૦૦ દ્રમ્મ અપાવીને ગુરુજીએ સિદ્ધને ભયમુક્ત કર્યો.''

તરત જ ચરણોમાં પડી જઈને સિદ્ધ બોલ્યો, ''આપે મને જીવન આપ્યું છે; હવે મને આપનો શિષ્ય કરો.''

અને શુભ મુહૂર્તે સિદ્ધ, સિદ્ધર્ષિ (સિદ્ધ નામના ઋષિ) બની ગયા.

## [૧૭] 'ધોળા વાળ જેવો કોઈ ઉપદેશ નથી'

''જુઓ આ ધોળો વાળ !'' માર્મિક રીતે રાણીએ પોતાના પતિ રાજા સોમચન્દ્રને કહ્યું. પત્ની સગર્ભા હતી અને પૂર્વે જન્મેલું બાળક હજી ઘણું નાનું હતું.

રાજાનો માંહ્યલો જાગી ગયો. તરત જ સંન્યાસ લેવાની તૈયારી કરી. પત્નીએ થોડોક સમય થોભી જવા વિનંતી કરી, જેથી બેય બાળકોનો સવાલ ઉકેલી શકાય.

પણ ના... મોડો મોડો પણ જાગેલો માંહ્યલો હવે પળ પણ થોભવા તૈયાર ન હતો.

મન્ત્રીઓને નાનકડો બાળ પ્રસન્નચન્દ્ર સોંપીને તેની ભાવિ વ્યવસ્થા કરી દીધી; અને પોતે સગર્ભા પત્ની સાથે સંન્યાસધર્મ સ્વીકારી લીધો.

એક અરબી કહેવત છે, ''ધોળા વાળ જેવો જગતમાં બીજો કોઈ ઉપદેશ નથી.''

**[૧૮] તામલી તાપસ**

એનું નામ હતું, તામલી. એ ભારે સુખી ગૃહસ્થ હતો. સુખી હતો તેમ ધર્મી પણ હતો. એનું ધન બન્ને માર્ગે સતત વપરાતું હતું.

એકદા રાતે એને વિચાર આવ્યો કે આ રીતે ભોગનું જીવન જીવવાથી તો મારું બધું પુણ્ય ખતમ થઈ જશે. હાય ! પછી પરલોકમાં મારું શું થશે ? તો લાવ, હવે એકલો ધર્મ આરાધીને વિપુલ પુણ્યનો સંગ્રહ કરી લઉં.''

સવાર પડતાં જ તામલીએ સંન્યાસ-ધર્મ સ્વીકારી લીધો. ઘોર તપનો યજ્ઞ માંડ્યો.

એકદા જીવદયાની દૃષ્ટિએ નીચી નજરે જોઈને ચાલતા, વનમાંથી પસાર થતા જૈન મુનિઓને તામલી તાપસે જોયા. એમના જીવનના સૂક્ષ્મ જીવદયાપાલનાદિની તે ભારોભાર અનુમોદના કરવા લાગ્યો. એના પ્રભાવે તેને સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું (આ મતાંતર છે.) મૃત્યુ પામીને તે દેવ થયો.

**[૧૯] રાવણની પ્રભુભક્તિ**

રાવણ એવા તો જબ્બર જિનભક્ત હતા કે વાત ન પૂછો. કર્મવશાત્ એ સીતાજીને મેળવવા પાછળ ઝૂરતા હતા, પણ તેની સાથે જ આવી દુષ્ટ વાસના પોતાને જાગવા બદલ તે પરમાત્મા પાસે ય ખૂબ રડતા હતા.

તેમણે સ્વદ્રવ્યથી પોતાના રાજમહેલમાં રત્નમણિમય ગૃહમંદિર બનાવ્યું હતું. તેમાં નીલમ વગેરે મહામૂલ્યવાન પાષાણના પ્રતિમાજી બિરાજમાન કર્યાં હતાં. તેમના ગૃહમંદિરની ખ્યાતિ ચોમેર વ્યાપી ગઈ હતી. આથી જ જ્યારે લંકાવિજય કરીને રામચન્દ્રજીએ લંકામાં પ્રવેશ કર્યો ત્યારે તે ગૃહમંદિરના દર્શનાર્થે ઉત્સુક બની ગયા હતા. જ્યારે તેમણે તે મંદિરની સજાવટ જોઈ

અને પરમાત્માના અદ્ભુત બિંબનાં દર્શન કર્યાં ત્યારે તેમણે રાવણની પ્રભુભક્તિની ભારોભાર અનુમોદના કરી.

**[૨૦] મન્ત્રીશ્વર વસ્તુપાળ**

મંત્રીશ્વર વસ્તુપાળ જૈનધર્મના ચુસ્ત પાલક અને પ્રભાવક શ્રાવક હતાં. તેમણે કરોડો સોનામહોરોનો વ્યય કરીને જિનમંદિરો તથા જ્ઞાનભંડારોના નિર્માણ કર્યા હતાં. તેમના ઘરઆંગણે રોજ પંદર સો તો અતિથિઓ-બાવા, સંન્યાસી-યાચકો વગેરેનો ઔચિત્યભર્યો સત્કાર થતો હતો. વળી રોજ પાંચ સો જૈન સાધુ-સાધ્વીજી મહારાજોની નિર્દોષ ભક્તિનો તેઓ લાભ લેતા હતા.

આવા શાસન પ્રભાવક વસ્તુપાળનો જ્યારે મૃત્યુસમય નજીક આવી ગયો ત્યારે તેઓ બોલ્યા, ‘‘રે ! કેવો મહાન જિનધર્મ હું પામ્યો પણ ખરેખર મેં કશી જ આરાધના ન કરી... હું માનવ જીવન હારી ગયો - પાવિઓ જિણધમ્મો હારિઓ!’’

આવા મહાન જૈન શ્રાવકની જગતમાંથી વિદાય સાંભળતા સંસાર ત્યાગીઓની આંખો ય આંસુથી છલકાઈ ગઈ હતી.

**[૨૧] ટોચ-સમ્યગ્દૃષ્ટિ સુલસા**

જ્યારે પ્રભુ વીરે પાઠવેલા ‘ધર્મલાભ’ના અંબડ પરિવ્રાજક નામના શ્રાવકે સુલસાને જણાવ્યા ત્યારે સુલસાના સાડા ત્રણ કરોડ રૂંવાડાં આનંદથી છલકાઈ ગયાં. ‘‘અહા ! ત્રિલોકગુરુ પરમાત્માએ મને ‘ધર્મલાભ’ કહેવડાવ્યા !’’

તે વખતે પોતાને ટોચ સમ્યગ્દૃષ્ટિ માનતા અંબડનું અંતર બોલવા લાગ્યું હશે કે, ‘‘પ્રભુએ સુલસાને ‘ધર્મલાભ’ કહેવાનું કામ મને સોંપીને મારાથી ક્યાંય ચડિયાતી સમ્યગ્દૃષ્ટિ સુલસાનું મને દર્શન કરાવ્યું... મારો ગર્વ ભાંગી નાંખ્યો. કદાચ... આ માટે જ પરમ કૃપાલુએ આ કામ મને સોંપ્યું હશે.’’

**[૨૨] થાવચ્ચાપુત્ર અને શુક પરિવ્રાજક**

એ અતિ ધનાઢ્ય હતો; એનું નામ સુદર્શન હતું.

જેને રૂપવંતી, લાવણ્ય નીતરતી પૃથ્વીલોકની અપ્સરાસમી બત્રીસ પત્નીઓ હતી. જેની દરેક પત્નીને એક કરોડ સોનામહોરો અને એકેકો મહેલ આપવામાં આવ્યા હતા. ગોળાકારે ગોઠવાયેલા મહેલોની વચમાં જેનો મહેલ હતો એવા થાવચ્ચાપુત્રે સંસાર ત્યાગીને દીક્ષા લીધી હતી. તેઓ મહાન જૈનાચાર્ય બન્યા હતા.

તેમની દેશના સાંભળીને પ્રતિબુદ્ધિ થઈને સુદર્શન શ્રાવક વિશિષ્ટ કોટિનો ત્યાગી વ્રતધારી ગૃહસ્થ શ્રાવક બન્યો હતો. એકદા એના ભૂતપૂર્વ જીવનના

ગુરુ-શુક્ર પરિવ્રાજક આવી ચડ્યા. તેમણે તેના ગુરુ થાવચ્ચાપુત્ર પાસે લઈ જવાનો આગ્રહ કર્યો; એટલું જ નહિ પણ જો એના સવાલનો સમાધાનકારક જવાબ આપે તો શિષ્ય બની જવાની તૈયારી દાખવી. આથી સુદર્શન શુક્ર પરિવ્રાજકને સ્વ-ગુરુ પાસે લઈ ગયો.

પરિવ્રાજકે એક સવાલ પૂછ્યો કે, "જેઓ બહારથી સ્નાનાદિ કરીને શુદ્ધ થતા નથી તેઓ અંદરથી આત્માથી કદી શુદ્ધ થઈ શકે ખરાં ?"

થાવચ્ચાપુત્રે શુકને વળતો સવાલ કર્યો કે, "લોહીવાળું વસ્ત્ર લોહીથી શુદ્ધ થાય ખરું ?" શુક્ર પરિવ્રાજકે તેનો જવાબ નકારમાં આપ્યો. એટલે ગુરુ બોલ્યા કે, "બહારનું શરીર સ્નાન કરવામાં પાણીના અસંખ્ય જીવોની હિંસા થાય છે. આવી હિંસાથી અંદરનો હિંસક સ્વભાવી આત્મા શુદ્ધ થઈને અહિંસક બની જાય ખરો ? જેમ લોહીવાળું કપડું લોહીથી શુદ્ધ ન થાય તેમ હિંસક ક્રિયાથી હિંસક આત્મા અહિંસક-શુદ્ધ ન બની જાય. એ માટે તો એવા હિંસક સ્નાનનો ત્યાગ જ કરવો પડે."

*આ ઉત્તર સાંભળીને શુક્ર પરિવ્રાજક પ્રતિબુદ્ધ થયા ને તેમણે દીક્ષા લીધી.*

સુદર્શનની આંખમાં હર્ષના આંસુ ધસી આવ્યા.

**[૨૩] વજુઆ શેઠ અને રાજીઆ શેઠની ધર્મભાવના**

ખંભાતના બે શેઠિયા હતા. વજુઆ શેઠ અને રાજીઆ શેઠ તરીકે તેઓ ઓળખાતા હતા. ભારત બહાર પણ તેમની ધંધાકીય ખ્યાતિ ચોમેર પ્રસરી હતી. પોર્ટુગીઝ-ગવર્નર તેમનો ખાસ મિત્ર હતો.

એક વાર પર્યુષણ-પર્વ આવ્યા. બન્ને આઠેય દિવસના પૌષધમાં હતા. તે દિવસોમાં એક ઘટના બની ગઈ.

ખંભાતના દરિયાની રક્ષા ચાંચિયાઓને સોંપવામાં આવી હતી. આ ચાંચિયાઓ ઉપર પોર્ટુગીઝ સૈનિકો તૂટી પડ્યા અને તેમને દરિયાઈ યુદ્ધમાં મહાત કરીને કેદ કર્યા. તમામ ચાંચિયાઓની કતલ કરી નાંખવા માટે એક લાઇનમાં ઊભા રાખવામાં આવ્યા. મોતથી કોણ ન ડરે ? બધા થરથર ધ્રૂજતા હતા.

તે વખતે એક ચાંચિયાએ હિંમત કરીને પોર્ટુગીઝ સરકારને કહ્યું, "સાહેબ ! તમે ભલે અમને મારી નાખો પણ અમારા શેઠિયાઓ સાથે તમારા ગવર્નરને ગાઢ મૈત્રી છે. તમે અમને જીવદયાના પરમ પવિત્ર ધાર્મિક દિવસોમાં જ મારશો તો તેથી અમારા શેઠિયાઓ ઉશ્કેરાશે અને તમારા ગવર્નર સાહેબ સાથેની મૈત્રીને મોટો ફટકો પડશે તેમ નથી લાગતું ?"

ચાંચિયાની આ વાતે પોર્ટુગીઝ-સરદાર ઉપર ધારી ચોટ મારી. તરત તે બોલ્યો, "જાઓ... હું તમને છોડી મૂકું છું. આ જીવદયાના દિવસોમાં મારાથી આ હિંસાનું કાર્ય કદી ન થાય. તમારા શેઠિયાઓ અમારા ગાઢ મિત્રો છે. તેમની ધાર્મિક ભાવનાની ઉપેક્ષા અમે કદી ન કરી શકીએ."

**[૨૪] સકળચન્દ્રજી મહારાજ**

આ કિંવદન્તી છે; ભારે અચરજ અને આનંદ પમાડતી.

જેના રાગો અને જેની રચના ઉપર વર્તમાનકાલીન ઉસ્તાદો આફરીન પુકારી જાય છે તે સત્તરભેદી પૂજાના રચયિતા સકળચન્દ્રજી મહારાજ સાહેબ.

આ વિરાટ પૂજાની રચના તેમણે વિલક્ષણ પરિસ્થિતિમાં કરી છે એમ કહેવાય છે.

એક વાર આ મહાત્માએ રાત્રે કાયોત્સર્ગ કર્યો. તેમાં તેમણે એવો સંકલ્પ કર્યો હતો કે બાજુમાં રહેતા કુંભારના ગધેડાં જ્યારે ભૂંકવા લાગે ત્યારે જ મારે કાયોત્સર્ગ પારવો.

બન્યું એવું હતું કે કોઈ કારણે તે કુંભાર પૂર્વની સાંજે જ તમામ ગધેડાંને લઈને બાજુના ગામે ચાલ્યો ગયો હતો. આથી સવાર પડ્યું તો ય ગધેડા ક્યાંથી ભૂંકે ? અલબત્ત મહારાજ સાહેબનો કાયોત્સર્ગ ચાલુ જ રહ્યો. પૂરા બોંતેર કલાકે તે કુંભાર પાછો આવ્યો. ઘરમાં પ્રવેશવાના આનંદરૂપે ગધેડા ભૂંક્યા અને મહારાજ સાહેબે કાયોત્સર્ગ પાર્યો.

એ વખતે ય એમના મો ઉપર ન હતો કોઈ વિષાદ... ભારે પ્રસન્નતા હતી.

**[૨૫] દીક્ષામાં વિલંબ ન થાય**

આ અવસર્પિણીના ત્રીજા તીર્થંકરદેવ શ્રી સંભવનાથ સ્વામીજીના શાસનકાળની વાત છે. કોઈ કેવળજ્ઞાની ભગવંતની દેશનાથી નાનકડો બાળ સંસાર-વિરક્ત બની ગયો. તેણે દીક્ષા લેવા માટે ઉતાવળ કરી. પિતા પાસે તે અંગે જીદ કરી પિતાએ મહોત્સવ કરીને દીક્ષા આપવાનું દીકરાને કહ્યું; પણ દીકરો ઝટપટ દીક્ષા લેવા ઉત્સુક બની ગયો હતો. છેવટે પિતાએ કેવલી ભગવંતને વાત કરી.

ભગવંતે કહ્યું. "વિલંબ ન કરો... ભલે દીક્ષા તુરત અપાય."

અને તરત જ દીક્ષાવિધિ શરૂ થઈ. ઓઘો લેવાની વિધિ થઈ. ઓઘો લઈને બાળક નાચવા લાગ્યો. તે જ વખતે તે પડી ગયો અને તત્કાળ તેનું મૃત્યુ થઈ ગયું

આથી પિતાને સખત આઘાત લાગ્યો. કેવલજ્ઞાની ભગવંતે આશ્વાસન આપતાં કહ્યું, ''આ જ કારણે મેં મહોત્સવ કરવા જેટલો પણ વિલંબ કરવાની ના કહી હતી. એ આત્મા એનું કલ્યાણ સાધી ગયો છે.''

એ જ વખતે આકાશમાંથી એક દેવાત્મા ઊતરી આવ્યા. કેવળજ્ઞાની ભગવંતને વંદન કર્યું. ભગવંતે પિતાને કહ્યું, ''આ જ તમારા સુપુત્રનો આત્મા ! હવે તે દેવાત્મા બની ગયો છે.''

પિતા આનંદમિશ્રિત લાગણીઓ અનુભવવા લાગ્યા. દેવાત્મા પુત્રે તેમને શોક કરવાની ના પાડી.

**[૨૬] ત્રિશલા અને દેવાનંદાનો પૂર્વભવ**

ત્રિશલા અને દેવાનંદા પૂર્વભવે અનુક્રમે દેરાણી-જેઠાણી હતાં. એક વાર જેઠાણી દેવાનંદાના આત્માએ દેરાણી ત્રિશલાના આત્માનો હાર ચોર્યો. તેનું ઘાટઘડામણ બદલી નાંખીને તે પહેરવા લાગી. માત્ર મરતી વખતે તે બોલી કે, ''મારી દેરાણી તો દેવી છે દેવી; જેણે મારા તરફથી જે કાંઈ સહન કરવું પડે તે બધું જ સહન કર્યું.'' અંતિમ સમયના પશ્ચાત્તાપે તેનું ઘણું પાપ ધોવાઈ ગયું. પણ જે પાપ રહી ગયું તેના પરિણામે દેવાનંદાના તેના ભવમાં બ્યાસી દિવસ બાદ પુત્ર-રત્ન (વીર-પ્રભુ)નું અપહરણ થયું.

**[૨૭] હરિણૈગમેષી દેવ**

હરિણૈગમેષી દેવે પ્રભુ-વીરના આત્માનું ગર્ભાપહારનું કાર્ય કર્યું હતું. આ કાર્ય વખતે તે દેવનું એક હજાર વર્ષનું આયુ બાકી રહ્યું હતું. એ સમય પૂરો થતાં તે દેવાત્માનો આ ધરતીતલ ઉપર રાજકુમાર તરીકે જન્મ થયો હતો. ભારે મુસીબતે તે ધર્મ પામ્યો હતો અને દીક્ષિત થયો હતો. આ દીક્ષિત સાધુ ભવિષ્યમાં દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ થયા હતા. તેમણે ધારણાથી રક્ષાયેલા ધર્મશાસ્ત્રોને લેખન કરાવીને ગ્રન્થારૂઢ કરીને સુરક્ષિત કર્યાં હતાં.

**[૨૮] આભૂશેઠની સાધર્મિક ભક્તિ**

થરાદના આભૂ શેઠની સાધર્મિક ભક્તિની સુવાસ ચોતરફ વ્યાપી હતી. એમણે ૩૬ છોડનું ઉજમણું કર્યું ત્યારે ૩૬૦ સાધર્મિકોને પુષ્કળ ધન વગેરેનું દાન કરીને તેમનો ઉદ્ધાર કર્યો હતો.

એકવાર એમના ઘેર એકીસાથે - એકાએક તે પણ ચતુર્દશીના દિવસે એક ભાઈ પરીક્ષા કરવા માટે ૩૬ હજાર સાધર્મિકોને લઈને આવી ગયા.

આભૂ શેઠને ચતુર્દશીનો પૌષધ હતો, પણ ઘરમાં તેમના ભાઈ જિનદાસ હતા. જરાય અકળાયા વિના, ભારે ઉલ્લાસથી, એકાએક આવી ચડેલા તમામ

સાધર્મિકોની પંચ પકવાન્નથી ભક્તિ કરીને વિદાય આપી સહુ સ્તબ્ધ થઈ ગયા. આવી કસોટી કરવા બદલ ક્ષમા યાચીને સહુ વિદાય થયા.

### [૨૯] વસ્તુપાળનો મુનીમ

મંત્રીશ્વર વસ્તુપાળના મુનીમે એક વાર હિસાબમાં ગરબડ કરી. એની ચોરી પકડાઈ ગઈ. જૈન સાધર્મિક ભાઈ હોવાના કારણે તેને જેલમાં નહિ બેસાડતાં પોતાની જ હવેલીના એક ખંડમાં તેને 'નજરકેદ' જેવી સજા કરી.

પણ નગરના ધર્મીજનોને આટલું ય ન ગમ્યું. તેમણે આચાર્ય ભગવંતને ફરિયાદ કરી. આચાર્ય ભગવંતના કહેવાથી વસ્તુપાળે મુનીમને નજરકેદમાંથી પણ મુક્તિ આપી.

કાલાંતરે આ ભાઈ દીક્ષાની ભાવનાવાળા થયા. દીક્ષા દેવામાં આવી; પરંતુ વસ્તુપાળને તે અંગેની પાત્રતા તેનામાં ન જણાઈ.

પરંતુ જ્યારે વર્ષો પછી વિદ્વત્તા આવવાના કારણે પંન્યાસપદ ઉપર આરૂઢ કરવાની વિચારણા થઈ ત્યારે તે અંગે દીર્ઘદ્રષ્ટા વસ્તુપાળે પોતાનો વિરોધ દર્શાવ્યો. પણ ગુરુદેવના આગ્રહને જોઈને તેમણે વાત વાળી લેતા કહ્યું, "ભલે... પદસ્થ કરો. પરંતુ આચાર્યપદ તો ભવિષ્યમાં ન જ આપશો."

કાલાંતરે આચાર્યપદ ઉપર આરૂઢ થવાની વાત આવી. ત્યારે વસ્તુપાળે નમ્રતાપૂર્વક પોતાનો વિરોધ દર્શાવ્યો. પરંતુ તો ય આચાર્યપદ આપવામાં આવ્યું. ભક્તોના દબાણ આગળ અને ગુરુદેવની પણ ઇચ્છા સામે વસ્તુપાળ મૌન રહીને હટી ગયા.

ખરેખર વસ્તુપાળનો ભય સાચો ઠર્યો.

નૂતન આચાર્યને આચાર્યપદનું અજીર્ણ થયું. તેમણે ગુરુ સામે બગાવત પોકારી અનેક પ્રકારની શિથિલતાઓનો ભોગ તો બન્યા; પરંતુ દેશકાળના હિસાબે તે શિથિલતાઓને ક્ષન્તવ્ય ગણાવી. આથી અનેક સાધુ-સાધ્વીઓ પણ ઉન્માર્ગગામી બનવા લાગ્યા.

ગુરુદ્રોહ અને શિથિલતા બે ય મોટા દોષ ! પણ તેથીય વધુ મોટો દોષ મંત્રીશ્વરે શોધી કાઢેલો - અપાત્રતા ! પછી શું બાકી રહે ?

### [૩૦] નાગશ્રીનું કડવી તુંબડીનું શાક

જ્યારે નાગશ્રીએ ઝેર સ્વરૂપ બની ગયેલી કડવી તુંબડીના શાકને ઠેકાણે પાડવા જાણીબુઝીને ભિક્ષાર્થે પધારેલા ધર્મરુચિ અણગારને વહોરાવી દીધું; જ્યારે ધર્મરુચિ મહાત્માએ સ્વયં આરોગી લઈને પોતાના પ્રાણ કુરબાન કરીને

અનેક જીવોના પ્રાણની રક્ષા કરી; જ્યારે એ ગમખ્વાર ઘટનાની નગરજનોને ખબર પડી ત્યારે સર્વત્ર હાહાકાર મચી ગયો.

આચાર્યદેવે પોતાના શિષ્યોને આજુબાજુના ગામોમાં મોકલી આપ્યા તેમના દ્વારા ચોરે ચૌટે ઊભા રહીને તમામ લોકોને ખબર આપવામાં આવી કે નાગશ્રી નામની એક સ્ત્રીએ મુનિહત્યાનું ઘોર પાપ કર્યું છે.

નાગશ્રીને તેના જાતભાઈઓએ તિરસ્કારીને નગરમાંથી હદપાર કરી. બિચારી ! દીર્ઘ કાળ સુધી સંસારમાં ભટકી.

આ નાગશ્રી એક વાર સુકુમાલિકા થઈ. સાંસારિક જીવનમાં ભયંકર ત્રાસ અનુભવીને સાધ્વી થઈ. ગુરુની ઉપરવટ જઈને સાધના કરતાં એક વાર પાંચ પરપુરુષો સાથે વેશ્યાને જોઈને તેવો આનંદ પામવાનું નિયાણું કર્યું અને તેના ફળરૂપે દ્રૌપદી થઈ સ્વયંવરમાં અર્જુનને જ વરમાળા નાંખવા છતાં બાકીના ચારેય પાંડવોના ગળામાં પણ વરમાળા જોવા મળી, તેનું કારણ આ નિયાણું જ હતું.

**[૩૧] ભવિષ્યમાં ગોશાલકની પ્રથમ દેશના**

અનંતકાળ પછી એક સમય એવો આવી લાગશે કે, જ્યારે પરમાત્મા મહાવીરદેવને - પોતાના ગુરુને - રંજાડનારો; તેમને બાળી નાખવા સુધીના યત્નો કરનારો ગોશાલક કેવળજ્ઞાન પામશે અને અંતે મોક્ષમાં જશે.

કેવળજ્ઞાન પામીને તે જે પહેલી દેશના આપશે તેમાં શ્રોતાઓને પોતાની પૂર્વભવોની કાળી કથા સંભળાવશે અને તેનો ઉપસંહાર કરતાં કહેશે કે, ''હે ભવ્યાત્માઓ ! તમે કદી પણ કોઈ પણ પ્રકારની ધર્મગુરુની નિંદા કે આશાતના કરશો નહિ, નહિ તો મારા જેવા ભયંકર હાલ-હવાલ થશે.''

**[૩૨] ધનમિત્ર અને ધનશર્મા**

ઉજ્જયિની નગરીના વણિક ધનમિત્રે પોતાના બાળ-પુત્ર ધનશર્મા સાથે દીક્ષા લીધી. એકદા ઉનાળાના વિહારમાં બાળ-મુનિ કારમી તૃષાથી પીડાવા લાગ્યા. પિતા-મુનિને દયા આવી જતાં પાસેની નદીનું પાણી પી લેવા જણાવ્યું. પોતાની હાજરીથી તે પાણી નહિ પીએ એવી કલ્પના કરીને પિતા-મુનિ ઝડપથી આગળ વધી ગયા. બાળ-મુનિ નદીતટની ધગધગતી રેતીમાં જ બેસી ગયા. અસહ્ય તૃષાથી તેમનો જીવ નસનસમાંથી ખેંચાતો હતો. થોડી મિનિટોમાં જ પરિષહ સહવા મળ્યો. તેની ભારે પ્રસન્નતા સાથે બાળ-મુનિએ પ્રાણ છોડી

દીધા. તે દેવાત્મા થયા. તરત જ ઉપયોગ મૂકીને પોતે ક્યાંથી આવીને દેવ થયા છે ? તે જાણી લીધું. તત્કાળ આ ધરતી ઉપર આવ્યા. બધા મુનિઓને વંદન કર્યું; પણ પિતા-મુનિને વંદન ન કર્યું. બીજા મુનિઓએ દેવાત્માને તેનું કારણ પૂછ્યું ત્યારે તેણે જણાવ્યું કે, "તે મારા પિતા-મુનિ છે. તેમણે મને નદીનું કાચું પાણી પી લેવાની મોહગર્ભિત સલાહ આપી હતી. જો મેં તેમ કર્યું હોત તો મારું સાધુ જીવન કેવું પાયમાલ થઈ જાત ? સારું થયું કે મેં તેમ ન કર્યું. આથી જ હું મરીને દેવ થયો છું. આવી સલાહ આપનાર વ્યક્તિ સાંસારિકપણે પિતા છે એટલા માત્રથી વંદનીય શી રીતે બની શકે ?

આ સાંભળીને પિતા-મુનિને પોતાની ભૂલ ઉપર ભારે પશ્ચાત્તાપ થયો.

## [33] અભયદેવસૂરિજીનું ગુર્વાજ્ઞાનપાલન

એ હતો ધારાનગરીનો શ્રેષ્ઠીપુત્ર અભય. ભરયૌવનમાં વિરક્ત થઈને જિનેશ્વરસૂરિજી મહારાજા પાસે દીક્ષા લીધી.

અભયમુનિ બધા પ્રકારના પુણ્યના સ્વામી હતાં. વિદ્વત્તા, વ્યાખ્યાનશક્તિ, રૂપ વગેરે બધું જ અહીં એકત્રિત થયું હતું. એક વાર તો એમના મધુરકંઠને કારણે રાજકુમારી મોહી પડી હતી. વળી એકવાર વ્યાખ્યાનમાં યુદ્ધનું વર્ણન કરતાં શ્રોતાજનોમાં રાજપૂતોએ મ્યાનમાંથી તલવાર ખેંચી કાઢી હતી. મારો... મારો... કરતાં તેઓ ઊભા થઈ ગયા હતા.

આ બે પ્રસંગોને ધ્યાનમાં લઈને ગુરુદેવે અભયમુનિના પતનની શક્યતાને ખતમ કરી નાંખવા માટે છ વિગઈના આજીવન ત્યાગની અને તેની સાથે માત્ર જુવારનું જ દ્રવ્ય વાપરવાની પ્રતિજ્ઞા આપી હતી. અભયમુનિને અભયદેવસુરિ બનાવીને ગુરુદેવ દેવલોક થયા. કાલાન્તરે નીરસ અને વાયડા ખોરાકના સેવનને લીધે અભયદેવસૂરિજીને કોઢ થયો; અત્યન્ત ચેપી અને ભારે પીડાકારક.

રોગ એટલી હદે વકર્યો કે સમાધિ ટકવાનું પણ મુશ્કેલ બની ગયું એથી જ એમણે ખંભાત પાસે આવેલી શેઢી નદીના કિનારે આજીવન અનશન કરવાની પૂરી તૈયારીઓ કરી લીધી પરન્તુ તે જ વખતે પદ્માવતીજીએ પ્રગટ થઈને તેમને અનશન કરતાં વાર્યા; એટલું જ નહિ, પરન્તુ તેમની રોગપીડાને શાંત કરી અને તેમને શેષ જીવન આગમગ્રંથોની ટીકા રચવામાં લગાવી દેવાની નમ્ર વિનંતી કરી.

ત્યાર પછી અભયદેવસૂરિજીએ નવ અંગોની ટીકા તૈયાર કરીને જૈનશાસનની બેનમૂન સેવા કરી.

## [૩૪] કીર્તિધર અને સુકોશલ

પિતા કીર્તિધર દીક્ષિત થઈને એક વાર પોતાના નગરની બહારના ઉદ્યાનમાં આવ્યા. પિતાની પાછળ પુત્ર સુકોશલ પણ દીક્ષા લઈ લે તે ભયથી રાજમાતા સહદેવીએ તેમને નગરપ્રવેશની મનાઈ કરી. આ વાતની સુકોશલને ખબર પડતાં તેને ભારે આઘાત લાગ્યો. ઉદ્યાનમાં જઈ પિતા-મુનિ પાસે ખૂબ રડીને ક્ષમા માગી. માતાની ભૂલના પ્રાયશ્ચિત્તરૂપે દીક્ષા આપવા આગ્રહ કર્યો. આ વાત જાણીને સઘળાય કુટુંબીજનો આવી ગયા : સહુએ - ખાસ કરીને માતાએ સુકોશલને ખૂબ સમજાવ્યો, પણ માતાના જ અનાર્ય-શા આચરણે ત્રાસી ગયેલો સુકોશલ પોતાના નિશ્ચયમાં અડગ રહ્યો. સંસારીજનોની સ્વાર્થમયતા જોઈને તેનું અંતર વલોવાઈ ગયું હતું.

પત્ની ચિત્રમાળાને સગર્ભા અવસ્થામાં મૂકીને સુકોશલે પિતામુનિ પાસે દીક્ષા લીધી.

પિતા-પુત્ર મુનિઓ ઘોર તપશ્ચર્યા સાથે સંયમજીવનની ઉત્કૃષ્ટ આરાધના કરવા લાગ્યા.

રાજમાતા સહદેવી તીવ્ર આર્ત્તધ્યાનમાં મૃત્યુ પામીને વાઘણ થઈ. યોગાનુયોગ એક જ વનમાં બે મુનિઓ અને વાઘણ સામસામાં આવી ગયાં. અંત સમય નજીક જાણતા બન્ને મુનિઓ ધ્યાનસ્થ ઊભા રહી ગયા. પૂર્વભવના વૈરભાવથી વાઘણ બન્નેના શરીર ધીમે ધીમે ખાઈ ગઈ. અપૂર્વ સમાધિમાં રહીને બન્ને મુનિઓ ક્ષપકશ્રેણિ માંડીને કૈવલ્ય પામીને મોક્ષમાં ગયા.

## [૩૫] ગૂર્જરેશ્વર કુમારપાળ

ગૂર્જરેશ્વર કુમારપાળના સમયમાં સંઘમાં એકતા જળવાઈ રહે; કોઈ સંઘર્ષ પેદા ન થાય. એ માટે કેટલીક વ્યવસ્થાઓ વિચારાઈ હતી. આના અન્વયે એક મહાત્માને નગરમાંથી વિહાર કરવો પડે તેમ હતો. પરન્તુ જરાય અકળાયા વિના તેમણે ગૂર્જરેશ્વરને જણાવ્યું કે, 'મારે વ્યાખ્યાનમાં મન્ત્રાધિરાજશ્રી નવકારના પાંચ પદોનું વર્ણન ચાલે છે. જો તમે સંમતિ આપો તો હું તે વર્ણન પૂરું કર્યા બાદ વિહાર કરું."

ગૂર્જરેશ્વરે સંમતિ આપી. લગાતાર સોળ વર્ષ સુધી પાંચ પદો ઉપર વર્ણન ચાલ્યું. પણ તો ય વચનબદ્ધ ગૂર્જરેશ્વર તે મહાત્મા પ્રત્યે જરાય અકળાયા નહિ.

## [૩૬] ધર્મદત્તમુનિનો અહંકાર

એ સાધુ ભગવંત આપ-બડાશમાં પાવરધા હતા. એથી ય વધુ વિચિત્ર વાત તો એ હતી કે તેઓ પોતાને સાવ તુચ્છ કહીને ભયંકર માયામાં રમતા

હતાં. એમના કોઈ પુણ્યે અને ઘોર તપાદિના પ્રભાવે જાત્ય વૈરી પશુઓ પણ વૈર ભૂલી જઈને એમની પાસે બેસી રહેતાં.

એક વાર એ મહાત્માના સંસારી પિતા ઋષભદત્ત વંદનાર્થે આવ્યા. તેમણે મહાત્માની આ સિદ્ધિની ભારે અનુમોદના કરી.

ત્યારે મુનિએ કહ્યું, ''મારી વાત કરતાં મને શરમ આવે છે. એ આત્મશ્લાઘા કહેવાય. તમે મારા પેલા શિષ્ય પાસે જાઓ એ તમને મારા વિકાસની સઘળી વાત કરશે.''

આ મહાત્માનું નામ ધર્મદત્ત મુનિ હતું; આવી માયાયુક્ત આપબડાઈના કારણે તેમણે સ્ત્રીવેદ બાંધ્યો.

## [૩૭] મણિઉદ્યોત મહારાજ

મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજાના સમકાલીન તપસ્વી મહાત્મા; નામ મણિઉદ્યોત મહારાજ.

ઘોર સાધનામય તેમનું જીવન.

એકદા તેમને પીઠમાં પાઠું થયું. દરકાર ન કરવાથી તેમાં રસી થઈ. તેમાં પુષ્કળ જીવાતો પેદા થઈ. તેઓ અસહ્ય વેદના ભોગવવા લાગ્યા. પણ તેમાંય તેમની ચિત્ત પ્રસન્નતા કોઈ અનોખી જ હતી.

એક વાર તેઓ રાત્રે કાયોત્સર્ગ કાર્યમાં લીન હતા. તે વખતે આકાશ માર્ગેથી પસાર થતાં કોઈ દેવાત્માએ તેમને ધ્યાનસ્થ જોયાં. દર્દ જોયું; વેદના જોઈ ચિત્તની અપાર પ્રસન્નતા જોઈ. તે સ્તબ્ધ થઈ ગયો.

નીચે મહાત્મા પાસે આવ્યો. કાયોત્સર્ગ પૂર્ણ થયા બાદ દેવાત્માએ હાથ જોડીને કહ્યું, ''આપ સંમતિ આપો તો એક જ ક્ષણમાં આ દર્દ મટાડી દઉં.''

મહાત્માએ કહ્યું, ''દેવાત્મા ! ભૂલથી પણ એવું કશું કરીશ નહિ. આ પાઠું તો પ્રત્યેક સમયે મારી અનંતી કર્મ-વર્ગણાનો ક્ષય કરવામાં મને અસાધારણ સાથ આપી રહ્યું છે. એ કાંઈ મારી આપત્તિ નથી પણ પરમ સંપત્તિ છે. એને દૂર કરાય જ નહિ. માટે તું શાંતિથી અહીંથી રવાના થઈ જા.''

અને મહાઆત્માની મહામસ્તીનો વિચાર કરતો, વંદન કરતો દેવાત્મા ત્યાંથી વિદાય થઈ ગયો.

## [૩૮] શ્રીગુપ્તસૂરિજી અને ગોવિંદ

મહાન જૈનાચાર્ય શ્રી ગુપ્તસુરિજી ! તેઓ જબ્બર વાદી હતાં. તેમની વાદ-ખ્યાતિથી ગોવિંદ નામનો વાદી ઈર્ષ્યાથી જલતો હતો. તેણે જૈન ધર્મશાસ્ત્રોનો સાંગોપાંગ અભ્યાસ કરવા માટે વારંવાર જૈની દીક્ષા લીધી, વારંવાર દીક્ષા છોડીને શ્રી ગુપ્ત આચાર્ય સાથે વાદ કર્યો. દરેક વખતે હાર પામ્યો.

ફરી કોઈ દૂરના પ્રદેશમાં દીક્ષા લઈને ફરી જોરદાર શાસ્ત્રાભ્યાસ શરૂ કર્યો. એમાં એક વાર વનસ્પતિ આદિમાં જીવતત્ત્વની સિદ્ધિ કરતાં શાસ્ત્રને ભણવા લાગ્યો. જીવસિદ્ધિના તર્કો એટલા બધા સચોટ હતાં કે બીજે દિવસે જ્યારે તે ગોવિંદમુનિ શૌચાદિ માટે બહાર નીકળ્યા ત્યારે વૃક્ષો વગેરેમાં તેમને સાક્ષાત જીવ-તત્ત્વ દેખાતું હોય તેવી પ્રતીતિ થવા લાગી.

"આવા મહાન ધર્મશાસ્ત્રોનું અધ્યયન તે ધર્મશાસ્ત્રની ભૂલો શોધવા માટે હું કરી રહ્યો છું ! ધિક્કાર છે, મને !" ગોવિંદમુનિનું અંતર બોલવા લાગ્યું.

ગુરુ પાસે જઈને સઘળી વાત કરી અને પ્રાયશ્ચિત્તપૂર્વક સાચી દીક્ષા આપવા વિનંતી કરી. એ વખતે એની આંખમાંથી દડદડ આંસુ વહી જતાં હતાં.

હવે ગોવિંદમુનિ સાચા જૈન સાધુ બન્યા.

### [૩૯] જીવદયાનો પરિણામ

એ બ્રાહ્મણ પુત્ર ચૌદ વિદ્યાનો પારગામી હોવા છતાં એને કદી ક્યાંય યશ જ ન મળતો. આથી એ જીવનથી ત્રાસી ઊઠ્યો હતો. એ અરસામાં કોઈ જ્ઞાની મહાત્માનો સત્સંગ થયો. તેમની પાસેથી જાણ્યું કે પૂર્વભવમાં અત્યંત શિથિલ મુનિ-જીવન જીવવાના કારણે તેઓ સતત 'અપયશ'ના ભાગી બનવું પડ્યું છે.

વિપ્રપુત્રે દીક્ષા લીધી. અતિ શુદ્ધ અને ઉગ્ર મુનિ-જીવન જીવવા લાગ્યા. એમાં ય જીવદયાનો પરિણામ તો એમને આત્મસાત્ થઈ ગયો. એક વાર દેવસભામાં દેવેન્દ્રે પ્રશંસા કરી. તેને કોઈ ઈર્ષ્યાળુ દેવ ખમી ન શકતાં હાથીનું રૂપ લઈને આ ધરતી પર આવ્યો. પોતાની સૂંઢમાં લઈને તે મુનિને ઉછાળ્યા અને જોરથી જમીન પર પટક્યા.

એ વખતે મુનિ વિચારવા લાગ્યા કે, "મારા દેહના પછડાવાથી બિચારા કેટલા નિર્દોષ જીવો કચડાઈ ગયા હશે ?"

ચિત્તનો આ વિચાર જાણી લઈને દેવાત્મા સ્તબ્ધ થઈ ગયો. સ્વરૂપ પ્રગટ કરીને મુનિની ક્ષમા માગીને વિદાય થયો

### [૪૦] યમુનરાજાનો પશ્ચાત્તાપ

એ યમુન નામનો નાસ્તિક રાજા હતો. સાધુઓને સતાવવામાં એને ખૂબ આનંદ આવતો. એક વાર ધ્યાનસ્થ મુદ્રામાં રહેલા દંડ નામના જૈન સાધુને ઈંટ-ઢેખાળાના પ્રહારો કરાવી મરણ પમાડ્યા. દંડમુનિ શુક્લ ધ્યાનમાં આરૂઢ થઈને; યમુનને ઉપકારી તરીકે કલ્પીને ક્ષપક શ્રેણિ ઉપર ચડ્યા. કૈવલ્ય

પામ્યા ને મોક્ષ પણ પામી ગયા.

તેમને મહોત્સવ કરવા દેવેન્દ્ર આવ્યા. યમુને દેવેન્દ્રને જોયા. જ્યારે બધી વાતની જાણ થઈ ત્યારે યમુનને એટલો બધો પશ્ચાત્તાપ થયો કે તે આપઘાત કરવા તૈયાર થયો. દેવેન્દ્રે આપઘાતને અર્થશૂન્ય અને જન્માંતરમાં અનર્થકર સમજાવીને વાર્યો.

પછી યમુને દીક્ષા લીધી. જે દિવસે તેને મુનિહત્યાનું પાપ યાદ આવે તે દિવસે ઉપવાસ કરવાનો સંકલ્પ કર્યો.

સતત ઉપવાસ ચાલુ રહ્યા. જીવનશુદ્ધિ કરતાં યમુન મુનિએ કલ્યાણની કેડી પકડી લીધી.

**[૪૧] રત્નપ્રભસૂરિજી**

પાર્શ્વનાથ પ્રભુજીના શાસનના પાંચમા પટ્ટધર રત્નપ્રભસૂરિજી મહારાજા ! પોતાની વિશિષ્ટ શક્તિ દ્વારા બીજું રૂપ બનાવીને ઓસીયા અને કોરટામાં મહા સુદ પાંચમે એકીસાથે જિનબિંબોની પ્રતિષ્ઠા કરી.

પોતાના મૂળભૂત દેહથી ઓસીઆમાં પ્રતિષ્ઠા કરી. જ્યારે વૈક્રિય માયાવી દેહથી કોરટામાં પ્રતિષ્ઠા કરી આથી કોરટાના જૈન સંઘને ખૂબ માઠું લાગી ગયું. રત્નપ્રભસૂરિજી મહારાજના શિષ્ય કનકપ્રભવિજયજી તે વર્ષે કોરટામાં ચાતુર્માસ હતા. તેમને જ ભારે આનાકાની છતાં-દબાણ કરાવી કોરટા સંઘે આચાર્યપદ ઉપર આરૂઢ કરી દીધાં અને કોરટા સંઘ તેમની આજ્ઞા નીચે આવી ગયો.

હજી તો પરમાત્મા મહાવીરદેવના નિર્વાણને એક સો વર્ષ પૂરાં થયાં ન હતાં ત્યાં જ આવો સંઘભેદ થયો. તેનું પૂજ્ય રત્નપ્રભસૂરિજીને ભારે દુઃખ થયું. પોતાનું ઓસીઆનું ચાતુર્માસ પૂર્ણ કરીને - વગર વિનંતીએ તેઓ કોરટા પધાર્યા અને વ્યાખ્યાનમાં વાત કાઢીને પોતે જ પોતાના પટ્ટધર આચાર્ય તરીકે કનકપ્રભમુનિને જાહેર કરીને વાસક્ષેપ કર્યો. તેમણે કહ્યું કે, ''કોરટા સંઘને ધન્યવાદ છે કે તેણે મારો બોજ ઓછો કરી આપ્યો.''

સંઘના પ્રત્યેક સભ્યની આંખે આંસુ હતાં. કનકપ્રભમુનિ પણ રડતા હતા. સહુએ ક્ષમા માંગી જૈન સંઘની એકતા અબાધ્ય બની ગઈ. એ પછીનું ચાતુર્માસ રત્નપ્રભસૂરિજીએ કોરટામાં કર્યું અને નૂતન આચાર્ય કનકપ્રભસૂરિજીએ ઓસીઆમાં કર્યું.

સર્વત્ર જયજયકાર થઈ ગયો.

**[૪૨] પુષ્પશાલનો વિનય**

પરમાત્મા મહાવીરદેવના સમયની આ વાત છે.

એ શ્રેષ્ઠીપુત્ર હતો. ખૂબ જ સરળ છતાં ખૂબ જ જડ.

પિતાએ તેને એક વાત બરોબર શીખવી રાખી હતી કે કોઈ પણ મોટા દેખાય તો તેને પગે લાગીને વિનય કરવો.

આ વાતનો અમલ પિતા તરફ થયો. તે પુત્ર પિતાને કાયમ પગે લાગ્યા કરે. પણ જ્યારે એ વાર પિતાજીને ગામના મુખીને પગે લાગતા જોયા ત્યારથી તે ગામના મુખીને પણ પગે લાગવા લાગ્યો.

એમ મુખીને અભયકુમાર મન્ત્રીશ્વરને પ્રણામ કરતા જોયા ત્યારથી તે મન્ત્રીશ્વરને પણ વારંવાર પ્રણામ કરવા લાગ્યો.

મન્ત્રીશ્વરને મગધાધિપતિ શ્રેણિકને, અને શ્રેણિક રાજાને, પરમાત્મા મહાવીરદેવને પ્રણામ કરતાં જોયા એટલે તે શ્રેણિકને તથા છેલ્લે પરમાત્માને પુનઃ પુનઃ પ્રણામ કરવા લાગ્યો.

બસ... પરમાત્માની સન્મુખ પગે લાગીને કલાકો સુધી ઊભો રહ્યો. પ્રભુએ તેને કહ્યું, "પ્રણામ કરવાના વિનય કરતાં પણ ઉચ્ચ કક્ષાનો વિનય સાધુ થઈને તમામ આજ્ઞાઓનું યથાશક્તિ પાલન કરવું તે છે."

તરત પિતાની આજ્ઞા લઈને તે શ્રેષ્ઠીપુત્ર સાધુ થયા, સુંદર આરાધના કરીને આત્મકલ્યાણ સાધ્યું. તેમનું નામ હતું પુષ્પશાલ.

**[૪૩] હાથીનો જીવદયાપરિણામ**

કોઈ રાજાનું સૈન્ય શત્રુ સાથે ખૂનખાર જંગ ખેલી રહ્યું હતું ત્યાંથી થોડેક જ દૂર ઉદ્યાન હતું. ત્યાં કેટલાક મુનિઓ પધાર્યા હતા. યુદ્ધમાં કામ કરીને થાકેલા હાથીઓને તે ઉદ્યાનમાં આરામ આપવા માટે બાંધવામાં આવ્યો હતો.

હાથીની નજર સતત તે મુનિઓની જીવનચર્યા તરફ રહેવા લાગી. મુનિઓના જીવનનું પ્રધાનકાર્ય જીવદયા હતું. એ જોઈને હાથીના પરિણામ જીવદયામય થઈ ગયાં.

જ્યારે તેને ફરી યુદ્ધભૂમિ ઉપર લઈ જવામાં આવ્યો ત્યારે તે લડવા માટે જરાય સજ્જ ન થતાં સહુને આશ્ચર્ય થયું. કોઈ નિવૃત્ત વૃદ્ધ મહાવતે સલાહ આપી કે તેની સામે હાથીઓને ગોઠવીને કૃત્રિમ લડાઈ કરાવો તે જોવાથી તેને જોરસ ચઢશે અને ફરી તે લડવા લાગશે.

ખરેખર તેમ જ થયું.

**[૪૪] જૈનાચાર્ય રુદ્ર**

એ હતા, મહાન જૈનાચાર્ય - રુદ્ર. એમના ચાર શિષ્યો જબરા શાસનપ્રભાવક હતા. એક વાર ચારેય શિષ્યો ચાતુર્માસના ભિન્ન ભિન્ન સ્થળોમાં ભારે મોટી શાસન પ્રભાવના કરીને ગુરુદેવ પાસે પાછા ફર્યા ત્યારે ગુરુદેવે તેમને કોઈને જરાય સન્માન્યા નહિ. "તમે સુંદર કાર્ય કરી આવ્યા." એટલા પ્રશંસાના બે શબ્દો પણ કહ્યા નહિ. આથી ચારેય શિષ્યોનો ઉત્સાહ તૂટી પડ્યો. તેમણે કાયમ માટે શાસનપ્રભાવક આરાધનાઓ છોડી દીધી.

આથી ગુરુ અને તમામ શિષ્યો દુર્ગતિમાં ગયાં.

**[૪૫] મોતીશા શેઠના પુત્ર ખેમચંદભાઈ**

એ હતા, શેઠ મોતીશાના પુત્ર ખેમચંદભાઈ. દુષ્કર્મના યોગે ધંધાઓમાં સરખાઈ ન આવતાં. ધીમે ધીમે સ્થિતિ એકદમ ઘસાઈ ગઈ. લેણદારોના ધસારાને ખાળવો મુશ્કેલ થઈ પડ્યો. તેમણે કોર્ટમાં નાદારી નોંધાવી નામદાર કોર્ટ સમક્ષ તમામ સ્થાવર-જંગમ મિલકત નોંધાવીને જ્યારે તેઓ કોર્ટના ખંડમાંથી બહાર નીકળતા હતા ત્યારે અચાનક એમનો હાથ કાન પર ગયો અને ચાંદીની વાળી ધ્યાનમાં આવી. મન બોલી ઊઠ્યું, "રે ! આ વાળી તો નોંધાવવાની હું ભૂલી જ ગયો !"

તરત પાછા ફરીને વાળી નોંધાવીને તેઓ ઘેર ગયા.

એ વખતે ન્યાયાધીશની આંખમાં આંસુ ઊભરાઈ ગયાં.

**[૪૬] 'અવ્યક્ત' નામના નિહ્નવ**

વીર-પ્રભુના નિર્વાણ બાદ ૨૧૪ વર્ષે ત્રીજા નિહ્નવ (નિહ્નવો) થયા.

શ્વેતામ્બિકા નગરીમાં અષાઢભૂતિ નામના જૈનાચાર્ય થયા. તેઓ પોતાના શિષ્યોને આગાઢ (જેને અધૂરી મૂકી ન શકાય તેવી) યોગ-ક્રિયા કરાવી રહ્યા હતા. આ કાળમાં તેમનો કાળધર્મ (મૃત્યુ) થઈ ગયો. તેઓ સૌધર્મ દેવલોકમાં આવેલા નલિની ગુલ્મ વિમાનમાં દેવ થયા.

શિષ્યોને યોગક્રિયા પૂરી કરાવવા માટે તેમણે તરત જ સ્વમૃતકમાં પોતાના આત્માનો પ્રવેશ કરાવ્યો. આથી શિષ્યોને એ સત્યની ગંધ પણ ન આવી કે તેમના ગુરુ અષાઢાચાર્ય કાળધર્મ પામી ગયા છે અને દેવ થયા છે.

જ્યારે શિષ્યોની યોગક્રિયા પૂરી થઈ ત્યારે તે જ ગુરુએ સઘળી સાચી હકીકત કહી; અને તેઓ અન્તર્ધાન થઈ ગયાં.

આ આશ્ચર્યજનક ઘટના ઉપરથી કેટલાક શિષ્યો વિમાસણમાં પડી ગયા

કે હવે સાધુ તરીકે કયા સાધુને આપણે વંદન વગેરે કરવાં ? કેમ કે દેખાય સાધુ અને જો તે હોય દેવાત્મા તો તેને આપણાથી વંદન શી રીતે થાય ?

આમ વિચારીને તેમણે 'તમામ' સાધુઓને વંદન બંધ કરી દીધું. આવું શંકાશીલ પ્રતિપાદન કરવા બદલ તે શિષ્યો 'અવ્યક્ત' નામના નિહ્નવ તરીકે જાહેર થયા વડીલ અને જ્ઞાની સાધુઓએ તેમને ઘણું સમજાવ્યું કે આ રીતે વંદનવિધિ બંધ ન કરાય. જેઓ પોતે એમ કહે કે, ''અમે સાધુ છીએ.'' તેમને તમારે વંદન કરવું જોઈએ.

પણ આ શિષ્યો સામો સવાલ કરવા લાગ્યા કે, ''જે સાધુ નહિ હોય તે પોતાને સાધુ જ કહેશે'' અને તેથી શું તેને અમારે વંદન કરવું ? તો તો દોષ લાગી જાય.

વડીલોએ સમજાવ્યું કે, ''તમે જો શુદ્ધ સાધુ-બુદ્ધિથી તેમને પણ વંદન કરવાનો વ્યવહાર કરશો તો તમે દોષિત નહિ ઠરો.''

પણ તો ય તેમણે આ વાત માની નહિ અને તમામ સાધુઓને વંદનવિધિ બંધ કરાવી.

આ નિહ્નવ બનેલા શિષ્યોને બલભદ્ર નામનો જૈન રાજા ઠેકાણે લાવ્યો., જ્યારે તે સાધુઓ વિહાર કરતાં તેના નગરમાં પ્રવેશ્યા ત્યારે તેમને પકડી લેવામાં આવ્યા. તેમને પૂછવામાં આવ્યું કે, ''તમે સાધુ છો કે ડાકુ ? અમને તો તમે ડાકુ જ લાગો છો.''

સાધુઓએ ધ્રૂજતાં ધ્રૂજતાં કહ્યું કે, ''અમે તદન સાચું કહીએ છીએ કે અમે ડાકુ નથી પણ સાધુ છીએ. માટે અમને છોડી મૂકો.''

ત્યારે રાજાએ કહ્યું કે, ''આ વાત જો સાચી હોય તો તમારે પણ જેઓ પોતાને સાચા સાધુ કહે તેમની વાત સ્વીકારી લઈને તેમને પણ વંદનવિધિ કરવી જોઈએ ને !''

'તેજીને ટકોરો' જ બસ થઈ પડે ! એ ન્યાયે સાધુઓ પોતાની ભૂલ સમજી ગયા અને થયેલા પાપોનું પ્રાયશ્ચિત્ત કરીને શુદ્ધ થયા.

**[૪૭] સુમતિનાથ સ્વામીજીનો માતાનો ન્યાય**

આ અવસર્પિણીના પાંચમા તીર્થંકર ભગવાન સુમતિનાથ સ્વામીજી.

જ્યારે તેઓ માતાના ગર્ભમાં હતા ત્યારે રાજમાં એક પ્રસંગ બની ગયો.

કેટલાક સમયથી ઓરમાન માતા એની શોક્યના છોકરાને સાચવતી હતી. કોણ જાણે એકાએક તેની બુદ્ધિ બગડી અને તેણે તે છોકરો પોતાનો

જ હોવાનો દાવો કર્યો. ખરી મા ગભરાઈ ગઈ. તે રાજા પાસે ગઈ અને પોતાનો દીકરો મેળવી આપવા વિનંતી કરી.

બન્નેએ એ દીકરો 'પોતાનો' જ હોવાનો દાવો કર્યો. રાજા પણ મૂંઝાયો. સાંજે જમતી વખતે તેણે રાણીને આ વાત કરી. ગર્ભના પ્રભાવથી રાણીને ઉકેલ દડી ગયો. તેણે કહ્યું કે, "તેનો ન્યાય હું જ આવતીકાલે સભામાં કરીશ,"

બીજે દિવસે બન્ને માતાઓને રાણીએ કહ્યું કે, "તમારો ન્યાય મારો ગર્ભસ્થ પુત્ર, જન્મ પામ્યા બાદ સમજણો થશે ત્યારે કરી દેશે."

આ સાંભળીને ઓરમાન મા રાજી થઈ. "ભલે... ભલે..." તેણે કહ્યું.

તરત જ રાણીએ કહ્યું કે, "જે ખરી માતા હોય તે કદી પોતાના દીકરાના વિરહને ખમી શકે નહિ અને 'ભલે ભલે' કહી શકે નહિ. માટે આવું કહેનારી સ્ત્રીનો આ દીકરો નથી એવો હું ફેંસલો આપું છું."

## [૪૮] મહોપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજા

મહોપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજા સાહેબ કાશીમાં અભ્યાસ કરીને 'ન્યાયવિશારદ'નું બિરુદ લઈને ગુરુદેવ પાસે ગુજરાતમાં પાછા ફર્યા. એક દિ' પ્રતિક્રમણમાં કોઈ શ્રાવકે ગુરુદેવને વિનંતી કરી કે સજ્ઝાય બોલવાનો આદેશ યશોવિજયજી મહારાજને અપાય.

પણ અફસોસ ! તેમને તો આવી એકે ય સજઝાય આવડતી ન હતી. આથી પેલા શ્રાવકે માર્મિક શબ્દોમાં કહ્યું, "તેં શું કાશીમાં ઘાસ જ વાઢ્યા કર્યું કે ?"

બીજે દિ' પ્રતિક્રમણના સમયે યશોવિજજી મહારાજે પોતે જ ગુરુદેવ પાસે સજઝાયનો આદેશ માંગ્યો.

ખાસ્સા ત્રણ કલાક સુધી એ સજ્ઝાય ચાલી. પેલા શ્રાવકજી થાકી ગયા તે વખતે યશોવિજયજી મહારાજે કહ્યું, "પૂણ્યાત્મા ! કાશીમાં જે ઘાસ મેં વાઢ્યું હતું તેના પૂળા બાંધી રહ્યો છું."

આ કર્ણોપકર્ણ સાંભળેલી કથા છે.

## [૪૯] તામલી તાપસનો તપ

તામલી તાપસે સાઠ હજાર વર્ષનો ઉગ્ર તપ કર્યો. પારણાના દિવસે જે વાપરતો તેને એકવીસ વખત ધોઈને સત્ત્વહીન કરી દેતો.

જો આ ઘોર તપ જિનાજ્ઞાપૂર્વકનો (સમ્યક્ત્વ સહિત) હોત તો તપનું બળ એક હજાર સાધુઓને મોક્ષ પમાડી શકે તેટલું હતું.

## [૫૦] ગોશાલકનો સાચો પશ્ચાત્તાપ

શ્રાવસ્તીનગરીમાં બિરાજેલા પરમાત્મા મહાવીરદેવ ઉપર છોડેલી તેજોલેશ્યાની આગ પ્રભુને પ્રદક્ષિણા દઈને ગોશાલકના દેહમાં જ પ્રવેશી ગઈ. આ આગનો દાહ અસહ્ય હતો. જલતો-બળતો ગોશાલક પોતાના નિવાસસ્થાન સુધી પણ પહોંચી શક્યો નહિ. રસ્તામાં તેની ભક્તાણી હાલાહલા નામની કુંભારણના ઘરમાં પેસી ગયો.

દિવસે દિવસે વેદના અસહ્ય બનતી ચાલી. તેની આર્તનાદભરી ચીસો સાંભળી શકાય તેવી ન હતી.

પણ છેલ્લે છેલ્લે તેને પોતાનાં કાળાં પાપોનો પશ્ચાત્તાપ થયો. તેણે ભક્તમંડળને એકઠું કરીને પોતાના તમામ કૂડકપટનો હાર્દિક એકરાર કર્યો. પોતાના દુષ્કૃત્યોની સાચી ગર્હા કરતો ગોશાલક સમ્યક્ત્વ પામી ગયો.

પોતાનાં પાપોનો પશ્ચાત્તાપ કરતાં ગોશાલકની આંખોમાંથી બોર બોર આંસુ પડ્યે જતાં હતાં; તે હીબકાં ભરીને રડતો હતો. તેણે તેના ભક્તોને પ્રતિજ્ઞા કરાવી હતી કે તેમણે તેના મૃતકને મરેલા કૂતરાની જેમ બાંધીને શ્રાવસ્તીના રાજમાર્ગો ઉપર ઢસડવું; તે મડદા ઉપર થૂંકતા જવું અને મોટેથી બોલવું કે, "આ નીચ, પાપી, ગોશાલક છે, જેણે પરમાત્મા મહાવીરદેવની અતિ ઘોર અશાતના આદિ કર્યાં છે."

સમ્યક્ત્વના પ્રભાવે ગોશાલક મરીને બારમા દેવલોકમાં ગયો.

## [૫૧] દંડવીર્ય રાજાની સાધર્મિક ભક્તિ

એ હતા, ભરત ચક્રીના વંશજ દંડવીર્ય રાજા.

સાધર્મિક ભક્તિ એમનું વ્યસન બની ગયું હતું. આંગણે જેટલા સાધર્મિકો આવે તે બધાયનું આતિથ્ય કર્યા પછી જ તે ભોજન કરતા.

એકદા દેવેન્દ્રે તેમની પરીક્ષા કરી. દૈવી શક્તિથી કરોડોની સંખ્યામાં શ્રાવકો વિકુર્વ્યા (બનાવ્યા) જાણે કે પગપાળા તીર્થયાત્રાઓ કરતા કરતા આવતા હોય તેવી રીતે તેમણે નગર પ્રવેશ કર્યો. દંડવીર્ય રાજા તમામની સાધર્મિક ભક્તિ કરવા તત્પર થયા.

પણ અફસોસ ! સૂર્ય નમવા લાગ્યો તોય હજી ઘણાંને ભોજન કરાવવાનું બાકી હતું. પ્રતિજ્ઞા મુજબ રાજા દંડવીર્યે ઉપવાસ કર્યો.

અને...આવું તો સાત દિવસ સુધી ચાલ્યું. સાતમા દિવસે તમામ સાધર્મિકોની ભક્તિ પૂરી થઈ એટલે રાજા દંડવીર્યે સાત ઉપવાસ બાદ સવારે પારણું કર્યું.

દેવેન્દ્ર તુષ્ટમાન થયા અને તેમને દિવ્ય ધનુષ તથા કુંડલ વગેરે ભેટ આપ્યા.

**[૫૨] તુંગીઆ નગરીના શ્રાવકો**

એકાદ પ્રથમ ગણધર ઈન્દ્રભૂતિ ગૌતમ સ્વામીજી તુંગીઆ નગરીમાં પધાર્યા હતા. ત્યાંના શ્રાવકો ઉચ્ચતમ કોટિનું ધાર્મિક જીવન જીવતા હતા. તેમને જાણવા મળ્યું કે ત્યાંના મોટી ઉંમરના શ્રાવકોમાં કોઈ શ્રાવક પોતાનું આયુષ્ય ત્રણ વર્ષ આઠ મહિના કહેતો હતો તો કોઈ વળી દોઢ વર્ષ કે માત્ર સાત મહિના જ કહેતો હતો.

આનું કારણ તેમને એ જાણવા મળ્યું કે જે શ્રાવક જ્યારથી ખરેખરો ધર્મ આરાધવા લાગે છે ત્યારથી જ તે તેના આયુષ્યની ગણતરી કરે છે.

**[૫૩] બળદેવનો ભ્રાતૃમોહ**

મોટા ભાઈ બળદેવનો શ્રીકૃષ્ણ ઉપર અસીમ રાગ હતો માટે જ તે મૃત્યુ પામ્યા તોય તેમને જીવતા સમજી તેમનું મૃતક છ માસ સુધી ખભે રાખીને ફર્યા હતા. અને તેમને સ્નાન, ભોજન, શયન આદિ ક્રિયાઓ તે તે સમયે કરાવતા હતા. છેવટે જે પોતાના રથનો ભૂતપૂર્વ સારથિ સિદ્ધાર્થ દીક્ષા લઈને દેવ થયો હતો તેણે બળદેવજી પાસે આવીને કેટલાક ટૂચકા કર્યા; જેનાથી બળદેવજી પ્રતિબોધ પામ્યા.

સિદ્ધાર્થ દેવે (૧) મરેલી ગાયને દૂધ પાવાનાં, (૨) બળી ગયેલા ઝાડને પાણી સીંચવાનાં, (૩) પથ્થર ઉપર કમળ ઉગાડવાનાં અને (૪) કકડે કકડા થઈ ગયેલા રથનું સમારકામ કરવાનાં દશ્યો ખડાં કર્યાં હતાં અને દરેક વખતે જણાવ્યું હતું કે, "જો મરેલા કૃષ્ણને બળદેવજી જીવતા કરી દેવાના હોય તો હું પણ આ કેમ ન કરી શકું ?"

**[૫૪] પુંડરિક સ્વામીજીને કેવળજ્ઞાન**

યુગાધિદેવ પરમાત્મા આદિનાથ એક વાર શત્રુંજય તીર્થેથી વિહાર કરતા હતા. તે વખતે તે પરમપિતાની સાથે વિહાર કરવા તૈયાર થયેલા શિષ્યો સહિત ગણધર ભગવંત પુંડરીકસ્વામીજીને પ્રભુએ ફરમાવ્યું કે, "તમે શિષ્ય-પરિવાર સહિત આ તીર્થભૂમિમાં રોકાઈ જવાનું રાખો, કેમ કે આ તીર્થના પ્રભાવથી તમને અને તમારા શિષ્યગણને મોટો લાભ પ્રાપ્ત થવાનો છે."

ખરેખર... તેમ જ થયું. પાંચ કરોડ મુનિઓ સાથે પુંડરીકસ્વામીજી એ તીર્થભૂમિમાં ચૈત્રી પૂર્ણિમાના દિવસે એક માસનું અનશન કરીને કેવળજ્ઞાન પામ્યા.

**[૫૫] સ્કંદાચાર્યનો સ્વવિરાધકભાવ**

સ્કંદકાચાર્યજીએ જ્યારે પરમાત્મા મુનિસુવ્રતસ્વામીજીની પાસે વિહાર માટે આજ્ઞા માગી ત્યારે પ્રભુએ તે આજ્ઞા ન આપતાં તેમણે કારણ પૂછ્યું. પ્રભુએ કહ્યું, "ત્યાં તમને અને તમારા સાધુવૃન્દને મરણાન્ત ઉપસર્ગ નડશે."

સ્કંદકાચાર્યે પૂછ્યું, "ભગવન્ ! ભલે ઉપસર્ગ આવે પરંતુ અમે આરાધક થઈશું કે વિરાધક ?"

પ્રભુએ કહ્યું, "તમારા સિવાય સહુ આરાધક થશે."

તરત સૂરિજી બોલ્યા, "બીજા બધા જો આરાધક થતા હોય તો મારો કોઈ સવાલ હું વિચારતો નથી." ધર્મનીતિને આ વિધાન માન્ય ન હોવાથી પ્રભુ મૌન રહ્યા.

સ્કંદકાચાર્ય ૫૦૦ શિષ્યો સાથે વિહાર કરી ગયા. જૈનધર્મના કટ્ટર દ્વેષી પ્રધાને રાજાને ભરમાવીને કાવતરું કર્યું જેમાં ૫૦૦ શિષ્યો અને સ્કંદકાચાર્યને ઘાણીમાં પીલવાનું નક્કી થયું.

૪૯૯ પીલાઈ ગયા. સ્કંદકાચાર્યે પ્રત્યેકને અંત સમયની આરાધના કરાવી. જ્યારે છેલ્લા બાળ-સાધુને પીલવાનો સમય આવ્યો ત્યારે તેની કરુણ દશા જોવાની લાચારીને લીધે સ્કંદકાચાર્યે પોતાને પહેલાં પીલી નાખવાની દરખાસ્ત મૂકી; પણ તે અમાન્ય થઈ. એથી સ્કંદકાચાર્ય ક્રોધાયમાન થયા. બાળ-સાધુને આરાધના કરાવીને તેમણે 'તપના પ્રભાવે રાજા, પ્રધાન સહિત આખા નગરનો દાહક બનું' તેવું નિયાણુ કર્યું. વિરાધકભાવે મૃત્યુ પામીને દેવ થયા. તરત જ આખું નગર બાળી નાખ્યું. તે ધરતી દંડકારણ્યના નામે પ્રસિદ્ધ થઈ.

**[૫૬] વિમલવાહન રાજા**

ધાતકીખંડના ઐરાવતઃ ક્ષેત્રની ક્ષેમપુરી નગરી ! વિમળ વાહન રાજા ! એક વાર ભયાનક દુકાળ પડ્યો. રાજાએ માનવતાનાં અનુકંપાનાં-કાર્યો કર્યા. વિશેષતઃ ભારે ઉછરંગથી સાધર્મિકોની મહિનાઓ સુધી ભક્તિ કરી. આ ભક્તિના પ્રભાવે તેમણે તીર્થંકર નામકર્મ બાંધ્યું. દીક્ષા લઈને તેઓ આનત નામના દેવલોકે ગયા. ત્યાંથી આપણી છેલ્લી ચોવીસીમાંના સંભવનાથ નામના ત્રીજા તીર્થંકરદેવ થયા.

તેમના જન્મ સમયે કારમો દુકાળ પ્રવર્તતો હતો. પરંતુ તેમનો જન્મ થતાં જ દેશ-વિદેશોથી ઢગલાબંધ ધાન્ય આવ્યું અને ચોમેર સુકાળ થઈ ગયો.

## [૫૭] ખુશાલદાસ શેઠની ખુમારી

શેઠ શાંતિદાસના પુત્ર લક્ષ્મીચંદ શેઠના પુત્ર ખુશાલદાસ શેઠ હતા (શેઠ કસ્તૂરભાઈ લાલભાઈના વડવાઓમાંના એક) તેઓ જૈનધર્મના પક્કા અનુરાગી હોવા સાથે ધર્મની ભારે ખુમારીવાળા હતા.

એક વખત શાસનપતિ પરમાત્મા મહાવીરદેવના જન્મકલ્યાણકનો દિન આવ્યો. વર્ષોની પરંપરા મુજબ તે દિવસે ભવ્ય વરઘોડો કાઢવાનો હતો. દર વર્ષે આવા વરઘોડાની પરવાનગી માંગવાની વિધિ રાજ પાસે થતી ન હતી. પણ આ વર્ષે રાજના સૂબાએ શેઠને પરવાનગી માંગી લેવા જણાવ્યું. શેઠે સાફ ઇન્કાર કર્યો.

સૂબેદાર ઉશ્કેરાયો. તેણે શેઠને કેદ કરવા માટે ઘોડેસ્વાર સૈન્ય મોકલ્યું. શેઠની પાસે પણ આરબોનું વફાદાર સૈન્ય હતું. બેય સૈન્યો સામસામાં ગોઠવાયાં. જો યુદ્ધ સળગે તો કદાચ આખું અમદાવાદ ભડકે બળે. આ ભયે મહાજન વચમાં પડ્યું. સૂબાએ કહ્યું, ‘‘શેઠ નગર છોડીને ચાલ્યા જાય તો જ સૈન્ય પાછું ખેંચું.’’

નગરના નાશની વાત આગળ કરીને મહાજને શેઠને સમજાવ્યા અને નગર છોડી જવા જણાવ્યું. પોતાની હવેલીની સુરક્ષાની ખાતરી મેળવીને શેઠે નગર છોડ્યું. પરન્તુ જતાં જતાં તેમણે કહ્યું કે, ‘‘એકવીસ દિવસમાં જ ધૂમધડાકા સાથે હું પુનઃ નગરપ્રવેશ કરીશ.’’

ખરેખર ખુમારીવંતા શેઠે તેમ જ કર્યું. દિલ્હી સુધી લાગવગ લગાડીને સૂબાને ખસેડવામાં આવ્યો. શેઠે ભવ્ય રીતે નગરપ્રવેશ કર્યો.

## [૫૮] સમ્યગ્દર્શનનો મહિમા

મગધ-નરેશ શ્રેણિકે પુત્ર અભયને દીક્ષા લેવાની સંમતિ આપી. અભયે દીક્ષા લીધી. પછી બીજા પુત્ર કોણિકે તોફાન કર્યું. પિતાને જેલમાં પૂર્યા. માર મરાવ્યો. બીજી બાજુ ચેડા મહારાજ સાથે બે ખૂનખાર યુદ્ધો થયાં, જેમાં એક કરોડ એંસી લાખ માનવો મૃત્યુ પામ્યા.

અને છતાં.... શ્રેણિકના મનમાં અભયની દીક્ષા બદલ પ્રશ્ચાત્તાપ ન થયો કે વીર-પ્રભુ સર્વજ્ઞ હતા છતાં અભયની દીક્ષાના નિમિત્તે સર્જાનારા આવા ભયાનક ભાવીની તેને જાણ ન કર્યા બદલ પ્રભુ ઉપર તિરસ્કાર પેદા ન થયો.

આ હતો સમ્યગ્દર્શનનો મહિમા !

**[૫૯] જીવાનંદસૂરિજીનો બૌદ્ધાચાર્ય સાથેનો વાદ**

એ હતા, જીવાનંદસૂરિજી.

એક વાર તેમણે સૌરાષ્ટ્રના વલ્લભીપુરમાં કોઈ બૌદ્ધાચાર્ય સાથે વાદ ગોઠવ્યો. વાદમાં શરત એ હતી કે જે પરાજય પામે તેણે, તેના શિષ્યોએ અને તેના સમગ્ર સંઘે સૌરાષ્ટ્ર છોડીને ચાલ્યા જવું.

કમનસીબે જીવાનંદસૂરિજી પરાજય પામ્યા. તેમણે સમસ્ત જૈનો સાથે સૌરાષ્ટ્ર છોડીને શરતનું અક્ષરશઃ પાલન કર્યું.

દક્ષિણ ગુજરાતમાં રહીને કેટલાક સમય બાદ 'હવે પૂરતી તૈયારી થઈ ગઈ છે' એવા વિશ્વાસ સાથે એ જ બૌદ્ધાચાર્ય સાથે વાદ ગોઠવાયો. ફરીથી જીવાનંદસૂરિજી હાર્યા. શરત મુજબ સમગ્ર ગુજરાતમાંથી તમામ જૈનોને ઉચાળા ભરવા પડ્યા.

ત્યાર બાદ જીવાનંદસૂરિજીએ લગાતાર બાર વર્ષ સુધી બૌદ્ધશાસ્ત્રો વગેરેનો ખૂબ ઊંડાણથી અભ્યાસ કર્યો. તેની નબળી કડીઓને ધ્યાનમાં લીધી. જ્યારે તેમને વિજયનો પૂરો વિશ્વાસ આવ્યો ત્યારે પુનઃ એ જ બૌદ્ધાચાર્ય સાથે વાદ કર્યો. આ વખતે શરત હતી કે પરાજય પામનારા પક્ષે સમગ્ર ભારત ખાલી કરીને ચાલી જવું.

અને....બૌદ્ધાચાર્યનો પરાજય થયો. તમામ બૌદ્ધો ભારત છોડી ચાલ્યા ગયા.

**[૬૦] પાલનપુરના નવાબ**

એ હતા, પાલનપુરના કોઈ નવાબસાહેબ. એક વાર પોતાના પુત્ર સાથે જમતા હતા. ત્યારે જૈનોનું મહાજન કોઈ કારણે નવાબસાહેબને મળવા આવ્યું. જમતાં જમતાં નવાબસાહેબ મહાજન સાથે વાતો કરવા લાગ્યા.

એકાએક તેમના પુત્રે રસોઈયાને બૂમ પાડીને કહ્યું, "મચ્છી લાવ."

આ સાંભળીને તરત જ નવાબસાહેબે પોતાના યુવાન પુત્રને જોરથી લાફો મારી દીધો. તેમણે કહ્યું, "નાલાયક ! આટલુંય ભાન નથી કે મહાજનશ્રી આપણી સામે બેઠેલ છે ? એમની આમન્યા પણ તેં જાળવી નહિ ?"

પુત્રે મહાજનની માફી માગી.

**[૬૧] જગડૂશાહની અહિંસા**

જગડૂશાહ અપુત્રીઆ હોવાથી તેમણે તેમના ભાઈના પુત્રને દત્તક તરીકે લીધો હતો. એક વાર તેને સાથે લઈને જગડૂશાહ ભદ્રાવતીથી વહાણમાં બેસવા

તૈયાર થયા ત્યારે મધ્યાહ્ન થઈ ગયો હતો. ખલાસીએ કહ્યું કે, ‘‘આપણી સામે પહાડી પર જે દેવીમંદિર દેખાય છે તેની નજર મધ્યાહ્ન સમયે જે વહાણો પર પડે છે તે તમામ ડૂબી જાય છે, માટે હાલ અમે વહાણ નહિ હંકારીએ.’’

દેવીને આમ કરવાનું કારણ શું ? તે જાણવા માટે જગડૂશાહ તે પહાડી ઉપર ગયા. અને ત્રણ ઉપવાસ કરીને બેઠા. દેવી પ્રત્યક્ષ થયાં. જગડૂએ દેવીને કહ્યું કે, ‘‘આ દક્ષિણમુખી દેરીને હું ઉત્તરમુખી કરી દઉં તો તમારી રજા છે ? આથી વહાણો ઉપર દૃષ્ટિ નહિ પડતાં કોઈ વહાણ મધ્યાહ્ને ડૂબી નહિ જાય.’’

દેવીએ તેમ કરવાનો ઇન્કાર કરતાં જગડૂ તેના પગે પડી જઈને કરગરવા લાગ્યા. છેવટે તે પહાડીનાં ૧૦૮ પગથિયાંમાં પ્રત્યેક પગથિયા દીઠ અકેકા બોકડાનો વધ માંગ્યો, અને તરત જ દેવી અંતર્ધાન થઈ ગયા.

જગડૂશાહ ૧૦૬ બોકડા પકડી લાવ્યા. પહેલા અને બીજા પગથિયે પોતે અને પોતાનો પુત્ર ગોઠવાઈ ગયા. બાકીના પગથિયે ૧૦૬ બોકડા ગોઠવ્યા.

પછી પોતાની ગરદન ઉપર તલવાર ઝીંકી. તે જ વખતે દેવીએ પ્રત્યક્ષ થઈને શેઠનો હાથ પકડી લીધો. ઉત્તરમુખી દેરી બનાવવાની વાતમાં સંમતિ આપી.

આ થયા બાદ કોઈ પણ સરતચૂકથી મધ્યાહ્ને નીકળી ગયેલું વહાણ ડૂબ્યું નથી. આમ નિર્દોષ માનવોનો સંહાર કાયમ માટે બંધ થઈ ગયો.

આજે પણ દર વર્ષે કોયલા પહાડીની દેવીનો મેળો ભરાય છે. ત્યારે દેવીની આરતી ઉતાર્યા બાદ જગડૂશાહ અને તેના પુત્રને આરતી ઉતારવામાં આવે છે.

## [૬૨] વાદિદેવસૂરિજી

આબુ પાસે આવેલા મંડાર ગામમાં વીરનાગ પોરવાડ રહેતો હતો. તેની જિનદેવી નામની પત્ની હતી. તેમણે પૂર્ણચંદ્ર નામનો એક દીકરો હતો. તેમના ગુરુ મુનિચંદ્રસૂરિજી હતા.

મંડાર પ્રદેશમાં જોરદાર દુકાળ પડતાં ગુરુદેવે વીરનાગને મદદ કરાવીને સહકુટુંબ ભરૂચ સ્થાનાંતર કરાવ્યું. કાળઝાળ ગરીબીને લીધે આઠ જ વર્ષના બાળક પૂર્ણચંદ્રને પણ મસાલાના પડીકાની ફેરી કરવી પડતી હતી. એક દી કોઈ શેઠને ત્યાં પૂર્ણચંદ્ર ગયો. શેઠ કોઈ કામમાં હસે એટલે પૂર્ણચંદ્ર બહાર બેસીને બાળસુલભ રમત કરવા લાગ્યો. એક ખૂણે પડેલા દેખાતા કોલસા ઉપાડીને બીજી બાજુ નાખવા લાગ્યો.

શેઠ બહાર આવ્યા ત્યારે તેમણે બીજા ખૂણે પડેલા કટકાને કોલસાના રૂપમાં ન જોતાં સોનાના કટકા તરીકે જોયા. શેઠ ખૂબ ચક્તિ થઈ ગયા. બાળક પાસે બધા કટકા બીજા ખૂણે નંખાવીને શેઠે પોતાનું કામ કરી લીધું.

આ વાતની ગુરુદેવ શ્રી મુનિચંદ્રસૂરિજીને ખબર પડી. માતાપિતાની સંમતિ લઈને પૂર્ણચંદ્રને દીક્ષા આપવામાં આવી. તેનું નામ 'રામ-ચંદ્રવિજય' રાખવામાં આવ્યું. વિ. સં. ૧૧૫૨માં દીક્ષા થઈ.

ટૂંક સમયમાં જ નૂતન મુનિ જબરા વિદ્વાન થઈ ગયા. તેમણે અને વાદીઓને હરાવતા આચાર્યપદાધિરૂઢ થતાં તેમનું નામ વાદિદેવસૂરિજી રાખવામાં આવ્યું.

કોઈ પ્રસંગે શાસનદેવીએ તેમને 'યુગપ્રધાન' કહ્યા હતા.

દિગંબરાચાર્ય કુમુદચંદ્રને આમણે જ હરાવેલા. વિ. સ. ૧૧૮૧માં આ વાદ થયો હતો. "નારી દેહે કોઈ આત્માનો મોક્ષ થઈ શકે કે નહિ ?" એ પ્રશ્ને ઉપર ૫૦૦ સવાલ-જવાબો થયા હતા, પણ કુમુદચંદ્રે મચક આપી ન હતી. છેવટે વાદિવેતાલ શાંતિસૂરિજી મહારાજાની ઉત્તરાધ્યન સૂત્રની પાઇઅ-ટીકાના આધારે નારી-મોક્ષનો વિચાર મૂક્યો. કુમુદચંદ્રને તે ઉપન્યાસ ન સમજાતાં તેણે લેખિત માગ્યો. પણ તોય તે ઉત્તર ન વાળી શક્યા, છેવટે તેનો પરાજય જાહેર થયો.

જૈનોએ જબ્બર વિજયોત્સવ કર્યો. રાજા સિદ્ધરાજ પણ તેમાં હર્ષભેર જોડાયા. વિજેતા આચાર્યશ્રી ગુજરાતના હોવાથી રાજાને તેમના વિજયનું ભારે ગૌરવ હતું. વિજયયાત્રામાં આચાર્યશ્રીને ટેકો દઈને રાજા ચાલ્યા હતા. વિજયની ખુશાલીમાં ગુરુભક્ત શેઠ થાહડે ભાટ, યાચકો વગેરેને ત્રણ લાખનું દાન કર્યું હતું. રાજાએ આચાર્યશ્રીને છાલા વગેરે બાર ગામો, અને એક લાખ દ્રવ્ય દાનમાં જાહેર કર્યું, પરન્તુ તેનો અસ્વીકાર થયો. પછી તે રકમમાંથી પાટણમાં ભવ્ય જિનાલય બનાવવામાં આવ્યું.

આ વાદિદેવસૂરિજીએ સાડા ત્રણ લાખ લોકોને નવા જૈન બનાવ્યા હતા.

### [૬૩] કાકજંઘ રાજા

એ રાજાનું નામ કાકજંઘ હતું. તેણે દિક્-પરિમાણ (દિશાનું ગતિ-નિયમન) વ્રત લીધું હતું. એક વખત કોકાસે બનાવેલા વિમાનમાં જતાં એકાએક તેને યાદ આવ્યું કે હવે તેના વ્રતની મર્યાદા પૂરી થઈ ગઈ છે. એટલે પહોંચવા માટે સ્થળ દૂર હોવાથી - ત્યાં ન જતાં - ત્યાંથી જ વિમાન પાછું વાળવા યત્ન કર્યો.

પણ અફસોસ ! કાકજંઘની સામે રચાયેલા ષડયન્ત્રની રૂએ વિમાનને પાછું વાળવા અંગેની ખીલી કૃત્રિમ ગોઠવી દેવામાં આવી હતી. આથી વિમાન પાછું ફરી શકે તેમ ન હતું. ત્યાં જ નીચે ઉતારે તો તે શત્રુદેશ હતો. ત્યાં અનેક ભય હતા. હવે તો વિમાને આગળ જ વધવું જોઈએ પરન્તુ તેમાં વ્રતભંગ થતો હતો. આથી વ્રતભંગ કરતાં જીવનભંગની બહેતરતા સમજીને વિમાન તે જ પ્રદેશમાં નીચે ઉતારી દેવામાં આવ્યું. કલિંગાધિપતિ શત્રુરાજના હાથે કાકજંઘ કેદ થયો. તેને ખાવાનું આપવાનો પ્રતિબંધ મૂકવામાં આવ્યો. પરન્તુ કાકજંઘના અનેક ગુણો સાંભળીને રંજિત થયેલી શત્રુદેશની પ્રજાએ કાગડાને બલિ ફેંકતા હોય તેવો દેખાવ કરીને જેલમાં ખાવાના ટુકડા પહોંચાડવાનું શરૂ કરી દીધું.

અંતે કાકજંઘના પુત્રે કલિંગ ઉપર આક્રમણ કરીને પિતાને કારાગારમાંથી મુક્ત કર્યા. કલિંગ ઉપર વિજય મળ્યો.

પણ કમાલ ! કલિંગની સરહદો સીમાડા ઘણા લાંબે સુધી હતા. કાકજંઘના દિક્-પરિમાણ વ્રતની મર્યાદાની બહાર જતા હતા. આથી તે દેશ ઉપરનું પોતાનું આધિપત્ય ન સ્વીકારતાં કલિંગનરેશને જ તે દેશ પુનઃ સોંપી દીધો.

**[૬૪] મેતાર્યને પ્રતિબોધ**

બે મિત્ર-દેવો હતા. તેઓ આત્માના હિતની ચિંતા સતત કરતા હતા. એટલે દેવલોકમાંથી વહેલા વિદાય (ચ્યવન) થનારા દેવે માનવલોકમાં ધર્મ પમાડવા આવવા માટે મિત્રદેવ પાસે કોલ લીધો.

સમય થતાં તે દેવ ચ્યવી ગયો અને ચંડાલ કુટુંબમાં પુત્ર તરીકે જન્મ્યો. આ કુટુંબની સ્ત્રીએ તેની શેઠાણી સાથે કરાર કર્યો હતો કે જો તેને પુત્ર-પ્રાપ્તિ થશે તો પરસ્પર સંતાનોની તત્કાળ અદલાબદલી કરશે. આ કરારની રૂએ આ પુત્રને શેઠને ત્યાં તત્કાળ મૂકી દેવામાં આવ્યો અને તે શેઠના પુત્ર તરીકે જ મોટો થયો. તેનું નામ મેતાર્ય પડ્યું.

પેલા મિત્રદેવે-કોલ આપ્યા મુજબ મેતાર્યને પ્રતિબોધ કરવા ઘણી મહેનત કરી પણ તે નિષ્ફળ ગઈ. મેતાર્યના આઠ રૂપવતી કન્યા સાથેના લગ્નનો દિવસ આવી ગયો. મિત્રદેવે લગ્નના વરઘોડામાં ભંગ પાડી દીધો. મેતાર્યની જે ખરી માતા હતી તે રડવા લાગી. તેની પાસેથી સઘળી વાત જાણીને પિતા દોડીને મેતાર્યને વળગી પડીને કહેવા લાગ્યા, "તું તો મારો ખરો દીકરો છે ! ઘેર ચાલ.... વગેરે."

માતાની વાત સાંભળતાં મેતાર્યની જાતિ લોકોને જાણવા મળી. આથી લગ્ન બંધ રહ્યાં. મેતાર્યને જાહેરમાં અપમાનિત થવાનો સખત આઘાત લાગ્યો.

મિત્રદેવે તેને સંસાર-ત્યાગ કરવા માટે ફરી પ્રેરણા કરી. રીસે ભરાઈને મેતાર્યે કહ્યું, "આ રીતે તો સંસાર નહિ જ ત્યાગું. હવે તો એક વાર તું મારું પૂરું સન્માન કરાવી દે. ત્યાર પછી જરૂર સંસાર ત્યાગીશ."

આથી મિત્રદેવે મેતાર્યને રત્નો હગતો બકરો આપ્યો. એ બકરો લઈને મેતાર્ય મગધપતિ શ્રેણિક પાસે ગયો. રત્નો છોડતા બકરાને જોઈને શ્રેણિક સ્તબ્ધ થઈ ગયો. મેતાર્યે રાજકુમારીની માગણી કરી. શ્રેણિકે કહ્યું, "તારી જાતિ ઉચ્ચ હોય તો તું પહેલાં સાબિત કર." તે માટે શ્રેણિકે ત્રણ કઠોર વસ્તુઓ મેતાર્ય સામે મૂકી. તે ત્રણેયમાં મેતાર્ય પાર ઊતરી જતાં મગધેશે પોતાની દીકરી પરણાવી. આ રીતે મેતાર્યનું અપમાન સાફ થઈ ગયું. તેનું ભારે સન્માન થયું.

આથી ફરી મિત્રદેવે દીક્ષાની યાદી આપી. પણ મેતાર્ય 'કાલ' ઉપર વાત ટાળતો ગયો. એમ કરતાં બાર વર્ષ વીતી ગયાં. અંતે મેતાર્ય મુનિ થયા.

### [૬૫] વસ્તુપાળનો જમણવાર

વસ્તુપાળની એ ભારે મોટી સરતચૂક થઈ ગઈ કે પોતે યોજેલા જમણવારમાં કોઈ શેઠના કર્મવશાત્ નિર્ધન બની ગયેલા પુત્રને આમંત્રણ આપી ન શક્યા. તેણે ચોર્યાસીની જ્ઞાતિની મળેલી સભામાં જાહેર કર્યું કે, "અમે ગરીબ છીએ એટલે અમને આમંત્રણ આપવામાં આવ્યું નથી. પણ હવે એક વાત મારે જાહેર કરી દેવી છે કે તે વસ્તુપાળ-તેજપાળ વિધવાના પુત્રો છે. એ તો નસીબની વાત છે કે તેઓ મહામાત્યપદે બેઠા છે.

આ સાંભળીને ચોર્યાસીની જ્ઞાતિ-સભામાં સન્નાટો બોલાઈ ગયો. સહુને વીજળી જેવો આંચકો લાગી ગયો. સભામાં હોહા થઈ ગઈ. કહેવાય છે કે તે વખતે જેઓ વસ્તુપાળ-તેજપાળના જમણવારના વિરોધમાં ઊઠી ગયા તે વીસા (પૂરા) કહેવાયા; બાકીના દશા (અડધા) કહેવાયા.

### [૬૬] વજસ્વામીજી અને શત્રુંજયનો ઉદ્ધાર

જાવડશા ખૂબ શ્રીમંત હતા. એમની હાજરીના સમયમાં જ તીર્થાદિરાજ શ્રી શત્રુંજયનો અધિષ્ઠાયક કપર્દી દેવ મિથ્યાદૃષ્ટિ થયો હતો. તેણે તીર્થને અશુચિ-તત્ત્વોથી ઘણું નુકસાન પહોંચાડી દીધું હતું. આ બાબતનો ખેદ જાવડને હતો. વિપુલ સંપત્તિ છતાં તેનો ઉપયોગ આ તીર્થરક્ષામાં થઈ શકતો નહિ

તેથી તે ઉદ્વિગ્ન હતા. એક વાર પોતાના મનની વાત આચાર્યદેવશ્રી વજ્રસ્વામીજીને કરી. બન્ને પરસ્પરને પૂરક બને તો જરૂર કામ થાય ? એવું આચાર્ય ભગવંતે જણાવ્યું. તીર્થરક્ષા માટે આધ્યાત્મિક બળોની સાથે સાથે ધનના ભૌતિકબળની પણ જરૂરિયાત હતી. આચાર્યશ્રીના સૂચન મુજબ જાવડશાએ શત્રુંજયનો સંઘ કાઢ્યો. જે ઉપદ્રવો આવ્યા તે આચાર્યશ્રીએ ટાળ્યા. અને ભારે આપત્તિઓને પાર કરીને શત્રુંજય તીર્થને પવિત્ર કરીને તેની રક્ષા કરવામાં આવી. મિથ્યાદષ્ટિ બનેલા કપર્દી દેવને ભગાડી મૂકવામાં આવ્યો.

**[૬૭] 'પુણ્યવંતી પળો કોઈ ચૂકશો નહિ'**

ભરતચક્રીની રાજયપાટ પરંપરામાં સૂર્યયશા ચન્દ્રયશા વગેરે અનેક ધર્માત્મા રાજાઓ થઈ ગયા. તેઓ પરમાત્માના પરમ ભક્ત શ્રાવકો હતા. તેઓ દરેક આઠમ અને ચૌદસે પૌષધ કરતા. પૌષધના આગલા દિવસે રાજમાં પડહ વગાડીને જાહેર કરવામાં આવતું કે, ''આવતી કાલે આઠમ (કે ચૌદસ)ની પર્વતિથિ છે. મહારાજા શ્રી પૌષધ-વ્રત કરવાના છે. સહુને આ વ્રત કરવા માટે ખાસ ભલામણ છે. જીવનમાં જડી જતી આવી પુણ્યવંતી પળો કોઈ ચૂકશો નહિ.''

**[૬૮] કુણિકનો અહંકાર અને છઠ્ઠી નારક**

કર્મોના ઉદયો ક્યારેક કેટલા ભયાનક થતા હોય છે ! જે કુણિકે પરમાત્મા મહાવીરદેવનું અતિ ઉત્કૃષ્ટ કક્ષાનું સામૈયું કર્યું હતું. તે જ કુણિક પ્રભુના પરમ ભક્ત ચેડા મહારાજા સામે યુદ્ધે ચડ્યો. તે બે યુદ્ધમાં એક કરોડ એંસી લાખ માણસોનો કચ્ચરઘાણ વળી ગયો. આ યુદ્ધમાં વિજય પામવા માટે એણે અધમ કક્ષાનાં પાપો પણ કર્યાં. એણે કૂલવાલક નામના ઘોર તપસ્વી સાધુનું ગણિકા દ્વારા પતન કરાવ્યું અને મુનિસુવ્રત પ્રભુની ચમત્કારિક પ્રતિમાજીનો સ્તૂપ નગરીમાંથી ઉખેડાવી નાખીને બહાર કઢાવી નાખ્યો.

રે ! પ્રભુએ તેને 'છઠ્ઠી નારક'માં જનારો કહ્યો તો તેણે ગર્વમાં કહ્યું કે, ''મને સાતમી નારક કેમ ન મળે ? માત્ર છઠ્ઠી જ કેમ ?''

ઉત્કૃષ્ટ સામૈયાની ધર્મક્રિયા કરનારાની પણ ચિત્તસ્થિતિ આવી હોઈ શકે ખરી ?

**[૬૯] શ્રમણ-સંસ્થાની મજબૂતી**

જે સમયમાં જૈનોની યતિસંસ્થા મજબૂત હતી તે સમયમાં તે સંસ્થાના બહાર પડેલા કેટલાક નીતિ-નિયમોમાં એક નિયમ એવો હતો કે જે ગામમાં જિનાલય ન હોય તે ગામમાં નામ સાથે 'શ્રી' જોડી શકાય નહિ.

**[૭૦] શ્રીયક-મૃત્યુ**

પોતાના સંસારી ભાઈ શ્રીયકને પર્વ દિવસે ઉપવાસ કરવાની ભાવનાથી યક્ષા નામનાં સાધ્વીજી સમજાવી સમજાવીને થોડું થોડું પચ્ચક્ખાણ વધારતાં ગયાં. એમ કરતાં ઉપવાસ તો થઈ ગયો. પણ તેમાંથી અશાતા પેદા થઈ અને શ્રીયકનો દેહાંત થઈ ગયો.

સાધ્વીજીને થયું કે આ રીતે પોતાના દ્વારા માનવહત્યાનું ભયંકર પાપ થઈ ગયું. આ વ્યથાથી તેઓ અત્યંત પીડાવા લાગ્યા. સંઘ ભેગો થયો. કાયોત્સર્ગ દ્વારા શાસનદેવતા હાજર થયા. તેઓ યક્ષા સાધ્વીને પ્રાયશ્ચિત્ત પૂછવા માટે સીમંધસ્વામીજી પાસે લઈ ગયા. પ્રભુએ ફરમાવ્યું કે, "સાધ્વી નિર્દોષ છે કેમ કે તેમનો આશય શ્રીયકની હત્યાનો ન હતો." મહાવિદેહક્ષેત્રમાં પરમાત્મા પાસે ગયાની સાક્ષી તરીકે કેવળજ્ઞાની ભગવંતનું વસ્ત્ર તથા દશવૈકાલિક સૂત્રની બે ચૂલિકા પ્રાપ્ત થઈ; જે લઈને તેઓ ભરતક્ષેત્રમાં પાછા ફર્યા. સાધ્વીજીનો આઘાત નિર્મૂળ થયો.

**[૭૧] વૃદ્ધ મુનિ મુકુન્દનો સ્વાધ્યાયપ્રેમ**

વૃદ્ધાવસ્થામાં પણ મોટેથી અવાજ કરીને ગોખતા મુકુન્દ નામના મુનિને ગચ્છના કોઈ સાધુએ કટાક્ષમાં કહ્યું, "બુઢ્ઢા મહારાજ ! હવે શું આ ઉંમરે તમારે સાંબેલા ઉપર ફૂલ ઉગાડવાના છે કે ?"

વૃદ્ધ મુનિને અચાનક આ શબ્દોની ચાનક લાગી ગઈ. તેમણે સાંબેલા ઉપર ફૂલ ઉગાડવાનું મનોમન નક્કી કરી લીધું. બીજા દિવસથી ઉપવાસ શરૂ કર્યા; અને કાયોત્સર્ગમાં જ લીન રહ્યા. અંતે એકવીસ દિવસે દેવી સરસ્વતીજી સંતુષ્ટ થયાં.

બીજે દી ભરબજારે તેમણે સાંબેલું મંગાવ્યું. લોકોની ભારે ઠઠ જામી ગઈ. સાંબેલા ઉપર પાણી સીંચતાની સાથે જ ફૂલો ઊગી નીકળ્યાં.

પેલા ટીખળ-સ્વભાવી મુનિ તેમને ઝૂકી પડ્યા. અંતઃકરણથી ક્ષમા યાચી. આ વૃદ્ધ મુકુન્દમુનિ ત્યાર બાદ, જૈનશાસનના મહાપ્રભાવક વાદિદેવ આચાર્ય બન્યા. જેઓ વૃદ્ધ વાદિસૂરિજી તરીકે પ્રસિદ્ધ થયા. જેમના શિષ્ય હતા, સિદ્ધસેન દિવાકરસૂરિજી.

**[૭૨] ભીમ શ્રાવકની સત્યવાદિતા**

એ હતો, શાસનપ્રભાવક આચાર્ય ભગવંત શ્રીમદ્ જગચ્ચન્દ્રસૂરિજીનો પરમ ભક્ત; જૈનધર્મનો ચુસ્ત પાલક, ભીમ નામે શ્રમણોપાસક. 'સત્યવાદી'

તરીકેની તેની ખ્યાતિ આબાલ-ગોપાલ વિસ્તરી હતી.

એક વાર નગર ઉપર ધાડ પડી. ભીમ શ્રાવકને અને તેના ચારેય દીકરાઓને લૂંટારુઓએ બાનમાં પકડ્યા. દીકરાઓએ છૂટવા માટે લૂંટારુઓને ખોટા ચાર હજાર ટંકા આપ્યા.

અભણ અને જડ લૂંટારુઓ ! તેમણે એ ટંકાના સાચાખોટાપણાનો નિર્ણય ભીમ શ્રાવક પાસે જ માગ્યો. તેમણે કહ્યું, ''શેઠ ! આ ટંકા તમારા પુત્રોએ આપ્યા છે. તે સાચા છે કે ખોટા ? જો ખોટા ટંકા આપીને તમારા પુત્રો અમારી સાથે રમત રમ્યા હશે તો તત્કાળ તેમનાં માથાં ઉડાવી દઈશું.''

ભીમે ટંકા જોયા. તેણે કહ્યું. ''આ ટંકા ખોટા છે.''

લૂંટારુઓએ ભીમને તેની સત્યવાદિતા ઉપર ખુશ થઈ ને છોડી મૂક્યો.

**[૭૩] સુકૃતોની અનુમોદના**

(૧) સમ્રાટ અશોકના પૌત્ર મહારાજ સંપ્રતિએ કુલ સવા લાખ જિનમંદિરોનું નિર્માણ કર્યું હતું. તેમાં છત્રીસ હજાર નૂતન જિનાલયો હતાં તથા બાકીનાંનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો.

તેમણે સુવર્ણ વગેરેની સવા કરોડ પ્રતિમાઓ ભરાવી હતી.

(૨) આમ રાજાએ ગોવર્ધન પર્વત પર સાત હાથની વીરપ્રભુની પ્રતિમાનું જિનાલય બનાવ્યું હતું. આ જિનાલયનો કુલ ખર્ચ સાડા ત્રણ કરોડ સોનામહોરો થયો હતો. તેના મૂળ મંડપમાં સવા લાખ સોનામહોર તથા રંગમંડપમાં એકવીસ લાખ સોનામહોર વાપરવામાં આવી હતી.

(૩) ગૂર્જરેશ્વર કુમારપાળે ચૌદ સો ચુમ્માલીસ નૂતન જિનાલયો બનાવ્યાં હતાં. તથા સોળ સો જિનાલયોનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો.

એક માત્ર 'ત્રિભુવનપાળ વિહાર' નામના જિનાલયમાં છન્નું કરોડ સોનામહોરો ખર્ચી હતી. જેમાં તેઓ હંમેશ ચતુરંગિણી સેના સાથે; અનેક કરોડપતિ શ્રીમંતો સાથે મધ્યાહ્નના સમયે પૂજા કરવા જતા હતા.

આ જિનાલયમાં સવા સો આંગળની મૂળનાયકની પ્રતિમા હતી; તેની બોંતેર દેરીઓ રિષ્ટરત્નની હતી. તે દેરીઓમાં ૧૪ ભારતની ૨૪ રત્નના પ્રતિમાજી, ૨૪ સોનાના પ્રતિમાજી તથા ૨૪ રૂપાના પ્રતિમાજી હતા.

(૪) મન્ત્રીશ્વર વસ્તુપાળે તેર સો તેર નૂતન જિનાલયો બનાવ્યાં હતાં; બાવીસ સો જિનાલયોનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો તથા સવા લાખ જિનબિંબો ભરાવ્યાં હતાં.

(૫) માંડવગઢના મન્ત્રીશ્વર પેથડે ચોર્યાસી નૂતન જિનાલયો બનાવ્યાં હતાં.

દેવગિરિનું જિનાલય પૂર્ણ થયાની વધામણી આપનાર માણસને મન્ત્રીશ્વર પેથડે ત્રણ લાખ ટંકાનું દાન આપ્યું હતું.

**[૭૪] પેથડ, વસ્તુપાળ અને આભૂશેઠ વગેરેનો શાસ્ત્રરાગ**

મન્ત્રીશ્વર પેથડે સાત કરોડ સોનામહોરોના; વસ્તુપાળે અઢાર કરોડ સોનામહોરના અને થરાદના આભૂ શેઠે ત્રણ કરોડ સોનામહોરના શાસ્ત્રગ્રંથો લહિયાઓ પાસે લખાવ્યા હતા.

આભૂ શેઠે સઘળાય આગમોની એકેકી પ્રત સુવર્ણાક્ષરે લખાવી હતી. તેમણે મૃત્યુ સમયે દીક્ષા લીધી હતી. તે પૂર્વે સાત કરોડ સોનામહોરનું સાત ક્ષેત્રમાં દાન કર્યું હતું.

વસ્તુપાળે નવ સો ચોર્યાસી પૌષધશાળાઓ કરાવી હતી.

**[૭૫] સિંહસૂરિજી અને ભરુચ જિનાલયનો જિર્ણોદ્ધાર**

એક વાર લગભગ આખુંય ભરૂચ આગથી તારાજ થઈ ગયું હતું. તે વખતે લગભગ બધા જૈનો સ્થળાન્તર કરી ગયા હતા. ગામમાં મુનિસુવ્રતસ્વામીજીનું માત્ર એક જિનાલય બેઢંગી સ્થિતિમાં બચ્યું હતું. હોનારત પછી નજદીકના સમયમાં સિંહસૂરિજી નામના જૈનાચાર્ય પધાર્યા હતા. તેઓએ અન્ય કોમના લોકો પાસે જઈને પણ ધન ઉઘરાવ્યું હતું. તેઓ અષ્ટાંગ નિમિત્તના જાણકાર હોવાથી ધરતીમાં પડેલા ધનનાં સ્થળો જાણી શકતા હતા; પરન્તુ અદત્તાદાનના ભયથી તેમણે તે ધન બહાર કાઢ્યું ન હતું. લોકોએ કુલ (લગભગ) પાંચ હજાર રૂપિયા ઉઘરાવી આપ્યા હતા તેમાંથી તે જિનાલયની મરામત કરવામાં આવી હતી.

**[૭૬] શીલગુણસૂરિજી અને વનરાજ ચાવડો**

વિ. સં. ૮૦૨માં ગુજરાત રાજ્યની સ્થાપના થઈ હતી. તે વખતના વનરાજ ચાવડાના ગુરુ-આચાર્ય ભગવંત શીલગુણસૂરિજી હતા. તેમણે તે વખતે મંત્રજપ કરતાં કહ્યું હતું કે, ''ગુજરાતમાં જિનધર્મનો કટ્ટર દ્વેષી કદી સુખી થઈ શકશે નહિ.''

**[૭૭] 'સાધુઓને વહીવટી બાબતોમાં સીધા ન ઉતારવા'**

વસ્તુપાળના સમયની વાત છે. તે વખતે શત્રુંજયતીર્થમાં દેવદ્રવ્યના વહીવટ સંબંધમાં 'કાંઈક' ગરબડ થઈ હતી. ઘણી મથામણના અન્તે આચાર્ય ભગવંતે એક શિષ્યને તે વ્યવસ્થા માટે શત્રુંજય મોકલ્યો હતો. કમનસીબે સંપત્તિનો વહીવટ કરવા જતાં તે સાધુ જીવનભ્રષ્ટ થયા. ત્યારથી તે આચાર્ય ભગવંતે

નિર્ણય કર્યો કે, ''હવે પછી કોઈ પણ સાધુને વહીવટી બાબતોમાં સીધા ઉતારવા નહિ.''

**[૭૮] અજયપાળનો કરુણ અંજામ**

ગૂર્જરેશ્વર કૂમારપાળ પછી અજયપાળે ત્રણ વર્ષ સુધી શાસન કર્યું. જૈનધર્મ ઉપર તો એણે કાળો કેર વર્તાવ્યો. અનેક જૈનમંદિરો અને મૂર્તિઓને ભાંગી નાખ્યાં. સાધુઓને ખૂબ સતાવ્યા.

આ ઉગ્ર પાપનું ફળ એના કૂતરાથીય ભૂંડા કમોતમાં આવ્યું.

ઘાંઘો અને વૈજલિ એના અંગત ચોકીદારો હતા. તેમની માતા સુહાગદેવી કુલટા હતી, જેની સાથે અજયપાળ લાગ્યો હતો.

એકદા અંધકારમાં રાજા અને સુહાગદેવી બેઠાં હતાં. ત્યાં ઘાંઘો પ્રકાશ કરવા માટેનું ફાનસ લઈ આવ્યો. રાજાએ તેને ફાનસ લઈને ચાલી જવા કહ્યું. જતાં જતાં ઘાંઘાએ પોતાની માતાને જોઈ. તેણે પોતાના ભાઈ વૈજલિને આ વાત કરી. ઘાંઘાએ દુઃખથી આપઘાત કરવાનો વિચાર દર્શાવતા વૈજલિ ગુસ્સે ભરાયો. તેણે કહ્યું, ''આપણે શા માટે મરી જવું ? તે નીચ રાજાને આજે જ પૂરો કરી દઈશું.''

બન્ને તે તરફ ગયા. આ સમયે અજયપાળ એકલો હતો. ઉદ્યાનમાં બેઠો હતો. પાછળથી ઘસી આવીને બન્નેએ અજયપાળના માથે મોટો પથ્થર માર્યો. અજયપાળ લોહીલુહાણ થઈને ધરતી ઉપર પટકાઈ પડ્યો. તેના અંગરક્ષકો સાથે ઘાંઘાને અને વૈજલિને ઝપાઝપી થઈ. તેમાં ઘાંઘો મૃત્યુ પામ્યો. અંગરક્ષકો અજયપાળને પડતો મૂકી ચાલ્યા ગયા.

રાજાને ખૂબ તરસ લાગી હતી. તે કણસતો હતો. માંડ ઊઠીને પાસે આવેલા દરજીને ઘેર જવા નીકળ્યો, ત્યાં વચમાં આવેલી ખાળમાં 'ધબાક્' કરતો પડી ગયો.

દરજી આંગણામાં દોડી આવ્યો. કૂતરો સમજીને તેણે મોટો પથ્થર ઝીંક્યો. અજયપાળનું માથું ફાટી ગયું.

ભારે વેદનાથી ચિત્કારતો તે બોલ્યો, ''દોષ કોઈનો નથી. મેં સાધુઓને ખૂબ સતાવ્યા છે તે મારો જ દોષ છે, તેનું જ આ ફળ છે.''

થોડી જ પળોમાં તે રિબાઈને મૃત્યુ પામ્યો. રાજમાં કોઈએ તેની પાછળ આંસુનું ટીપુંય ન પાડ્યું.

## [૭૯] ખેમો દેદરાણી

એ હતો, દેદરાણી ગોત્રનો ખેમો. આથી જ તે ખેમો દેદરાણી કહેવાતો. ૧૫૩૯-૪૦ની સાલમાં ગુજરાત અને માળવામાં ભયાનક દુકાળ પડ્યો હતો. બેય વર્ષ ઉત્તરોત્તર વધુ ભયંકર નીવડ્યાં.

એ વખતે પાદશાહ મહમદ બેગડાએ પોતાના ભોજકને કહ્યું, "તું વારંવાર મને કહે છે કે શાહ તે શાહ અને પાદશાહ તે પાદશાહ. (પાદ એટલે ૧/૪; એવા શાહ તે પાદશાહ) તો હવે તારા બધાય શાહને ભેગા કર અને કહે કે આ ગોઝારો દુકાળ દૂર કરે. અને બીજી વાત સાંભળી લે કે જો તારા શાહ બધા ભેગા થઈનેય દુકાળની આપત્તિને હળવી નહિ પાડે તો તેઓ હવે પછી પોતાને શાહ કહેવડાવી શકશે નહિ. આવું ફરમાન મારે બહાર પાડવું પડશે."

આ સાંભળીને ભોજક ચાંપાનેરના મહાજન પાસે દોડ્યો. મહાજનને ઇજ્જતનો સવાલ થઈ પડ્યો એટલે ટીપ શરૂ કરી. ટીપ કરતાં કરતાં મહાજનના અગ્રણીઓ હડાલા ગામે પહોંચ્યા. ત્યાં ખેમો દેદરાણી હતો. હાથ જોડી તેણે મહાજનને વિનંતી કરી કે, "આખા વર્ષના દુકાળનો તમામ લાભ મને આપી દો. હું બધી જ સામગ્રી પૂરી પાડીશ."

અને.... આથી મહાજનનું 'શાહ' બિરુદ કાયમી બની ગયું.

## [૮૦] સિદ્ધિચન્દ્રજી પંન્યાસ

બાદશાહ જહાંગીરના સમયમાં ભાનુચન્દ્રજી ઉપાધ્યાય તથા સિદ્ધિચન્દ્રજી પંન્યાસ થઈ ગયા. આ પંન્યાસજી અત્યંત રૂપાળા હતા. આથી જ બાદશાહના કુટુંબીજનોને હંમેશ ધર્મદેશના દેવા જતાં શાહજાદી તેમની ઉપર મોહી પડી. પંન્યાસજી સાથે જ લગ્ન કરવાનો પોતાનો નિર્ધાર તેણે જાહેર કરી દીધો. બાદશાહે લાગ જોઈને એક વાર પંન્યાસજીને જણાવ્યું કે, "તેમણે મુનિ-જીવનના કઠોર માર્ગે ચાલીને જીવનને બરબાદ કરવું ન જોઈએ. એ કરતા સંસારી બની જવું. શાહજાદી સાથે લગ્ન કરવું વગેરે...."

આ સાંભળતાં જ પંન્યાસજી અકળાઈ ગયા. એની સામે બાદશાહ પણ આવેશમાં આવી ગયા. પંન્યાસજીએ સ્પષ્ટ સુણાવી દીધું કે, આખું રાજ મળે તોય ગુરુદેવે આપેલ સંયમ ત્યાગવાને તે ધરાર લાચાર છે.

આ સાંભળતાં જ બાદશાહ જહાંગીરે તેમને હદપાર કરવાનો હુકમ જાહેર કર્યો. ભારે ખુમારીથી પંન્યાસજી આગ્રાથી વિહાર કર્યો. દૂર દૂરના

દેશમાં માલપુરા ચાલ્યા ગયા. કેટલાક મહિનાઓ બાદ બાદશાહને ખૂબ પસ્તાવો થયો. તે સ્વયં પંન્યાસજી પાસે ગયા અને માફી માગીને પુનઃ પોતાના રાજ્ય આગ્રામાં લઈ આવ્યા.

## *[૮૧] મણિભદ્રજીનો પૂર્વભવ*

જેઓ વર્તમાનકાળમાં તપાગચ્છના સંરક્ષક-અધિષ્ઠાયક દેવ કહેવાય છે તે સમ્યગ્દૃષ્ટિ દેવાત્મા મણિભદ્ર વીરનો ઇતિહાસ આ પ્રમાણે છે.

એનું નામ માણેકચંદ હતું. આનંદવિમલસૂરિજી મહારાજનું કઠોર સંયમ જોઈને તેનો આત્મા ધર્મ પ્રત્યે અતાગ શ્રદ્ધા ધરાવતો થઈ ગયો. તેમને ગુરુ તરીકે સ્વીકાર્યા. એકદા ગુરુદેવે પાલીમાં ચોમાસું કર્યું. ચાતુર્માસ બાદ ગુરદેવ સિદ્ધાચલજી તરફ પ્રયાણ કરતા હતા. માણેકચંદની પગપાળા યાત્રા કરવાની ભાવના થતાં તે ગુરુદેવ સાથે વિહારમાં જોડાઈ ગયા. જ્યાં સુધી સિદ્ધાચલમાંના આદિનાથ પ્રભુનાં દર્શન ન થાય ત્યાં સધી ઉપવાસ ચાલુ રાખવાની પ્રતિજ્ઞા કરી. સાતમાં ઉપવાસે પાલનપુર અને સિદ્ધપુરની વચ્ચે આવેલા મગરવાડાની ભૂમિમાં આવ્યા. ત્યાં રાત્રીના સમયે ભીલ લોકોએ માણેકચંદને લૂંટીને મારી નાખ્યા. શુભ ધ્યાનમાં મૃત્યુ પામીને માણેકચંદ 'મણિભદ્ર વીર' બન્યા. ગુરુદેવ આનંદવિમળસૂરિજીને રાત્રિમાં ધ્યાનસ્થ અવસ્થામાં મગરવાડાની ઝાડીમાં પ્રત્યક્ષ દર્શન આપ્યાં. તેમણે કહ્યું, "ગુરુદેવ ! બીજાઓના ત્રાસની સામે હું આપના તપગચ્છની રક્ષા કરીશ. આપના ઉપાશ્રયમાં મારી પ્રતિષ્ઠા કરજો અને આપના ભાવી નૂતન આચાર્યો મને 'ધર્મલાભ' આપવા આવે તેવી તેમને પ્રેરણા કરજો. ત્યાં સુધી હું તમારા ગચ્છની રક્ષા કરીશ."

## **[૮૨] દેવદ્રવ્યલક્ષણ અને શુભંકર શેઠ**

કાંચનપુર નગરમાં શુભશંકર શેઠ હતા. તેઓ જિનેશ્વરદેવના ભક્ત હતા, જિનશાસનના પ્રભાવક હતા. એક વાર વહેલા મંદિરે પૂજા કરવા ગયા. મંદિરે પ્રવેશ કરતાં જ અતિ અદ્‌ભુત સુગંધ આવવા લાગી. તે જ રાત્રિએ પ્રભુભક્તિ કરવા માટે આવેલા દેવોએ કરેલા સાથિયાના અક્ષતની એ સુવાસ હતી.

સુવાસની માદકતાથી શેઠનું મન ચલિત થયું. એમણે તે અક્ષત લઈ લીધા અને દેવદ્રવ્યના ભક્ષણનો દોષ ન લાગે તે માટે, તે અક્ષત કરતાં ત્રણ ગણા અક્ષત ત્યાં મૂકી દીધા. ઘરે લઈ જઈને તે ચોખાની ખીર બનાવી. શેઠે ખાધી. કોઈ વહોરવા આવેલા મુનિને પણ વહોરાવી. બંનેની સ્થિતિ ખૂબ ભયાનક થઈ ગઈ. શેઠ સાત જ દિવસમાં ધંધાથી પાયમાલ થઈ ગયા;

અને મુનિ સાત દિવસ સુધી કુંભકર્ણની જેમ ઊંઘતા જ રહ્યાં. તેમના ગુરુએ પગેરું શોધી કાઢ્યું. શેઠ પાસેથી સઘળી માહિતી મેળવ્યા બાદ ઉપાય કર્યો.

શેઠે અને મુનિએ શુદ્ધિ કરી. મુનિના ખીરના તે પાત્રને છાણ દહીં વગેરેથી વારંવાર શુદ્ધ કરવામાં આવ્યું. નવો લેપ કરીને તડકે રાખ્યા બાદ તે પાત્રનો પુનઃ ઉપયોગ ચાલુ કર્યો.

**[૮૩] 'તવ શાસનસ્ય ભિક્ષુત્વં, દેહિ મે પરમેશ્વર !'**

ગૂર્જરેશ્વર કુમારપાળે સિદ્ધગિરિજીનો છ'રી પાળતો સંઘ કાઢ્યો હતો. પ્રભુજીના દરબારમાં પહોંચતાં ગૂર્જરેશ્વરે સંસ્કૃત ભાષામાં પ્રભુજીની સ્તુતિ કરી હતી. તેમાં તેમણે કહ્યું હતું, "હે પ્રભુ ! તું મારી અઢાર દેશની માલિકી લઈ લે ! મને તારા શાસનનું ભિખારીપણું (ભિક્ષુત્વ = સર્વવિરતિ ચારિત્ર્ય) આપ." - તવ શાસનસ્ય ભિક્ષુત્વં દેહિ મે પરમેશ્વર !

**[૮૪] કુંતલા મરીને કૂતરી થઈ**

એ કુંતલાદેવી મરીને કૂતરી થઈ હતી. કારણ હતું કાતિલ ઈર્ષ્યા.

પોતાની શોક્યોને પોતે જ જિનપૂજાની પ્રેરણા કરી. સઘળી વિધિઓ શીખવી. પછી તે શોક્યો જિનભક્તિમાં એવી લીન બની કે કુંતલા પણ પાછી પડી ગઈ. બસ આથી જ કુંતલાને શોક્યો તરફ ભારોભાર ઈર્ષ્યા થવા લાગી. એ સ્થિતિમાં જ તે મૃત્યુ પામીને એ જ રાણીવાસ પાસે કૂતરી તરીકે જન્મ પામી. કોઈ જ્ઞાનીભગવંત પાસેથી શોક્યોએ જ્યારે પોતાની ઉપકારિણી કુંતલાનો ભવ કૂતરીનો જાણ્યો ત્યારે તેમના આશ્ચર્યની કોઈ અવધિ ન રહી.

**[૮૫] ધર્માત્મા વજ્ર અને આર્તધ્યાની પુત્ર**

વજ્ર ખૂબ ધર્માત્મા હતા. ગૃહસ્થ છતાં લગભગ આખો દિવસ સામાયિકમાં જ પસાર કરતા. તેમની પાસે ઠીક ઠીક વધુ લક્ષ્મી હતી. તેમણે તે ધન કોઈ ગુપ્ત સ્થળે દાટી દીધું હતું. તેમને કેસરી નામનો પુત્ર હતો તેણે વારંવાર પિતા વજ્રને પૂછ્યું કે,"ધન ક્યા દાટ્યું છે ? મને જણાવો." પણ કોણ જાણે કેમ પિતાએ ધન દાટ્યાનું સ્થળ ન જ બતાવ્યું. 'પછી બતાવીશ; પછી બતાવીશ." એમ કહેતા રહ્યાં.

અને... અચાનક એક દિવસ પિતા વજ્ર મૃત્યુ પામી ગયા ધનનો ભેદ અકળ જ રહ્યો.

આથી કેસરીને ખૂબ આઘાત તો લાગ્યો, પરંતુ તેને ધર્મ અને ધર્મી લોકો ઉપર ધિક્કાર પેદા થઈ ગયો. "શું ધર્મીઓ આવા હોય ? પિતાજીને

ધનનું સ્થળ કહી દેવામાં શું વાંધો હતો ? આવી જીદથી મને કેટલું બધું નુકસાન થઈ ગયું ?" આવા તીવ્ર આર્તધ્યાનમાં જ મૃત્યુ પામીને કેસરી તિર્યંચ ગતિમાં ગયો.

**[૮૬] 'વેહાણસ' અને 'ગુધ્રપૃષ્ઠ મરણ'**

સુદર્શન શેઠને જયસુંદર અને સોમદત્તા નામના બે પુત્રો હતો. જયવર્ધન શેઠની દીકરીઓ - સોમશ્રી અને વિજયશ્રી સાથે તેમનાં લગ્ન થયાં. બંને ઘરજમાઈ બન્યા હતા. એક વાર પિતાજીની ગંભીર માંદગીના સમાચાર સાંભળીને બંને ભાઈઓ ઘેર જવા માટે નીકળી ગયા. પણ તેમના પહોંચતાં પહેલાં જ પિતા-સુદર્શનનું મૃત્યુ થઈ ગયું. આના કારમા આઘાતમાં બંને ભાઈઓને સંસારથી વૈરાગ પેદા થયો અને તેઓએ જ્ઞાની ગુરુ પાસે દીક્ષા લીધી. બંને દીક્ષિત મુનિઓ સ્વાધ્યાયતત્પર અને અપ્રમત્ત જીવન જીવતા હતા. એકદા જયસુંદર મુનિ વિહાર કરતાં સંસારીપણાના સાસરાના ગામમાં જઈ ચડ્યા. ભિક્ષા લેવા સાસરિયાના ઘેર ગયા. તેમની સંસારી પત્ની કુલટા તરીકેનું જીવન જીવતી હતી. તે તાજેતરમાં જ સગર્ભા થઈ હતી. પોતાનું પાપ ઢાંકવા માટે તેણે પોતાના સંસારી પતિ જયસુંદર મુનિને વેશ ઉતારી ગૃહસ્થ થઈ જવાનો આગ્રહ કર્યો. મુનિએ એને ખૂબ સમજાવી પણ તે ન જ માની. છેવટે પોતાનું સંયમ-જીવન બચાવી લેવાના નિર્ણયપૂર્વક મુનિએ થોડો સમય વિચાર કરવાની વાત કરી. તે જ ઘરના બાજુના ખંડમાં ગયા. ત્યાં પોતાના વસ્ત્રનો ગાળીઓ બનાવીને તેમણે ફાંસો ખાઈને જીવનનો અંત આણી દીધો. મૃત્યુ પામીને તે બારમા દેવલોકે ગયા.

સોમશ્રી ઉપર મુનિહત્યાનો આરોપ મુકાયો. પિતાએ તેને કાઢી મૂકી. આર્તધ્યાનથી મરીને તે દુર્ગતિમાં ગઈ.

આવી જ દશા બીજા ભાઈ સોમદત્ત મુનિની થઈ. ક્યારેક તેમને જોઈને તેમની સંસારી પત્ની વિજયશ્રી કામાર્ત્ત થઈ. તેના દ્વારા થનારા જીવન પતનથી બચવા માટે તે મુનિ, તાજા ખેલાયેલ યુદ્ધની ભૂમિએ ગયા. ત્યાં ઠેર ઠેર પડેલાં મડદાંઓની વચમાં જઈને સંથારો કરી દીધો. ગીધડાંઓએ મડદાની સાથે તેમની જીવતી કાયાને પણ ફોલી ખાધી. સમાધિથી કાલધર્મ પામીને તેઓ સર્વાર્થસિદ્ધના જયંત વિમાનમાં દેવ થયા.

જૈન શાસ્ત્રકારોએ પહેલાં મુનિના મરણ પ્રકારને 'વેહાણસ' કહેલ છે. બીજા મુનિના મૃત્યુ-પ્રકારને 'ગૃધ્રપૃષ્ઠ' કહેલ છે.

## [૮૭] ગંગદત્તનું ભોગાંતરાય કર્મ

શેઠ બંધુદત્તને ગંગદત્ત નામનો પુત્ર હતો. તેના ક્રમશઃ બે કન્યાઓ સાથે લગ્ન થયાં હતાં. પણ બન્ને વખત હસ્તમિલાપની ક્રિયા થતાં જ તે કન્યાઓના અંગેઅંગમાં કારમો દાહ પેદા થયો હતો. આથી તે બેય કન્યાઓએ તેનો ત્યાગ કર્યો હતો. અને 'હવે પતિ વિના શું કરવું ?' તેના આઘાતથી આપઘાત કરી દીધો હતો.

આ હકીકતની ગંગદત્તને જ્યારે ખબર પડી ત્યારે તેને ખૂબ જ દુઃખ થયું. તેણે ભારે મહેનત કરીને કોઈ જ્ઞાની પુરુષને શોધી કાઢ્યા અને પોતાના આવા ભયંકર દુષ્કર્મનું કારણ પૂછ્યું. જ્ઞાની ભગવંતે કહ્યું, "પૂર્વભવમાં તું શ્રીશેખર નામના રાજાની પટરાણી તરીકે હતો. તારે ૫૦૦ શોક્યો હતી. તું અતિ કામુક હતો. આથી તે તમામ શોક્યોને ક્રમશઃ ઝેર આપીને મારી નાખી. આનાથી તેં જે તીર્વ દુર્ભગ નામકર્મ બાંધ્યું તે હાલ ઉદયમાં આવ્યું છે."

આ જાણીને સંસારથી વિરક્ત થઈને ગંગદત્તે દીક્ષા લીધી. કેટલાક સમય બાદ તેને ભક્તપરિજ્ઞા - આજીવન અનશનનો એક પ્રકાર - લેવાની ઈચ્છા થઈ. તેનું શરીર ઠીક ઠીક સશક્ત હોવાથી ક્રમશઃ એ માર્ગે આગળ વધવા સૂચવ્યું પણ ગંગદત્ત મુનિએ તે ન માન્યું. એક જ ધડાકે 'ભક્તિપરિજ્ઞા'નો સ્વીકાર કરીને તે મુનિ પર્વતની શિલા ઉપર જઈને સ્થિર થઈ ગયા. એક વાર અનેક રૂપરમણીઓથી પરિવરેલો વિદ્યાધર ત્યાં આવી ચડ્યો. તેને જોઈને મુનિનું ચિત્ત નારીમાં ચલાયમાન થયું. તેણે તે વિદ્યાધર જેવાં સુખ પામવાનું નિયાણું કર્યું. તેમ જ થયું. જન્માંતરે અનેક રૂપરમણીઓ તેનામાં કામુક થઈ. ભોગોની તીવ્ર આસક્તિનું જીવન જીવીને દીર્ઘકાળના દુઃખમય સંસારમાં તેનો આત્મા ચાલ્યો ગયો.

## [૮૮] શિવભદ્રાચાર્યજીની અપરિણતિ

એ સૂરિજીનું નામ હતું, શિવભદ્રાચાર્ય. એમણે પોતાના શિષ્યોમાં કોઈ ઉત્તરાધિકારી બની શકે તેવો શિષ્ય દેખાતો ન હતો. બેશક એમનો આખોય શિષ્યગણ મધ્યમ કક્ષાની વિવિધ શક્તિઓ ધરાવતો હતો. સૂરિજીએ તે બધાયને ગચ્છનો ભાર વહન કરવા માટે અપાત્ર કલ્પ્યા. એટલું જ નહિ પણ વારંવાર તે શિષ્યોની વાતે વાતે ક્ષતિઓ કાઢીને તિરસ્કાર કરવા લાગ્યા.

કાળાન્તરે સૂરિજી અનશન કરીને અસુરનિકાયમાં દેવ થયા. આ બાજુ નિર્ણાયક અવસ્થાને લીધે શિષ્યગણ પરસ્પર દોષારોપણ આદિ કરીને છિન્નભિન્ન થઈ ગયો. મન્ત્ર, તન્ત્રમાં પડીને સહુ પોતાનો મહિમા વધારવાના કામમાં પડી ગયા.

**[૮૯] તામલી તાપસની મોક્ષ પામવાની લગન**

ભલે ને એ તામલી તાપસ હતો. પરંતુ તેને મોક્ષ પામવાની લગન તો અજબગજબની હતી. આથીસ્તો જ્યારે ભવનપતિ નિકાયની દેવીઓ જન્માંતરમાં તેમના પતિ-દેવ થવાનું નિયાણું કરવાની વિનંતી કરવા આવી ત્યારે તામલી તાપસે સાફ સાફ શબ્દોમાં કહી દીધું કે, "મારો આ તપ વિનાશી એવા સ્વર્ગની પ્રાપ્તિ માટે કદાપિ ન હોઈ શકે. મારે તો તેના પ્રભાવે એક માત્ર મોક્ષ પામવો છે."

અનશન કરીને મૃત્યુ પામીને તામલી તાપસ ઇશાનેન્દ્ર બન્યો. પેલી દેવીઓ ગુસ્સે ભરાઈ. તેના શબની તર્જના કરવા લાગી. તે જાણીને ઈશાનેન્દ્રના સેવક-દેવોએ ત્યાં આવીને તે દેવીઓને ત્યાંથી ભગાડી મૂકીને ભવ્ય રીતે અગ્નિસંસ્કાર કર્યો.

**[૯૦] દયાર્દ્ર રાજા વિક્રમ**

એક રાજા હતો, નામે વિક્રમ. ભારે પક્કો શ્રાવક. એકદા વિશાળ પરિવાર સાથે ઘોડેસ્વારના રૂપમાં રસ્તા ઉપરથી પસાર થતો હતો. રસ્તામાં પુષ્કળ સચિત્ત (સજીવ) દાણા પડ્યા હતા. તે જોઈને દયાર્દ્ર રાજાએ સહુને ત્યાંથી પાછા વાળી દીધા. બીજે રસ્તેથી તે આગળ વધ્યો.

**[૯૧] લાભ લેવા આભૂષણો ભઠ્ઠીમાં**

એ તીર્થભૂમિમાં પંચધાતુની વિરાટ ચાર પ્રતિમા બનાવીને પધરાવવાના હતા. લાભ લેનાર ભાવુક તે માટે ભઠ્ઠીમાં સોનું ગળાવી રહ્યા હતા. તેમને જોઈને બીજા ભાવુકને આમાં થોડો લાભ લેવાનું મન થયું. તેમણે લાભ દેવાની માંગણી કરી પણ પેલા ભાઈએ કહ્યું, "મારે એકલાએ જ બધો લાભ લેવો છે." જ્યારે તે કેમય કરીને ન માન્યા ત્યારે બીજે દિવસે તે ભાવુક સોનાનાં આભૂષણોથી પત્નીને સજીને ત્યાં આવ્યા. ભઠ્ઠી પાસે ઊભા રહીને એકાએક બધાં આભૂષણો ભઠ્ઠીમાં નાખી દીધા. હવે શું થાય ? જોઈતો લાભ મળી ગયો.

**[૯૨] પાદલિપ્તસૂરિજીની બુદ્ધિમત્તા**

એ સૂરિજીનું નામ હતું, પાદલિપ્તસૂરિજી. એક વાર તેમણે તદ્દન નવા ગ્રંથનું નિર્માણ કર્યું. પરંતુ કોઈ ઈર્ષ્યાળુ બ્રાહ્મણ પંડિતે તે ગ્રંથરચનાને 'પ્રાચીન' જાહેર કરી. તેની ઉપરથી ઉતારો કરીને પાદલિપ્તસૂરિજીએ તેને પોતાની નવીન રચનાના નામે ચડાવી દીધી છે; તેમ કહ્યું. આ સાંભળીને સેંકડો પંડિતોમાં ખળભળાટ મચી ગયો. "એક જૈનાચાર્ય કારમી યશભૂખને લીધે આટલી બધી

માયા કરે ! ધિક્કાર છે, જૈનોને !'' પંડિતો બે મોંએ આવી વાતો કરવા લાગ્યા.

આ જાણીને પાદલિપ્તસૂરિજીને મોટો આઘાત લાગ્યો. આ શાસનહેલનાનું નિવારણ કરવાનો તેમણે નિશ્ચય કર્યો.

પીઢ અને ગંભીર શ્રાવકોને એકઠા કરીને તેમણે એક વાત મૂકી કે, ''કાલે સવારે તમારે મને કાળધર્મ પામેલો જાહેર કરીને મારી સ્મશાનયાત્રા કાઢવી. ઘણું કરીને તો આ સ્મશાનયાત્રામાં જ મારું કાર્ય હું પતાવી દઈશ, પણ કદાચ કમનસીબે કાર્યસિદ્ધિ ન થાય તો ઠેઠ સ્મશાન સુધી મારી પાલખીને લઈ જજો અને મને ચિતામાં ગોઠવીને સળગાવી દેજો.''

સૂરિજીની વાત પ્રમાણે બધો અમલ કરવામાં આવ્યો. જ્યારે પાલખી પેલા ઈર્ષ્યાળુ પંડિતના ઘર આગળ આવી ત્યારે તે પાલખી પાસે આવીને મોટેથી પોક મૂકીને રડવા લાગ્યો. ભેગા થઈ ગયેલા લોકોએ તે પંડિતને જોરથી રડવાનું કારણ પૂછ્યું.

પંડિતે કહ્યું, ''આ જૈનાચાર્યને મેં જ મારી નાખ્યા છે. હે ભગવાન ! મેં કેવું પાપ કર્યું ! આ જૈનાચાર્યની કૃતિ તદ્દન નવીન રચના હોવા છતાં મેં તેમની ઉપર કેવું આળ ચડાવ્યું ! હા... તેના આઘાતથી જ તેઓ અકાળે, એકાએક મૃત્યુ પામી ગયા ! હાય ! મારા જેવા પાપીનું શું થશે ?''

આ હકીકતની બરોબર જાહેરાત થઈ કે તરત સૂરિજી પાલખીમાં હાલવા લાગ્યા. પાલખી થોભાવીને બહાર નીકળ્યા.

સર્વત્ર સૂરિજીનો જયજયકાર થઈ ગયો. જૈનશાસન ઘોર હેલનામાંથી ઊગરી ગયું.

**[૯૩] અપરિણત દત્તમુનિ**

સંગમ નામના આચાર્ય અતિ વૃદ્ધ થતાં કોલ્લાકપુરમાં સ્થિરવાસ રહ્યા. શિષ્યોને દેશાન્તરોમાં મોકલી આપ્યા. આર્ચાયશ્રી વૃદ્ધ છતાં અતિ ઉત્તમ કોટિનું સંયમપાલન કરતા હતા. આથી જ તે ક્ષેત્રની દેવી તેમની ઉપર અત્યન્ત તુષ્ટમાન હતી.

એક વાર પોતાના અપરિણીત એવા દત્ત નામના સાધુ ત્યાં આવી ચડ્યા. તે સાધુ ગુરુજીને જોઈને જ તેમની શિથિલતાની કલ્પનાઓ કરીને અસદ્ભાવ બતાવવા લાગ્યો અને સ્વયં બીજા સ્થળે ઊતર્યો.

ભિક્ષાનો સમય થતાં ગુરુજી દત્તમુનિ પાસે ગયા અને ભિક્ષા માટે સાથે લઈ ગયા. ખૂબ સામાન્ય કક્ષાનાં કટુંબોમાંથી રુક્ષ અને તુચ્છ જેવી ભિક્ષા

ગુરુજીને લેવાની હોવાથી દત્તમુનિને તે ન ગમ્યું. છેવટે ગુરુજી તેને સુખી કુટુંબમાં લઈ ગયા. ત્યાંથી સારી વસ્તુઓ મળે તે માટે ગુરુજીએ તે ઘરના પુત્રનો વળગાડ જતાંવેંત દૂર કરી દીધો. આથી પુત્રની માતા ખૂબ જ ખુશ થઈ ગઈ અને તેણે લાડુથી ભિક્ષાપાત્ર ભરી દીધું.

દત્તમુનિએ આ વાતને ઊલટી પકડી. 'મારા ગુરુએ પહેલાં મને બીજે બધે ફેરવીને ખૂબ હેરાન કર્યો અને પછી આ સમૃદ્ધ ઘરે લઈ આવ્યા.'

સંધ્યાનો સમય થતાં ગુરુજીએ દત્તમુનિને યાદી આપી કે, "આજે તમે લાડુનો જે આહાર વાપર્યો છે તે 'ચિકિત્સાપિંડ' રૂપ છે. મેં તે પુત્રની ચિકિત્સા કરી તેથી મળ્યો છે માટે આ દોષનું પ્રાયશ્ચિત્ત કરી લેવું જરૂરી છે."

આ સાંભળીને ઊકળી પડેલા દત્તમુનિએ ગુરુને કહ્યું, "તમારા તો દોષોનાં ઠેકાણાં નથી અને મને દોષની વાત કરવા નીકળ્યા છો ?"

આવી ઉદ્ધતાઈ જોઈને ક્ષેત્રદેવી કોપાયમાન થઈ ગઈ. તેણે તે જ વખતે ભયંકર વંટોળ પેદા કરીને સર્વત્ર ગાઢ અંધારું પેદા કરી દીધું. આથી ભયભીત બની ગયેલા દત્તમુનિએ, "ગુરુજી ! બચાવો, મને બીક લાગે છે !" એમ મોટેથી બૂમ પાડી.

સ્વલબ્ધિથી આંગળીને તેજસ્વી બનાવીને ગુરુજીએ દત્તમુનિને કહ્યું, "આ તરફ ચાલ્યા આવો. જરાય ગભરાવાની જરૂર નથી."

આ વખતે પણ દત્તમુનિને કુવિચાર આવી ગયો કે, "મારા ગુરુજી દીવો પણ રાખતા લાગે છે."

તેનો આ મનોભાવ જાણીને ક્ષેત્રદેવીએ તેને સખત શબ્દોમાં ઠપકો આપ્યો.

દત્તમુનિએ ગુરુજી પાસે ક્ષમાયાચના કરીને શુદ્ધિ કરી.

**[૯૪] ગોશાલક**

વૈશમ્પાયન નામના તાપસે પ્રણામા નામની દીક્ષા લીધી હતી. તેના માથાની જટામાંથી જૂ પડતી અને તે ધરતી ઉપર સૂર્યતાપે તરફડતી ત્યારે તે તાપસ દયાથી પ્રેરાઈને તે બધી જૂને પોતાની જટામાં પાછી મૂકી દેતો. આ જોઈને ગોશાલકે તેની મશ્કરી કરી. એથી ઉશ્કેરાયેલા તાપસે તેની સામે તેજોલેશ્યા છોડી. મહાકરુણાના સાગર પ્રભુ વીરે પોતાના આશ્રિત તરીકે રહેતા ગોશાલકને તેજોલેશ્યાની આગથી બચાવી લેવા માટે વળતી શીતલેશ્યા મૂકી.

આ વખતે તેજોલેશ્યાને સિદ્ધ કરવાનો ઉપાય પ્રભુને ગોશાલકે પૂછ્યો. ભવિતવ્યતા જ કોઈ એવી હતી કે પ્રભુએ ઉપાય બતાવ્યો. તેમણે ફરમાવ્યું કે, "છ માસ સુધી છઠ્ઠને પારણે છઠ્ઠનો તપ કરાય; સૂર્યની આતાપના લેવાય;

મૂઠીમાં નખ સુધી સમાય તેટલા અડદના બાકળા અને અચિત્ત પાણીના એક કોગળાથી દરેક છટ્ઠનું પારણું કરાય; તો તેજોલેશ્યા સિદ્ધ થાય.''

ગોશાલકે તે પ્રમાણે કરીને તેજોલેશ્યા સિદ્ધ કરી. તેની ખાતરી કરવા માટે પહેલો અખતરો, કૂવે પાણી લેવા આવેલી કોઈ સ્ત્રી ઉપર કર્યો. બિચારી ! તરત જ બળીને ખાખ થઈ ગઈ.

એ પછી પાર્શ્વપ્રભુના સંતાનિયા પાસેથી અષ્ટાંગ નિમિત્તોનો તે જાણકાર પણ બની ગયો.

તેણે સ્થાપેલા સંઘમાં શ્રાવક-શિરોમણિ 'આપુલો' હતો અને શ્રાવિકા-શિરોમણિ 'હાલાહલી' હતી. આ શ્રાવિકાને ત્યાં જ છેલ્લે તેનું કરુણ મોત થયું હતું.

**[૯૫] દૃઢપ્રહરીનું પરિવર્તન**

જેણે હજી હમણાં જ ચાર હત્યા – બ્રહ્મહત્યા, સ્ત્રીહત્યા, બાળહત્યા અને ગોહત્યા કરી નાખી હતી એ દઢપ્રહારી સગર્ભા સ્ત્રીના ચિરાઈ ગયેલા પેટમાંથી બહાર નીકળી ગયેલા ગર્ભના યાતનાભરપૂર તરફડાટને ન જોઈ શક્યો. તે વન તરફ ભાગ્યો. પોતાનાં પાપો ઉપર તેને ભારે ધિક્કાર પેદા થયો. તેને આવા પાપી જીવનનો અન્ત લાવી દેવાના વિચારો આવી ગયા.

તેટલામાં જ તેને તે વનમાં કોઈ મુનિરાજ મળી ગયા. તેણે સવાલ કર્યો, ''હે સાધુ ! તમે જ કહો કે હું મારી પાપી જાતને મારી નાખું તો કેમ ?''

મુનિએ કહ્યું, ''ભાઈ ! હિંસાનાં પાપો માટે વળી પાછી તારી જાતની હિંસા ? ના...મેશના કાળા પાણીથી મેલું વસ્ત્ર શી રીતે શુદ્ધ થાય ? ઘી ખાવાથી તે અજીર્ણનો નાશ થતો હશે ? હવે તો ઉપાય એક જ છે; સંસારથી વિરક્ત બનીને સાચો સાધુ થા. તારાં પાપોને તપ કરીને ધોઈ નાંખ.''

અને....તરત જ વિરક્ત દઢપ્રહારી સાધુ બની ગયો. તેણે પ્રતિજ્ઞા કરી કે, ''જે દિવસે કોઈ પણ પાપ યાદ આવે તે દિવસે નિર્જલા ઉપવાસ કરવો.

વળી આ જ – હત્યારા –પ્રદેશમાં મારે રહેવું. આથી અહીંના લોકો મને ખૂબ મારપીટ કરે, એથી મારાં ખૂબ કર્મોનો નાશ થાય.''

ખરેખર એમ જ થયું. ભિક્ષાર્થે જતાં આ મુનિને પોતાના કોઈ ને કોઈ સ્વજનાદિનો હત્યારો કહીને લોકો ખૂબ મારતા, ઢોરની જેમ મારતા.

આ રીતે પાપનું સ્મરણ થતાં **જ મુનિ ભિક્ષાથી** પાછા ફરતા, ઉપવાસ કરી લેતા. આમ હંમેશ **ઉપવાસ** જ થવા **લાગ્યો.**

ભારે સમતા, મારપીટ કરનારાઓ ઉપર પણ **'મારા મહોપકારી તરીકેની** બુદ્ધિ અને ઘોર ઉપસર્ગને સહન **કરતાં મુનિવર છ માસમાં જ કૈવલ્ય** પામી ગયા.

**[૯૬] ખંધક મુનિ**

ખંધક (સ્કંદક) મુનિના પિતા ધનાઢ્ય હતા. એમને પુત્ર ઉપર અપાર સ્નેહ હતો. આથી જ જ્યારે પુત્રે દીક્ષા લીધી ત્યારે તેની કાયાને સૂર્યનો તાપ ન લાગે તે માટે એક નોકર ગોઠવી દીધો કે જે પુત્ર-મુનિના માથે શ્વેત છત્ર ધારણ કરીને તેમની પાછળ ચાલે. પિતાના અતિ મોહનું આ કાર્ય હતું.

આમ છતાંય જિનકલ્પની આરાધના કરતાં તેમની ઉપર આમરણ ઉપસર્ગ આવ્યો; ચામડી ઉતરડાઈ અને ભારે સમતાથી ઉપસર્ગને સહન કરીને તેઓ કૈવલ્ય પામીને મોક્ષે પધાર્યા.

**[૯૭] ચેડા મહારાજાની પ્રતિજ્ઞા**

ચેડા મહારાજા પરમાત્મા મહાવીરદેવના પરમ આજ્ઞાપાલક ભક્ત હતા. સાચા અર્થમાં શ્રમણોપાસક હતા. યુદ્ધ સમયમાં દિવસ દરમિયાન એકથી વધુ બાણ નહિ છોડવાની તેમને પ્રતિજ્ઞા હતી. સૌધર્મેન્દ્રે તેમનાં બાણ 'અમોઘ' બની રહેવાનું વરદાન આપ્યું હતું.

પોતાની દીકરીઓના પણ વિવાહકાર્ય નહિ કરવાની તેમને પ્રતિજ્ઞા હતી. આથી માતાઓ જ સ્વપુત્રીઓનું વિવાહાદિ કાર્ય પતાવતી હતી.

**[૯૮] ગોશાલકનો પૂર્વભવ**

ગોશાલકનો જીવ પૂર્વના એક ભવમાં 'ઈશ્વર' નામે એક માણસ હતો. તે ભવમાં તેણે ગુરુદ્રોહના સંસ્કારને આત્મામાં સ્થિર કર્યો હતો. ભરતક્ષેત્રની કોઈ ચોવીસીમાં ઉદય નામના તીર્થંકરદેવ થયા હતા. તેમના નિર્વાણનો મહોત્સવ કરવા માટે દેવો આ ધરતી ઉપર આવ્યા હતા. તેમને જોઈને કોઈ પુણ્યાત્માને જાતિસ્મરણ જ્ઞાન થયું. આગળ વધીને તે પ્રત્યેકબુદ્ધ મહાત્મા થયા.

એક વાર ઈશ્વરે આ મહાત્માને 'નગુરા' કહીને તિરસ્કાર્યા હતા.

વળી એક વાર પૃથ્વીકાય અંગેની પ્રરુપણા સંબંધમાં ઈશ્વરે ઉદય-જિનના ગણધર ભગવંત સાથે પણ દ્વેષભરી ટક્કર લીધી હતી. પણ પછી પોતાને જ તેનો પશ્ચાત્તાપ થયો હતો. તેનું પ્રાયશ્ચિત્ત કરવા માટે ઈશ્વર પ્રત્યેકબુદ્ધ મહાત્મા પાસે ગયો. પણ પ્રાયશ્ચિત્તની વાત બાજુ ઉપર રહી ગઈ અને ત્યાં પણ તે મહાત્મા સાથે ટકરાયો.

એ વખતે ભારે આવેશમાં તેણે લોકપ્રિય મત સ્થાપવાનો વિચાર કર્યો. એ જ વખતે આકાશમાંથી વીજળી પડી. ઈશ્વર તત્કાળ મરી ગયો; સાતમી નારકે ગયો.

ગુરુદ્રોહ, લોકપ્રિય મત વગેરે બાબતોએ ગોશાલકના ભવમાં એ આત્માને પૂરેપૂરો ઘેરી લીધો હતો.

## [૯૯] ચંદનબાળાજી અને શેડુવક

કોશામ્બી નગરીમાં શેડુવક નામનો કોઈ અતિ ગરીબ કુલપુત્ર હતો. એકદા ભમતાં ભમતાં તેણે અનેક સામન્તો, મંત્રીઓ, શેઠિયાઓ અને બહેનોની આગળ ચાલતાં ચંદનબાળાજી સાધ્વીજીને જોયાં. એમના મોં ઉપરનું ચારિત્ર્યનું અને તપનું તેજ જોઈને જ શેડુવક ઠરી ગયો. તેણે કોઈને પૂછીને સઘળી વિગત જાણી લીધી.

તેના સદ્‌નસીબે ચંદનબાળાજીની નજર એકાએક તેની ઉપર પડી. તેના મુખ ઉપરના અતિ ભદ્રક ભાવો જોઈને તેમને તે લઘુકર્મી આત્મા જણાયો. કોઈ શ્રાવકને તેમણે સૂચવ્યું કે આ આત્માની ભક્તિ કરવા યોગ્ય છે.

શ્રાવકની અનુપમ ભક્તિથી શેડુવક અત્યંત પ્રસન્ન થઈ ગયો. એના અધ્યવસાયો અતિ ઉચ્ચ બની ગયા. તેણે ચંદનબાળાજીની પાસેથી હિતશિક્ષા અને માર્ગદર્શન મેળવ્યું. તે રીતે કોઈ જ્ઞાની ભગવંત પાસે પારમેશ્વરી દીક્ષા લીધી.

'પોતાના નવા જન્મના દાતા-માતા-ચંદનબાળાજી છે !' એથી શેડુવક મુનિ બનીને બે સાધુઓ સાથે-ગુર્વાજ્ઞાપૂર્વક-તેમની પાસે ગયા. વિશિષ્ટ સમજણના અભાવે શેડુવકમુનિ ચંદનબાળાજીના પગે પડવા લાગ્યા કે તરત જ તેમ કરતા અટકાવીને તેમણે કહ્યું, "મુનિવર ! આમ ન થાય. હવે તો અમારે તમને વંદન કરવાનું છે." આટલું કહીને નૂતન મુનિ-જીવનને ખૂબ સુંદર રીતે, દૃઢતાથી આરાધવાની પ્રેરણા કરી. શેડુવકમુનિએ અદ્‌ભુત આરાધના કરીને આત્મ-કલ્યાણ આરાધ્યું.

## [૧૦૦] વલ્કલચિરિ

એ અજૈન રાજાનું નામ સોમચન્દ્ર હતું. એક વાર તેમનો ધોળો વાળ - ધર્મદૂત - દેખાડીને રાણીએ તેમને એકાએક જાગ્રત કરી દીધા. રાણી સગર્ભા હોવા છતાં-હવે પળનોય વિલંબ ન પાલવે એમ વિચારીને-બન્નેએ સંન્યાસધર્મનો સ્વીકાર કરી લીધો. પ્રસન્નચન્દ્ર નામના પુત્રને માથે રાજ્યભાર નાખ્યો.

આ બાજુ પ્રસૂતિના સમયની તીવ્ર વેદનામાં રાણી મૃત્યુ પામી. પણ અંત સમયની સમાધિને લીધે તે દેવી બની. જન્મેલા બાળકનું નામ વલ્કલ રાખવામાં આવ્યું. દેવી બનેલી રાણી પુત્ર-મોહને લીધે હંમેશ ગાયનું રૂપ લઈને આવવા લાગી. પુત્રને દૂધની ધાર વડે દૂધ પાઈને તે ચાલી જતી.

યુવાન બનેલા વલ્કલને જંગલમાંથી મોટાભાઈએ યુક્તિ કરીને પોતાની પાસે રાજમહેલમાં બોલાવી લીધો.

વલ્કલના વિરહમાં દિનરાત રડતાં સોમચન્દ્ર તાપસની આંખો ઉપર પીયા

ચીપટાઈ ગયા. આથી આંખે દેખાવું બંધ થઈ ગયું.

એકદા બેય ભાઈઓ પિતા-મુનિ પાસે આવ્યા. તેના હર્ષના વહી જતા આંસુથી પડળો ધોવાઈ જતાં આંખો ઊઘડી ગઈ. સહુનું અતિ સુખદ મિલન થયું.

ત્યાર બાદ વલ્કલ આશ્રમની ઘરવખરીઓને જોવા લાગ્યો અને જયણાપૂર્વક સાફસૂફી કરવા લાગ્યો. તેમાં જ તેને જાતિસ્મરણ થયું; યાવત્ કૈવલ્ય પ્રાપ્ત થયું. વલ્કલચીરી પ્રત્યેકબુદ્ધ મુનિ બન્યા.

તેમણે ધર્મદેશના આપીને પિતા-મુનિ અને મોટાભાઈને સમ્યક્ત્વનું દાન કર્યું.

આગળ ઉપર પ્રસન્નચન્દ્રે પણ દીક્ષા લઈને આત્મકલ્યાણ કર્યું.

**[૧૦૧] ચક્રવર્તી સનતકુમાર**

વર્ધમાનતપની જોરદાર તપશ્ચર્યાના પ્રભાવે તે દેવ થયેલા આત્માને દેવલોકમાં બીજા દેવો કરતાં અદ્ભુત રૂપ મળ્યું હતું. તેના રૂપને જોઈને અન્ય દેવો સ્તબ્ધ થઈ જતા હતા. પણ જ્યારે દેવેન્દ્રે દેવોને કહ્યું કે, ‘‘આના કરતાં ક્યાંય ચડી જાય તેવું રૂપ મર્ત્યલોકના એક માનવને મળ્યું છે; જેનું નામ સનતકુમાર ચક્રવર્તી છે.’’ ત્યારે બે દેવો બ્રાહ્મણનું રૂપ લઈને મર્ત્યલોકમાં આવી ચડ્યા. સનતનું રૂપ જોતાં જ દેવેન્દ્રની વાત તેમને તદ્દન સાચી લાગી. પણ ટૂંક સમયમાં જ બીજી વાર એ રૂપ જોવા ગયા તો તે રૂપની ભીતરમાં પરિણામ પામતા સોળ મહાભયંકર રોગો જોયા અને તેમણે તે વાત સનતકુમારને કરી દીધી.

બસ....એ રોગોના ભયાનક ભાવીને જાણતાંની સાથે જ સનતચક્રી સંયમના માર્ગે વળી ગયા. સ્વજનો, મિત્રો વગેરેની સંસારમાં રહેવાની કાકલૂદીભરી આજીજીની ધરાર અવગણના કરી.

સાતસો વર્ષ સુધી સોળ મહારોગોને સતત સહતા સનતમુનિને અગણિત લબ્ધિઓ પ્રાપ્ત થઈ. પણ તે લબ્ધિઓથી પણ તેઓ વિરક્ત હતા. તેઓ ધારત તો તમામ રોગોને પોતાના જ થૂંક વગેરેથી મટાડી શકત.

ફરી તે બે દેવો વૈદ્યનું રૂપ લઈને આવ્યા. સાથે ઓષધોના કોથળા હતા. તેમણે સનતમુનિને ઔષધપ્રયોગ કરવાની વિનંતી કરી. પણ તેમણે તો તેમના ૧૫૮ કર્મપ્રકૃતિ રૂપ ૧૫૮ આંતરરોગો મટાડવાનું કહ્યું. બાહ્ય રોગો તો કર્મક્ષય કરતા હોવાથી સંપત્તિરૂપ હતા. તેને મટાડવાની તેમને લેશ પણ જરૂર જણાઈ ન હતી. કર્મરોગને મટાડવાનું અસામર્થ્ય દર્શાવીને દેવો દેવલોકમાં ચાલ્યા ગયા.

સનતમુનિએ સાતસો વર્ષ સુધી જઘન્યથી છઠ્ઠને પારણે છઠ્ઠનો તપ કર્યો હતો. પારણામાં માત્ર ચણાની કાંજી અને બકરીના દૂધની છાશ જ લેતા.

કારમો દાહ, આખા શરીરે ભયંકર ખંજવાળ, આંખમાં તીવ્ર શૂળ, પેટમાં અસહ્ય વેદના, ભયંકર કોટિનો દમ વગેરે ચોવીસેય કલાક રહેતાં હતાં.

## [૧૦૨] બ્રહ્મદત્ત ચક્રવર્તી

જ્યારે ૭૦૦ વર્ષ આયુષ્યવાળા ચક્રી બ્રહ્મદત્ત તેના આયુષ્યનાં સોળ વર્ષ બાકી હતાં ત્યારે વૈરભાવથી કોઈ બ્રાહ્મણે, ગોફણબાજ દ્વારા તેની બન્ને આંખો ફોડાવી નાખી હતી. આથી બ્રહ્મદત્ત અતિશય ક્રોધાંધ બની ગયો હતો. તેણે તે બ્રાહ્મણને કુટુંબસહિત ક્રૂરતાપૂર્વક મારી નંખાવ્યો હતો. બીજા પણ અનેક બ્રાહ્મણોની હત્યા કરાવી નાખી હતી.

તેણે રોજ સેંકડો બ્રાહ્મણોની બન્ને આંખો ફોડી નાખીને, થાળમાં ભરીને પોતાની પાસે હાજર કરવાની મંત્રીગણને આજ્ઞા કરી હતી.

નિર્દોષ બ્રાહ્મણોને આ રીતે સજા કરવાનું ઉચિત ન લાગતાં મંત્રીઓએ ગૂંદાના ચીકણા ઠળિયાઓનો થાળ ભરીને રોજ રાજા પાસે મૂકવાનું શરૂ કર્યું.

એ ઠળિયાને આંખ સમજીને ખૂબ રાજીપા સાથે બ્રહ્મદત્ત સોળ વર્ષ સુધી સતત અતિ ચીકણા કર્મ બાંધતો જ રહ્યો.

એ કલ્પેલી આંખો ચોળતાં એને જે આનંદ થતો હતો એ આનંદ એને સ્ત્રીરત્નના સંગમાં પણ આવતો ન હતો.

આ રીતે રૌદ્રધ્યાનમાં મરીને તે સાતમી નરકમાં ચાલ્યો ગયો.

## [૧૦૩] મહેશ્વરદત્ત અને સંસારની વિચિત્રતાઓ

કુટુંબનો નાસ્તિક પિતા મરીને એ જ નગરનો પાડો થયો. માતા મરીને એ જ શેરીની કૂતરી થઈ. સાસુ અને સસરાની વિદાયથી પુત્રવધૂ ગાંગલી નિરંકુશ બની. જે તે પુરુષોનો સંગ માણતી રહી.

પણ એક દિવસ એના પતિ મહેશ્વરદત્તે એને પરપુરુષ સાથે સ્નેહ કરતી જોઈ. એ ખૂબ ઉશ્કેરાઈ ગયો. પેલા પુરુષ ઉપર છૂટો તલવારનો ઘા કર્યો. એ ઘા જીવલેણ નીવડ્યો. એ પરુષ મૃત્યુ પામ્યો. એનો આત્મા, એના જ વીર્યમાં ગાંગલીના ગર્ભ તરીકે આવ્યો. એનો જન્મ થતાં મહેશ્વરદત્તને ભારે આનંદ થયો. પોતે જ તે બાળકનો પિતા છે એ કલ્પનાથી એ બાળ ઉપર અતિશય સ્નેહ દાખવવા લાગ્યો.

એક વાર બાળકને ખોળામાં બેસાડીને તે પિતાના મૃત્યુદિને પાડો મારીને તેનું માંસ ખાઈ રહ્યો હતો. બાળકને પણ તે માંસ ખવડાવતો હતો અને

તેના કેટલાય કટકા તેની સામે જ બેઠેલી કૂતરીને નાખી રહ્યો હતો, ત્યાં બે જૈન સાધુઓનું યુગલ ભિક્ષાર્થે તેના ઘરમાં આવી ચડ્યું.

માંસની ગંધ આવતાં જ, વળી જ્ઞાનબળથી ત્યાંના આત્માઓની પરિસ્થિતિ જોતાં ઊંડો નિસાસો નાખીને મુનિયુગલ તરત ઘરની બહાર નીકળી ગયું.

મહેશ્વરદત્ત તરત જ તે મુનિઓની પાછળ દોડ્યો. નિસાસાનું અને પાછા ફરી જવાનું કારણ પૂછ્યું. મુનિઓએ માંસાહારીની ભિક્ષા અગ્રાહ્ય જણાવી અને નિસાસાનું કારણ કહ્યું કે ખોળે બેઠેલો દીકરો પરપુરુષનો જ આત્મા હતો. તેનો બાપ કાંઈ મહેશ્વરદત્ત ન હતો, બલકે તે જારપુરુષ પોતે જ હતો. વળી પિતૃશ્રાદ્ધનું માંસ પિતાના જ આત્માનું હતું; કેમ કે પિતા મરીને પાડો થયો હતો અને દૂર બેઠેલી કૂતરી તે માતાનો આત્મા હતો. સંસારની આવી વિચિત્રતાઓ જોઈને તેમણે નિસાસો નાખ્યો હતો.

આ સાંભળીને મહેશ્વરદત્ત પણ વિચારમાં ગરકાવ થઈ ગયો. સંસારથી વિરક્ત થઈને તેણે દીક્ષા આપી.

**[૧૦૪] ચિલાતી**

ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં યજ્ઞદેવ નામનો વિપ્ર રહેતો હતો. જ્ઞાનનું તેને પારાવાર અજીર્ણ થયું હતું. તેને પ્રતિજ્ઞા હતી કે જે તેને હરાવે તેનો તે શિષ્ય થાય. એક વાર નાના જૈન સાધુથી તે હારી જતાં તેમનો શિષ્ય બની ગયો. અન્ય ગીતાર્થ સાધુઓના સમાગમથી તેનામાં ધર્મની પરિણતિ પેદા થઈ; પરંતુ બ્રાહ્મણ તરીકેનું જાતિઅભિમાન તો ન જ ગયું.

બીજી બાજુ તેની સંસારી પત્ની બ્રાહ્મણીએ તેની દીક્ષા છોડાવવા માટે કમર કસી. એક વાર તો તેણે કામણ યોગવાળી ભિક્ષા વહોરાવી. તેમાં તે મુનિ સમાધિપૂર્વક કાળધર્મ પામી ગયા. સૌધર્મ દેવલોકે દેવ થયા. આથી પેલી પત્નીને ભારે આઘાત લાગી ગયો. સંસારથી વિરક્ત થઈને તેણે દીક્ષા લીધી; પરન્તુ તેનું દીક્ષિત જીવન માયાપ્રધાન બની રહ્યું. મરીને તે દેવી બની.

પેલો પતિદેવ જાતિના મદના કારણે દેવલોકમાંથી ચ્યવ્યા બાદ રાજગૃહીમાં ધનશેઠને ત્યાં ચિલાતી નામનો દાસીપુત્ર થયો. દેવી પણ ચ્યવીને એ જ શેઠની દીકરી સુસુમા થઈ. એની જ સાથે ગંદી રમત કરતો ચિલાતી પકડાયો. આથી ધનશેઠે તેને કાઢી મૂક્યો.

હવે ચિલાતી ધાડપાડુ થયો. એક વાર, સાગરીતો સાથે, 'ધન તમારું અને સુસુમા મારી! એવો નિર્ણય કરીને ધનશેઠના ઘર ઉપર ત્રાટક્યો. પુષ્કળ ધન અને સુસુમાને ઉઠાવીને તેઓ નાઠા. સુભટો સાથે ધનશેઠ અને તેના

પાંચ પુત્રો જંગલ તરફ ધસ્યા. સુભટો ધન મેળવીને નગર તરફ પાછા ફર્યા. ધનશેઠ અને પુત્રો સુસુમાને મેળવવા જીવ ઉપર આવી ગયા. જ્યારે ચિલાતીને લાગ્યું કે હવે સુસુમા હાથમાં નહિ રહે ત્યારે તેનું માથું કાપી નાખ્યું. માત્ર મસ્તક હાથમાં લઈને તે ભાગ્યો. ધનશેઠને ભારે આઘાત લાગ્યો. બધાયને અસહ્ય તરસ લાગી હતી. પ્રાણ નીકળી જવાની તૈયારી હતી. એટલે પ્રાણ બચાવવા માટે તેમણે સુસુમાના જ ધડનું લોહી પીધું અને તૃષા છિપાવી. માથું લઈને નાસતા ચિલાતીને કોઈ મુનિરાજ મળી ગયા. ભારે આવેશથી તેણે કહ્યું, "એ સાધુ ! મને ટૂંકમાં ધર્મ બતાવ...નહિ તો હમણાં જ માથું ઉડાવી દઈશ."

"ઉપશમ...વિવેક...સંવર" આ ત્રણ પદો બોલીને એ ચારણમુનિ આકાશમાં ઊડી ગયા.

આ ત્રણ પદોનું ચિંતન કરતો ચિલાતી કોઈ અપૂર્વ આધ્યાત્મિક સ્થિતિ પામવા લાગ્યો. તે ત્યાં જ, તે સાધુની જેમ સ્થિર ઊભો રહીને તે પદોનું ચિંતન કરવા લાગ્યો.

સુસુમાના લોહીથી ખરડાયેલો તેનો દેહ હતો. લોહીની ગંધથી ખેંચાઈને જંગલી કીડીઓ આવી. આખા શરીરે ચોંટી ગઈ.

અઢી દિવસના ઘોર ઉપસર્ગમાં સ્થિર રહીને ચિલાતીમુનિ સમાધિમરણ પામીને આઠમા દેવલોક પહોંચી ગયા.

**[૧૦૫] ઢંઢણમુનિ**

કૃષ્ણ વાસુદેવના ઢંઢણ નામના પુત્ર હતા. તેમનું અનેક કન્યાઓ સાથે લગ્ન થયા બાદ પરમાત્મા નેમનાથસ્વામીજીની દેશના સાંભળતાં વિરાગ થયો અને તેમણે દીક્ષા લીધી. તે પછી તેમને એવો જોરદાર લાભાંતરાય કર્મનો ઉદય (જેથી પુરુષાર્થ કરવા છતાં લાભ ન થાય) થયો કે જે સાધુની સાથે તે ભિક્ષાર્થી તરીકે જોડાય તે સાધુને પણ ભિક્ષા ન મળે.

પ્રભુ પાસેથી મુનિઓને ઢંઢણમુનિનો પૂર્વભવ જાણવા મળ્યો ત્યારે બધી વાત સમજાઈ.

ઢંઢણમુનિનો જીવ પારાશર નામે ખેડૂત હતો. ભારે ત્રાસ ગુજારવા સાથે તે મજૂરો પાસે કામ કરાવતો. મજૂરો ભયંકર નિસાસા નાખતા. મરીને તે નરકે ગયો. બાદ કેટલાક ભવે ઢંઢણ તરીકે થયો.

આ સાંભળીને ઢંઢણમુનિએ અભિગ્રહ કર્યો કે, "બીજાની લબ્ધિથી પ્રાપ્ત થયેલી ભિક્ષા મારે વાપરવી નહિ."

કેટલાક સમય બાદ શ્રીકૃષ્ણે પ્રભુને સવાલ કર્યો કે આપના મુનિઓમાંથી મહા-દુષ્કરકારી કોણ ? પ્રભુએ ઢંઢણમુનિનું નામ આપ્યું. એના કારણમાં પ્રભુએ ફરમાવ્યું કે, "તે ઢંઢણમુનિ ભિક્ષાર્થે ફરે છે ત્યારે તેમના આગમન માત્રથી લોકોને નફરત થાય છે. અને....બહાર નીકળો...અહીં કેમ આવ્યા છો ?...ઓ ગંદા વસ્ત્રધારી....ઓ મૂંડિયા, તેં તો મને અપશુકન કર્યું....વગેરે અનેક તર્જનાભર્યાં વાક્યો લોકો સંભળાવે છે. આવા સમયે પણ ઢંઢણમુનિ અપાર સમતામાં રમે છે. તે વાક્યો તેમને કર્ણના અમૃતપાન સમ લાગે છે. આથી તે મહાદુષ્કરકરી મુનિ છે."

ત્યાંથી ઊઠીને ઘર તરફ જતાં શ્રીકૃષ્ણને રસ્તામાં જ ઢંઢણમુનિનાં દર્શન થયાં. તરત જ હાથી ઉપરથી ઊતરીને વંદનાદિ કર્યાં. આ જોઈને નજીકના ઘરવાળાને થયું કે, "જેને કૃષ્ણ-વાસુદેવ વંદન કરે તે કોઈ મહાત્મા હોવા જોઈએ."

આમ વિચારીને તેણે ઢંઢણમુનિને ભિક્ષાર્થે બોલાવ્યા. મોદક વહોરીને મુનિ પ્રભુ પાસે આવ્યા. "હે પ્રભુ ! શું ઘણા દિવસોથી ચાલતા લાભાંતરાય કર્મનો ક્ષય થયો ? મારી લબ્ધિથી મને આ ભિક્ષા મળી છે." મુનિએ પ્રભુને પૂછ્યું.

પ્રભુએ કહ્યું, 'ના... કૃષ્ણ-વાસુદેવની લબ્ધિથી આ ભિક્ષા તને મળી છે."

તરત જ એ ભિક્ષાને પરઠવવા (વિસર્જન કરવા) માટે ઢંઢણમુનિ નિર્જીવ ભૂમિમાં ગયા. તે વિધિ કરતાં કરતાં પોતાના ચીકણા કર્મબંધનો અને તેવો કર્મબંધ કરનારા પોતાના આત્માના ભારે કર્મીપણાનો પશ્ચાત્તાપ કરતાં જ કૈવલ્ય પામી ગયા. તેમના ઘનઘાતી કર્મનો ક્ષય થઈ ગયો !

## [૧૦૬] વજસ્વામીજી મહારાજાની કેટલીક મહત્ત્વની બાબતો

વજસ્વામીજી મહારાજાની કેટલીક મહત્ત્વની બાબતો :

(૧) સાધ્વીજીઓના પાઠને માત્ર સાંભળવાથી તેમને અગિયાર અંગો કંઠસ્થ થયાં હતાં.

(૨) એક પદથી સો પદોનું સ્મરણ કરવાની તેમની પદાનુસારી લબ્ધિ હતી.

(૩) બે વખત મિત્રદેવોએ તેમની રસનેન્દ્રિય-નિગ્રહશક્તિની પરીક્ષા કરી હતી. જેમાં સંપૂર્ણ પાર ઊતરવાથી દેવોએ તેમને વૈક્રિય-રૂપ ધારણશક્તિ અને આકાશગામિની વિદ્યા આપી હતી.

(૪) કપડાંના વીંટલાઓને ગોઠવીને-જાણે કે તે બધા સાધુઓ હોય તેમ-તેમની સામે વાચના આપતા. તેમનું બાલ-ચાપલ્ય જોઈને ગુરુદેવ સિંહગિરિજી મહારાજ સ્તબ્ધ થઈ ગયા હતા. આવા 'મહાન' આત્માને બાળ સમજીને બીજા સાધુઓ આશાતના કરી ન બેસે તે માટે તેમની અગાધ શક્તિનું સહુને

ભાન કરાવવા માટે વિહાર કરી જઈને સાધુઓને વાચના આપવાનું કામ વજ્રમુનિને સોંપતા ગયા. ગુરુ કરતાં પણ ખૂબ જ ચડિયાતી વજ્રમુનિની વાચના-દાન-પદ્ધતિથી તમામ નાના-મોટા સાધુઓ અત્યન્ત પ્રભાવિત થઈ ગયા.

ગુરુદેવ પાછા આવી ગયા તોય "વાચના તો વજ્રમુનિ જ આપે !" તેવી વિનંતી સહુ સાધુઓએ કરી ત્યારે ગુરુદેવે ના પાડી. તેમણે કહ્યું, "વજ્રમુનિની કેટલી શક્તિ છે તે તમને દેખાડવા પૂરતું જ મેં આમ જાણીને કર્યું હતું. બાકી હજી તેણે યોગોદ્વહન કરીને સૂત્રો ભણવા વગેરેનો અધિકાર મેળવ્યો નથી. હું ઉત્સારકલ્પની ટૂંકી વિધિથી તેને અધિકારી બનાવીશ ત્યાર પછી જ તે તમને વાચના વગેરે વિધિપૂર્વક આપી શકશે.

(૫) એક વાર કોઈ સાધ્વીજી મહારાજ દ્વારા વજ્રમુનિના અપાર ગુણોના શ્રવણ વગેરેથી રૂકિમણી નામની શ્રેષ્ઠીકન્યા તેમની ઉપર મોહાઈ પડી. "કાં તેમની પત્ની થાઉં, કાં અગ્નિમાં બળી મરું" એમ તેણે દૃઢ સંકલ્પ કર્યો. તેના પિતાએ વજ્રમુનિને આ વિકટ મુસીબતની વાત કરી.

મુનિવરે વળતે દી રુકિમણીને દેશના સાંભળવા માટે લઈ આવવાનું તેના પિતાને સૂચન કર્યું. વિરાગ-નીતરતી દેશના સાંભળીને રુકિમણીનો કામ તદ્દન શાન્ત પડી ગયો.

(૬) એક વાર તેમને કફ થયો હતો. તેથી ગોચરી વાપર્યા બાદ તેઓ સૂંઠનો ગાંગડો ચાવી લેતા. એક દિવસે તે ગાંગડો કાને ભેરવી રાખેલો તેમ જ રહી ગયો. સન્ધ્યા વખતે જ ખબર પડી. આવો પ્રમાદ પોતાને થયો તે ઉપરથી તેમણે પોતાનો અન્તકાળ નજીક જાણી લીધો. તે જ અરસામાં બારવર્ષી દુકાળનો આરંભ થયો.

(૭) આ દુકાળની વજ્રસેનસૂરિજીને જાણ કરીને પાંચસો મુનિઓ સાથે રથાવર્ત્ત નામના ગિરિ પાસે અનશન કરવા પધાર્યા. આ પાંચસો મુનિઓમાં એક બાળ-સુકુમાલ મુનિ હતા. તેમને વજ્રસ્વામીજી મહારાજાએ પાછા વાળી દીધા. પરંતુ તે બાળ-સાધુને પણ અનશન કરવું જ હતું એટલે તે બીજા રસ્તેથી આવીને તે જ પર્વતના કોઈ ભાગની ધગધગતી શિલા ઉપર જઈને અનશનપૂર્વક બેસી ગયા. થોડા જ સમયમાં તેમનું શરીર મીણની જેમ ઓગળી ગયું. તેમના સમાધિમરણનો દેવોએ મહિમા કર્યો ત્યારે શેષ પાંચસો મુનિઓને આ બાળ-મુનિના મહાસત્ત્વની જાણ થઈ.

પછી તો બધાય મુનિઓમાં અદમ્ય ઉત્સાહ પેદા થઈ ગયો. ભારે સંવેગ

અને વૈરાગ્યથી તમામ મુનિઓએ પાદપોપગમન અનશન કર્યું. બધા કાળધર્મ પામીને વૈમાનિક દેવલોકના દેવ થયા.

વજ્રસ્વામીજીની પાટે વજ્રસેનસૂરિજી આવ્યા હતા. તેમના 'ચંદ્ર' નામના શિષ્યથી 'ચાન્દ્ર' નામના કુળની પરંપરા શરૂ થઈ. અત્યારે જે વિદ્યમાન સાધુઓ છે, તેઓ આ ચાન્દ્રકુળના છે.

**[૧૦૭] વૈયાવચ્ચી નંદિષેણ - હાથી વેચીને ગધેડો ખરીદો**

મગધના શાલિગ્રામનો એ બ્રાહ્મણ હતો. પત્નીની સગર્ભા અવસ્થાના છ માસ થાય ત્યાં આ ભાવી પિતા-બ્રાહ્મણ મૃત્યુ પામ્યો. અધૂરામાં પૂરું, બાળકની પ્રસૂતિ થયા બાદ માતા પણ મૃત્યુ પામી ગઈ. બીજી બાજુ ઘરની જે કાંઈ પણ સમૃદ્ધિ હતી તે પગ કરીને ચાલી ગઈ.

જાણે એટલુંય ઓછું હતું તેમ જે છોકરો જન્મ પામ્યો હતો તે સંપૂર્ણપણે કદરૂપો હતો. રાંટા પગો, દૂંટી ઉપર લટકતી નાળ, મોટું દૈત પેટ, બેડોળ છાતી, વાંકા હાથ, મોટાં કાણાંવાળું નાક, ટોપરા જેવા કાન, ત્રિકોણિયું મસ્તક.... હવે શું બાકી હતું ? નમાયા અને નબાપા બનેલા આ બાળકનું નામ નંદિષેણ પાડવામાં આવ્યું. મામાને ત્યાં એ મોટો થયો. મામા એની પાસેથી સખત કામ લેતા અને બદલામાં માત્ર બે વાર ખાવાનું આપતા.

એક વાર નંદિષેણે મામા પાસે લગ્નનો પ્રસ્તાવ મૂક્યો. મામાએ પોતાની મોટી દીકરી સાથે લગ્ન કરી આપવાની હૈયાધારણા આપી. પણ મોટી દીકરીની આપઘાતની ધમકીએ મામાએ નાની દીકરી સાથે લગ્નની વાત વિચારી. ત્યાં તેણે પણ આપઘાતની ધમકી આપી. આવું વારંવાર બનતા અકળાઈ ઊઠેલો નંદિષેણ ઘરમાંથી ચાલી નીકળ્યો. પણ બિચારાને કોણ ખવડાવે ? જ્યાં ને ત્યાં અપમાનિત થતો, ભૂખ્યો રહેતો નંદિષેણ જીવનથી કંટાળી ગયો. આપઘાત કરવા માટે પર્વતના શિખરે જવા લાગ્યો. પણ ત્યાં જ કોઈ મહામુનિ મળી ગયા. તેમના બોધથી તે દીક્ષાના માર્ગે વળી ગયો. હવે નંદિષેણમુનિ અગિયાર અંગોના પાઠી મહાગીતાર્થ થયા; સાધુઓના વૈયાવચ્ચી થયા અને ઓછામાં ઓછા છઠના પારણે છઠના અભિગ્રહવાળા ઘોર તપસ્વી પણ થયા.

દેવોના રાજા સૌધર્મેન્દ્રે તેમની અપાર સમતાની બે મોંએ પ્રશંસા કરી. બે દેવોએ તેમની પરીક્ષા કરી. મુનિરાજ કસોટીમાંથી પાર ઊતરી ગયા.

આમ ઉગ્ર સંયમપાલનનાં પાંચ હજાર બસો વર્ષ વીતી ગયાં. અંતસમય પણ આવી ગયો. એ વખતે અનશન કર્યું. નમસ્કાર મન્ત્રનો જપ શરૂ કર્યો.

પણ એકાએક બાજી બગડી. છેલ્લી ક્ષણોમાં ગૃહસ્થજીવનમાં થયેલો

નારીઓનો તિરસ્કારભાવ યાદ આવી ગયો. મન બેચેન થઈ ગયું. હાય ! તે જ વખતે નિયાણું કર્યું કે, "મારા તપ-સંયમના પ્રભાવે મને આવતા ભવે એવું અદ્‌ભુત રૂપ મળો કે સેંકડો લલનાઓ મારી પાછળ ઘેલી બને.....'

હા.... તેમ જ બન્યું.

પણ હાથી વેચીને નંદિષેણ મુનિએ ગધેડો ખરીદ્યો !

રત્નો વેચી મારીને બદલામાં ચણોઠીઓ લીધી !

આગ લગાવીને, છેલ્લે છેલ્લે, સંયમરૂપી વન બાળીને ભસ્મ કર્યું !

તેમનો આત્મા સાતમા દેવલોકે જન્મ લઈને, (કૃષ્ણ વાસુદેવના પિતા) વસુદેવ થયો. સેંકડો લલનાઓનો સ્વામી થયો !

**[૧૦૮] ગજસુકુમાળ**

કૃષ્ણના નાનકડા ભાઈ ગજસુકુમાલ હતા. પ્રભાવતી નામની કન્યા સાથે તેનું લગ્ન કર્યા બાદ સોમિલ નામના બ્રાહ્મણની દીકરી 'સોમા' અતિ રૂપવંતી હોવાથી કૃષ્ણે તેની સાથે પણ ગજસુકુમાલના લગ્ન કરાવ્યાં.

ત્યાર બાદ પ્રભુ નેમનાથ સ્વામીજીની દેશનાથી વિરક્ત થઈને તે ત્રણેય આત્માઓ દીક્ષિત થયા.

વધુ સંકટો પામીને જલદી કર્મક્ષય કરવા માટે ગજસુકુમાલમુનિ સ્મશાને કાયોત્સર્ગમાં રહ્યા, ત્યાં રોષે ભરાયેલા સોમિલ સસરાએ માથે અંગારા ભરીને તેમની હત્યા કરી.

અપૂર્વ બાળ કેળવીને ગજકુસુમાલે તે ઉપસર્ગમાં સર્વકર્મક્ષય કરીને મોક્ષ પ્રાપ્ત કર્યો. ધ્યાનાવસ્થામાં સસરાનો ખૂબ ખૂબ ઉપકાર માન્યો.

બીજે દિવસે સવારે પરમાત્મા નેમનાથસ્વામીજીને વંદન કરવા માટે કૃષ્ણ નીકળ્યા ત્યારે તેમણે રસ્તામાં એકલા હાથે ઈંટોના ઢગલાને ક્રમશઃ ફેરવતો વૃદ્ધપુરુષ જોયો, તેમને દયા આવી. તરત પોતાના સહિત પોતાના માણસોને તેની મદદે લગાવી દેતાં થોડી જ ક્ષણોમાં ડોસાનું કામ પૂરું થઈ ગયું.

બાદ પ્રભુજીને વંદનાદિ કરીને ગજસુકુમાલે મુનિના ક્ષેમકુશળ પૂછ્યા. પ્રભુએ ફરમાવ્યું, "હે કૃષ્ણ ! તે તો મોક્ષ પામી ગયા. એમાં તેના સસરાએ ભારે મદદ કરી, એથી એમનું કામ ઝટ પતી ગયું; જેમ તેં રસ્તામાં પેલા ડોસાને ઈંટો ફેરવવામાં મદદ કરી તેમ"

આ સાંભળીને ભારે આઘાત પામેલા કૃષ્ણ તે સ્મશાનભૂમિ તરફ વિદાય થયા. શબને જોઈને કૃષ્ણ, માતા દેવકી વગેરેએ છાતીફાટ કલ્પાંત કર્યું. હા.... એ દિવસે દ્વારિકાનો એક પણ યાદવ એવો ન હતો જેની આંખો ચોધાર રડી ન હોય.

દેવકીના વણથંભ્યા રુદનને શાન્ત કરવા માટે શ્રીકૃષ્ણે, ગજસુકુમાલમુનિ મોક્ષે પધાર્યાની પ્રભુની વાત કહીને આશ્વાસન આપ્યું.

સ્મશાનેથી સપરિવાર પાછા ફરતાં કૃષ્ણે ભારે ઉદ્વેગને લીધે રાજમાર્ગ છોડીને નાનો માર્ગ પકડ્યો. તે જ માર્ગે સામેથી સોમિલ છુપાતો આવી રહ્યો હતો. તે કૃષ્ણને જોઈને ગભરાઈ ગયો. ત્યાં જ ભયથી મસ્તકની નસ ફાટી ગઈ.

કૃષ્ણે કાળા બળદો જોડાવ્યા, તેના દોરડે સોમિલના શબને ઘસડાવ્યું; 'મુનિ-હત્યારો !' એવા ઘોષ સાથે તેને નગર બહાર લઈ જવામાં આવ્યું. જ્યાં જ્યાં તે શબ ઘસડાયું તે ધરતીને જલાદિથી પવિત્ર કરાવાઈ. નગરની હદ બહાર તેનો અંગ્નિસંસ્કાર કરાયો.

આ કરુણ પ્રસંગથી અનેક રાજાઓ તથા કૃષ્ણની રાણીઓએ સંસારથી વિરાગ પામીને દીક્ષા લીધી.

**[૧૦૯] સ્થૂલભદ્રજી અને સિંહગુફાવાસી મુનિ**

(૧) સ્થૂલભદ્રજીએ તપ ન કરવાપૂર્વક ચાર માસ રૂપકોશાને ત્યાં રહીને ચાતુર્માસ કરવાની ગુરુદેવ પાસે આજ્ઞા માગી હતી.

(૨) જે રતિમંદિરમાં બાર વર્ષ ભોગ ભોગવ્યા હતા ત્યાં જ સ્થૂલભદ્રજીએ ચાતુર્માસ કર્યું હતું.

(૩) જ્યારે ચાતુર્માસ કરીને ચારેય મુનિઓ ગુરુ પાસે પાછા આવ્યા ત્યારે સ્થૂલભદ્રજી સિવાય ત્રણ મુનિઓના આગમને સત્કારતાં ગુરુએ આસનેથી ઊભા થઈને, "તમે દુષ્કર કર્યું" તેમ કહ્યું હતું, પણ જ્યારે સ્થૂલભદ્રજી આવ્યા ત્યારે ઘણા વાત્સલ્યપૂર્વક અને વિશેષ ઊભા થઈને તેમને સત્કારતાં કહ્યું કે, "તમે દુષ્કર દુષ્કર કર્યું છે."

(૪) સિંહગુફાવાસી મુનિએ ગુરુને કહ્યું હતું કે, "વેશ્યાને પ્રતિબોધવામાં શી મોટી ધાડ મારવાની હતી ? હું તેની નાની બહેન ઉપકોશાને પ્રતિબોધીશ. અને....

તેવું દુઃસાહસ કરવાની ગુરુની ના છતાં તેમણે વિહાર કર્યો હતો.

(૫) જ્યારે નેપાળ-નરેશ પાસે સિંહગુફાવાસી મુનિને રત્નકંબળ મળી ત્યારે તેને કોઈ જોઈ-જાણી ન જાય તે માટે મોટા વાંસના પોલાણમાં તેને સંતાડી હતી; અને તેનું છિદ્ર પૂરી દીધું હતું.

પણ અટવી પસાર કરતાં કોઈ પક્ષી બોલી ગયું કે, 'લાખોના મૂલ્યની એક ચીજ લઈને આ સાધુ જઈ રહ્યા છે." પક્ષીની ભાષા જાણકાર ચોરોએ આ સાંભળીને મુનિને પકડ્યા. પણ તેમણે રત્નકંબળ ન જડી. ફરી પેલું પંખી

એ જ વાક્ય બોલ્યું. ફરી મુનિને પકડવામાં આવ્યા. મુનિએ બધી સાચી વાત કરીને પોતાની ઉપર દયા ગુજારવા કહેતાં ચોરોએ તેમને હેમખેમ જવા દીધા.

(૬) જ્યારે આ મુનિએ ઉપકોશાને રત્નકંબળ આપી ત્યારે તે બોલી, "ક્યાં તે મુનિરાજ સ્થૂલિભદ્રજી ! મારી બહેન સાથે બાર વર્ષના ભોગ ભોગવ્યા પછી પણ સાવ નિશ્ચલ ! અને તમે... મને પૂર્વે કદી જોઈ પણ નથી છતાં એક જ પળના મારા રૂપદર્શનમાં ખતમ ! અને મુનિ પુનઃ સંયમના પંથે પાછા ફર્યા.

(૭) સ્થૂલભદ્રજીએ બહેનો સમક્ષ સિંહનું રૂપ કરીને પોતાની વિદ્વત્તાનું અજીર્ણ પ્રગટ કર્યું એવી ખબર ગુરુને પડતાં, નવો પાઠ લેવા આવેલા સ્થૂલભદ્રજીને ગુરુએ પાઠ આપવાની ના પાડી. સંઘનો આગ્રહ થતાં ફરી સૂત્ર-પાઠ શરૂ થયો ત્યારે ગુરુદેવે તેમને કહ્યું કે, "સ્થૂલભદ્ર ! તારી ભૂલ બદલ તેં હૃદયના સાચા પશ્ચાત્તાપપૂર્વક ક્ષમા માગી છે એટલે તને તો ભવિષ્યમાં અહિત નહિ થાય પરંતુ તું જેને ભણાવીશ તે આવા પ્રકારના અજીર્ણ-સ્વરૂપ પ્રમાદમાં પડી જશે, માટે અર્થપાઠ તો તને નહિ જ આપી શકાય."

### [૧૧૦] અવંતિસુકુમાળ

એ નગરીનું નામ અવંતી હતું. ત્યાં ભદ્રા નામની શેઠાણી હતી. તેને અવંતી-સુકુમાલ નામે પુત્ર હતો. ભદ્રા અનેકશઃ મહાત્માઓને વિનંતી કરીને પોતાના બાજુના ઘરે ઉતારો આપતી. એક વાર આર્યસુહસ્તિ મહારાજા સપરિવાર પધાર્યા. કોઈ રાતે મુનિઓ પાઠ કરતા તેમાં નલિનીગુલ્મ વિમાનનું વર્ણન આવ્યું. આ વર્ણન અવંતી-સુકુમાલે સાંભળ્યું. મનથી ઊહાપોહ કરતા તેને જાતિ-સ્મરણ જ્ઞાન થયું અને પોતે તે જ વિમાનથી અહીં આવેલ છે તે જાણવા માળ્યું.

તેણે ગુરુદેવને તે જ વિમાને પાછા જવાનો ઉપાય પૂછ્યો ત્યારે ગુરુદેવે કહ્યું કે, "તે માટે તો દીક્ષા લેવી જોઈએ. પણ દીક્ષા લઈને મોક્ષે જ શા માટે ન જવું ? આવા સ્વર્ગના સુખ તો મોક્ષ-સુખ પાસે બિંદુ જેટલાય નથી !" કુમારે કહ્યું, "આપની વાત તદ્દન યથાર્થ છે. મને ખૂબ જ માન્ય છે. પરંતુ હાલ મારો ઉત્સાહ આ વિમાનમાં જ જવા બાબતમાં છે. એ માટે ઉત્તમ કોટિનું સંયમ પાળવા માટે તૈયાર છું." અને.... કુમારે દીક્ષા લીધી. ખરેખર.... સંકલ્પ મુજબ તે નલિનીગુલ્મ વિમાનમાં ટૂંક સમયમાં જ જન્મ પામ્યા.

**[૧૧૧] રાજા ચન્દ્રાવતંસક**

ચન્દ્રાવતંસક ઉજ્જૈનીનો રાજા હતો. તે પાકો ધર્મચુસ્ત જૈન હતો. એક વાર, "દીવો બળે ત્યાં સુધી કાયોત્સર્ગમાં ઊભા રહેવું" એવી પ્રતિજ્ઞા કરીને ઊભા રહ્યાં. જ્યારે જ્યારે તેલ ખૂટતું ગયું ત્યારે રાજાને અંધારું થતાં તકલીફ ન પડે એ સારા આશયથી દાસી તેલ પૂરતી જ ગઈ. મનની પૂરી પ્રસન્નતા સાથે રાજાએ કાયોત્સર્ગ તો ચાલુ જ રાખ્યો પરંતુ શરીર તે કષ્ટ ખમી ન શક્યું.

સવારે દીવો હોલવાતાં તેણે કાયોત્સર્ગ પાર્યો. જ્યાં પગ ઉપાડ્યો ત્યાં જ ધરતી ઉપર ઢળી પડ્યા. સમાધિપૂર્વક તરત મૃત્યુ પામીને દેવલોકમાં ગયા.

**[૧૧૨] સુલસા**

સુલસા પરમાત્મા મહાવીરદેવની પરમ ભક્તિ અને નિર્મળ સમક્ત્વને દઢપણે ધારણ કરતી શ્રાવિકા હતી. લગ્ન બાદ કેટલાય સમય સુધી તેને સંતાન ન થવાથી તેના પતિ નાગસારથિને ભારે આર્ત્તધ્યાન થવા લાગ્યું. તે સુલસાને વારંવારે કહેવા લાગ્યો કે, "સંતાન-પ્રાપ્તિ માટે તું 'કાંઈક' પ્રયત્ન કર."

સુલસા એક જ ઉત્તર દેતી કે, "જે કર્મમાં લખ્યું હશે તે થશે."

પણ છેવટે આ અંગેના પતિના તીવ્ર આર્ત્તધ્યાનનું નિવારણ થાય તે માટે આયંબિલનો તપ શરૂ કર્યો.

એકદા સુલસાના દઢ સમ્યક્ત્વની દેવસભામાં દેવેન્દ્રે પ્રશંસા કરી ત્યારે સેનાપતિ-દેવ હરિણૈગમેષી સુલસાની પરીક્ષા કરવા આવ્યો. તેણે પુત્રપાપ્તિ માટે મૂળિયું આપ્યું; પછી મન્ત્રિ માદળિયું આપીને કાલીદેવીની ઉપાસના કરવા જણાવ્યું. પણ સુલસાએ તેની તેવી કોઈ વાતનો સ્વીકાર ન કર્યો.

"સંતાન મળો કે ન મળો, પણ કાલી વગેરેની કોઈ ઉપાસના કરનાર નથી." સુલસાનો આ દઢ સંકલ્પ હતો.

"જિનેશ્વર ભગવાન સિવાય મને કોઈ ન ખપે !" આ તેનો હૃદયટંકાર હતો.

"હાથી ઉપર બેઠેલી વ્યક્તિ કદી ગધેડા ઉપર બેસતી હશે ?" આ તેનો સ્પષ્ટ સવાલ હતો.

દેવ ચાલ્યો ગયો. હવે તે સાધુનો સ્વાંગ સજીને આવ્યો. તેણે કુષ્ઠી સાધુના રોગ-નિવારણ માટે લક્ષપાક તેલના એક સીસાની માગણી કરી. ભક્તિનો લાભ મળ્યાથી આનંદ-વિભોર બનીને સુલસા ઘરમાંથી સીસો લેવા ગઈ. પણ અફસોસ એકાએક હાથમાંથી સીસો પડીને ફૂટી ગયો. અતિ કીમતી તેલ ઢોળાઈ ગયું. પણ તેનો જરાય અફસોસ કર્યા વિના બીજો સીસો લેવા ગઈ. તેય

ફૂટી ગયો. છેલ્લો-ત્રીજો સીસો લેવા ગઈ, તેય ખતમ.

આ સમય દરમિયાન દેવ સુલસાના મનોભાવ ઉપર ધ્યાન આપી રહ્યો હતો. ત્રણેય સીસા ફૂટી ગયાનો તેના મનમાં લેશ પણ ખેદ દેખાતો ન હતો. પણ હા.... મુનિનો લાભ ન મળ્યાનું દુઃખ ખૂબ જ હતું.

તરત દેવ પ્રગટ થયા. સઘળી વાત કરી અને વણમાગી બત્રીસ ગુટિકા તેને આપી. પ્રત્યેક ગુટિકાથી એકેકો પુત્ર પ્રાપ્ત થશે તેમ કહ્યું. તેની સાથે "સ્મરણ કરશો ત્યારે હાજર થઈશ" તેવું વચન આપ્યું.

"બત્રીસ પુત્રોની મા થવા કરતાં બત્રીસલક્ષણા એક જ પુત્રની માતા થવું શું ખોટું ?" એવા વિચારથી સુલસા બધી ગુટિકા એકીસાથે ખાઈ ગઈ. પેટમાં અતિભારે પીડા થતાં દેવાત્માનું સ્મરણ કર્યું. તેણે હાજર થઈને પીડાનું નિવારણ કરીને હરિણૈગમેષી દેવ ચાલ્યો ગયો. સુલસા બત્રીસ પુત્રોની માતા થઈ.

પણ કેવી કમાલ ! એક નાનકડા છમકલામાં સુલસાના બત્રીસેય પુત્રો હણાઈ ગયા !

હા... એકી સાથે બત્રીસ ગુટિકા ખાવાની ભૂલનું જ આ પરિણામ હતું; સામૂહિક મોત ! હરિણૈગમેષીએ તે જ વખતે આ આગાહી કરી હતી.

પણ સુલસા તો પ્રભુની પરમ ભક્ત ! આવા પુત્રવિરહના કાળઝાળ દુઃખમાંય તે અદીન બની રહી.

**[૧૧૩] અંગારમર્દક આચાર્ય**

જે અભવ્ય હોવાની ખાતરી કોલસી પાથરીને કરવામાં આવી હતી તે અંગારમર્દક નામના આચાર્યનો આત્મા મરીને એક વાર કાલાંતરે ઊંટ થયો હતો. તે આચાર્યના પાંચસો શિષ્યો તે વખતે જિનશત્રુ રાજાના પુત્રો તરીકે હતા.

એકદા તે બધા પુત્રો કોઈ સ્વયંવરમાં આવ્યા. ત્યાં તેમણે ખરજવાથી કારમી રીતે પીડાતા, સખત સામાન લદાયેલા, ચાબુકના જોરદાર ફટકાથી ચીસો પાડતા ઊંટને જોયો. એને જોતાં જોતાં રાજકુમારોને જાતિસ્મૃતિ થઈ. તેથી તેમણે તેને પૂર્વભવીય પોતાના ગુરુ તરીકે જાણ્યો. તેઓ મનોમન બોલ્યા, "એક સમ્યક્ત્વના અભાવમાં ઘણા બધા ગુણો પણ કેવા પાંગળા બની ગયા! ગુરુદેવ કેટલા ગુણી હતા ?"

તેમણે મોંમાગ્યા દામ દઈને માલિક પાસેથી ઊંટને છોડાવ્યો. બાદ સ્વયંવર-મંડપે જવાનું પડતું મૂકીને આ પ્રસંગથી સંસારવિરક્ત થયેલા તમામ રાજકુમારોએ આર્યસમુદ્રસૂરિજી મહારાજા પાસે દીક્ષા લીધી.

### [૧૧૪] સાધ્વી સુકુમાલિકા

જે રાજકુમારી સુકુમાલિકા પોતાના બે મુનિ-બંધુઓના ઉપદેશથી સાધ્વી થઈ; જેના વિશિષ્ટ રૂપને કારણે શીલ-વ્રત જોખમમાં મુકાઈ જવાનો ભય પેદા થયો; જે કારણથી તે સાધ્વીએ આજીવન અનશન કર્યું; અને જેના પ્રાણ નીકળી ગયા છે એમ ભૂલથી સમજવાને લીધે શરીરને વનમાં મૂકી દેવામાં આવ્યું. (આ મહાપારિઠાવણીનો ક્રિયા કહેવાય છે.) એ સુકુમાલિકા સાધ્વીજીને વનના ઠંડા પવનથી ચૈતન્ય પુનઃ ઝબકવા લાગ્યું અને કોઈ સાર્થવાહ તેને પોતાના ઘેર લઈ ગયો ત્યાં નિર્દોષ ભાવે, અને નિર્દોષ સ્નેહથી તેની સેવા કરવા લાગ્યો. પણ આ નિર્દોષમાંથી જ બધુ સદોષ થઈ ગયું. અતિ પરિચય, અતિ રાગને લીધે એક દી સુકુમાલિકાનું પતન થયું. હવે તે સાર્થવાહની પત્ની બની ગઈ.

એના શુભનસીબે એકદા બંધુ-મુનિઓ એ જ નગરમાં ભિક્ષાર્થે નીકળતાં એણે આમંત્ર્યા. અને એમાંથી ઘટસ્ફોટ થયો. પાપનો ઘોર પશ્ચાત્તાપ કરીને સુકુમાલિકાએ પુનઃ દિક્ષા લઈને આત્મકલ્યાણ આરાધી લીધું.

### [૧૧૫] વિમળમંત્રી

આબુની તળેટીમાં વિમળ મંત્રીએ ચંદ્રાવતી નગરી ઊભી કરી હતી. તે નગરીમાં ચારસો શિખરબંધી જિનાલયો હતાં. પણ મોગલોના સમયમાં આક્રમણો થવા લાગતાં નગરી ખાલી થવા લાગી. જૈનોએ હજારો જિનપ્રતિમાઓને ઉઠાવી લઈને ક્યાંક મોકલી દીધી કે ક્યાંક ભંડારી દીધી.

નગરી દટ્ટણ-પટ્ટણ બનીને ભેંકાર ખંડિયેર બની ગયું.

કેટલાક સમય બાદ કોઈ પારસીને આ ઘટનાની ખબર પડી. તેણે મજૂરો રોકી દઈને જિનમંદિરોની ભાંગફોડ કરીને બધા જિનાલયોનો આરસ એકઠો કરીને, પુષ્કળ વેગનો ભરીને પરદેશોમાં મોકલી આપીને; ત્યાં વેચી નાખીને વિપુલ સંપત્તિ પ્રાપ્ત કરી.

આબુની તળેટીમાં ઓલા આલમ અને વાલમ ગામ તે જ ભૂતકાળની નગરી ચંદ્રાવતી.

### [૧૧૬] કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રાચાર્યજી

દેવી કાશ્મીરી સરસ્વતીજીની આરાધના કરવા માટે કાશ્મીર જવા માટે વિહાર કરેલા કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવંત શ્રીમદ્ હેમચંદ્રસૂરિજી મહારાજાને ત્રીજા જ મુકામે સરસ્વતીજીએ વરદાન આપીને પાછા વાળી દીધા હતા. ત્યાર

બાદ સૂરિજીએ સો કાવ્યવાળી ગુરુસ્તુતિની રચના કરી. આમા તેમના ગુરુદેવને કેટલીક કલ્પનાઓ શાસ્ત્રબાધિત જણાતાં તેમણે સૂચન કર્યું. સૂરિજીએ હવે પછી તેવી કલ્પનાઓ નહિ કરવાની ખાતરી આપી.

### [૧૧૭] દારૂડિયો સાળવી અને ગાંઠ

ગામનો સૌથી વધુ દારૂડિયો એ સાળવી ગણાતો. દારૂની એટલી ભારે લત હતી કે જો પીવામાં બે ક્ષણ મોડું થાય તો તેની નસો ખેંચાઈ જાય.

એક વાર ગામમાં પધારેલા મુનિએ તેને પ્રતિજ્ઞા આપી કે દોરીને ગાંઠ માર્યા પછી દારૂ પીવો નહિ. અર્થાત્ જ્યારે દારૂ પીવો હોય ત્યારે દોરીની ગાંઠ છોડી નાખવી. તે પી લીધા બાદ ફરી ગાંઠ બાંધી દેવી. આ પ્રતિજ્ઞામાં દારૂના પ્રમાણ ઉપર કોઈ નિયંત્રણ ન હતું એટલે સાળવીને પ્રતિજ્ઞા બહુ માફક આવી ગઈ.

પણ એક વાર ભારે થઈ ગઈ. ગાંઠ મડાગાંઠ બની ગઈ. કેમે ય ન છૂટી. વિલંબ થતાં નસો તણાવા લાગી, જીવ જવા લાગ્યો સ્વજનોએ બાધા તોડી નાખવા કહ્યું પણ તેણે બાધા તોડવાની સાફ ના પાડી દીધી.

અંતે સમાધિપૂર્વક તેના પ્રાણ નીકળી ગયા. મરીને તે દેવ થયો. તરત જ ગુરુદેવની પાસે આવ્યો. ગુરુદેવની ઋણમુક્તિ માટે તેણે તેમની આજ્ઞા પ્રમાણે મિથ્યાદષ્ટિ બની ગયેલા શત્રુંજયતીર્થના અધિષ્ઠાયક કપર્દીયક્ષને ભગાડી તીર્થને ભયમુક્ત અને આશાતના મુક્ત કર્યું.

### [૧૧૮] મંત્રી માણહસિંહનો ધર્મરાગ

વગર વાંકે દિલ્હીના ફીરોજશાહ બાદશાહે મન્ત્રી માહણસિંહને જેલમાં પૂરી દીધો. તેના બન્ને પગમાં બેડીઓ નાખવામાં આવી.

પણ આ તો તે માહણસિંહ હતો, જે યુદ્ધભૂમિ ઉપર, ખૂનખાર જંગ ખેલાતો હોય તેવા સમયે પણ પ્રતિક્રમણ કરતો હતો. તે વખતે રાજાની આજ્ઞાથી તેની ચારે બાજુ ગોઠવાઈને સૈન્ય રક્ષા કરતાં હતું. આ માહણસિંહના બેય પગે હવે બેડી પડી હતી. પ્રતિક્રમણનો સમય થતાં તેની આંખમાં આંસુ ધસી આવ્યાં. જેલરે દયાથી પ્રેરાઈને પ્રતિક્રમણ સમય પૂરતી બેડીઓ કાઢી નાખી. આમ કેટલાક દિવસો સુધી ચાલ્યું.

આ બાજુ રાજાને પોતાની ભૂલ સમજાતાં માહણસિંહને છૂટા કર્યા. ઘરે આવીને માહણસિંહે તરત જ જેલરને બોલાવ્યો અને જેલમાં તેની સહાયથી

જેટલા પ્રતિક્રમણ થયા તેટલી સોનામહોરો તેને ભેટ કરી.

**[૧૧૯] મંત્રીશ્વર પેથડ અને નમસ્કારમંત્ર**

કોઈ ચારણ મન્ત્રીશ્વર પેથડ પાસે આવ્યો અને પેથડની સ્તુતિ કરવા લાગ્યો. પેથડે કાન બંધ કરી દઈને કહ્યું, "ભાઈ ! આ શું કરે છે ? મારા જેવા અદકેરા માણસની સ્તવના કરાતી હશે ? એના કરતાં જે હું કહું તેમ કર. તું ભગવાનની સ્તુતિ કર. હું તને ઇનામ આપીશ."

ચારણે કહ્યું, "મારે તો આપની જ સ્તવના કરવી છે."

છેવટે મન્ત્રીશ્વરે ચારણ પાસે નવ વખત નવકાર મન્ત્ર બોલાવ્યો. દરેક નવકાર વખતે પાંચેય પરમેષ્ઠી ભગવંતોને નમસ્કાર કરાવ્યા અને છેલ્લે નવ નવકાર બદલ નવ સોનામહોર ભેટ આપી વિદાય કર્યો.

**[૧૨૦] ખંભાતમાં જિનબિમ્બ-ચોરી અને સંઘજાગૃતિ**

જ્યારે ખંભાતના સ્તંભન પાર્શ્વનાથપ્રભુની મૂર્તિ ચોરાઈ હતી ત્યારે આખું ખંભાત ઉપવાસમાં બેસી ગયું હતું. તે વખતના અગ્રણી શેઠ કસ્તૂરભાઈ અમરચંદ નવાબની પાસે ગયા. પ્રત્યેક ઘરની જડતી લેવાનું શરૂ થયું. કોઈ સોનીને ત્યાંથી પ્રતિમાજી હેમખેમ મળી ગયા. ત્યાર પછી જ સમગ્ર ખંભાતે ઉપવાસ છોડ્યા.

**[૧૨૧] જગડ શ્રાવકની ઉદારતા**

ગૂર્જરેશ્વર કુમારપાળ છ'રી પાળતો સંઘ લઈને શત્રુંજય પહોંચી ગયા. સંઘમાળ પહેરવાનો સમય આવ્યો. નૈતિક રીતે તો ઉછામણી બોલ્યા વિના પણ ગૂર્જરેશ્વર સંઘમાળ પહેરવાને અધિકારી હતા; પરંતુ દેવદ્રવ્યની વૃદ્ધિ કરવા માટે તેમણે ઉછામણી બોલાવવાનું શરૂ કરાવ્યું. ગૂર્જરેશ્વર અને તેમના મંત્રી વગ્ભટ્ટ સામસામા આવી ગયા. લાખ લાખ સોનામહોરના કૂદકા ચાલવા લાગ્યા. ત્યાં એકાએક પાછળની હરોળમાંથી કોઈ બોલ્યું, "સવા કરોડ સોનામહોર" અને સહુની નજર તે તરફ ફરી. સાવ સાદા અને મેલાં જેવાં કપડાંધારીને સહુએ જોયો. જરાક શંકા પડતાં ગૂર્જરેશ્વરે તેને પોતાની પાસે બોલાવ્યો. એણે 'જગડ' તરીકેની પોતાની ઓળખ આપી અને તરત જ ચીંથરે વીંટેલું એક રત્ન કાઢીને આપ્યું, જેનું મૂલ્ય પૂરા સવા કરોડ સોનામહોર હતું.

બાદ આ જ સંઘે ગિરનાર તરફ પ્રયાણ કર્યું. ત્યાં પણ સંઘપતિની માળ પહેરવાની ઉછામણી બોલાઈ. એનો પણ લાભ–સવા કરોડ સોનામહોર બોલીને - એ જ જગડ શ્રાવકે લીધો ! અને વળી એક રત્ન આપી દીધું.

## [૧૨૨] કપર્દી મંત્રીનું તિલક

ગૂર્જરેશ્વર કુમારપાળનું અવસાન થયું. જૈનધર્મનો કટ્ટર દ્વેષી અજયપાળ રાજા થયો. પહેલી જ રાજસભામાં તેણે મંત્રીશ્વર કપર્દીના લલાટે ચાંલ્લો જોયો અને તેનો આત્મા સળગી ઊઠ્યો. તેણે રાડ પાડીને કહ્યું, ''કપર્દી ! હવે કુમારપાળનું શાસન નથી. ચાંલ્લો ભૂંસી નાંખવો પડશે.''

પૂરી અદબ જાળવીને કપર્દીએ કહ્યું, ''રાજન્ ! ચાંલ્લો તો નહિ ભૂંસાય.''

સિંહના જેવી ગર્જના કરતા અજયપાળે કહ્યું, ''તો સમજી રાખો કે જીવન ભૂંસાઈ જશે. મારી સામે બોલતાં સમજીને બોલો – યાદ રાખો કે તમે આગ સાથે રમત રમી રહ્યા છો.''

કપર્દી મૌન રહીને ચાલ્યા ગયા. આવતી કાલના સંભવિત મોતની આરાધનાની બધી પૂર્વતૈયારીઓ થઈ ગઈ. શ્રી સંઘે અશ્રુભરી આંખોએ લલાટે ચાંલ્લો કર્યો. કપર્દીનાં ધર્મપત્ની પણ પતિની સાથે વીરમૃત્યુ વરવાને સજ્જ થઈ ગયાં.

અને.... અને..... 'જિનશાસન અમર રહો; ચાંલ્લો અમર રહો...'ના નારા લગાવતાં પતિ-પત્ની સવારે રાજદરબારમાં પહોંચી ગયાં.

અજયપાળે મોટી કડાઈમાં તેલ ઉકળાવ્યું હતું. રાજાએ ફરી વાર ચાંલ્લો ભૂંસી નાખવાની આજ્ઞા કરી. પણ ઉત્તરમાં એ જ નારો ફરી સંભળાયો... 'ચાંલ્લો અમર રહો.'

રાડ પાડીને અજય બોલ્યો, ''તો આ ઊકળતા તેલની કડાઈમાં તમારું જીવન પૂરું કરી નાખો...''

''અરિહંત.... અરિહંત'' બોલતું એ ધર્મચુસ્ત યુગલ કડાઈમાં કૂદી પડ્યું.

હા... તેઓ મરી ગયાં.... પણ ચાંલ્લો અમર થઈ ગયો. ત્યારથી અજયપાળે પોતાની આવી જીદ કાયમ માટે મૂકી દીધી.

## [૧૨૩] લાલભાઈની જૈનત્વખુમારી

ગિરનારનો પર્વત ચડવાની અંગ્રેજ સાહેબને મુશ્કેલી પડી. તેમની સાથે ચાલતા લાલભાઈ શેઠને તેમણે કહ્યું, ''તમે આ પહાડ ઉપર ચડવા માટે પગથિયાં બનાવી લો. તેનો ખર્ચ અંગ્રેજ સરકાર આપશે.''

દીર્ઘદ્રષ્ટા શેઠે તરત કહ્યું, ''સરકારના પૈસાની મારે જરૂર નથી. મારો એકેકો જૈન એકેક રૂપિયો આપે તોય અગિયાર લાખ રૂપિયા થઈ જશે.''

કેવી અદ્‌ભુત ખુમારી, જૈનત્વની.

**[૧૨૪] લાલભાઈની નિર્ભીકતા**

લાલભાઈ શેઠની આજીજીપૂર્વકની ના છતાં કોઈ સરકારી અંગ્રેજ-અધિકારી બૂટ પહેરીને આબુના મંદિરમાં ગયા. શેઠ કોર્ટમાં કેસ દાખલ કર્યો. તેનું જજમેન્ટ શેઠની તરફેણમાં આવ્યું.

પણ તે વખતે જજસાહેબે શેઠને પૂછ્યું કે, ''શેઠ ! જો જજમેન્ટ તમારી વિરુદ્ધમાં આવ્યું હોત તો તમે શું કરત ?'' શેઠ ઉત્તર આપ્યો, ''સાહેબ ! તો હું સુપ્રીમ કોર્ટ સુધી પહોંચત. અને તેમાંય જો મારી વિરુદ્ધમાં ચુકાદો આવત તો હું ભારતના ખૂણેખાંચરે એ વાત પહોંચાડત કે અંગ્રેજ સરકારના સમયમાં ભારતમાં ન્યાય જેવી કોઈ વસ્તુ હવે રહી નથી.'' શેઠની નિર્ભીકતા ઉપર જજ આફરીન પોકારી ગયા.

**[૧૨૫] 'રાજેશ્વરી તે નરકેશ્વરી'**

(૧) રાજા ઉદયને સ્વપુત્ર અભીચિને રાજગાદી સોંપી ન હતી, નરકગામી થવાના ભયથી.

(૨) ચાણક્યના પિતાએ બાળ-ચાણક્યનો દાંત ઘસી નાખ્યો હતો; તેના તેવા દાંતના પ્રભાવે તે મહાન રાજા બનવાની શક્યતા જોષીઓએ જણાવી હતી માટે 'રાજેશ્વરી તે નરકેશ્વરી' એમ ચાણક્યના પિતા માનતા હતા માટેસ્તો !

**[૧૨૬] ભરતચક્રીની માહણ સંસ્થા**

ચક્રવર્તી ભરતે 'માહણ' સંસ્થા ઊભી કરી હતી. 'માહણ' બનવા માટે શરત હતી કે તેણે સંપૂર્ણ બ્રહ્મચર્ય પાળવું અથવા છેવટે સ્વદારા-સંતોષનું વ્રત પાળવું. વળી તેણે તેના સંતાનને ભગવતી દીક્ષા આપવી.

આવા માહણો ભરત ચક્રીને રોજ કહેતા, ''હે ચક્રવર્તી રાજા ભરત ! આપને કોકે (મોહરાજાએ) જીતેલા છે માટે સાવધાન રહેજો. આપના માથે ભય વધી રહ્યો છે. આપ કોઈને હણશો નહિ. મા હણ ! મા હણ.... આ રીતે પોતાને જાગ્રત રાખવા માટે જે લોકોને ભરતે રાખ્યા હતા તેઓ માહણ કહેવાયા.

કૂવાના કાંઠાની ધાર ઉપર ભરત સાંકળ ૧ કડીને ઊભા રહે અને બીજી બાજુ એ સાંકળને ચોર્યાસી લાખ હાથી, ઘોડા અને રથ ખેંચે તોય ભરતને એક તસુ જેટલા પણ ખસેડી ન શકે એવી પ્રચંડ તાકાતવાળા ભરત હતા. આ તાકાતનું અજીર્ણ થવાના ભયે જ એમણે માહણોને રોજ ઉપરનું વાક્ય સંભળાવવા માટે રોક્યા હતા. ભરતની કેવી અનુપમ જાગૃતિ !

### [૧૨૭] પ્રભુ વીરનું શરણ લેતો ચમરેન્દ્ર

એક વાર ચમરેન્દ્ર સુધર્મસભામાં સૌધર્મેન્દ્ર સાથે લડવા ગયો. તેણે ત્યાં જઈને 'ત્રાહિ મામ્' પોકરાવી દીધી. ગમે તેવા પ્રલાપો પણ કર્યા. બધાં જ દેવ-દેવીઓ એના ઉચ્છ્રૃંખલ વર્તને અકળાઈ ગયાં ત્યારે દેવેન્દ્રે તેની પાછળ આગઝરતું વજ્ર છોડી મૂક્યું. એના ભયભીત થઈને ભાગેલા ચમરેન્દ્રે આ ધરતી ઉપર સાધના કરતા પ્રભુ-વીરના બે ચરણોની વચ્ચે પેસી જઈને શરણ લઈ લીધું, કેમ કે આ સિવાય ઊગરવાનો કોઈ આરો તેને જણાતો ન હતો.

જ્યારે દેવેન્દ્રે ચમરેન્દ્રે લીધેલા વીરપ્રભુના શરણાની વાત જ્ઞાનબળે જાણી કે તરત જ - બીજા કોઈને કહ્યા વિના - સ્વયં દોડ્યા અને બહુ જ સમયસર પેલું ધસતું જતું વજ્ર ખેંચી લઈને પરમાત્માના શરણે ગયેલાને આપત્તિમુક્ત કર્યો. ચમરેન્દ્ર ભગવાનનો જેવો તેવો પણ સગવડિયો ભક્ત બની ગયો ! તો ય... પ્રભુ-ભક્ત દેવેન્દ્રનો ક્રોધ સાવ ખતમ થઈ ગયો. જે પ્રભુના શરણે જાય તે સદા ભય-મુક્ત બની જાય.

### [૧૨૮] જગસિંહ શેઠની સાધર્મિક ભક્તિ

દેવગિરિ (હાલ મહારાષ્ટ્રમાં દોલતાબાદ)માં જગસિંહ નામના શેઠ હતા. પોતાના ૩૬૦ જૈન વાણોતર-નોકરોને પુષ્કળ ધન આપીને પોતાની હરોળના શ્રીમંત બનાવ્યા હતા.

તે વાણોતરો દ્વારા હંમેશ બોતેર હજાર ટંકનો વ્યય કરાવીને રોજ શ્રીસંઘમાં સાધર્મિક-વાત્સલ્ય કરાવતા. આમ બારેય માસ શ્રીસંઘમાં સાધર્મિક-વાત્સલ્ય ચાલતું.

### [૧૨૯] સારંગશેઠની નવકાર-ભક્તિ

સારંગ શેઠ સુર્વણ-ટંકોની ઝોળી ભરીને ફરતા. રસ્તે ચાલતાં, દુકાનમાં કે કોઈ પ્રસંગમાં જો કોઈ નવકાર મંત્ર બોલે તો તેને દરેક નવકાર દીઠ એક સુવર્ણ-ટંક દેતા.

### [૧૩૦] રાણી મૃગાવતી અને રાજા ચંડપ્રદ્યોત

કૌસાંબીનો રાજા શતાનિક અને ચંડપ્રદ્યોત બે સાઢુ થાય. શતાનિકની પત્ની મૃગાવતી ઉપર ચંડપ્રદ્યોતની નજર બગડી તે ખાતર તેણે યુદ્ધ છેડ્યું. ચૌદ મુકુટબદ્ધ રાજાઓ આવા અન્યાયી યુદ્ધ માટે પણ ચંડપ્રદ્યોતની સહાયમાં આવ્યા.

યુદ્ધનો આરંભ થતાં જ ભયથી રાજા શતાનિકની છાતી ફાટી ગઈ.

આમ છતાં નિર્લજ્જ ચંડપ્રદ્યોત પાછો ન વળ્યો. મૃગાવતીને મેળવવા માટે તે આકાશપાતાળ એક કરવા લાગ્યો.

મૃગાવતી ભારે ચતુરા સ્ત્રી હતી. તેણે ચંડપ્રદ્યોતને જણાવ્યું કે, "તમારી ઈચ્છાને તાબે થવાનું હું વિચારીશ પણ તે પૂર્વે તમે મારા બાળકુમારની ભાવી સુરક્ષા માટે મારા રાજના કિલ્લાને એવો મજબૂત બનાવી આપો કે તે અભેદ્ય બને. તદુપરાંત મારા અનાજના તમામ કોઠારો ભરચક કરી આપો." કામાંધ ચંડે આ માગણીઓ સ્વીકારી લીધી.

કિલ્લાને મજબૂત કરવા માટે ચૌદેય રાજાઓના સૈન્યને કામે લગાડ્યું. અનાજના કોઠારો પણ ભરાવી આપ્યા.

હવે મૃગાવતી પરમાત્મા વીરનું સ્મરણ કરતી મનોમન બોલવા લાગી, "હે વીર ! આપ અહીં પધારો અને મારો ઉદ્ધાર કરો."

ટૂંક સમયમાં જ પ્રભુ-વીર કૌસામ્બીમાં સમવસર્યા. ચંડપ્રદ્યોત પણ દેશના સાંભળવા આવ્યો.

દેશના પૂર્ણ થયા બાદ મૃગાવતીએ ઊભા થઈને વીરપ્રભુને વિનંતી કરી કે, "મને દીક્ષા આપો."

પછી ચંડ તરફ વળીને કહ્યું, કે "મારા બાળ-કુમારને સાચવજો. હું પ્રવ્રજ્યા લઉં છું."

બાપડો ચંડપ્રદ્યોત ! શું બોલે ? એનેય છેવટે શરમ નડી ! મૃગાવતીની વાત સ્વીકારી.

મૃગાવતીજી સાધ્વી થયાં. ચંડપ્રદ્યોતની આઠ રાણીઓએ પણ તે વખતે દીક્ષા લીધી.

### [૧૩૧] હાલિક ખેડૂત

ત્રિલોકગુરુ પરમાત્મા મહાવીરદેવે હાલિક નામના ખેડૂતને પ્રતિબોધવા માટે ગણધર ભગવંત ગૌતમસ્વામીજીને મોકલ્યા. ગુરુ ગૌતમસ્વામીજીની જ્ઞાન-ધારામાં ભીંજાઈને પાવન થયેલો ખેડૂત સમ્યક્ત્વ પામ્યો. તેણે દીક્ષા પણ લીધી. તેને વેષ આપવામાં આવ્યો. તેને લઈને ગૌતમસ્વામીજી પ્રભુ પાસે આવવા નીકળ્યા. પરમગુરુ પરમાત્માના ગુણ-વૈભવને સાંભળતાં તેની દર્શન કરવાની ઉત્સુકતા વધવા લાગી. પણ જ્યારે ખરેખર તેણે પરમાત્માનું દર્શન કર્યું ત્યાં જ એ ચીસ પાડી ઊઠીને બોલ્યો, "આ તમારા ગુરુ ! ના... તો મારે દીક્ષા પાળવી જ નથી...." અને તે એકદમ ભાગી છૂટ્યો.

ગુરુ ગૌતમસ્વામીજી આ દૃશ્ય જોઈ રહ્યા.

પરમાત્માએ કહ્યું, "ગૌતમ ! ભલે એણે સાધુત્વ મૂકી દીધું પણ તે

સમ્યક્ત્વ તો પામી ગયો ! આ જ તેને મોટો ફાયદો થઈ ગયો. મેં તમને એ માટે જ મોકલ્યા હતા. બાકી મને જોઈને નાસી જવાનું કારણ મારી સાથે-મારા ત્રિપૃષ્ઠ વાસુદેવ તરીકેના ભવમાં - સિંહ તરીકેના જીવનમાં બંધાયેલું વેર છે.

## [૧૩૨] ધનશ્રી દુર્ગંચ્છા અને પ્રભુ-વાણી

એ ધનશ્રી નામની રૂપગર્વિતા હતી. તેના લગ્નના સમયે જ કોઈ મલિન વસ્ત્રધારી મુનિરાજ ભિક્ષાર્થે પધાર્યા. ધનશ્રીને તેમના ઉપર દુર્ગંછા (સૂગ) થઈ આવી. તેનું મન બોલી ઊઠ્યું, ''આ સાધુઓ નિર્દોષ જળથી સ્નાન કરતા હોય તો તેમાં શું પાપ થઈ જવાનું હતું ?''

તેણે મોદક વહોરાવ્યા....પણ તે પહેલાં ચીકણું અશુભકર્મ બંધાઈ ચૂક્યું હતું.

મૃત્યુ પામીને કોઈ વેશ્યાના પેટે તેનો ગર્ભ રહ્યો. તે ગર્ભને પાડી નાખવા માટે વેશ્યાએ જલદ ઉપાયો કર્યા; પણ બધાય નિષ્ફળ ગયા. તેનો બાળકી રૂપે જન્મ થયો. વેશ્યાએ તેને ઉકરડે નાખી. તેના શરીરમાંથી અતિ ભયંકર દુર્ગંધ વછૂટતી હતી.

મહારાજા શ્રેણિક ત્યાંથી જ પસાર થયા. પરમાત્મા મહાવીરદેવને આવી અસહ્ય દુર્ગંધનું કારણ પૂછતાં પ્રભુએ તેણીનો પૂર્વભવ કહ્યો. સાથે સાથે એમ કહ્યું કે, ''ભવિષ્યમાં તું જ તેને પરણવાનો છે. તેનું અશુભકર્મ ભેદાઈ ગયા બાદ તે અત્યંત રૂપવતી કન્યા બનવાની છે.'' સાચે જ તેમ જ થયું. પરમાત્માની વાણી કદી મિથ્યા થાય ખરી ?

## [૧૩૩] નાગદત્તનો પૂર્વભવ

એ ઘોર તપસ્વી મુનિ હતા. એક વાર પોતાના બાળશિષ્ય સાથે ગોચરી વહોરવા ગયા હતા, ત્યાં રસ્તામાં પગ નીચે દેડકી આવી ગઈ. તે વિરાધનાનું પ્રાયશ્ચિત્ત કરવાનું બાળ-શિષ્યે સૂચન કરતાં ગુરુને ક્રોધ ચડી ગયો. સંધ્યાના આછા પ્રકાશમાં તેને મારવા દોડતાં પોતે જ પડી ગયા અને તત્કાળ કાળધર્મ પામ્યા.

સંયમધર્મની અપૂર્વ આરાધનાઓની સાથે અંત સમયે કરેલી વિરાધના જોડાઈ. તેના પરિણામે એક ભયાનક જંગલમાં તે આત્મા દૃષ્ટિવિષ સાપ થયો. એ વનમાં બીજા ઘણા સાપ હતા. એમાંના ઘણાખરા પૂર્વભવના સંયમધર્મથી વિરાધના કરી ચૂકેલા આત્મા હતા. પણ તેમને આ સાપના ભવમાં જાતિસ્મરણ જ્ઞાન થયું હતું. તેથી તેઓ કાયોત્સર્ગ વગેરે કરતા હતા. નિર્દોષ અન્ન-પાણી

લેતા હતા. તેમની આ સ્થિતિ જોઈને નવા સાપને પણ જાતિસ્મરણ જ્ઞાન થયું. પોતાની આંખ સાથે સૂર્ય કિરણો મળતાં જ અગ્નિ પ્રગટી જતો અને તે અગ્નિ કેટલાય નિર્દોષ જીવોના પ્રાણ હરતો. તેથી આ દૃષ્ટિવિષ સાપે કરુણાથી પ્રેરાઈને પોતાનું મોં બિલમાં ઘાલી દીધું.

થોડા જ દિવસમાં પાસેના નગરનો રાજપુત્ર સર્પદંશથી મૃત્યુ પામતાં રાજા ખૂબ ક્રોધે ભરાયો. એક સાપ દીઠ દસ સોનામહોરનું ઇનામ જાહેર થતાં લોકો પુષ્કળ સાપ મારવા લાગ્યા. એક દિવસ દૃષ્ટિવિષ સર્પના બિલ પાસે માણસોનું ટોળું આવ્યું. તેને બહાર કાઢવાનો પ્રયત્ન કર્યો, પણ તે ન નીકળ્યો કેમ કે તેને ભય હતો કે, "રખે મારી આંખોની આગથી કોઈ ભડથું થઈ જાય."

છેવટે તેને ખેંચતા જઈને અંગેઅંગના ટુકડા કરાતા ગયા. ભારે સમાધિથી તીવ્ર વેદના સહન કરીને તે સાપ મર્યો અને તે જ સર્પદ્વેષી રાજાને ત્યાં નાગદત્ત નામના પુત્ર તરીકે જન્મ્યો.

**[૧૩૪] મુનિની ભાષા-અસમિતિનું ભયંકર પરિણામ**

બાર વર્ષ વીતી ગયા. પતિ ન આવતાં અધીરી બનેલી પત્નીએ, ઘરે ભિક્ષાર્થ આવેલા જૈન મુનિને પૂછ્યું, "મારા પતિ ક્યારે આવશે ?" જ્ઞાની મુનિએ કહ્યું, "આજે જ સાંજે."

પતિના આગમનને વધાવવા માટે તે સ્ત્રીએ સોળે શણગાર સજ્યા. સાચે જ પતિ સાંજે આવ્યો. પણ શણગારો જોઈને તેને પત્નીના ચારિત્ર્યની બાબતમાં શંકા પડી ગઈ. પત્નીએ સઘળી વાત કહી ત્યારે મુનિના જ્ઞાનની ખાતરી કરવા માટે તે ઉપાશ્રયે ગયો અને મુનિને પૂછ્યું, "મારી ઘોડીના પેટમાં શું છે ?" મુનિએ કહ્યું, "બે બચ્ચાં."

આ સત્યની ખાતરી કરવા માટે તેણે ઘરે જઈને તલવારથી ઘોડીને ચીરી નાખી. બે બચ્ચાં તરફડતાં નીકળ્યાં તો ખરાં; પરંતુ ત્રણ જીવોની હત્યા થઈ ગઈ. આ જાણીને આઘાતથી પત્નીએ રાત્રે ગળે ફાંસો ખાઈને આપઘાત કર્યો.

તે વાતની મુનિને ખબર પડતાં તેમણે અનશન કરીને જીવન પૂર્ણ કરી દીધું.

સાચી પણ વાત જે તે સમયાદિમાં ન કહેવાય તે બોધપાઠ આ પ્રસંગ આપી જાય છે.

મુનિની ઉતાવળે થયેલી એક ભૂલના પરિણામે પાંચ જીવો મૃત્યુ પામી ગયા.

**[૧૩૫] ધંધામાં વૃદ્ધિથી પ્રભુ-ભક્તિમાં ઘટાડો**

દેવની કૃપા થઈ અને ધંધામાં ભાઈ ખૂબ કમાયો ! જેમ કમાતો ગયો તેમ જિનપૂજાના કલાકો ઘટતા ગયા. ચાર, ત્રણ, બે, એક.

દેવે સ્વપ્નમાં તેનું કારણ પૂછતાં ભાઈએ સાચું કહી દીધું કે પૈસો વધુ થતાં આમ બન્યું છે. દેવે કહ્યું, "ભલે.... હવે ફરી પૂજાના કલાકો વધતા જશે." બીજા દિવસથી ધંધામાં વધુને વધુ નુકસાન આ બાજુ પૂજાના કલાકોમાં ઉત્તરોત્તર વધારો !

**[૧૩૬] સવા-સોમાની ટૂંક**

એક વાર સવચંદશેઠનો માલ લઈને આવતાં વહાણો દરિયામાં ડૂબી ગયાની અફવા ફેલાઈ. અને... તરત જ લેણદારોની લાઈન લાગી. જેટલું અપાય તે તમામ શેઠે લેણદારોને આપી દીધું. તેવામાં એક લાખ રૂપિયાનું લેણું લેવા એક વેપારી આવ્યો. શેઠે અફવાને રદિયો આપ્યો પણ વેપારી કેમેય ન માન્યો. હવે શેઠ પાસે દેવા જેવું કશું રહ્યું ન હતું. તેમણે અશ્રુભરી આંખે અમદાવાદની ધનાસુથારની પોળના મોટા વેપારી સોમચંદ શેઠ ઉપર એક લાખ રૂપિયાની હૂંડી લખી આપી. લેણદાર વેપારી હૂંડી ચૂકવવા અમદાવાદ ગયો.

સોમચંદ શેઠે હૂંડી વાંચી. પોતાના ચોપડે સવચંદ શેઠનું ખાતું જ ન હતું. તેઓ એકબીજાને ઓળખતા પણ ન હતા. હવે હૂંડી શે સ્વીકારવી ?

એકાએક એમની નજર હૂંડીમાં ઊપસી આવેલા બે ભાગ ઉપર પડી. આંસુનાં પડેલાં ટીપાંથી કાગળ બે ઠેકાણે ઊપસી ગયો છે એવું તેમણે અનુમાન કર્યું.

પોતાનો સાધર્મિક આફતમાં જાણીને શેઠે તરત જ એક લાખ રૂપિયા ચૂકવી દીધા.

આ બાજુ વહાણો સલામત આવી ગયાં. અવસર થતાં સવચંદ શેઠે લાખ રૂપિયા આપવા અમદાવાદ ગયા. સોમચંદ શેઠે કહ્યું કે તે રૂપિયા લેવાનો પોતાને કોઈ અધિકાર નથી. કેમ કે તેમના ચોપડે સવચંદ શેઠનું કોઈ ખાતું જ બોલતું નથી. પછી રકમ ઉધારવાની તો વાત જ ક્યાં રહી ? બેયની ભારે રકઝક ચાલી. અંતે એ રકમ દ્વારા ભવ્ય જિનાલય બનાવવામાં આવ્યું; જેનું નામ છે; સવા- [કે સદા ?] સોમાની ટૂંક.

**[૧૩૭] નજીવી ભૂલનું ભયંકર પરિણામ**

સવારે વહેલાં મોટેથી સ્વાધ્યાય ન કરી શકાય છતાં કોઈ મુનિએ એમાં ભૂલ કરી. એમના અવાજથી બાજુના ઘરની બાઈ જાગી ગઈ. અંધારામાં જ ઘંટી દળવા બેઠી. ઘંટીમાં બેઠેલો નાનકડો સાપ એકદમ છૂંદાઈ ગયો. લોટમાં તેનું ઝેર મિશ્રિત થયું. તે દિવસના ઉપવાસી પતિ સિવાય તમામને ભોજન.... સૌને ઝેર ચડ્યું. બધા મૃત્યુ પામી ગયા. મરતા પૂર્વે પત્ની ભાનમાં હતી. કારણની તપાસ કરતાં બધું પકડાયું. મુનિને ખબર પડતાં ભારે દુઃખ થયું. તેમણે પોતાની ભૂલનું પ્રાયશ્ચિત્ત કરીને શુદ્ધિ કરી.

**[૧૩૮] હીરસૂરીશ્વરજીનો પ્રભાવ**

પોતાની ક્રૂર હિંસકતા ઉપર પશ્ચાત્તાપ કરતા અકબરે એક વાર પૂજ્યપાદ હીરસૂરિજી મહારાજને કહ્યું હતું કે, "આપે મેડતાથી વિહાર કરતાં રસ્તામાં મારો હજીરો જોયો હશે. એવા સેંકડો હજીરા છે. જે દરેકમાં સાડા ત્રણ હજાર હરણોનાં શિંગડાં વગેરે ગોઠવાયેલાં છે. મારા સેંકડો મિત્રોને મેં હજારો હરણોને મારીને તેનાં ચામડાં ભેટ આપ્યાં છે. હું રોજ ૫૦૦ ચકલાં મારીને તેની જીભોનું માંસ ખાતો હતો; તે મને અત્યન્ત પ્રિય હતું.

પણ ગુરુદેવ ! આપનો સત્સંગ થયા બાદ મેં આ બધું છોડી દીધું છે. હવે મને હિંસા ઉપર નફરત થઈ ગઈ છે.

**[૧૩૯] કુમારનંદી સોનીની ભયંકર કામવાસના**

રાજા ઉદયનના સમયની આ વાત છે. તેની ચંપાનગરીનો સોની કુમારનન્દી અતિ કામાતુર હતો. જ્યાં ક્યાંય પણ રૂપવતી કન્યા દેખાય કે તરત તેના માબાપને પાંચસો સોનામહોર દઈને તેની સાથે લગ્ન કરી લેતો. આમ તે પાંચ સો સ્ત્રીઓનો પતિ બન્યો.

આ બાજુ હાસા-પ્રહાસા નામની બે વ્યન્તરીઓએ પોતાના પતિદેવનું આયુષ્ય પૂર્ણ થતાં તે સ્થાને નવા પતિની શોધ ચાલુ કરી. તેમણે અત્યન્ત કામાર્ત્ત કુમારનન્દીને પસંદ કર્યો. તે બન્નેને જોઈને કુમારનન્દી પણ કામાસક્ત થઈ ગયો. વ્યન્તરીઓએ તેને કહ્યું કે, 'તું પંચશૈલ દ્વીપ ઉપર આવી જા. ત્યાં બધી મજા કરીશું."

ભારે મુશ્કેલીઓ વેઠીને કુમારનન્દી તે દ્વીપે તો પહોંચ્યો પણ વ્યન્તરીઓએ તેને કહ્યું, "મરીને અહીં આવ. એ માટે અનશન કર; અહીં જન્મ લેવાનો સંકલ્પ [નિયાણું] કર અને પછી અગ્નિમાં પડીને બળી મર."

પુનઃ ચંપામાં આવીને કુમારનંદીએ નાગિલ નામના મિત્રને બધી વાત કરી. તેણે આમ ન કરવા માટે બહુ સમજાવ્યો પણ બધી મહેનત નિષ્ફળ ગઈ. કુમારનંદી ખરેખર બળી મર્યો. પણ બિચારાનું પુણ્ય ઓછું પડ્યું. વ્યંતરીઓના પતિ થવાના સ્થાનને પ્રાપ્ત કરવા સુધી તેનું પુણ્ય ન પહોંચ્યું. તે માત્ર ઢોલીઓ-દેવ બન્યો. દેવીઓ નૃત્ય કરે ત્યારે આ બિચારાને ગળે ઢોલ નાંખીને વચમાં ઊભા રહીને નાચવાનું.

કુમારનંદીના બળી મરવાના ગાંડપણથી વિરાગ પામી ગએલો નાગિલ દીક્ષાના માર્ગે ગયો. કાળધર્મ પામીને તે બારમા દેવલોકમાં વિદ્યુન્માલિ દેવ થયો. ત્યાંથી ઉપયોગ મૂકીને તેણે સ્વમિત્રની થયેલી દુર્દશા જાણી. તેની પાસે ગયો. કુમારનંદીનો દેવાત્મા ખૂબ પશ્ચાત્તાપ કરવા લાગ્યો. તેનાથી ઢોલ પીટવાનો અપમાનજનક ત્રાસ ખમાતો ન હતો.

વિદ્યુન્માલિ દેવે તેને કહ્યું, "હવે સમાધિ પામવા માટે એક જ ઉપાય છે; પરમાત્માની અનન્ય અને અકામભાવે ભક્તિ. હાલ તારા પૂર્વભવની ચિત્રશાળામાં જ સાધનાનો સમય પસાર કરતા પરમાત્મા મહાવીરદેવ ધ્યાનસ્થ મુદ્રામાં ઊભા છે. તેવી જ આબેહૂબ પ્રતિમા તૈયાર કરીને તું તેનું વંદન, પૂજન વગેરે કર. તેથી તને ખૂબ સમાધિ પ્રાપ્ત થશે.

કુમારનંદીના દેવાત્માએ તેમ જ કર્યું. તેની વાસના અને દીનતા બેય ઘણા પ્રમાણમાં શાંત થઈ ગયાં.

ક્યાં વાસનાપીડિત કુમારનંદીનો દેવાત્મા ! ક્યાં જ્ઞાનગર્ભવિરાગી નાગિલનો બારમા દેવલોકનો દેવાત્મા ! જેના રૂપને જોવાને પણ કુમારનો દેવાત્મા અસમર્થ હતો. અને તેથી જેને રૂપ સંહરીને વાતો કરવી પડી હતી !

### [૧૪૦] આચાર્ય પ્રદ્યુમ્નસૂરિજીની પ્રભાવકતા

આચાર્ય પ્રદ્યુમ્નસૂરિજી બાલ્યાવયમાં જ વેદ, પુરાણ અને બધાં દર્શનોના પારગામી બની ગયા હતા. વિવિધ ધર્મોના તલસ્પર્શી અભ્યાસ પછી તેમને જૈનધર્મની સર્વોપરીતા સમજાઈ. આથી તેમણે જૈન દીક્ષા લીધી. મુનિજીવનમાં આગળ વધ્યા બાદ તેઓ મહાન શાસનપ્રભાવક બન્યા. તેમણે ચોર્યાસી વાદીઓને જીત્યા હતા. ચોર્યાસી રાજાઓને જૈનધર્મી બનાવ્યા હતા. ચિત્તોડના તલવાડામાં અલ્લટરાજની સભામાં દિગંબરાચાર્યને પરાજય આપ્યો હતો. ત્યાર બાદ તે તેમના શિષ્ય થયા હતા.

### [૧૪૧] આચાર્ય ધનેશ્વરસૂરિજી

આચાર્ય ધનેસ્વરસૂરિજી. તે કનોજના રાજા કર્દમના ધન નામના રાજકુમાર હતા. એક વાર તેમના આખા શરીરે ઝેરી ફોલ્લા થયા તેની વેદના અસહ્ય હતી. કોઈએ આચાર્યદેવ શ્રીમદ્ અભયદેવસૂરિજીના ચરણોને પખાળીને તેનું પાણી ફોલ્લા ઉપર લગાડ્યું. અને ફોલ્લા વિલાઈ ગયા. આથી આ રાજકુમાર ધન તે આચાર્યશ્રીની અભિમુખ થયો. તેમની દેશનાથી વૈરાગ્ય પામીને તેણે દીક્ષા લીધી.

મુનિજીવનમાં આ ધનેશ્વરસૂરિજીએ માત્ર ચિત્તોડમાં અઢાર હજાર બ્રાહ્મણોને પ્રતિબોધીને જૈન બનાવ્યા હતા.

### [૧૪૨] આચાર્ય શીલભદ્રસૂરિજી

આચાર્ય શીલભદ્રસૂરિજીએ બાર વર્ષની નાની વયે દીક્ષા લીધી હતી. દીક્ષાના દિવસથી જ છ્ય વિગઈનો આજીવન ત્યાગ કર્યો હતો. કહેવાય છે કે તે મહાતપસ્વીની દેશના કદી નિષ્ફળ ગઈ નથી.

આ જ આચાર્ય યુગપ્રધાન આચાર્ય ફલ્ગુમિત્ર બન્યા. તેમનો યુગપ્રધાન કાળ - વિ.સં. ૧૦૬૧થી ૧૧૧૦.

### [૧૪૩] વસ્તુપાળની પ્રશસ્ત ચોરી

આચાર્ય માણિક્યચંદ્ર સુરિજી. તેઓ વડવામાં સ્થિરવાસ હતા. એક વાર વસ્તુપાળે તેમને ખંભાત પધારવા વિનંતી કરી; પણ આચાર્યશ્રીએ ઇન્કાર કર્યો.

આથી ખંભાત ખાતેની તેમની પૌષધશાળા (પોસાળ)ના ભંડારમાંથી હાથે કરીને ચોરી કરાવી. હવે તપાસ કરવા માટે તે આચાર્ય શ્રી ખંભાત આવી ગયા. તેમણે આવતાવેંત વસ્તુપાળને બોલાવીને કહ્યું, ''પુણ્યવાન્ ! તમારા રાજમાં આવી ચોરી થાય છે ?'' ઠાવકે મોંએ વસ્તુપાળે જવાબ આપ્યો, ''જી હા, આપને અહીં લાવવા માટે !''

### [૧૪૪] આચાર્ય ધર્મઘોષસૂરિજી

આચાર્ય ધર્મઘોષસૂરિજીએ પોતાના વીસ શિષ્યોને આચાર્ય પદવી આપી હતી. પોતાનો મુનિગણ આચારમાં શિથિલ ન બને તે માટે તેમણે સોળ ગંભીર શ્રાવકોની શ્રમણોપાસક સમિતિ બનાવી હતી. આથી ગચ્છસંભાળ સુંદર થતી હતી. આ સમિતિમાં જગદેવ નામના કવિ અધ્યક્ષપદે હતા. કલિકાલસર્વજ્ઞ ભગવંત શ્રીમદ્ હેમચંદ્રસૂરિજીએ આ જગદેવને તેની બાળવયમાં જ 'બાલકવિ'નું

બિરુદ આપ્યું હતું. આચાર્ય ધર્મઘોષસૂરિજી વર્તમાન શાસનના અઢારમાં નંબરના યુગપ્રધાન આચાર્ય હતા.

**[૧૪૫] સિદ્ધરાજના બે અવગુણ**

એક વાર ખંભાતમાં અગ્નિપૂજકોએ ધમાલ મચાવી. તેમાં એંસી સુન્ની-મુસ્લિમો ઘવાયા કે મરાયા. સત્તાધારીઓએ આંખ આડા કાન કર્યા. પણ શિકારે ગયેલા સિદ્ધરાજને પાટણના રસ્તા વચ્ચે રોકીને એક મુસ્લિમે સઘળી વાત કરી.

કોઈ બહાનું કાઢીને ત્રણ દિવસ માટે સિદ્ધરાજે પાટણ ત્યાગ્યું. તે જાતતપાસ માટે ખંભાત પહોંચ્યો. અપરાધીઓને પકડી પાડ્યા. ચોથા દિવસે પાટણની રાજસભામાં ખડા કરાવીને સખત સજા કરી. તેનામાં ઘણા ગુણો હોવા છતાં બે મોટા અવગુણ હતા; કામુકતા અને અસુભટતા.

તે કહેતો હતો કે કુમારપાળને રાજા થવું હોય તો ભલે થાય પણ મરીને-મારો પુત્ર થઈને જ-તે બની શકે. તેણે પુત્રકામનાથી શત્રુંજય, ગિરનાર, પ્રભાસપાટણની પગપાળા યાત્રાઓ કરી હતી.

પણ અંતે તો કુમારપાળ જ રાજા થયો.

**[૧૪૬] કુમારપાળનો અનુપમ સ્વાધ્યાય-પ્રેમ**

મંત્રીશ્વર કપર્દીની પ્રેરણાથી ગૂર્જરેશ્વર કુમારપાળે રાજનીતિનો અભ્યાસ શરૂ કરવાનું નક્કી કર્યું. અને કામંદકનું નીતિશાસ્ત્ર શરૂ કર્યું. રોજ બપોરે એક કલાક તેઓ શાસ્ત્રીજી પાસે બેસતા. એક દિવસ તે જ સમયે મંત્રીશ્વર કપર્દી ત્યાં આવી ચડ્યા. તેઓ પણ નીતિશાસ્ત્ર સાંભળવા બેઠા. થોડી વારમાં શાસ્ત્રીજીએ કહ્યું, ‘‘મેઘથી પણ વિશેષ રાજા છે.’’ આ વાક્ય સાંભળીને ગૂર્જરેશ્વર બોલ્યા, ‘‘રાજાની સાથે મેઘનું કેવું સરસ ઔપમ્ય ! વાહ !’’

આ સાંભળતાં જ કપર્દીને મનમાં આંચકો લાગ્યો, કેમ કે ગૂર્જરેશ્વર દ્વારા બોલાયેલા વાક્યમાં વ્યાકરણની ગંભીર ભૂલ થઈ હતી. શાસ્ત્રીજીના ગયા બાદ કપર્દીએ ગૂર્જરેશ્વરને કહ્યું, ‘‘રાજા વિનાની ધરતી હજી ચાલે; પણ મૂર્ખ રાજા કદાપિ ન ચાલે. ગૂર્જરેશ્વર, તમે ‘‘ઔપમ્ય’’ શબ્દનો અસ્થાને પ્રયોગ કર્યો. ‘રાજાની સાથે મેઘની કેવી સુંદર ઉપમા !’ એમ તમારે બોલવું જોઈએ.’’

ગૂર્જરેશ્વરે એ જ વખતે ગાંઠ વાળી કે મોટી ઉંમર થઈ છે તોય મારે હવે વ્યાકરણ ભણી જ લેવું છે.’’

સારા મુહૂર્તે તેમણે વ્યાકરણનો અભ્યાસ શરૂ કરી દીધો. એક જ વર્ષમાં તેમણે સંસ્કૃત ભાષા ઉપર પ્રભુત્વ મેળવી લીધું. ત્યાર બાદ તેમણે ‘‘આત્મનિંદા, દ્વાત્રિંશિકા’’ની સંસ્કૃત ભાષામાં રચના કરી.

## [૧૪૭] કુમારપાળની દિનચર્યા

ગૂર્જરેશ્વર કુમારપાળની દિનચર્યા 'કાંઈક' આવી હતી. તેઓ મંગલપાઠથી જાગતા હતા. પછી નમસ્કાર-મંત્રનો જપ કરતા. બાદ વીતરાગસ્તોત્ર અને યોગશાસ્ત્રના બત્રીસ પ્રકાશોનું (દાંત બત્રીસ છે માટે ?) સ્વાધ્યાયરૂપ ભાવમંજન કરતા. ત્યાર બાદ જિનમંદિરે દર્શન, ચૈત્યવંદન કરતા. પછી કુમારવિહારની ચૈત્યપરિપાટી કરતા. પછી ગૃહમંદિરમાં ભોજન-નૈવેદ્ય ધરીને જમતા. સાંજે ઘર-દેરાસરમાં અંગરચના સામે આરતી, દીવો અને પ્રભુભક્તિ કરતા. રાત્રે મહાપુરુષોના જીવન ઉપર ચિંતન કરતા સૂઈ જતા.

તેઓ આઠમ, ચૌદસે એકાસણું કરતા; સવાર-સાંજ સામાયિક કરતા; તેમાં સંપૂર્ણ મૌન રાખતા.

## [૧૪૮] કુમારપાળને હેમચન્દ્રાચાર્યજીનો ઠપકો

પોતાને મુનિ-જીવનનો યોગ અને ક્ષેમ (રક્ષા) પ્રાપ્ત થાય તે માટે ગૂર્જરેશ્વર તમામ સાધુ-ભગવંતોને ખૂબ ઉત્સાહથી વંદન કરતા. પણ એક દી શિથિલતાવાળા સાધુનેય તેમણે વંદન કર્યું. નાડોલના કોઈ યુવરાજે આ જોયું. તેણે વાંધો લીધો અને કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રસૂરિજી મહારાજને જણાવ્યું. તેઓએ ગૂર્જરેશ્વરને તેમ કરવાની ના પાડી. ગૂર્જરેશ્વરે ફરી તેવી ભૂલ નહિ થવાની ખાત્રી આપી.

## [૧૪૯] પ્રજાવત્સલ રાજા વીરધવળ

વિ. સં. ૧૨૯૪માં રાજા વીરધવળનું મૃત્યુ થયું. તે એટલો બધો પ્રજાવત્સલ હતો કે તેના મૃત્યુ દ્વારા થયેલા વિરહથી ત્રાસી ઊઠેલા એક સો વીસ માણસો તેની ભડભડ જલતી ચિતામાં કૂદી પડ્યા હતા. હજી પણ વધુ જાનહાનિ ન થાય તે માટે સરકાર તરફથી તાત્કાલિક પાકો બંદોબસ્ત કરી લેવામાં આવ્યો.

## [૧૫૦] રાજા ધંધૂક અને કરોડપતિ જૈનો

રાજા ધંધૂક પરમારના શાસનમાં આબુની તળેટીમાં આવેલી ચન્દ્રાવતી નામની નગરીમાં ૪૪૪ જિનમંદિરો હતાં; ૯૯૯ શિવાલયો હતાં; ૩૬૦ કરોડપતિઓ વસતા હતા. આ કરોડપતિઓ હંમેશ વારાફરતી આબુનાં જિનાલયોમાં પૂજા ભણાવતા. પોતાના ગામના નવા આગંતુક જૈનને એક ઈંટ, નળિયું, થાળી, રૂપિયો આપીને એક જ દિવસમાં ધનાઢ્ય બનાવી દેતા. વિ. સં. ૧૫૦૦ પછી અહમદશાહે ચન્દ્રાવતી ભાંગી. તેનો ઘણો માલ તે અમદાવાદ લઈ ગયો.

## [૧૫૧] કુમારપાળનો શાસ્ત્રપ્રેમ

પરમાર્હત્ કુમારપાળે સાત સો લહિયાઓ બેસાડીને ૪૫ આગમોના અનેક સેટ લખાવ્યા હતા. પંચાંગી સહિત આગમોની સોનાની શાહીથી સાત પ્રતો લખાવી હતી. સિદ્ધહેમ વ્યાકરણ તથા ત્રિષષ્ટિ-શલાકાપુરુષ ચરિત્રની દરેકની ૨૧ પ્રતો લખાવી હતી.

## [૧૫૨] સિદ્ધરાજ અને દેવપ્રસાદ

કર્ણદેવ સિદ્ધરાજને પોતાના પછી રાજા બનાવવા ઈચ્છતા હતા. પણ તેમને ભય હતો કે તેમનો ભત્રીજો દેવપ્રસાદ તેમાં વાંધો લેશે. આ વાતની દેવપ્રસાદને ખબર પડી. તેણે કર્ણદેવની શંકા નિર્મૂળ કરવા માટે પોતાનો પુત્ર ત્રિભુવનપાળ (કુમારપાળના પિતા) સિદ્ધરાજ અને કર્ણદેવને સોંપી દીધો અને પછી પોતે એકાએક અગ્નિસમાધિ લઈ લીધી.

કર્ણ મૃત્યુ પામ્યા ત્યારે સિદ્ધરાજની ઉંમર માત્ર આઠ વર્ષની હતી. આથી રાજમાતા મીનળદેવીએ ઘણાં વર્ષો સુધી રાજનો કારભાર ચલાવ્યો. કલિકાલસર્વજ્ઞ ભગવંતના ઉપદેશથી તેના સમયમાં વર્ષમાં એંસી દિવસ સમગ્ર રાજમાં અમારિપ્રવર્ત્તન જાહેર કરાયું હતું. સિદ્ધરાજને ત્રિભુવનપાળ (કુમારપાળના પિતા) સાથે ગાઢ મૈત્રી હતી.

## [૧૫૩] વિમળમંત્રીની પ્રામાણિકતા

જ્યારે મન્ત્રીશ્વર વિમળે આબુના પહાડ ઉપર જિનાલય બાંધવા માટે બ્રાહ્મણો પાસે જમીન માંગી ત્યારે તેમણે કહ્યું, "જોઈએ તેટલી જમીન સોનામહોરો પાથરીને લઈ લો."

સોનામહોરો ગોળ હતી. તે જો પથરાય તો દરેક બે ગોળ સોનામહોરની વચ્ચે થોડી જમીન સોનામહોર વિનાની રહી જાય. અને તે મફતમાં લઈ લીધી કહેવાય. એ વિચારથી વિમળે ગોળ સોનમહોરોને ઓગાળીને ચોરસ પડાવી. અને પછી અડોઅડ સમગ્ર જમીન ઉપર ગોઠવીને જમીનની ખરીદી કરી. એક મહોરના જો ૨૫ રૂ. ગણવામાં આવે તો તે જમીનની કિંમત ૪ કરોડ, ૫૩ લાખ, ૬૦ હજાર રૂ. થઈ હતી એમ કહી શકાય.

## [૧૫૪] ભીલડિયાજીની આગ અને સોમપ્રભસૂરિની ગીતાર્થતા

તપાગચ્છના આચાર્યશ્રી સોમપ્રભસૂરિજી (આચાર્યપદ વિ. સં. ૧૩૩૨)એ જ્ઞાનબળથી જાણ્યું કે નજીકના જ ભાવિમાં ભીલડીયાજી નગરનો નાશ થનાર છે. તે વખતે તેઓ ત્યાં જ ચોમાસું વિતાવતા હતા. તે ચોમાસામાં બે કાર્તિક

માસ હતા. તેમણે પહેલા કાર્તિક સુદ પૂનમે ચાતુર્માસની પૂર્ણાહુતિ ગણી લઈને-તત્રસ્થ અન્ય આચાર્યોનો વિરોધ છતાં-વિહાર કર્યો. તેમની સાથે જે ગૃહસ્થો નીકળી ગયા તેમણે રાધનપુર શહેર વસાવ્યું. બીજા કાર્તિક માસમાં ભીલડીયામાં ભયાનક આગ લાગતાં ઘણા મુનિઓ પણ ભડથું થઈ ગયા.

**[૧૫૫] શાંતિસૂરિજી અને મુનિચન્દ્રસૂરિજી**

બનાસકાંઠાના રાધનપુરની પાસે આવેલા ઉણના શેઠ ધનદેવનો પુત્ર ભીમ હતો. તેના લલાટનું તેજ જોઈને આચાર્ય વિજયસિંહસૂરિજી ચકિત થઈ ગયા હતા. તેમણે ધનદેવ પાસે ભીમની માગણી કરી. ભારે આનંદથી ધનદેવે ભીમને સુપરત કર્યો. યોગ્ય સમયે તેને દીક્ષા આપવામાં આવી. ભવિષ્યમાં તે શાન્તિસૂરિજી નામના પ્રખર શાસનપ્રભાવક જૈનાચાર્ય બન્યા. તેમને ગચ્છનો ભાર સોંપીને ગુરુ સ્વર્ગે સિધાવ્યા.

એક રાત્રે તેઓ દેવી સરસ્વતીજીના મંત્રનો જપ કરતા હતા ત્યારે દેવીએ આશિષ આપી કે, "જે વાદમાં તમે હાથ ઊંચો રાખીને વાદ કરશો તેમાં તમને અચૂક વિજય મળશે."

એક વાર ધનપાલ કવિએ રચેલા તીલકમંજરી નામના કાવ્યનું સંશોધન કરવા માટે તેઓ ધારાનગરીમા પધાર્યા.

ધારાના રાજા ભોજે વિજયશાન્તિસૂરિજીને કહ્યું કે, "તમે મારા જેટલા વાદીઓને જીતશો તેટલા લાખ દ્રમ્મ તમને આપીશ." જોતજોતામાં ચોર્યાસી વાદીઓને જીતી લીધા. આ પરાજયો સાંભળીને આચાર્યશ્રીને હરાવવા માટે ચારે બાજુથી ધારામાં વાદીઓ આવવા લાગ્યા. કુલ બીજા પાંચ સો વાદી ભેગા થઈ ગયા. દરેક પોતાનું પાણી બતાવવા અધીરા થઈ ગયા.

પણ કવિ ધનપાળે રાજાને ચેતવી દીધા કે "શાંતિસૂરિજીને કોઈ વાદી જીતી શકે તેમ નથી અને તમે જો દરેક વાદી દીઠ મોટી રકમનું દાન કરશો તો તિજોરી તળિયાઝાટક થઈ જશે."

ભોજ સમજી ગયો. તેણે શાંતિસૂરિજીને 'વાદિવેતાલ' બિરુદ આપ્યું, દાનમાં અપાયેલા ચોર્યાસી લાખ દ્રમ્મનાં ધારામાં જિનમંદિરો બનાવાયાં.

એકદા તેઓ પાટણમાં પોતાના બત્રીસ શિષ્યોને અધ્યયન કરાવતા હતા, તે વખતે પાછળ મુનિચંદ્રસૂરિજી (ભાવી) બેસી ગયા. બૌદ્ધોના પ્રમેય-વાદની વાચના અપાતી હતી. લગાતાર દસ દિવસ સુધી તે જ વિષય ઉપર વાચના ચાલી. પોતાના શિષ્યોને તેની યથાયોગ્ય. ધારણા ન થતાં શાંતિસૂરિજી થોડાક ઉદાસ થયા. તે વખતે પાછળ બેઠેલા મુનિચંદ્રજીએ તે આખી વાચના સંભળાવી

દીધી. તેમની આવી અજોડ ધારણાશક્તિ જોઈને શાંતિસૂરિજી ઊભા થઈને તેમને વહાલથી ભેટી પડ્યા. એમણે કહ્યું, "તમે જૈનશાસનનું છૂપું અમૂલખ રત્ન છો."

તે સમયે પાટણમાં સંવિગ્ન મુનિઓને સ્થાન ન હતું. મુનિ ચંદ્રવિજયજી તો સંવિગ્ન પરંપરાના સાધુ હતા. એટલે તેમને સુંદર અભ્યાસ કરાવવા માટે ચૈત્યવાસી પરંપરાના આચાર્ય શ્રી શાંતિસૂરિજીએ ટંકશાળની પાછળ ગુપ્ત રીતે રાખ્યા ને છ દર્શનોનો અભ્યાસ કરાવ્યો. (વિ. સં. ૧૦૯૪)

આચાર્ય શ્રી શાંતિસૂરિજીએ પોતાના જીવનકાળમાં ચારસો પંદર રાજકુમારોને જૈનધર્મી બનાવ્યા એ સાતસો શ્રીમાળી કુટુંબોને મૃત્યુના મુખમાંથી બચાવીને જૈનધર્મના દૃઢ અનુરાગી કર્યા હતા.

**[૧૫૬] દ્રોણાચાર્યજી અને સૂરાચાર્યજીની દાંડી**

દ્રોણાચાર્યજીના શિષ્ય સૂરાચાર્યજી હતા. એક વાર તેઓ શિષ્યોને પાઠ આપતા હતા. તેમા જ્યારે તેઓ ગુસ્સે ભરાય ત્યારે શિષ્યોને ઓઘાની દાંડી મારી દે. આમાં કેટલીય દાંડીઓ તૂટી ગઈ. આથી એક વાર તેમણે મારવા માટે લોઢાની દાંડી મંગાવી. આ વાતની ગુરુ દ્રોણાચાર્યને ખબર પડી. તેમણે સ્વશિષ્ય સૂરાચાર્યજીને ઠપકો આપતાં કહ્યું કે, "આવું હિંસક શસ્ત્ર હાથમાં પણ ન લેવાય; તો મારવાની તો વાત ક્યાં રહી ?"

સૂરાચાર્યજીએ કહ્યું કે, "તેઓ પોતાનું બધું જ્ઞાન શિષ્યોને આપવા માગે છે અને તેથી જ તેઓ આવી દાંડીનો ઉપયોગ કરે છે."

તેમની આ વિચિત્ર વાત ઉપર ગુરુજીએ કહ્યું કે, "આ તો તારા જ્ઞાનનું અજીર્ણ જણાય છે. જેની જેવી પાત્રતા હોય તે જ પ્રમાણે તે વ્યક્તિને જ્ઞાન દેવાય. મારપીટ કરવાથી કાંઈ ન વળે. જો તને તારા જ્ઞાનનું અભિમાન જ હોય તો તે શિષ્યો ઉપર બતાવવા કરતાં તું ધારાનગરીના રાજા ભોજની સભામાં જઈને ત્યાંના મોટા પંડિતોની સામે બતાવે તો હજી કાંઈક અર્થ સરે.

ગુરુના ટોણાને સૂરાચાર્યજીએ વધાવી લીધો. જ્યાં લગી ધારાના તમામ પંડિતોને જીતું નહિ ત્યાં લગી છ વિગઈના ત્યાગની પ્રતિજ્ઞા કરીને તેઓએ ધારાનગરી તરફ વિહાર કર્યો. ગુરુએ અંતઃકરણની આશિષ આપી અને સાચે તેમ જ થયું. ધારામાં સૂરાચાર્યજીએ બોલાવેલ ઝંઝાવાતી ઝપાટા સામે કોઈ પંડિત ઊભો રહી શક્યો નહિ.

**[૧૫૭] સૂરાચાર્યજી અને રાજા ભોજનું ષડ્‌યંત્ર**

એક વાર રાજા ભોજે એક હજાર પંડિતોને ભેગા કર્યા અને કહ્યું કે, "સત્ય એક જ છે; હજાર નહિ. તમે બધા જુદાં જુદાં સત્યોની વાત કરો છો તે ન ચાલે. તમે બધા ભેગા થઈને એકમતે એક જ સત્ય જાહેર કરો નહિ ત્યાં સુધી હું તમને નજરકેદ રાખીશ."

પંડિતો ભારે વિમાસણમાં પડી ગયા. તેમણે જૈનાચાર્ય સૂરાચાર્યજીને ખબર મોકલ્યા. તેમને પણ આ બીના સાંભળીને બહુ દુઃખ થયું, તેઓએ ભોજ પાસે આવીને કહ્યું કે, "હું હવે ધારામાંથી વિહાર કરું છું. રાજા ભીમને હું જણાવીશ કે ધારાના એ હજાર પંડિતોને નજરકેદ કરી રાજા ભોજે ખૂબ જ ખરાબ કામ કર્યું છે."

ભોજે કહ્યું, "આચાર્યશ્રી, તમે મને એકતા કરી આપો. એકતા સાથે મારે કામ છે."

સૂરાચાર્યજીએ કહ્યું, "રાજન્ ! બધા ધર્મોની હું આજે જ એકતા કરી આપું, જો તમે નગરના બધા ચૌટાઓ દૂર કરીને એક જ કરી દો; જો તમે બધાં બજારોનું એક જ જગા ઉપર એક જ બજાર કરી દો; જો તમે તે બજારોના તે તે માલની વિવિધતાઓ દૂર કરીને દરેક બજારમાં એક જ માલ મૂકવાની આજ્ઞા કરી દો તો."

ભોજે કહ્યું કે, "તે તો ધરાર અશક્ય છે." ત્યારે સૂરાચાર્યજીએ કહ્યું કે, "લોકો ભિન્ન ભિન્ન રુચિવાળા અને ભિન્ન ભિન્ન કક્ષાના વિકાસવાળા છે. જેનામાં દયાનો ભારે પ્રેમ હોય તે જૈનધર્મ પાળે; ભોજનનો શોખીન કૌલધર્મ પાળે, વ્યવહારનો ઇચ્છુક વેદધર્મ પાળે; મોક્ષેચ્છુ નિરંજનદેવને માને..... આમાં બધા પાસે એક જ ધર્મનો આગ્રહ કદી રાખી શકાય નહિ.

રાજા ભોજને આ વાત બરોબર ગળે ઊતરી ગઈ. તેણે તમામ પંડિતોને મુક્ત કર્યા.

છતાંય કેવી કમનસીબીની વાત છે કે રાજસભામાં સૂરાચાર્યજીની વારંવાર ઉત્કૃષ્ઠતા જાહેર થતી હોવાથી ઈર્ષ્યાથી પ્રેરાઈને રાજા ભોજે તેમને મારી નાખવાનું ષડ્‌યંત્ર ગોઠવ્યું.

કવિરત્ન ધનપાળે ગુરુદેવને પોતાના ભોંયરામાં સંતાડીને તક મળતાં પાટણ તરફ વિહાર કરાવી દઈને ષડયંત્ર નિષ્ફળ બનાવ્યું.

આ કટોકટીના સમયમાં સૂરાચાર્યજીના જીવની રક્ષા માટે પાટણના હજારો જૈનોએ રોજ આયંબિલનો તપ અને મંત્ર જપ શરૂ કરી દીધા હતા.

## [૧૫૮] અનુપમા દેવી ષડ્દર્શનમાતા

ચંદ્રાવતીનગરીના શેઠ ધરણિંગની દીકરી અનુપમા હતી. તેનું સગપણ તેજપાળ સાથે થયું હતું. તેના કદરૂપાપણાની તેજપાળને ખબર પડતાં તેણે સગપણ તોડવા ઘણા નિષ્ફળ પ્રયત્નો કર્યા હતા, પણ લગ્ન તો થઈને જ રહ્યું. તેનાં પનોતાં પગલાં થતાં જ ઘરમાં સર્વ પ્રકારે ઉન્નતિ થવા લાગી. વળી દરેક વાતમાં તેની સલાહ ખૂબ ઉપયોગી નીવડવા લાગી. તેથી અનુપમા સર્વને પ્રિય થઈ પડી.

જિનમંદિરોના સુંદર અને ઝડપી નિર્માણમાં તેનો જ સૌથી મોટો ફાળો હતો. તે જાતે કારીગરો ઉપર દેખરેખ રાખતી; તેમના આરોગ્ય વગેરેની પણ ચિંતા કરતી. તેમને છૂટા હાથે મજૂરી આપવા ઉપરાંત દાન આપતી. તમામ કોમના દીન-દુઃખિતોને તે જે ઉદારતાથી અનુકમ્પા-દાન કરતી તેના કારણે તેને સહુ 'ષડ્દર્શનમાતા' કહેતા.

## [૧૫૯] વસ્તુપાળ-તેજપાળની ચતુરાઈ

દિલ્હીના બાદશાહ અલ્તમશ શમસુદ્દીન (વિ.સં.૧૨૬૬થી ૧૨૯૩)ના સેનાપતિ ઘોરી ઇસપને વિ. સં. ૧૨૮૩માં ગુજરાતના રાજવીઓનું અભૂતપૂર્વ સંગઠન કરીને વસ્તુપાળ-તેજપાળ બંધુઓએ સખત નામોશીભરી હાર આપીને ભગાડ્યો હતો. વસ્તુપાળને ભય હતો કે આ પરાજયનું વેર વાળવા ખુદ બાદશાહ મોટું સૈન્ય લઈને ગુજરાત ઉપર તૂટી પડશે તો ? તેની સામે ટકવું ખૂબ મુશ્કેલ હતું.

વસ્તુપાળ બંધુઓએ બીજી રીતે બાદશાહને વશ કરી લેવાની યોજના ઘડી. બાદશાહની બેગમ પ્રેમકલા નાગોરના સંઘપતિ શેઠ પુનડને પોતાનો 'ભાઈ' માનતી હતી. તેણે સંઘ કાઢ્યો ત્યારે ધોળકામાં તેનું અતિ ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું.

બાદશાહની માતા કુશીદા બેગમ મક્કાની હજ કરવા ગઈ ત્યારે હાથે કરીને - પોતાના જ માણસો દ્વારા - વસ્તુપાળે તેનાં વહાણો લૂંટાવ્યાં અને પછી પોતે જ ચોરોને પકડવાની સખત મહેનત કર્યાનો દેખાવ કરીને માલ પાછો અપાવ્યો. આથી કુશીદા બેગમ વસ્તુપાળ ઉપર ખૂબ ફિદા થઈ. તેણે દિલ્હીમાં પોતાના પુત્ર-બાદશાહ પાસે-આ બે ભાઈઓની ખૂબ પ્રશંસા કરી. બાદશાહે તેમની સાથે ગાઢ મૈત્રી બાંધી અને જોઈએ તે માંગવા જણાવ્યું. વસ્તુપાળે કહ્યું,"આપ કદી ગુજરાત ઉપર યુદ્ધ ન કરો એ મારી પહેલી માગણી છે અને આપની મૂલ્યવાન ખાણમાંથી મને આરસપહાણના ટુકડા અપાવો, જેમાંથી મારે મારા ભગવાનની પ્રતિમા બનાવવી છે."

બાદશાહે બન્ને વાત કબૂલ રાખી !

શ્રાવકરત્ન બંધુઓની કેવી અદ્ભુત બુદ્ધિમત્તા !

**[૧૬૦] વસ્તપાળનો સંઘ**

વસ્તુપાળના સંઘમાં અન્ય ગચ્છોના મળીને કુલ સાત સો આચાર્યો હતા, એકવીસ સો સાધુઓ હતા અને સાત લાખ માનવો હતા.

**[૧૬૧] વસ્તુપાળની કુનેહ**

પોતાના મહત્ત્વના સ્થાન વગેરેના કારણે વસ્તુપાળે અજૈન લોકોને મંદિર, મસ્જિદ, વાવ, કૂવા, તળાવ વગેરે પણ બાંધી આપ્યાં હતાં. પરંતુ બીજા જૈનો તેમ કરે તો તેઓ વાંધો લઈને કહેતા કે, ''આ કાર્ય તમારા માટે નથી.'' એક જૈને આવું જ કાંઈક કર્યું હતું તો તેને ઠપકો પણ આપ્યો હતો.

**[૧૬૨] વસ્તુપાળ-તેજપાળના જીવનની તવારીખ**

વસ્તુપાળ-તેજપાળ બંધુઓએ પોતાના જીવનકાળમાં નીચે પ્રમાણે જિનાલયો વગેરે બંધાવ્યાં હતાં :

* ૧૩૦૪ જિનમંદિરો * ૨૩૦૦ જિનાલયોના જીર્ણોદ્ધાર. * સવા લાખ જિનબિંબો. * ૯૮૪ ઉપાશ્રયો. * ૭૦૦ પાઠશાળા. * ૩૦૦૨ અજૈન મંદિરો. * ૭૦૦ મઠ. * રોજ ૫૦૦ વેદપાઠી કુટુંબોને ભોજનવ્યવસ્થા. * દર વર્ષે ત્રણ વાર વિપુલ દ્રવ્યથી સંઘપૂજા. * ૬૪ મસ્જિદ. * ૮૪ તળાવ. * ૬૩૪ વાવ. * ૭૦૦ કૂવા. * કુટુંબીની પાંચમ અને અગિયારસની આરાધના નિમિત્તના ઉજમણામાં પાંચ તથા અગિયાર નિર્ધન જૈનોને લખપતિ બનાવ્યા. * સાત કરોડના વ્યયના જ્ઞાનભંડારો. * સર્વ સિદ્ધાન્તની એકેકી નકલ સોનાની શાહીથી લખાવી. * તીર્થાધિરાજશ્રી શત્રુંજય, ગિરનાર, આબુ ઉપર અબજોનો દ્રવ્ય-વ્યય. અઢાર વર્ષમાં કુલ વીસ અબજ તોંતેર કરોડ અને અઢાર લાખનું દ્રવ્ય ધર્મમાર્ગે ખર્ચ્યું.

**[૧૬૩] જગડૂશાહની ઉદારતા**

જગડૂશાહના દરિયાકાંઠેના વેપાર ઉપર ધ્યાન આપવા માટે તેમણે જયંતસિંહ નામના ભાઈને કાંઠા ઉપર મુનીમ તરીકે રાખ્યો હતો. ખંભાતના તુર્કી જહાજોનો વડો પણ તે રીતે ત્યાં રહેતો હતો. એક વાર વહાણોમાંથી ઊતરેલા માલની કોઈ શિલા ઉપર તેમની નજર પડી. બન્ને મુનીમોની માગણી થતાં તેની હરાજી બોલાઈ. છેવટે શેઠનો વટ જાળવવા ખાતર જયંતસિંહે ત્રણ લાખમાં તે શિલા મેળવી. જગડૂશાહે પગ ધોવાના પથ્થર તરીકે તે શિલાને ઘરના પ્રવેશદ્વાર પાસે મુકાવી દીધી.

કોઈક વાર ત્યાં કોઈ સંન્યાસી આવી ચડ્યા. તેણે તે શિલા જોઈ. જગડૂશાહને તે શિલા તોડવા જણાવ્યું. તેમ કરતાં તેમાંથી અતિ મૂલ્યવાન રત્નો નીકળ્યાં.

વિ.સં. ૧૩૧૩, ૧૩૧૪, ૧૩૧૫ની સાલમાં આવનારા લગાતાર ભયાનક દુકાળની આગાહી જૈનાચાર્ય પરમદેવે કરી. શક્ય એટલો વધુ અનાજ વગેરેનો સંગ્રહ કરી લેવાની પ્રેરણા થઈ.

દુકાળના કારમા મહિનાઓ શરૂ થતાં જગડૂશાહે એક સો દાનશાળાઓ ચાલુ કરી દીધી. તે સિવાય પણ છૂટા હાથે દાન દેવાનું શરૂ કર્યું. તે તે પ્રદેશોના રાજાઓ પણ અનાજ માંગવા આવ્યા ત્યારે તેમની રૈયત માટે તેમને પણ પુષ્કળ અનાજ આપ્યું.

કુલ આઠ અબજ અને સાડા છ કરોડ મણ અનાજનું દાન દેવાયું.

જ્યારે જગડૂશાહ મૃત્યુ પામ્યા ત્યારે ભારતભરમાં શોક વ્યાપી ગયો. દિલ્હીના શાહે તેના માનમાં ભરસભામાં માથેથી મુગટ ઉતાર્યો; સિંધપતિએ બે દિવસ અન્ન-પાણી ત્યાગ્યાં; રાજા અર્જુનદેવ પુષ્કળ રડ્યા.

**[૧૬૪] દ્વારિકાનું દહન**

જ્યારે બારમું વર્ષ આવ્યું ત્યારે લોકોએ વિચાર્યું કે, "આપણા તપથી દ્વૈપાયન ભ્રષ્ટ થઈ નાસી ગયો અને આપણે જીવતા રહ્યા, માટે હવે આપણે સ્વેચ્છાએ રમીએ.

પછી મદ્યપાન કરતા અને અભક્ષ્ય ખાતા તેઓ સ્વેચ્છાએ ક્રીડા કરવામાં પ્રવર્ત્યા. તે વખતે છિદ્રને જોનારા દ્વૈપાયનને અવકાશ મળ્યો, એટલે તેની કટુ દૃષ્ટિથી તત્કાળ કલ્પાંત કાળની જેવા અને યમરાજાના દ્વાર જેવા વિવિધ ઉત્પાતો દ્વારકામાં ઉત્પન્ન થયા.

આકાશમાંથી ઉલ્કાપાત નિર્ધાર થવા લાગ્યો. પૃથ્વી કંપવા લાગી, ગૃહોમાંથી ધૂમકેતુને વિડંબના પમાડે તેવા ધૂમ છૂટવા લાગ્યા. અંગારાની વૃષ્ટિ થવા લાગી, સૂર્યમંડળમાં છિદ્ર જોવામાં આવ્યું, સૂર્ય, ચંદ્રના અકસ્માત ગ્રહણો થવા લાગ્યા. મહેલોમાં રહેલી લેપમય પૂતળીઓ અટ્ટહાસ કરવા લાગી, ચિત્રમાં આલેખેલા દેવતાઓ ભૃકુટિ ચઢાવીને હસવા લાગ્યા અને નગરીમાં પણ હિંસક જાનવરો વિચરવા લાગ્યાં.

એ વખતે તે દ્વૈપાયન દેવ પણ અનેક શાકિની, ભૂત અને વેતાલ વગેરેથી પરવર્યો. નગરીમાં ભમવા લાગ્યો. નગરજનો સ્વપ્નોમાં રક્તવસ્ત્ર અને રક્ત

વિલેપનવાળા, કાદવમાં મગ્ન થયેલા અને દક્ષિણાભિમુખ ખેંચાતા પોતાના આત્માને જોવા લાગ્યા. રામ અને કૃષ્ણના હળ અને ચક્ર વગેરે આયુષ્ય રત્નો નાશ પામી ગયાં.

પછી દ્વૈપાયને સંવર્ત્ત વાયુ વિકુર્વ્યો. તે વાયુએ કાષ્ઠ અને તૃણ વગેરે સર્વ તરફથી લાવી લાવીને નગરીમાં નાખ્યા અને જે લોકો ચારે દિશાઓમાં નાસવા માંડ્યા તેઓને પણ પાછા નગરીમાં લાવી લાવીને નાખ્યા. વળી તે પવને આઠે દિશાઓમાંથી વૃક્ષોને ઉન્મૂલન કરી લાવીને સમગ્ર દ્વારકા નગરીને કાષ્ઠ વડે પૂરી દીધી અને સાઠ કુલકોટિ બહાર રહેનારા અને બોંતેર કુલકોટિ દ્વારકામાં રહેનારા એમ સર્વ યાદવોને દ્વારકામાં એકઠા કરીને એ દ્વૈપાયન અસુરે અગ્નિ પ્રકટ કર્યો. એ અગ્નિ પ્રલયકાળના અગ્નિની જેમ પોતાના ઘાટા ધુમાડાથી બધા વિશ્વમાં અંધકાર કરતો, ધગ ધગ શબ્દ કરતો પ્રજ્વલિત થયો. બાળકથી તે વૃદ્ધ સુધીના બધા લોકો જાણે બેડી વડે કેદ કરેલા હોય તેમ એક પગલું પણ ત્યાંથી ચાલવાને સમર્થ થયા નહીં. સર્વે પિંડાકાર પણ એક થઈ ગયા.

તે વખતે બળદેવે અને શ્રીકૃષ્ણે વસુદેવ, દેવકી અને રોહિણીને અગ્નિમાંથી બહાર કાઢવાને માટે રથમાં બેસાડ્યા. પણ વાદી જેમ સર્વેને સ્તંભિત કરે તેમ દેવતાએ સ્તંભિત કરેલા અશ્વો અને વૃષભો ત્યાંથી જરા પણ ચાલી શક્યા નહિ. પછી રામ, શ્રીકૃષ્ણ, ઘોડા અને વૃષભને છોડી દઈને પોતે જ તે રથને ખેંચવા લાગ્યા. એટલે તે રથની ધરી તડ તડ શબ્દ કરતી લાકડાના કકડાની જેમ ભાંગી પડી. તથાપિ તેઓ 'હે રાજા બળદેવ ! હે કૃષ્ણ ! અમારું રક્ષણ કરો.' એમ દીનપણે પોકાર કરતા માતાપિતાને બચાવવા માટે અતિ સામર્થ્યથી તે રથને માંડ માંડ નગરના દરવાજા પાસે લાવ્યા. એટલામાં તેનાં બંને કમાડ બંધ થઈ ગયાં. રામે પગની પાનીના પ્રહારથી તે બન્ને કમાડને લીલામાત્રમાં ભાંગી નાખ્યાં. તથાપિ જાણે પૃથ્વીએ ગ્રસ્ત કર્યો હોય તેમ જમીનમાં ખૂંચી ગયેલો રથ બહાર નીકળી શક્યો નહીં.

તે વખતે દ્વૈપાયનદેવે આવીને કહ્યું, "અરે બળદેવ-શ્રીકૃષ્ણ તમને આ શો મોહ થયો છે ? મેં તમને પૂર્વે કહ્યું હતું કે તમારા વિના બીજા કોઈનો અગ્નિમાંથી મોક્ષ થયો નથી. કારણ કે મેં તેને માટે મોટું મહાતપ વેચી દીધું છે અર્થાત્ નિયાણા વડે નિષ્ફળ કરી નાંખ્યું છે."

તે સાંભળીને તેમનાં માતાપિતા બોલ્યાં, "હે વત્સો ! હવે તમે ચાલ્યા

જાવ, તમે બે જીવતા રહેશો તો બધા યાદવો જીવતા જ છે. માટે હવે વધારે પુરુષાર્થ કરો નહિ, તમે તો અમને બચાવવા માટે ઘણું કર્યું. પરંતુ ભવિતવ્યતા બળવાન અને દુર્લભ છે. અમે અભાગિયાઓએ પ્રભુની પાસે દીક્ષા લીધી નહીં, તો હવે અત્યારે અમે અમારા કર્મનું ફળ ભોગવીશું.''

તેમણે આ પ્રમાણે કહ્યું તો પણ જ્યારે બળદેવ અને શ્રીકૃષ્ણ તેમને મૂકીને ગયા નહીં, ત્યારે વાસુદેવ, દેવકી અને રોહિણીએ કહ્યું કે, ''અત્યારથી અમારે ત્રિજગદ્‌ગુરુ શ્રી નેમિનાથનું જ શરણ છે. અમે ચતુર્વિધ આહારના પચ્ચખાણ કરીએ છીએ. અને શરણેચ્છુ એવા અમે અર્હત્‌, સિદ્ધ, સાધુ અને અર્હત્‌ કથિત ધર્મનું શરણ અંગીકાર કરીએ છીએ. અમે કોઈના નથી અને કોઈ અમારું નથી.'' આ પ્રમાણે આરાધના કરીને તેઓ નવકારમંત્રના ધ્યાનમાં તત્પર થયા. એટલે દ્વૈપાયને તેમની ઉપર અગ્નિના મેઘની જેમ અગ્નિ વર્ષાવ્યો, જેથી તે ત્રણે તત્કાળ મૃત્યુ પામીને સ્વર્ગે ગયાં. પછી બળદેવ અને શ્રીકૃષ્ણ નગરીની બહાર નીકળી જીર્ણોદ્યાનમાં ગયા અને ત્યાં ઊભા રહીને બળતી દ્વારકાને જોવા લાગ્યા.

દ્વારકા અગ્નિ વડે બળવાથી માણેકની દીવાલો પાષાણના ખંડની જેમ ચૂર્ણ થતી હતી. ગોશીર્ષચંદનના સ્તંભ પલાશની જેમ ભસ્મ થતા હતા, કિલ્લાના કાંગરાઓ તડ તડ શબ્દ કરતા તૂટતા હતા. સમુદ્રમાં જળની જેમ અગ્નિજવાળાઓમાં જરા પણ અંતર હતું નહિ. પ્રલયકાળમાં જેમ સર્વત્ર એકાર્ણવ થઈ જાય તેમ સર્વ નગરી એકાનલરૂપ થઈ ગઈ હતી. અગ્નિ પોતાની જ્વાળાથી નાચતો હતો, પોતાના શબ્દોથી ગર્જના કરતો હતો અને વિસ્તાર પામતા ધુમાડાના મિષથી નગરજન રૂપ માછલાંની ઉપર જાણે જાળ પાથરતો હોય તેવો દેખાતો હતો.

આવી દ્વારિકાની સ્થિતિને જોઈને શ્રીકૃષ્ણે બળભદ્રને કહ્યું, ''નપુંસક જેવા મને ધિક્કાર છે કે હું તટસ્થ રહીને આ મારી નગરીને બળતી જોઉં છું ! આર્યબંધુ ! જેમ આ નગરીની રક્ષા કરવાને હું સમર્થ નથી, તેમ તેને જોવાને પણ હું ઉત્સાહ રાખતો નથી. માટે કહો, હવે આપણે ક્યાં જઇશું ? કેમ કે સર્વત્ર આપણા વિરોધી રાજાઓ છે.''

બલભદ્ર બોલ્યા, ''ભાઈ ! આ વખતે આપણા આ ખરા સગા-સંબંધી, બાંધવા કે મિત્ર, પાંડવો જ છે, માટે તેમને ઘેર જઈએ.''

શ્રીકૃષ્ણે કહ્યું, "આર્ય ! મેં પ્રથમ તેમને દેશનિકાલ કર્યા હતા, તો એ અપકારની લજ્જાએ આપણે ત્યાં શી રીતે જઈશું ?"

બળદેવ બોલ્યા, "સત્પુરુષો પોતાના હૃદયમાં ઉપકારને જ ધારણ કરે છે, તેઓ નઠારાં સ્વપ્નોની જેમ કદી પણ અપકારને તો સંભારતા જ નથી. હે ભ્રાતા ! આપણે અનેક વાર સત્કાર કરેલા એવા પાંડવો કૃતજ્ઞ હોવાથી આપણી પૂજા કરશે. તેના સંબંધમાં બીજો વિચાર લાવશો નહીં." આ પ્રમાણે બળદેવે કહ્યું, એટલે શ્રીકૃષ્ણ પાંડવની પાંડુમથુરા નગરીને ઉદ્દેશીને નૈર્ઋત્ય દિશા તરફ ચાલ્યા.

અહીં દ્વારિકા નગરી બળતી હતી. તે વખતે બળદેવનો પુત્ર કુબ્જવાહક કે જે ચરમશરીરી હતો તે મહેલના અગ્ર ભાગ ઉપર ચડી ઊંચા હાથ કરીને આ પ્રમાણે બોલ્યો કે, "આ વખતે હું શ્રી નેમિનાથનો વ્રતધારી શિષ્ય છું. મને પ્રભુએ ચરમશરીરી અને મોક્ષગામી કહ્યો છે. જે અર્હત્‌ની આજ્ઞા પ્રમાણે હોય તો હું અગ્નિથી કેમ બળું !" આવી રીતે તે બોલ્યો એટલે જૃંભક દેવતાઓ તેને ત્યાંથી ઉપાડી પ્રભુની પાસે લઈ ગયા. તે વખતે શ્રી નેમિપ્રભુ પાંડવના દેશમાં સમોસર્યા હતા ત્યાં જઈને તે કુબ્જવાહકે દીક્ષા લીધી. જે બળદેવ-શ્રીકૃષ્ણની સ્ત્રીઓએ પૂર્વે દીક્ષા લીધી નો'તી. તેઓશ્રી નેમિનાથને સંભારતી અનશન કરીને અગ્નિના ઉપદ્રવ વડે જ મૃત્યુ પામી ગઈ. એ અગ્નિમાં કુળકોટિ યાદવો બળીને ભસ્મ થઈ ગયા. છ માસ સુધી દ્વારકા નગરી બળ્યા કરી પછી તેને સમુદ્રે જળ વડે પ્લાવિત કરી નાખી.

**[૧૬૫] કલિકાલસર્વજ્ઞ ભગવંતનું હાજરજવાબીપણું**

કલિકાલસર્વજ્ઞ ભગવંત હેમચંદ્રસૂરિજી મહારાજ સાહેબ જ્યારે ભગવાન નેમનાથસ્વામીજીનું જીવનચરિત્ર સંભળાવતા હતા ત્યારે તે સાંભળવા માટે રાજા આવતા અને સઘળા દાર્શનિકો પણ આવતા.

એ ચરિત્ર-વાચનમાં જ્યારે પાંડવોએ દીક્ષા લીધાનો પ્રસંગ આવ્યો ત્યારે અજૈન દાર્શનિકોએ સખત વાંધો ઉઠાવ્યો. તેમના કહેવા મુજબ પાંડવો હિમાલયમાં વિલીન થઈ ગયા હતા.

સૂરિજીએ સમાધાન કરતાં કહ્યું કે, "તમે જે પાંડવો જણાવો છો તે પાંડવો અને આ ચરિત્રના પાંડવો એક જ છે એવું એકાન્તે માની શકાય નહિ. ગાંગેય (ભીષ્મ) પિતામહે મરતી વખતે પોતાના પરિવારને કહ્યું હતું કે જ્યાં કોઈનો પણ અગ્નિદાહ થયો ન હોય ત્યાં મને બાળજો."

તેમના મૃત્યુ બાદ તેમના શબને કોઈ અજ્ઞાત પહાડના એકદમ ઊંચા શિખરે લઈ જવામાં આવ્યું. જ્યાં અગ્નિદાહ દેવાની તૈયારી કરે છે ત્યાં આકાશમાં દેવવાણી થઈ. તેમાં એમ જણાવ્યું કે, ''આ જગા ઉપર એક સો ભીષ્મ નામવાળા માણસોને બાળવામાં આવ્યા છે, ત્રણ સો પાંડવોને પણ બળાયા છે એક હજાર દ્રોણાચાર્ય નામવાળા માણસો બળ્યા છે અને કર્ણ નામના માણસો કેટલા બળ્યા છે તેની તો કોઈ ગણતરી જ થાય તેમ નથી.''

આ સાંભળીને દાર્શનિકો શાન્ત થઈ ગયા.

આવા અનેક પ્રશ્નોના જડબાતોડ ઉત્તર સૂરિજી આપવા લાગ્યા ત્યારે રાજા સિદ્ધરાજે સહુને કહ્યું કે, ''સવાલો પૂછતા પહેલાં ખૂબ વિચાર કરો. જલદી જલદી દરેક વાતે વાંધો ઉઠાવવાની આદત સારી નથી.''

**[૧૬૬] દેવબોધિ બ્રાહ્મણ અને હેમચંદ્રસૂરિજી**

સિદ્ધરાજે બનાવેલા રાજવિહાર જિનાલયમાં આદિનાથ પ્રભુની પ્રતિષ્ઠા વખતે દેવબોધિ નામનો બ્રાહ્મણ પંડિત આવ્યો હતો. તેણે સ્વપાંડિત્યથી સહુને આશ્ચર્યમુગ્ધ કરી દેતાં કહ્યું કે, ''શંકર જેવો કોઈ રાગી નથી, જે સદા અર્ધનારીશ્વર બની રહ્યો છે; જ્યારે જિન જેવો કોઈ વીતરાગ નથી જે સર્વથા નારીસંગ-રહિત છે. બાકીના તો બધા વચ્ચે અટવાયા છે; નથી તો તેઓ વિષયોને પૂરા ભોગવી શકતા કે નથી તો તેને છોડી શકતા.''

આ સાંભળીને સિદ્ધરાજે દેવબોધિ પંડિતને એક લાખ દ્રવ્ય બક્ષિસ કરવાનો નિર્ણય કર્યો, પણ તેને ખબર પડી કે તે સુરાપાન વગેરે કરે છે, એટલે તે બક્ષિસ આપવાનું મોકૂફ રાખ્યું.

થોડાક સમયમાં તે સાવ નિર્ધન થઈ જતાં તેને ધનની જરૂર પડી. તેણે કલિકાલસર્વજ્ઞ ભગવંતને મળવાનું નક્કી કર્યું. કલિકાલસર્વજ્ઞની સામે એ ક્યારેક જેમતેમ બોલી ગયો હતો છતાં તેની અસાધારણ વિદ્વત્તાથી આકર્ષાઈને આચાર્યશ્રીએ તેને આવકારવાનું નક્કી કર્યું. જ્યારે દેવબોધિ આવ્યો ત્યારે આચાર્યશ્રીએ તેને ખૂબ યોગ્ય રીતે આવકાર્યો એટલે તે પણ પ્રસન્ન થઈને બોલી ઊઠ્યો, ''કેવો છે, આ હેમચંદ્ર નામનો ગોપાલ, જેણે દંડ ધારણ કર્યો છે, કામળ ખભે નાખી છે. જુદા જુદા દાર્શનિકો સ્વરૂપ પશુઓને જેણે જૈન સ્યાદ્વાદના વાડામાં પૂરી દીધા છે.''

સૂરિજીએ શ્રીપાળ કવિ દ્વારા તેને રાજા સુધી પહોંચાડ્યો અને પેલું એક લાખ દ્રવ્ય અપાવ્યું. દેવબોધિને આથી ખૂબ અસર થઈ. તેણે બધું ત્યાગી દીધું. સ્વકલ્યાણ માટે તે ગંગાકિનારે રહેવા ચાલ્યો ગયો.

**[૧૬૭] કુમારપાળની રાજા થવાની આગાહી**

કલિકાલસર્વજ્ઞ ભગવંતે કોડીનારમાં અઠમની આરાધના કરીને અંબિકાજીને હાજર કર્યાં હતાં. સિદ્ધરાજને પુત્રપ્રાપ્તિની સંભાવના અંગે તેમને સવાલ કર્યો હતો, જેનો ઉત્તર સાફ નકારમાં હતો. અંબિકાજીએ કહ્યું હતું કે, "કુમારપાળ જ ગુજરાતનો રાજા થશે."

વિ. સં. ૧૧૧૯ના કાર્તિક સુદ ત્રીજે સિદ્ધરાજ મૃત્યુ પામ્યો હતો. તે વખતે સૂરિજી ખંભાતમાં ચાતુર્માસ હતા. કુમારે ત્યાં જઈને આશિષ મેળવી અને તે પછી તે પાટણ ગયો હતો.

**[૧૬૮] બાલચન્દ્રનું પ્રતિષ્ઠા વખતનું કાવતરું**

વિ.સં. ૧૨૨૮માં હેમચંદ્રસૂરિજી મહારાજાએ પાટણમાં છેલ્લી અંજનશલાકા, પ્રતિષ્ઠા કરાવી હતી. તે વખતે લગ્નવેળા સાધવા માટે બાલચંદ્રમુનિને ઘટીયન્ત્ર લઈને બેસાડ્યા હતા. બાલચંદ્રે મનની મેલી મુરાદ બર લાવવા માટે જાણીબૂઝીને મુહૂર્તમાં ગરબડ કરી. અર્થાત્ લગ્નવેળા થઈ ગયાનું વહેલું જાહેર કર્યું. આમ કમુહૂર્તે અંજનશલાકાદિ થઈ ગયાં.

આ વાતની કલિકાલસર્વજ્ઞ ભગવંતને પાછળથી ખબર પડી. તેમણે કહ્યું, "આ બહુ મોટી ભૂલ થઈ છે. આના કારણે પ્રતિષ્ઠા કરનારનું તથા પ્રતિમાજીનું આયુષ્ય ત્રણ વર્ષથી વધુ નહિ રહે."

સાચે તેમ જ થયું. સૂરિજી ત્યાર બાદ છ માસ જીવ્યા. ત્યાર બાદ છ માસે કુમારપાળનું મૃત્યુ થયું.

**[૧૬૯] હેમ-ખાડ**

કલકિાલસર્વજ્ઞ ભગવંતનો અગ્નિસંસ્કાર થયો ત્યારે હજારો લોકો એકઠા થયા હોઈ, ત્યાં રાખ લેવા માટે એટલી પડાપડી થઈ હતી કે રાખ ખલાસ થઈ ત્યારે તે જગાની માટી લોકો ઉઠાવવા લાગ્યા. એથી ત્યાં મોટો ખાડો પડી ગયો. તેનું નામ હેમખાડ પડી ગયું.

**[૧૭૦] રામચન્દ્રસૂરિજીની પ્રભુ પાસે દૃષ્ટિયાચના અને બલિદાન**

કલિકાલસર્વજ્ઞ સૂરિજીએ પોતાની પાટ ઉપર જેમને ઉત્તરાધિકારી તરીકે નીમ્યા હતા તે રામચન્દ્રસૂરિજીએ આંખ ખોઈ હતી. (એક કે બેય) આ મહાકવિએ પોતાનાં કાવ્યોમાં અનેક ઠેકાણે પરમાત્માને પ્રાર્થના કરતાં દૃષ્ટિ માગી છે. "હે દેવ ! મારી ઉપર કૃપા કરો, મને દૃષ્ટિ આપો." આ દૃષ્ટિ એટલે બાહ્ય દૃષ્ટિ (આંખ) નહિ પરન્તુ દિવ્યદૃષ્ટિ.

આ સૂરિજીને અજયપાળે જ્યારે ધગધગતી લોઢાની તપાવેલી પાટ ઉપર સૂઈ જવાનો આદેશ કર્યો. (પિતાના ગુરુ-આચારભ્રષ્ટ બાલચંદ્રમુનિને આચાર્યપદવી ન આપવાના ગુરુના આદેશને શિરસાવંદ્ય રાખ્યો તે માટે.) ત્યારે તેઓ બોલ્યા હતા કે, ''જગતને પ્રકાશ આપનારો સૂર્ય પણ આથમે છે માટે જે થવાનું હોય તે જ થાય છે.''

રાજાએ પોતાની આજ્ઞા માનવા માટે સૂરિજીને ફરી ફરી કહ્યું ત્યારે સૂરિજીએ કહ્યું હતું કે, ''હે રાજન્ ! સ્વતંત્ર એવો રસ્તાનો કૂતરો થવા માટે હું તૈયાર છું પરન્તુ તારા જેવાને પરતન્ત્ર થઈને તો હું ત્રણ લોકના નાયકનું પદ પણ ઇચ્છતો નથી.''

**[૧૭૧] સાન્તનૂએ હવેલીનો બનાવેલો ઉપાશ્રય**

ચોર્યાસી હજાર સોનામહોર ખર્ચીને તૈયાર કરાવેલા નવા વિશાળ પ્રસાદમાં સાન્તનૂ મંત્રી વાદિદેવસૂરિજીને લઈ ગયા. દરેક માળ ચડતા ગયા, પણ સૂરિજી સાવ મૌન રહ્યા. તેમની સાથે આવેલા આચાર્ય માણેકચંદ્રસૂરિજીએ તે મૌનનું કારણ જણાવતાં સાન્તનૂને કહ્યું કે, ''તમારું ઘર આરંભ-સમારંભનું ઘર છે. તેની અનુમોદના અમારાથી ન થાય. હા....જો આ ઉપાશ્રય તરીકેનું મકાન હોત તો જુદી વાત હતી.''

આ સાંભળીને તે જ ક્ષણે સાન્તનૂમંત્રીએ તે મકાનને ઉપાશ્રય તરીકે જાહેર કરી દીધું.

**[૧૭૨] સાન્તનૂની સિદ્ધરાજ પ્રત્યેની વાફાદારી**

મંત્રીશ્વર સાન્તનૂ સિદ્ધરાજ સિવાયના કોઈ પણ રાજાને માથું નમાવતા નહિ. એકદા રાજાથી બોલાચાલી થઈ એટલે રિસાઈને માળવા ચાલ્યા ગયા; પરંતુ ત્યાંના રાજાને માથું તો ન જ નમાવ્યું. આ વાતની સિદ્ધરાજને ખબર પડતાં તેને સાન્તનૂ માટે ખૂબ જ માન પેદા થયું. તેણે સામે ચડીને સાન્તનૂને પાછા બોલાવી લીધા. મેવાડ અને માળવાની સરહદ ઉપર આવેલા આહડ ગામે અનશન કરીને મંત્રીશ્વર સ્વર્ગે ગયા.

**[૧૭૩] કુમારપાળના છન્નુ દોષ**

એક વાર કુમારપાળે મંત્રીશ્વર આલિગને કહ્યું, ''મારા માટે તમારે જે કડવું-મીઠું કહેવું હોય તે કહો.''

આલિગે કહ્યું, ''સિદ્ધરાજમાં છન્નુ ગુણ છે પણ બે દોષ છે. તમારામાં બે જ ગુણ છે પણ છન્નુ દોષ છે!''

આ સાંભળીને પોતાની અધમતા ઉપર કુમારપાળને ખૂબ અફસોસ થયો. તેણે આંખો ફોડી નાખવા માટે છરી ઉપાડી.

આલિંગે એકદમ રોકીને કહ્યું, ''પણ રાજન્ મારી વાત તો પૂરી સાંભળો. સિદ્ધરાજમાં જે છન્નુ ગુણ છે તે બધાય અસુભટતા અને સ્ત્રીલંપટતાના બે અવગુણોથી ઢંકાઈ જાય છે. જ્યારે તમારા કૃપણતા વગેરે છન્નુ અવગુણો શૂરવીરતા અને પરનારી-સહોદરતાના બે મહાન ગુણોથી ઢંકાઈ ગયા છે.''

આ સાંભળીને રાજાને શાન્તિ થઈ.

**[૧૭૪] ભીમો કુંડલિયો**

ભીમા કુંડલિયાએ પોતાની તમામ સંપત્તિ સાત દ્રમ્મ-ટીપમાં લખાવી દેતાં મંત્રીશ્વરે તેને ૫૦૦ દ્રમ્મ, અને ત્રણ રેશમી વસ્ત્રો ભેટ આપ્યાં. ભીમાએ કહ્યું, ''ના..હું ધર્મ તો નહિ જ વેચું.'' તેણે તે વસ્તુઓનો અસ્વીકાર કર્યો. માત્ર પાનનું બીડું લીધું.

જ્યારે તે ઘરે આવ્યો ત્યારે ગાય દોડતાં ખૂંટ નીકળી ગયો. તેમાંથી ચરૂ નીકળ્યો. જ્યારે તે આખો ચરૂ તીર્થમાં અર્પણ કરવા માટે ભીમો નીકળ્યો ત્યારે રાત્રે સ્વપ્નમાં આવીને કપર્દી યક્ષે કહ્યું, ''તારી ઉપર પ્રસન્ન થઈને મેં જ આ ચરૂ તને આપ્યો છે માટે તું જ તેનું દાન અને ભોગ કરજે.''

**[૧૭૫] કલ્પકની મંત્રીપરંપરા**

પહેલા રાજા નંદથી માંડીને નવમા રાજા નંદ સુધી જે મંત્રી-પરંપરા ચાલી તે એક જ વંશના મંત્રીઓની પરંપરા હતી. તેમાંના પહેલા મંત્રી કલ્પક હતા; અને છેલ્લા મંત્રી શકટાલ હતા.

આદ્ય મંત્રી કલ્પકના પિતાનું નામ કપિલ હતું. તે જ્ઞાતિથી બ્રાહ્મણ હતા, અને શુદ્ધ વેદાન્તી હતા.

વિહાર કરતા જૈન સાધુઓના માર્ગ ઉપર જ તેનું ઘર હોવાથી અનેક વખત જૈન સાધુઓ તેના ઘેર રાત્રિવાસ કરતા. રાત્રિના સમયે પ્રતિક્રમણ બાદ કપિલ ધર્મચર્ચા કરવા આવતા. એક વાર કોઈ આચાર્યશ્રીએ તેની વિનંતીથી ત્યાં ચાતુર્માસ પણ કર્યું હતું. કલ્પકને ક્યારેક દૈવી ઉપદ્રવ થયો હતો. તેનું નિવારણ જૈન સાધુએ કરી આપતાં કપિલ બ્રાહ્મણ જૈનધર્મની વધુ સન્મુખ થયો હતો. કલ્પકને તો ગળથૂથીમાં જ જૈન સંસ્કાર મળી ગયા હતા.

**[૧૭૬] સ્વચ્છંદી સાધુઓથી ત્રાસેલા કાલસૂરિજી**

શિષ્યોના અવિનય આદિથી ત્રાસી જઈને આચાર્ય કાલકસૂરિજી ગચ્છમાંથી એકલા ચાલી નીકળ્યા. તેઓ સ્વર્ણભૂમિ ગયા. ત્યાં તેમના પ્રશિષ્ય આચાર્ય

સાગરચંદ્રસૂરિજી હતા. પણ કમનસીબે તે પોતાના દાદા-ગુરુને ઓળખી ન શક્યા. જ્યારે શોધતાં શોધતાં શિષ્યો આવી પહોંચ્યા ત્યારે જ દાદા-ગુરુની તેમને ઓળખ થઈ.

### [૧૭૭] જૈન અને ઇસુ-મત વચ્ચે સામ્ય

આચાર્ય સિંહગિરિસૂરિજીના સમયમાં ઇસાઈ મતના પ્રચારક ઇસુ થયા હતા. એમ લાગે છે કે તેમણે ભારતના વસવાટ દરમ્યાન જૈનધર્મનું અધ્યયન કર્યું હશે અથવા જૈન સાધુઓનો સારો પરિચય કર્યો હશે. કેમ કે તેમની કેટલીક વાતો જૈન ધર્મની કેટલીક માન્યતાઓ કે ગતિવિધિઓને આબેહૂબ મળતી આવે છે. આ રહ્યાં કેટલાંક સમાનતાદર્શક ઉદાહરણો :

| જૈન | ઈસુ |
|---|---|
| ૧. અગિયાર ગણધર શિષ્યો + ૧ શિષ્યાભાસ (ગોશાલક) | ૧. ૧૧ સુશિષ્ય ૧ કુશિષ્ય |
| ૨. પચાસમા દિવસે સંવત્સરી-પર્વ | ૨. પચાસમા દિવસે જ ૧૧ શિષ્યોનું પ્રવચન. |
| ૩ ૨૪ તીર્થંકરો | ૩. આકાશમાં સિંહાસન ઉપર બેઠેલા એક પુરુષની આસપાસ ચોવીસ પવિત્ર-પુરુષો |
| ૪. આઠમ ચૌદસે પ્રતિક્રમણ | ૪. દર રવિવારે પાપનો એકરાર |
| ૫. સમવસરણે જિનપ્રતિમા | ૫. સમવસરણ જેવા ચર્ચો |
| ૬. સહવામાં જ સાધુતા | ૬. બીજો ગાલ ધરીને તમાચો ખાવાની વાત |
| ૭. મુનિના સમાધિસ્થાને સ્તૂપો | ૭. ધર્મગુરુના સ્થાને કબરો, મંદિરો |
| ૮. આચાર્ય, મુનિ, સિદ્ધપુત્ર | ૮. ધર્માધ્યક્ષ, યાજક, દીયાકોનુસ (સેવક) |
| ૯. જઘન્ય ચોમાસું ૭૦ દિવસનું | ૯. પાસ્ખા પૂર્વે ૭૦ દિવસના ઉપવાસ |
| ૧૦. પ્રતિમા કબૂલ તેમાં ઈશ્વર-પ્રવેશ નહિ. | ૧૦.ચિત્ર કે પૂતળાં માને તેમાં પરમેશ્વર વસવાટ નહિ |
| ૧૧. લોકશાહનો નવો મત | ૧૧.લ્યુથરનો નવો પ્રોટેસ્ટંટ મત |
| ૧૨. પાલિતાણા - પવિત્ર સ્થળ | ૧૨.પેલેસ્ટાઇન - પવિત્ર સ્થળ |

### [૧૭૮] સાધુ-શબના અગ્નિસંસ્કારનો આરંભ

આર્યદિન્નસુરિજીથી સાધુશબની સંઘને સોંપણી કરીને અગ્નિસંસ્કારની પ્રવૃત્તિ શરૂ થઈ.

**[૧૭૯] બાળ આચાર્ય પાદલિપ્તસૂરિજી**

પાદલિપ્ત સુરિજી દસ વર્ષની નાની વયે આચાર્યપદ ઉપર આરૂઢ થયા.

**[૧૮૦] રાજા વિક્રમનું દાન**

રાજા વિક્રમે એકદા સિદ્ધસેનદિવાકરસૂરિજી ઉપર પ્રસન્ન થઈને એક કરોડ સોનામહોરનું દાન જાહેર કર્યું. સૂરિજીએ અસ્વીકૃતિ સાથે તે રકમનો ઉપયોગ જીર્ણોદ્ધારમાં તથા ગરીબ શ્રાવકોને સહાયતા કરવાની પ્રેરણા કરી.

**[૧૮૧] હરિણૈગમેષી દેવનો અધિકાર**

એક વાર પ્રભુ મહાવીરદેવે સૌધર્મેન્દ્રના સવાલના જવાબમાં કહ્યું હતું કે, ''મારા નિર્વાણ પછી એક હજાર વર્ષ બાદ ચૌદેય પૂર્વના શ્રુતનો વિચ્છેદ થશે. એ વખતે જે દેવર્ધિગણી ક્ષમા શ્રમણ થશે તે હાલ અહીં બેઠેલા હરિણૈગમેષી દેવનો આત્મા છે. એનું દેવાયુ પૂર્ણ કરીને તે વેરાવળના રાજા અરિદમનની રાણી કલાવતીના પુત્ર તરીકે જન્મ પામશે. પરંતુ આ રાજપુત્ર દુર્લભબોધિ હોવાથી તે ઝટ ધર્મ પામી શકશે નહિ.''

ત્યાં બેઠેલા હરિણૈગમેષી દેવે પોતાના ભાવિને સાંભળ્યું. દેવલોકમાં જઈને તેણે પોતાના સ્વામી ઇન્દ્રને કહ્યું કે, ''ઘણા કાળ સુધી વફાદારીપૂર્વક મેં આપની સેવા કરી છે, તેના બદલામાં હું એક ' વસ્તુ માગું છું કે મને તે રાજપુત્રના ભવમાં ધર્મ માર્ગે ચડાવી દેવો. પ્રભુએ મને દુર્લભબોધિ કહ્યો છે, આથી મારા મનમાં ચિંતા પેદા થઈ છે.''

દેવરાજે કહ્યું, ''તારા વિમાનની દીવાલ ઉપર તું લખ તે, 'તારી પછી તારા સ્થાને જે દેવાત્મા આવે તે તને રાજપુત્રના ભવમાં પ્રતિબોધ કરે. આ દેવોના રાજા ઇન્દ્રની આણ (આજ્ઞા) છે.''

હરિણૈગમેષીએ તેમ કર્યું. એક હજાર વર્ષનું આયુ પૂરું થઈ જતાં તે વેરાવળમાં કલાવતી રાણીના પુત્ર તરીકે જન્મ પામ્યો. પરંતુ સંગના રંગે તેનું જીવન ધર્મથી વિમુખ બની રહ્યું. તેના સ્થાને આવેલા દેવાત્માએ ઘણી માયાજાળો વિકુર્વીને, ભય વગેરે પમાડીને તેને પ્રતિબોધ કર્યો. અંતે તેણે દીક્ષા લીધી. એ જ જૈનશાસનના મહાન શાસનપ્રભાવક આચાર્ય દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ થયા.

**[૧૮૨] આચાર્ય માનદેવસૂરિજી**

એ શાસનપ્રભાવક આચાર્ય ભગવંતનું નામ હતું; માનવદેવસૂરિજી.

તક્ષશિલામાં ૫૦૦ જિનમંદિરો હતાં. લાખો જૈનો હતા. એક વાર ત્યાં અચાનક મરકીનો ઉપદ્રવ ફાટી નીકળ્યો. હજારો મડદાંઓ શેરીમાં રઝળવા

લાગ્યા. શ્રાવકોએ કાયોત્સર્ગ દ્વારા શાસનદેવીને પૂછ્યું કે, "આવા સમયે અધિષ્ઠાયક દેવો રક્ષા કરવા કેમ ઉદ્યત ન થાય ?"

શાસનદેવીએ ઉત્તર આપ્યો, "હાલ મ્લેચ્છોના બળવાન વ્યંતર દેવોએ અમને બધાને મુશ્કેલીમાં મૂકી દીધા છે. વળી ત્રણ વર્ષ બાદ આ નગરીનો એ મ્લેચ્છો દ્વારા નાશ પણ થઈ જવાનો છે. છતાં તમે એક કામ કરો. તમે નાડોલ પહોંચો, અને ત્યાં બિરાજતા આચાર્ય માનવદેવસૂરિજીનાં ચરણોને પખાળીને તેનું જલ અહીં સર્વત્ર છાંટી દો. જ્યારે આ ઉપદ્રવ શાંત થાય કે તરત તમે તમામ જૈનો આ નગર છોડીને ચાલ્યા જજો.

સંઘે વીરચંદ નામના શ્રાવકને સુરિજી પાસે મોકલ્યો. પણ તે વખતે સુરિજીને દેવીઓ સાથે વાત કરતાં જોઈને તેને ખૂબ દુઃખ થયું. સુરિજીના ચારિત્ર્ય માટે શંકા પડી. આથી જાણીને સુરિજીની અવજ્ઞા દર્શાવવા સાથે બેઠો અને તેનું વર્તન જોઈને અકળાયેલા દેવીઓએ તેને બાંધી દીધો. પણ સુરિજીએ તેને છોડાવ્યો. દેવીઓએ તેને આવા પવિત્ર સુરિજી માટે શંકા કરવા બદલ ઠપકો આપ્યો. વીરચંદે ક્ષમા માંગી.

સુરિજીએ લઘુશાન્તિ બનાવીને વીરચંદને આપી. એ ગણીને પાણી છાંટવાનું જણાવ્યું. મરકીનો ઉપદ્રવ શમી ગયો.

ત્યાર બાદ ત્રણ વર્ષે તક્ષશિલાને મ્લેચ્છોએ ભાંગી. વીર સં. ૭૩૧માં સૂરિજીએ ગિરનાર ઉપર અનશન કર્યું.

### [૧૮૩] બૌદ્ધવિજેતા મલ્લવાદિસૂરિજી

બૌદ્ધોને ભારતમાંથી ઉચાળા ભરાવનાર સૌ પ્રથમ આચાર્ય શ્રી મલ્લવાદિસૂરિજી હતા. જે બૌદ્ધો રહી ગયા તેને આદ્ય શંકરાચાર્યે રવાના કર્યા.

### [૧૮૪] હંસ અને પરમહંસ મુનિઓ

સૂરિપુરંદર હરિભદ્રસૂરિજીના બે ભાણિયા હંસ અને પરમહંસ કૌટુંબિક ક્લેશથી કંટાળીને સંસારવિરક્ત થયા હતા. બાદ મામા મહારાજ પાસે દીક્ષા લીધી હતી. ન્યાયદર્શનનો ઠોસ અભ્યાસ કર્યા બાદ બૌદ્ધદર્શનનો અભ્યાસ કરવાની તેમને ભાવના થઈ. ગમે તે કારણે સૂરિજીએ બૌદ્ધોના મઠમાં જઈને અભ્યાસ કરવાની વાતમાં સંમતિ-આશિષ ન આપ્યાં છતાંય દુર્ભાગ્યે બન્ને બૌદ્ધ મઠમાં મુનિવેષને ગુપ્ત કરીને ગયા. અભ્યાસ કરતાં કરતાં તેઓ એક વાર પકડાઈ ગયા. ચેતી જઈને ભાગવા ગયા પરંતુ બૌદ્ધોએ જોરદાર પીછો પકડ્યો હતો એટલે હંસ મુનિ તો રસ્તામાં જ પકડાઈ ગયા અને ત્યાં જ તેઓને ખતમ કરી દેવાયા.

બીજા પરમહંસમુનિ શૂરપાળ રાજાના શરણે ગયા. છેવટે બૌદ્ધોની માગણી છતાં રાજાએ ન સોંપ્યા. છેવટે 'વાદમાં જીતે તેને સોંપું.' તેવો પ્રસ્તાવ મુકાતા વાદ થયો પણ તેમાં બૌદ્ધાચાર્ય પરાજય પામ્યા. બાદ રાજાના ઇશારાથી એક દિ' પરમહંસ ગુપ્ત માર્ગો દ્વારા ત્યાંથી નીકળી ગયા. તેઓ સૂરિજી (મામા) પાસે ચિત્તોડ પહોંચી ગયા. ખોળામાં માથું મૂકીને પહેલાં તો આશિષ વિના અભ્યાસ કરવા જવાના દુરાચરણની ખૂબ ક્ષમા માગી પછી સઘળી વિતક કથા કહેવા લાગ્યો. તે કહેતાં કહેતાં જ પરમહંસ મુનિના પ્રાણ નીકળી ગયા.

આનો સુરિજીને અત્યન્ત અસહ્ય આઘાત લાગી ગયો. એ આઘાતમાંથી તીવ્ર કષાયભાવ પેદા થયો.

આ તો સારું થયું કે ઉપકારીએ એ અવસર જોઈને મોકલેલા સમરાદિત્યના નવ ભવોનાં નામો વાંચીને તેમનો અંતરાત્મા જાગી ગયો. કષાયની ભયાનકતા સમજાઈ ગઈ. ૧૪૪૪ બૌદ્ધોને પરાજિત કરીને ધગધગતા તેલની કઢાઈમાં તળી નાંખવાના વિચારના પ્રાયશ્ચિત્તરૂપે તેમણે જીવનના અંતકાળ સુધીમાં ૧૪૪૪ ગ્રન્થોની રચના કરી.

જ્યારે શાસનના રત્નો જેવા - ભાણિયા - મુનિઓના કરુણ મૃત્યુના આઘાતથી તેઓ ભયંકર રીતે બેચેન બની ગયા હતાં. ત્યારે એક વાર અંબિકાજીએ પ્રગટ થઈને તેમને આશ્વાસન આપ્યું હતું. બાદ શિષ્યોના વિરહને યાદ કરવા કરતાં 'ભવ–વિરહ'ને નજરમાં રાખવાનું શરૂ કર્યું. આ 'ભવ–વિરહ' એ એમનું ઉપનામ (તખલ્લુસ) બન્યું. તેમના ગ્રંથોના છેડેના શ્લોકમાં 'ભવ–વિરહ' શબ્દ જોવા મળે છે.

આ મહાત્માએ તેમના ગ્રંથના અન્તે પોતાની વિશ્વમાત્ર પ્રત્યેની અપાર મૈત્રી, કરુણાભાવના જુદી જુદી રીતે વ્યક્ત કરી છે.

ખાસ કરીને ગ્રંથના છેડે એવો આશય પ્રગટ કરે છે કે, 'મારી ગ્રંથરચનાથી મને જે પુણ્ય પ્રાપ્ત થયું હોય તેનાથી જગતના જીવો સુખી થાઓ, દુ:ખમુક્ત થાઓ; ધર્મ પામો...વગેરે.'

આ મહાત્માનો પરમભક્ત લલ્લિગ નામે શ્રાવક હતો. જેણે પુષ્કળ ધન ખર્ચીને સૂરિજીને રાત્રે પણ લખવાનું કામ ચાલે તે માટે પ્રકાશ પાથરતું રત્ન મેળવ્યું હતું. જે ઉપાશ્રયમાં જડી દેવામાં આવ્યું હતું.

વિ.સં. ૭૮૫ આસપાસ આ સૂરિજી કાળધર્મ પામ્યા હતા.

## [૧૮૫] શંકરાચાર્યે ગુજારેલો જૈનધર્મ ઉપર હાહાકાર

જે સમયમાં જૈન ધર્મ ઉપર ઉગ્ર કક્ષાનાં આક્રમણો થતાં હતાં; જ્યારે શંકરાચાર્યના અનુયાયીઓ ઝનૂને ચડીને જૈનો ઉપર સશસ્ત્ર હુમલાઓ કરતા હતા; જ્યારે જૈનોની મોટા પ્રમાણમાં નગરોમાંથી હિજરતો થતી હતી, જ્યારે પંચાસરનો અને વલ્લભીનો ભંગ થયો હતો; જ્યારે દુષ્કાળને કારણે પણ જૈનસંઘને પારાવાર મુશ્કેલીમાં મુકાવું પડ્યું હતું; જ્યારે બંગાળના અસલી જૈનોને ફરજ પડતાં ધર્મત્યાગ પણ કરવો પડ્યો હતો. (જેઓ આજે સરાક જાતિના લોકો તરીકે ઓળખાય છે.) જ્યારે બૌદ્ધો ઉપર વિજય મળ્યાના કેફમાં ઝનૂને ચડીને શંકરાચાર્યના અનુયાયીઓ કોમવાદનાં કારમાં આક્રમણો કરીને જૈન તથા બૌદ્ધોને ભારે નુકસાન પહોંચાડતા હતા, જ્યારે જૈનોને પૂર્વભારત છોડવું પડ્યું હતું. વહાલી મગધની ભૂમિ પણ ત્યાગવી પડી હતી તેવા સમયમાં જૈનધર્મને પુનઃ વ્યવસ્થિત કરવાની; જૈનોને પૂરતી હિંમત આપવાની અને કોમવાદીઓને સખત પરાજય આપવાની મશાલ આચાર્ય પ્રદ્યુમ્નસૂરિજીએ ઉઠાવી હતી.

## [૧૮૬] બપ્પભટ્ટસૂરિજી અને ધારસી શાહ

દિગંબરોએ જૂનાગઢના રા'ખેંગારને પોતાને વશ કરી લઈને ગિરનારતીર્થ પોતાના કબ્જે કર્યું. તેમને જ ત્યાં ચડવાનો અધિકાર રહ્યો. તે વખતે ગોંડલના ધારસી શાહે પોતાના સાત પુત્રો અને સાતસો સુભટો સાથે ગિરનારનો મહાસંઘ કાઢ્યો. રા'ખેંગારના સૈનિકો સાથે ધીંગાણું થતાં તેના તમામ પુત્રો અને તમામ સૈનિકો માર્યા ગયા.

નાસી છૂટીને ધારસી શાહ ગ્વાલિયર પહોંચ્યો. તેણે આચાર્ય શ્રી બપ્પભટ્ટસુરિજીને સઘળી વીતક જણાવી. સૂરિજીએ પોતાના પરમભક્ત આમરાજાને જણાવ્યું. તે રા'ખેંગાર સાથે યુદ્ધ કરવા તૈયાર થઈ ગયો. પણ સૂરિજીએ સંહાર પ્રત્યે અનિચ્છા દર્શાવી. યત્ન કરીને દિગંબરો સાથે વાદ યોજ્યો. તેમાં દિગંબરો હારી ગયા. વળી અંબિકાજી દ્વારા તીર્થની માલિકીનો નિર્ણય કરવાનું નક્કી થયું.

સતત ત્રણ દિવસ સુધી અંબિકાને એક કુમારિકા કન્યામાં ઉતારવાનો દિગંબરોએ નિષ્ફળ પ્રયાસ કર્યો.

છેવટે બપ્પભટ્ટસૂરિજીએ તે દિગંબર કન્યાના માથે હાથ મૂક્યો કે તરત જ અંબિકાજી તેનામાં અવતર્યાં. તે કન્યા 'ઉજ્જિતંસેલસિહરે' ગાથા બોલી. તેનાથી ગિરનારતીર્થની ઉપર શ્વેતામ્બરોની માલિકી જાહેર થઈ. શ્વેતામ્બરોએ જયધ્વનિથી ગગન ભરી દીધું.

**[૧૮૭] ખેમર્ષિ મુનિના વિશિષ્ટ અભિગ્રહ**

એ ખેમર્ષિ નામના મહાત્મા હતા. તેઓ ઘોર અને વિચિત્ર અભિગ્રહો કરીને અપૂર્વ તપ કરતા હતા. આ રહ્યા, કેટલાક અભિગ્રહોના પ્રકારો.

(૧) ધારાપતિ મુંજનો નાનો ભાઈ સિંધુલની પાસે રહેતો રાવકૃષ્ણ જ્યારે સ્નાન કરેલો હોય, છૂટા વાળવાળો હોય, ઉદ્વિગ્ન મનવાળો હોય એવી સ્થિતિમાં તેમને ૨૧ પુડલા આપે તો જ મારે ઉપવાસ છોડવો.

આ શરતો પૂરી થતાં ત્રણ મહિના અને આઠ દિવસના ઉપવાસ થયા હતા.

(૨) સિંધૂલનો હાથી મદમાં આવીને સૂંઢ વડે મને પાંચ લાડુ વહોરાવે ત્યારે મારે પારણું કરવું. આ અભિગ્રહ પૂર્ણ થતાં પાંચ માસ અને અઢાર દિવસ થયા હતા.

(૩) જે સાસુની સાથે લડી હોય એવી વિધવા બ્રાહ્મણી બે ગામની વચ્ચે ઊભી રહીને વેડમી વહોરાવે ત્યારે મારે પારણું કરવું. આ અભિગ્રહને પૂર્ણ થતાં ઘણા અઠવાડિયા પસાર થઈ ગયાં હતાં.

**[૧૮૮] વીરસૂરિજીનું અષ્ટાપદગમન**

એ હતા, આચાર્ય શ્રી વીરસુરિજી.

તેમના ભક્ત બનેલા યક્ષને તેમણે અષ્ટાપદજીની યાત્રા કરાવવા કહ્યું. યક્ષે કહ્યું, ''ત્યાં જતાં આડે આવતાં વ્યન્તરોનું તેજ મારાથી ખમાતું નથી છતાં હું તમને ત્યાં લઈ જઈશ પરંતુ એક પ્રહરથી વધુ સમય ત્યાં રહેવાનું નહિ. જો વધુ રહેશો તો પાછા ફરવું મુશ્કેલ બની જશે.'' સૂરિજી કબૂલ થયા.

યક્ષે બળદનું રૂપ લઈને સૂરિજીને ખાંધ ઉપર બેસાડ્યા. ક્ષણમાં જ અષ્ટાપદ તીર્થે પહોંચી ગયા.

ત્યાં આવેલા દેવોના તેજને સૂરિજી પણ ખમી શકતા ન હતા. આથી મંદિરના દરવાજા પાસેની પૂતળીઓની પાછળ રહીને પ્રભુજીના દર્શનાદિ કર્યા. ત્યાંની નિશાનીરૂપે દેવોએ ચડાવેલા ચોખામાંથી પાંચ છ દાણા લીધા. પાછા ફરીને ઉપાશ્રયે આવ્યા બાદ તે દાણાની સુવાસ ચારે બાજુ મહેકી ઊઠી એટલે મુનિઓએ તેનું કારણ પૂછતાં સૂરિજીએ સઘળી વાત કરી. સહુએ તે અક્ષતના દાણા જોયા. તે બાર આંગળ લાંબા હતા અને એક આંગળ જાડા હતાં.

**[૧૮૯] માહણસિંહની સત્યવાદિતા**

આચાર્યશ્રી સોમતિલકસૂરિજીનો ભક્ત શ્રાવક જગતસિંહ હતો. તેનો પુત્ર માહણસિંહ અવસરે દિલ્હી રહેવા માટે પહોંચ્યો. ત્યાં બાદશાહ ફીરોજશાહની કાનભંભેરણી કરતાં કોઈ ઈર્ષ્યાળુએ કહ્યું કે, ''માહણસિંહ પાસે પચાસ લાખ

સોનામહોર છે. તેને કોઈ રીતે છટકામાં લઈને તેની સંપત્તિ આપ કબજે કરો.''

રાજાએ માહણસિંહને બોલાવીને તેની સંપત્તિ પૂછી. તેણે કહ્યું કે, ''તેની પાસે લાખ નહિ પરંતુ ચોર્યાસી લાખ સોનામહોર છે.''

માહણસિંહની સત્યવાદિતા ઉપર આફરીન પોકારીને રાજાએ બક્ષિસ રૂપે સોળ લાખ સોના મહોર આપીને તેને કોટિધ્વજ બનાવી દીધો.

**[૧૯૦] ગામની બહાર પૌષધશાળા**

ખંભાતના ભીમજીને ખંભાત શહેરમાં પોષાળ (ઉપાશ્રય) બનાવવા માટે જગા ન મળતાં તેણે ગામની બહાર પોષાળ બનાવી. તેમાં હાથીદાંતની અદ્‌ભુત કારીગીરી કરાવી.

કોઈકે ભીમજીને કહ્યું કે, ''શું જંગલમાં તે પોષાળ થતી હશે ! તમે પૈસાનું પાણી કર્યું છે !''

ભીમજીએ કહ્યું, ''એકાદ વ્યક્તિ પણ અહીં પ્રતિક્રમણ વગેરે એકાદવાર પણ કરશે તો મારા પૈસા વસૂલ થઈ જશે. ક્યારેક તો એવું બનશે જ જ્યારે કોઈક કાપડ વગેરેની ફેરી કરતો શ્રાવક નગરમાં પહોંચવા સમર્થ ન હોય એટલે થાકી ગયો હશે અને ત્યારે તે આ પોષાળમાં જ મુકામ કરશે અને પ્રતિક્રમણ આદિ ક્રિયા કરશે જ. રે ! છેવટે એક નવકાર પણ આ પોષાળમાં બેસીને કોઈ ગણશે તો ય મારા પૈસા વસૂલ થઈ જશે ! વળી મારો પ્રત્યેક પૈસો ન્યાયોપાર્જિત છે, તેનું ફળ મને મળીને જ રહેશે'' પછી કમાલ એ થઈ કે એ બાજુના પ્રદેશમાં ખંભાતનગર એકદમ વિસ્તરતું ગયું આથી એક દિવસ તે જ પોષાળ નગરના મધ્યભાગમાં આવી ગઈ !

**[૧૯૧] જિનપાલિત અને જિનરક્ષિત**

એ બે ભાઈઓ હતા, જિનપાલિત અને જિનરક્ષિત. વેપારનો એમને ભારે શોખ. અગિયાર વખત સમુદ્રની પેલે પારના દેશોમાં સફર કરી હતી. પુષ્કળ ધન કમાવા છતાં જ્યારે તેઓએ બારમી વખત સફર કરવાની તૈયારી કરી ત્યારે પિતાએ ન જવા માટે ઘણું સમજાવ્યા પણ તે ન માન્યા.

કોણ જાણે, પણ પિતાના આશીર્વાદ ન હતા, માટે જ આ વખતે વહાણ ભરદરિયે તૂટ્યું, પાટિયું પકડીને મહામુશ્કેલીએ રત્નદ્વીપ પહોંચ્યા. ત્યાંની રત્નાદેવી અતિશય કામુક હતી. આવા અનેક ગુમરાહોને તે મહેલમાં લાવતી, ખૂબ ખવડાવતી અને ખૂબ કામભોગો સેવતી.

એકદા તેને પોતાના માલિક ઇન્દ્રની આજ્ઞાથી કોઈ કામે બહાર જવાનું

થયું. જિનપાલિત અને જિનરક્ષિતને દક્ષિણ દિશામાં ભૂલથી પણ નહિ જવાનું આગ્રહપૂર્વક જણાવીને તે રવાના થઈ પણ બે ભાઈઓને તે જ દિશામાં જવાનું કુતૂહલ થયું. તેઓ ત્યાં ગયા. ત્યાં મરવાના વાંકે જીવતા મડદાલ જેવી કાયાવાળા અનેક શૂળી ઉપર લટકેલા પુરુષો જોયાં. તેમની પાસેથી જાણવા મળ્યું કે, "તે દેવી અનેકોની સાથે ભોગો ભોગવીને છેલ્લે આ રીતે લટકાવી દે છે."

તેમની સલાહ મળી કે બે ભાઈઓએ બચવાનો એક જ ઉપાય છે કે તેઓ નજીકના શેલક યક્ષના મંદિરે જાય. તેની પૂજાદિથી તે પ્રસન્ન થઈને પૂછે તો કહેવું કે, "અમારી રક્ષા કરો."

બે ભાઈઓએ તેમ કર્યું. રક્ષાની માંગણી થતાં શેલક યક્ષે પોતાનું શરીર મસમોટું બનાવ્યું અને પીઠ ઉપર બંનેયને બેસાડી દીધા. એક અગત્યની સૂચના કરી કે, "કોઈ પણ વ્યક્તિ તમને પાછળથી કાકલૂદી કરીને પણ બોલાવે તો ય તમારે પાછળ જોવું નહિ."

શેલક યક્ષ ચંપાનગરી તરફ ઊડતો જવા લાગ્યો. આ બાજુ કાર્ય પૂરું થતાં રત્નાદેવી પાછી ફરી. બધી વાતની ખબર પડતાં તે અત્યંત ક્રોધાંધ બની ગઈ. બે ભાઈઓની પાછળ પડી. બંનેયને પાછા ફરવા ઘણા વિનવ્યા પણ કોઈ ન માન્યું. છેવટે પાછળ જોવા માટે કહ્યું તે ય ન માન્યું. પણ જ્યારે અતિ કરુણ વિલાપ સાથે તેણે એક વાર પાછળ જોવાનું કહ્યું ત્યારે જિનરક્ષિતનું મન લલચાઈ ગયું. તેણે તેની સામે જોયું. જોતાંની સાથે જ તેને ત્રિશૂળ પર ઊંચકી લીધો તેની કાયાના ફુરચેફુરચા ઊડી ગયાં.

(છોડી દીધેલા વિષયભોગોની સામે જે જુએ છે. તેના દુર્ગમ ગતિમાં ભુક્કા નીકળી જાય છે.)

**[૧૯૨] ધન્ય શેઠ અને વિજય ચોર**

ધન્ય અને ભદ્રા નામના શેઠ-શેઠાણીએ ઘણી માનતા વડે પુત્ર પ્રાપ્ત કર્યો. નામે દેવદિન્ન.

ભારે ઘરેણાં સાથે દેવદિન્નને નોકર ફરવા લઈ જતો. એક દિ' તેને જોઈને વિજય નામના ચોરની બુદ્ધિ બગડી. યુક્તિથી દેવદિન્નને નોકરથી છૂટો પાડીને ઘરેણાં લઈ લીધાં અને ગળું દબાવીને બાળકને પણ મારી નાંખ્યું.

માતાપિતાને સખત આઘાત લાગ્યો. રાજ્યમાં ફરિયાદ કરી. વિજય ચોર પકડાયો. તેને જેલમાં સખત ભૂખમરા સાથે પૂર્યો.

કમનસીબે ધન્ય શેઠ પણ રાજાના કોઈ ગુનામાં આવ્યો. તે જ જેલમાં, વિજયની જ બેડીમાં તેને પણ પૂરવામાં આવ્યો. બપોર થતાં શેઠ માટે ભદ્રા શેઠાણી ભોજન લાવ્યા. વિજયને કશું ન આપ્યું. પેટ ભરીને શેઠ જમ્યા. પછી બપોરે સંડાસ જવાનું થતાં શેઠે વિજયને સાથે આવવા કહ્યું, કેમ કે એક જ બેડીના બે પેંગડામાં બન્નેયનો એકેકો પગ હતો.

વિજયે કહ્યું, "કાલથી ભોજનમાં ભાગ મળે તો જ આવું."

ન છૂટકે શેઠને હા પાડવી પડી. બીજે દી ભદ્રા ભોજન લાવી. શેઠે વિજયને આપતાં ભદ્રાને ખૂબ ક્રોધ ચડ્યો. "પુત્રના ખૂનીને ભોજન તે અપાય ?" પણ શેઠે સઘળી મુશ્કેલી સમજાવતાં ભદ્રા શાન્ત પડી ગઈ. આમ રોજ ચાલવા લાગ્યું. સજા પૂરી થતાં શેઠ જેલમાંથી છૂટા થયા.

(આત્માનું નિકંદન કાઢી ચૂકેલા ખૂની જેવા શરીરને આ રીતે ન છૂટકે, કચવાતા દિલે ભોજન આપવું જોઈએ.)

**[૧૯૩] બપ્પભટ્ટસુરિનું જીવન**

એ તેજસ્વી બાળકનું નામ સૂરપાળ હતું. પિતા બપ્પ અને માતા ભટ્ટી.

એકદા પિતા સાથે ઝઘડતા માણસની સામે તલવાર લઈને નાનકડો સૂરપાળ ધસી ગયો. પિતાએ તેને નિવારીને ખૂબ ઠપકો આપતાં સૂરપાળ ઘર છોડીને ચાલી ગયો. જે વહેલી સવારે તે મોઢેરા પહોંચ્યો. તેની પૂર્વની રાતે જ ત્યાંના ઉપાશ્રયમાં બિરાજેલા સિદ્ધરાજસૂરિજી મહારાજાને તેના આગમનનું સૂચક સ્વપ્ન આવ્યું; જેમાં તેમણે મંદિરના શિખર ઉપર રમતું સિંહબચ્ચું જોયું.

સવારે જિનમંદિરમાં બહાર સૂરિજીએ તો સૂરપાળને જોયો. સૂરપાળને સાથે રાખ્યો. થોડા જ વખતમાં તેને દીક્ષાની ભાવના થઈ. સંઘે પણ તેની તેજસ્વિતા, વાચાળતા, ગંભીરતા વગેરે જોઈને તેને દીક્ષા આપવાની સૂરિજીને વિનંતી કરી. સૂરપાળના અજૈન માતાપિતાને સંતુષ્ટ કરીને; તેમની બીજી મુશ્કેલીઓનું નિવારણ કરી આપીને તેમની સંમતિ મેળવવા માટે સંઘના અગ્રણીઓને પાંચાલ મોકલ્યા. જૈન દીક્ષા નહિ અપાવવા માટે જ્ઞાતિજનોના સખત પ્રયત્નો નિષ્ફળ ગયા. ગોરે સૂરપાળને સમજાવવા માટે સૂરપાળ સાથે જે વાર્તાલાપ કર્યો તેમાં સૂરપાળની વાક્પટુતા અને સંસારવૈરાગ્ય જોઈને ગોર સ્તબ્ધ થઈ ગયો. રજા મેળવવા માટે સૂરપાળે ઉપવાસ શરૂ કર્યા. તેમાં તેને સફળતા મળી. માતાપિતાએ દીક્ષાની રજા આપી.

ભારે ઠાઠથી મોઢેરામાં દીક્ષા થઈ. તેમનું દીક્ષાનું નામ ભદ્રકીર્તિ મુનિ રાખવામાં આવ્યું. પણ પછી માતાપિતાએ પોતાનું નામ ચિરંજીવ બનાવવાની ગુરુને વિનંતી કરતાં ગુરુદેવે મુનિનું નામ 'બપ્પભટ્ટ' રાખ્યું.

આ મુનિરાજની બુદ્ધિ અતિ તીવ્ર હતી. તે રોજના એક હજાર નવા શ્લોક ગોખતા. મન્ત્રજાપમાં તેઓ એકાકાર બની જતા. સરસ્વતીજીનો મન્ત્ર ગણતાં એક વાર ગંગાજીમાં સ્નાન કરતાં કરતાં સરસ્વતીજીને નિર્વસ્ત્ર દશામાં મન્ત્રથી ખેંચાઈને હાજર થઈ જવું પડ્યું. મુનિએ તેમને કહ્યું : "મા ! આ દશામાં તો હું તને જોઈ પણ ન શકું." આ સાંભળતા જ દેવીને સ્વસ્થિતિનો ખ્યાલ આવી ગયો. તે સવસ્ત્રા બની ગયાં. મુનિની બ્રહ્મચર્ય સંબંધિત નિષ્ઠા જોઈને પ્રસન્ન થઈ ગયેલાં દેવીએ તેમને વાદમાં સદા 'અજેય' રહેવાનું વરદાન આપ્યું.

આગળ ઉપર આ મુનિવર સૂરિપદે આરૂઢ થયા. તેમની પ્રચંડ પુણ્ય શક્તિ જોઈને ગુરુદેવને સૂરિપદ અર્પણ કરતાં તેમને ભારે મૂંઝવણ થઈ હતી. વધુ માન-સન્માન અને ભક્તિ તેમના પતનનું કારણ તો નહિ બને ને ? એ ભયથી સ્તો.

પણ તેમના મુખ ઉપરની મૂંઝવણને બપ્પભટ્ટમુનિ પામી ગયા. તેમણે તે જ ક્ષણે જીવનભર છ વિગઈઓ (મૂળથી) અને ભક્ત માણસના ઘરની ભિક્ષાનો સંપૂર્ણ ત્યાગ કરવાની પ્રતિજ્ઞા લીધી. પતનનું મૂળ - 'રસનેન્દ્રિયની લોલુપતા' - જ કાપી નાખ્યું. આથી ગુરુદેવે અતિ પ્રસન્ન થઈને અંતઃકરણના ભાવભર્યા આશીર્વાદ આપ્યા, "તું મહાબ્રહ્મચારી બનજે."

અને આશિષે જ બપ્પભટ્ટસૂરિજીને આમરાજા તરફથી થયેલી - નર્તકીને રાત્રે મોકલીને પતન કરવા સુધીની - અગ્નિપરીક્ષામાંથી અણિશુદ્ધ પાર ઉતાર્યા હતા.

## [૧૯૪] બપ્પભટ્ટસુરિજી અને વર્ધનકુંજરનો વાદ

ગૌડનરેશ ધર્મરાજને ત્યાં વર્ધનકુંજર નામનો મહાસમર્થ વાદી બૌદ્ધ પંડિત હતો. તેણે તમામ પંડિતોને વાદમાં હરાવ્યા હતા, તેથી ગૌડનરેશ ખૂબ પ્રભાવિત થયા હતા.

એક વાર નરેશે વર્ધનકુંજરને કહ્યું કે, "તમે કનોજનરેશ આમરાજાના પંડિતને હરાવી શકો ખરા ? આપણે વાદમાં શરત મૂકીએ કે જે પંડિત હારે તેનો રાજા સમગ્ર રાજ્ય વિજેતા પંડિતના રાજાને સોંપી દે. જો આમાં સફળતા

મળી તો હું ખાતરી આપું છું કે હું સર્વત્ર બૌદ્ધ ધર્મનો પ્રચાર કરીશ.''

વર્ધનકુંજરે વાદની કબૂલાત કરતાં. કનોજનરેશને વાદનું કહેણ મોકલાવ્યું. આચાર્ય બપ્પભટ્ટસૂરિજી તેમના તરફથી વાદમાં ઊભા રહ્યા.

લાગટ છ માસ સુધી વાદ ચાલ્યો, પણ કોઈ નિર્ણય ન આવતાં રાજના કામમાં વિક્ષેપ પડવાથી આમ રાજા અધીરા થયા. તેમણે સૂરિજીને વાત કરી. સૂરિજીએ કહ્યું, ''આવતીકાલે જ આપણે વિજય મેળવી લઈશું.''

સૂરિજીએ રાત્રે સરસ્વતીજીને બોલાવીને પરિસ્થિતિ જણાવતાં દેવીએ કહ્યું કે, ''વર્ધનકુંજરના મુખમાં જ્યાં સુધી મારી જ આપેલી દિવ્ય ગુટિકા છે ત્યાં સુધી તે અજેય છે. તેને આવતીકાલે મુખશુદ્ધિ માટે કોગળા કરીને વાદ કરવાની ફરજ પડાય તો ગુટિકા નીકળી જાય.''

સુરિજીએ લવાદ તરીકે નિમાયેલા વાક્‌પતિ પાસે આ પ્રસ્તાવ મૂક્યો, જે મંજૂર થયો. બીજે દિવસે તે પ્રમાણે થયું. ગુટિકા નીકળી ગયા બાદ વાદ શરૂ થતાં થોડીક જ પળોમાં સૂરિજીએ વિજય મેળવી લીધો.

હારેલા ગૌડનરેશ માત્ર કફની પહેરીને જંગલ તરફ - શરત મુજબ વિદાય થતાં સૂરિજીએ રોક્યા અને રાજ્ય પરત કરાવ્યું.

### [૧૯૫] બપ્પભટ્ટસૂરિજી અને શંકરાચાર્ય

બપ્પભટ્ટસૂરિજીના સમયમાં આદ્ય શંકરાચાર્ય થયા હતા. તે જૈન અને બૌદ્ધ ધર્મના કટ્ટર દ્વેષી હતા. તેમણે એક વાર જગન્નાથપુરી જઈને ત્યાંના જિનમંદિરની જીરાવણ પાર્શ્વનાથજીની મૂર્તિનું, બે રાજાઓની મદદ લઈને ખંડન કર્યું. તે પ્રતિમાજીને ખસેડીને ત્યાં શ્રીચક્ર (ભૈરવ)ની સ્થાપના કરી દીધી.

બપ્પભટ્ટસૂરિજીને અને તેમના પરમ ભક્ત આમરાજાને ખૂબ આઘાત લાગ્યો. આમરાજે શંકરાચાર્યને વાદ કરવાનું આહવાન કર્યું.

સૂરિજી સાથેના વાદમાં પરાજ્યનો નિશ્ચિત ભય હતો એટલે શંકરાચાર્યે જણાવ્યું કે તે કાશ્મીર જઈને સરસ્વતીજીની આરાધના કરી વાદ કરશે.

શંકરાચાર્ય વિશાળ શિષ્યસમુદાયની સાથે કાશ્મીર ગયા. રસ્તામાં ઘણા વાદીઓને હરાવ્યા. તેમાં શાક્તમતના અનુયાયી- જેણે શાક્તભાષ્ય રચ્યું છે તે- અભિનવગુપ્તને પણ હરાવ્યો. આ હારથી તે ખૂબ ક્રોધે ભરાયો. શંકરાચાર્યનો જાન લેવા માટે તે તેમનો શિષ્ય બની ગયો. લાગ જોઈને તેણે અભિચાર મંત્રનો પ્રયોગ કર્યો. આથી શંકરાચાર્યને ભગંદર થયું. પુષ્કળ ઔષધ કરવા છતાં તે ન મટ્યું. રસ્તામાં જ તેમનું મૃત્યુ થયું.

આ બાજુ પક્કા જૈનધર્મી ગૂર્જરનરેશ વનરાજને જગન્નાથજીની જિનપ્રતિમાના ખંડનની ખબર પડતાં પુષ્કળ ઉશ્કેરાયો. આ મૂર્તિખંડનમાં માલવરાજ અને સુધન્વા - બે રાજાઓએ રસ લીધો હતો. એટલે તેમની સામે યુવરાજ યોગરાજને વિપુલ લશ્કર લઈને મોકલવામાં આવ્યો. બીજી બાજુથી આમરાજ, ગૌડરાજ વગેરે પણ વિશાળ લશ્કરો સાથે જોડાયા. ભયંકર યુદ્ધ થયું. માલવરાજે મોમાં તણખલું લઈને શરણાગતિ સ્વીકારી. સુધન્વાને પિંજરામાં જીવતો કેદ કરાયો. બન્ને પાસેથી કરોડોનો દંડ લીધો અને હવે પછી આવું અકાર્ય નહિ કરવાની સખત ધમકીની ભાષામાં ચેતવણી આપીને રવાના કર્યા.

## [૧૯૬] બાણ અને મયૂર પંડિત

રાજા ભોજની સભામાં મયૂર અને બાણ નામના બે મહાન પંડિતો હતા. પરસ્પર બેય ખૂબ ઈર્ષાળુ હતા.

એકદા મયૂર પંડિતને કોઢ થયો, પણ સૂર્યની સાધના કરીને તે મટાડી દેતાં રાજસભામાં તેનું માન ખૂબ વધી ગયું. આથી બાણ કવિ વધુ ઈર્ષ્યા કરવા લાગ્યો. હવે તેણે પોતાનો પરચો બતાવવા માટે જાતે પોતાના હાથ-પગ કાપી નાખ્યા. પછી ચંડિકાની સાધનાથી હાથ-પગ પાછા અખંડ કરી દીધા. આથી હવે બાણ-કવિનોય રાજસભામાં જયજયકાર થયો.

એક વાર પરમ જૈનધર્મી હેમરાજ શેઠને રાજા ભોજે પૂછ્યું કે, 'તમારા જૈનોમાં મારા પંડિતો જેવો કોઈ સમર્થ પ્રભાવક પુરુષ છે ખરા ?''

હેમરાજ શેઠે માનતુંગસૂરિજી મહારાજાનું નામ આપ્યું.

રાજાએ તેમને માનપૂર્વક બોલાવીને કોઈ ચમત્કાર દાખવવા જણાવ્યું. જબ્બર શાસનપ્રભાવનાનું નિમિત્ત જાણીને સૂરિજીએ કહ્યું, ''તમે મને વધુમાં વધુ સાંકળોથી બાંધીને એક ખંડમાં પૂરી દો; હું મારી જાતે ચાલીને બહાર નીકળી જઈશ.''

રાજાએ ચુમ્માલીસ સાંકળોથી સૂરિજીને બાંધ્યા અને એક ઓરડામાં સખત રીતે પૂર્યા.

સૂરિજીએ તે વખતે ભક્તામર સ્તોત્રની રચના કરી. એકેકી કડી બોલતા ગયા અને એકેકી સાંકળ તૂટતી ગઈ. છેવટે ખંડના દ્વાર પણ ખૂલી ગયાં. સૂરિજી ચાલતા બહાર આવ્યા.

આથી રાજા ભોજને જૈનધર્મ પ્રત્યે ખૂબ માન પેદા થયું. સૂરિજી સાથેનો સંબંધ ઉત્તરોત્તર ગાઢ બનવા લાગ્યો. આથી અજૈન પંડિતોને સૂરિજી ઉપર ભારે ઈર્ષ્યા થવા લાગી.

એક વાર તેમણે રાજાને કહ્યું કે, ''જો ખરેખર ભક્તામર સ્તોત્ર પ્રભાવક હોય તો બીજો કોઈ તે સ્તોત્ર બોલે તો પણ ચમત્કાર થવો જોઈએ, આ માટે પ્રયોગ પણ થવો જોઈએ.''

રાજાએ તેમની વાત કબૂલીને રોજ ભક્તામર પાઠ કરતા હેમરાજ શેઠને અંધારિયા, ઊંડા કૂવામાં ઉતાર્યા અને ત્રણ દિવસમાં બહાર નીકળવા જણાવ્યું.

શેઠે સ્તોત્રપાઠ શરૂ કર્યો. દેવી ચક્રેશ્વરી પ્રગટ થયાં, ''આવતી કાલે નાગપાશથી બંધાયેલા રાજાને મંત્રના બે આદ્ય પદ બોલીને તમે છૂટા કરજો.'' એમ કહીને દેવી અન્તર્ધાન થયાં.

બીજે દી સવારે ઊઠતી વખતે જ રાજાએ પોતાને નાગપાશમાં સપડાયેલો જોયો. તે વખતે આકાશવાણી થઈ કે, ''તમે હેમરાજ શેઠને બોલાવો. તે જ તમને છોડાવશે.'' હજારો લોકો રાજમહેલે ભેગા થઈ ગયા હતા.

તે વખતે એકાએક આકાશમાંથી હેમરાજ શેઠને ઊતરતા સહુએ જોયા. તેમણે બે પદ્ય બોલીને પાણી છાંટતા જ રાજા નાગપાશમાંથી મુક્ત થયો. ચોમેર જિનધર્મનો જયજયકાર થયો.

### [૧૯૭] પેથડનો બ્રહ્મચર્ય-અભિગ્રહ

એ હતો, માંડવગઢનો મંત્રીશ્વર પેથડ. એક વખતનો ઘી વેચતો, સાવ ગરીબ પેથો; હવે નસીબે યારી આપતાં માંડવગઢનો મહામંત્રી બન્યો હતો. તેને વાર્ષિક પગારરૂપે રાજ તરફથી એકસો સુડતાલીસ મણ સોનું મળતું હતું.

ભરયુવાનીમાં તેમણે ધર્મપત્ની સાથે નાનકડી વાતચીતમાંથી પૂર્ણ બ્રહ્મચર્ય વ્રત સ્વીકાર્યું હતું. તે વ્રતનું પાલન અખંડિતપણે કરવાના કારણે તેની શાલમાં તેના નિર્મળ પરમાણુઓ પ્રવેશ્યાં હતાં. જેના કારણે તે શાલ ગમે તેટલા તાવ વગેરે રોગવાળા માણસને જો ઓઢાડવામાં આવે તો રોગ થોડી જ વારમાં દૂર થઈ જતો.

એક વાર રાજા જયસિંહની રાણી લીલાવતીને આ શાલના પ્રભાવથી રોગમુક્ત કરવામાં આવી હતી.

### [૧૯૮] વિમળશાહ

રાજા ભીમદેવના મંત્રી વિમળશાહે અઢાર કરોડ સોનામહોર ખર્ચીને આબુના પહાડ ઉપર જિનાલયો બાંધ્યા છે. એમના આ ઔદાર્યને જોઈને સહુ કોઈનું માથું નમી જતું.

એક વાર વિમળશાહ ઘોડા ઉપર બેસીને ક્યાંક જઈ રહ્યા હતા. ત્યારે

રસ્તામાં ઊભેલા કેટલાક ટીખળમાં હસ્યા. જ્યારે ઘોડો તેમની નજીકથી પસાર થયો ત્યારે વિમળે આટલા શબ્દો સાંભળ્યા, ''વિમળશાહ તો દેરાં બાંધી શકે, પણ શત્રુ ચડી આવે તો તેને બાણથી વીંધી ન શકે હોં.''

તરત શાહ ઘોડા ઉપરથી નીચે ઊતર્યા, થોડે જ દૂર કોઈ ભરવાડણ માખણ કાઢવા માટે વલોણું કરી રહી હતી. જોરથી દોરડું ખેંચતા અને છોડતાં તેને કાનની બૂટીમાંની મોતીની સેરો આમતેમ ઝૂલતી હતી.

વિમળે બાણ ચડાવીને બરોબર મોતીની સેર વીંધી નાંખી.

ટીખળિયા જુવાનોએ વિમળની મશ્કરી કરવા બદલ ક્ષમા માંગી.

**[૧૯૯] યુધિષ્ઠિર અને ભીષ્મની સરળતા**

બન્ને પક્ષોના સૈન્યો સામસામા ગોઠવાઈ ગયાં પછી અર્જુને ધનુષ્યનો ટંકાર કર્યો. પણ તે જ વખતે એકાએક યુધિષ્ઠિર રથમાંથી નીચે ઊતર્યા. નિઃશસ્ત્ર રીતે; પગે ચાલીને તેઓ શત્રુ સૈન્ય તરફ જવા લાગ્યા. તે જોઈને અનેક યૌદ્ધાઓ વિચારમાં પડી ગયા.

કેટલાકને શંકા પડી કે, 'આ ધર્મરાજાને અત્યારે તો કાંઈ ધરમ યાદ આવી ગયો નથી ને ? યુદ્ધનો મહાસંહાર મોકૂફ રાખી દઈને; દુર્યોધનને હસ્તિનાપુરનો રાજા કાયમ માટે કરી દેવાની અને પોતે આજીવન વનવાસ સ્વીકારી લેવાની ઇચ્છા તો નથી પ્રગટી ને ! ભલું પૂછો; આ ધર્મરાજાનું !'

અનેક મગજોમાં આવી શંકાકુશંકાઓ ચાલતી રહી અને યુધિષ્ઠિર ભીષ્મ પિતામહની પાસે પહોંચી ગયા. તેમના પગમાં પડી જઈને તેમને ખૂબ ભાવપૂર્વક પ્રણામ કર્યા. ત્યારબાદ ગુરુઓ દ્રોણાચાર્ય અને કૃપાચાર્યને પણ તે રીતે વંદન કર્યા. તે વખતે તે ત્રણેય વડીલો યુધિષ્ઠિરના ટોચ કક્ષાના વિનયને જોઈને ખૂબ શરમિંદા થઈ ગયા. ત્રણેય વડીલોએ યુધિષ્ઠિરના માથે હાથ મૂકીને આશિષ આપ્યા કે, ''યુદ્ધમાં તને વિજય પ્રાપ્ત થજો.''

તે વખતે ખૂબ ગદ્‌ગદ થઈ ગયેલા પિતામહે કહ્યું, 'હે વત્સ તમારા પ્રત્યેનું અમારું વાત્સલ્ય આજે પણ જેવું ને તેવું જ છે, પરંતુ અમે ખૂબ લાચાર બની ગયા છીએ. અમને પણ સમજાતું નથી કે આટલી બધી લાચારી કરવાનું અમારે શું કારણ છે ? પરન્તુ તારી ગેરહાજરીના સમયમાં દુર્યોધને અમારી ઉત્કૃષ્ટ ભક્તિ કરીને અમને તમારા માટે કાંઈ પણ કરવા અંગે લાચાર બનાવી દીધા હોય તેમ લાગે છે... ખરેખર અમને ધિક્કાર છે કે અમે ભૌતિક સુખોની સાહેબીના ગુલામ બનીને અમારું સત્ય ખોઈ બેઠા છીએ. સત્ય અને ન્યાય તમારા પક્ષે હોવા છતાં અમે અસત્ય અને અન્યાયના પક્ષે કાયર બનીને બેસી રહ્યા છીએ.

'હાય ! સુખ કેટલું ખરાબ ? રે ! તેની સામગ્રીઓ કેટલી ખરાબ ! અરે ! તેને મેળવીને આપત્તિ-સંપત્તિ અને સત્તા કેટલાં વધુ ખરાબ ? અમે પણ તેના મોહક પાશમાં કેવા આબાદ જકડાઈ ગયા છીએ !

''પણ યુધિષ્ઠિર ! સત્ત્વહીન બની ગયેલા ભીષ્મથી કે દ્રોણાચાર્યથી તમારો પરાજય કદી સંભવિત નથી. તમારો તો નિશ્ચિત વિજય છે. કેમ કે સત્ય અને ન્યાય જેવા બે ધુરંધર યૌદ્ધાઓ તમારા પક્ષે છે.''

ભીષ્મ પિતામહે યુધિષ્ઠિરને કહેલી આ વાત કેટલી બધી યથાર્થ લાગે છે ?

**[૨૦૦] મેતાર્યનો ઘાતક : સોની**

રાજા શ્રેણિકના જમાઈ મેતાર્ય મુનિ થયા હતા. રાજા શ્રેણિક માટે રોજ સોનાના તાજા જવલા (સાથિયો કરવા માટે) બનાવતા સોનીએ જ તે મુનિની હત્યા કરી હતી. જ્યારે તેને પકડવા માટે ખુદ શ્રેણિક સિપાહીઓને લઈને તેને ઘેર આવ્યો ત્યારે, જીવવા માટેના એક જ ઉપાયરૂપે દીક્ષાનો વેષ તેણે પહેરી લઈને બારણાં બંધ કરી દીધાં.

શ્રેણિકને ખબર પડી ગઈ કે એ દીક્ષા તદ્દન ખોટી છે. સાચા વૈરાગ્યથી પ્રેરિત નથી;છતાં 'વેષ પણ બહુમાનને પાત્ર છે.' એમ સમજીને તેણે સોનીને કહ્યું, ''વેષને કારણે હું તમને અભય આપું છું. પણ જો ભૂલેચૂકે વેષ ઉતારી નાંખશો તો તમને મૃત્યુદંડ થઈને જ રહેશે.'' સોનીએ જીવનભર મુનિનો વેષ કમને પણ રાખ્યો.

**[૨૦૧] વીર ! મધુરી વાણી તારી**

એ હતી ગરીબડી ડોશી. પેટ ખાતર હજી તેને નોકરી કરવી પડતી હતી. એક વાર શેઠાણીએ તેને લાકડાં કાપી લાવવા જંગલમાં મોકલી.

પણ અફસોસ ! તે જેટલાં લાકડાં કાપી લાવે તેનાથી શેઠાણીને સંતોષ ન થતાં તાડુકીને બોલી, ''આટલાં લાકડાં તો તને બાળવામાં પણ પૂરાં ન થાય. જા, પાછી જા. બીજો ભારો લઈ આવ. તે પછી જ તને ખાવાનું દઈશ.''

બિચારી ! ભૂખી-તરસી ડોશી પાછી જંગલમાં ગઈ. માંડ લાકડાં કાપીને ભારો માથે લઈને ઘર ભણી પાછી ફરતી હતી ત્યાં રસ્તામાં સમવસરણ આવ્યું. પરમાત્મા મહાવીર દેવ માલકૌંસ રાગમાં દેશના આપી રહ્યા હતા.

એ સ્થળેથી પસાર થતી વખતે જ લાકડાના ભારામાંથી એક લાકડું ધરતી ઉપર પડી ગયું.

તે લાકડું લેવા માટે જ્યાં તે વાંકી વળી ત્યાં જ તેના કાને પ્રભુના દેશનાના શબ્દો પડ્યા. તેનું માધુર્ય એટલું બધું અદ્ભુત લાગ્યું કે તે માણવા

માટે ડોશી વાંકી ને વાંકી જ ઊભી રહી. જ્યાં સુધી પ્રભુની દેશના પૂરી ન થઈ... ઠેઠ ત્યાં સુધી ડોશી લાકડું લેવા માટેની મુદ્રામાં સ્થિર રહી ગઈ !

અહો ! પ્રભુ ! કેવું હશે આપની વાણીમાં માધુર્ય કે ડોશી કારમી ભૂખ, તરસ અને ભયંકર થાક... બધું ય ભૂલીને એના રસપાનમાં એકાકાર બની ગઈ !

કવિઓએ સાચું જ કહ્યું છે કે, ''જિનમુખ દીઠી વાણી, મીઠી સુરતરુ વેલડી.''

**[૨૦૨] આરસ કે વારસ ?**

આબુ ઉપરનાં જિનાલયના નિર્માણમાં વિઘ્નો આવતાં હોવાથી વિમળ મંત્રીએ અઠ્ઠમ કરીને અંબિકાજીનું સાનિધ્ય મેળવ્યું. વિમળના ધર્મપત્નીનો ખોળો હજી ભરાયો ન હતો એટલે તેમની ઇચ્છા દેવી પાસેથી સંતાનપ્રાપ્તિનું વરદાન મેળવવાની હતી.

દેવીએ તેમના મનોભાવો જાણીને કહ્યું, ''હું તમારી ઉપર પ્રસન્ન છું, પણ તમે એક જ વરદાન માંગો; કાં મંદિરના નિર્વિઘ્ન નિર્માણનું કાં સંતાનપ્રાપ્તિનું (કાં આરસનું, કાં વારસનું).''

આ અંગે દંપતિએ વિચાર કરવાનો સમય માંગ્યો. બીજે દિવસે પહાડમાં ફરતાં ફરતાં તેઓ વિચાર કરતાં હતાં. ત્યાં તેમને પાણીની તરસ લાગતાં વાવમાં ઊતર્યા. જ્યાં ખોબાથી પાણી પીવા જાય છે ત્યાં પાછળથી કોઈ છોકરો દોડતો આવ્યો અને કહેવા લાગ્યો કે, ''વાવનું પાણી પીતા પહેલાં મને તેના પૈસા આપો. આ વાવ મારા પિતાની છે. મારી આર્થિક સ્થિતિ નબળી પડી ગઈ હોવાથી મારો જીવનગુજારો વાવના પાણી ઉપર લાગો (પૈસા) લેવાથી જ થાય છે.''

આ સાંભળીને વિમળે પત્નીને કહ્યું, ''લે સાંભળ ! કાલે આપણા જિનાલયમાં દર્શન કરવા આવતા લોકો પાસેથી દીકરો પૈસા માંગશે તો ? માટે દીકરો નથી માંગવો... કબૂલ ?''

પત્નીએ તરત કબૂલ કર્યું. દેવીએ મંદિરનિર્માણના વિઘ્નોને દૂર કરી દીધાં.

**[૨૦૩] આદિનાથ પ્રભુએ જણાવેલો તીર્થ-વિચ્છેદ સમય**

એક વાર ધર્માત્મા ભરતે પરમાત્મા આદિનાથ પ્રભુને સવાલ કર્યો કે, 'એવો કોઈ સમય આવશે કે જ્યારે તીર્થ-વિચ્છેદ થશે ? જો તેવો સમય આવનાર હોય તો તેમાં નિમિત્ત કોણ બનશે ?''

પ્રભુએ કહ્યું, “એવો સમય આવશે અને તે તીર્થ વિચ્છેદમાં તારા બનાવેલા અભિગમ-શ્રાવકોના ભાવિ વંશજો બનશે.”

આ સાંભળીને ક્રોધે ભરાયેલા ભરતે તે શ્રાવકોનો નાશ કરી દેવાનો હુકમ કર્યો. જેથી તેમની વંશાવલિ જ આગળ ન ચાલે.

ભગવંતે ભરતને કહ્યું, “આમ ન કરવું. એ નિશ્ચિત ભવિતવ્યતા છે. તેને કોઈ મિથ્યા કરી શકે તેમ નથી.”

તે સાંભળીને શાંત પડેલા ભરતે સેનાપતિને કહ્યું, “મા હણ; મા હણ.”

ત્યારથી તે શ્રાવકો માહણ (બ્રાહ્મણ) કહેવાયા.

(મૂળમાં જૈનો જ બ્રાહ્મણ કહેવાતા હતા. તેઓ આજના બ્રાહ્મણની જેમ ૩ તારની જનોઈ પણ રાખતા હતા. પણ તે ત્રણ તાર સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ ચારિત્રના પ્રતીકરૂપ હતાં. કાલાન્તરે તે જૈનોમાં શૈથિલ્ય આવી ગયું. તેઓ જૈન કહેવાતા મટી ગયા.)

**[૨૦૪] વાગ્ભટ્ટનો જીર્ણોદ્ધાર**

સોરઠના રાજા સમરરાજ ઉપર આક્રમણ કરવા માટે ઉદયનમંત્રી સૈન્ય સાથે પસાર થતા હતા. ત્યાં રસ્તામાં શત્રુંજય તીર્થ આવ્યું. તે યાત્રા કરવા ગયા. પરમાત્મા આદિનાથની પૂજા કરતાં તેમણે દીવેટ ખેંચતો ઉંદર જોયો. તે વખતે મંદિર લાકડાનું હતું, ક્યારેક આગ લાગી જવાની સંભાવના નિવારવા માટે તે મંદિરને આરસપહાણનું બનાવવાની તેમણે પ્રતિજ્ઞા કરી. જ્યાં સુધી પ્રતિજ્ઞા પૂરી ન થાય ત્યાં સુધી એકાશન અને બ્રહ્મચર્યનો નિયમ કર્યો.

યુદ્ધમાં વિજય તો થયો પરંતુ મંત્રીશ્વર સખત રીતે ઘાયલ થયા. તેમણે સ્વપુત્ર વાગ્ભટ્ટને પ્રતિજ્ઞાની વાત કરી. તેણે તે પ્રતિજ્ઞા પોતાના શિરે લઈ લીધી.

વાગભટ્ટે કાર્ય શરૂ કરાવ્યું. એક દી વાગ્ભટ્ટ દાતણ કરતા હતા ત્યાં એક ઘોડેસ્વાર આવ્યો. તેણે પ્રણામ કરીને મંદિરનું કાર્ય પૂર્ણ થયાની વધામણી આપી. મંત્રીએ તેને બક્ષિસમાં સોળ સોનાની જીભ અને બત્રીસ રત્નના જડેલા દાંતના સોળ ચોકઠાં આપ્યાં.

પણ આ શું થયું ? વળતે દી કાળા કપડામાં સજ્જ ઘોડેસ્વાર ધસી આવ્યો. તેણે મંદિરની ભમતીમાં રાત્રે પવન પેસતાં દીવાલોમાં મોટી ચીરાડો પડી ગયાનું જણાવ્યું.

મંત્રીએ તેને પૂર્વ કરતાં બમણી બક્ષિસ આપી; એમ વિચારીને કે, “મારા જીવતાં જ મંદિરને નુકસાન થયું એટલે હવે હું જ તેને પાકી રીતે બાંધી શકીશ.”

સલાટોને ભેગા કરીને આમ થવાનું કારણ પૂછતાં તેમણે કહ્યું કે, ''પહાડ ઉપર પુષ્કળ પવન હોવાથી ભમતીમાં ભરાઈને તેણે દીવાલમાં ચિરાડો પાડી. હવે ભમતી વિનાનું દેરાસર બનાવી શકાય પણ તેમ કરવાથી તેના નિર્માતાને ઘરે વંશ નિર્મૂળ થાય; જે કામ અમારા ઉપકારી એવા આપના માટે થઈ શકે તેમ નથી.

વાગ્ભટ્ટે સલાટોને ઘણા સમજાવ્યા કે તે ચિંતા તમારે કરવાની જરૂર નથી. પરંતુ સલાટોએ તે વાત ન માની.

આ વાતની ભારતના વિવિધ સંઘોને ખબર પડી. દરેક સંઘના પ્રતિનિધિઓ ભેગા થઈ વાગ્ભટ્ટ મંત્રી પાસે આવ્યા. તેમણે એક વિનંતી કરવાની ઇચ્છા જણાવતાં જ મંત્રીશ્વરે કહ્યું, ''શ્રી સંઘની વિનંતી હોય ? ના.. મને આજ્ઞા કરો. હું તો શ્રી સંઘનો અદકેરો સેવક છું.''

શ્રી સંઘે જણાવ્યું કે, ''તો અમે એમ કહેવા આવ્યા છીએ કે શત્રુંજય તીર્થના જિનમંદિરના પુનઃનિર્માણનો લાભ અમને બધાને આપો. એમ થશે તો વંશ-નિર્મૂળ થવાનો પ્રશ્ન ઉપસ્થિત થશે નહિ. બાકી આપનો વંશ નિર્મૂળ થાય એ વાત અમે સાંભળવાને માટે પણ લાચાર છીએ.''

મંત્રીશ્વરે કહ્યું, ''ભલે... જેવી શ્રીસંઘની આજ્ઞા... બાકી બેવડી વાર લાભ લઈને લક્ષ્મીનો સદ્વ્યય કરવાની મારી ભાવના હતી.'' એ જ વખતે શ્રી સંઘે ટીપ શરૂ કરી.

ટીપ ચાલતી હતી ત્યાં ઘીનો ધંધો કરતો અત્યંત ગરીબ જૈન નામે ભીમો કુંડલિયો - હાજર હતો. લાખો રૂપિયા લખાવતાં જૈનોને જોઈને તેનો અંતરાત્મા ખળભળવા લાગ્યો. તેને પણ 'કાંઈક' લખાવવું હતું. પણ તેની પાસે માત્ર પાંચ દ્રમ્મની મૂડી હતી. તેણે સઘળી હિંમત કરીને એણે પાંચ દ્રમ્મ લખવાની વિનંતી કરી. તેણે બે દ્રમ્મ, આ પૂર્વે; ભંડારમાં નાખવા રૂપે અને પુષ્પો લેવારૂપે વાપરી નાંખ્યા હતા.

જ્યારે ખબર પડી કે આ માણસ તેનું સર્વસ્વ આપી રહ્યો છે;(અને તત્કાળ રકમ ચૂકવી રહ્યો છે) ત્યારે તેનું નામ ટીપમાં સૌથી પહેલું મૂકવામાં આવ્યું.

**[૨૦૫] ધાડપાડુ જયતાક**

ગૂર્જરેશ્વર કુમારપાળ પૂર્વભવે જયતાક નામના ધાડપાડુ હતા. મેવાડ દેશની પર્વતશ્રેણીના પરમાર વંશનો એ રાજપુત્ર જયતાક હતો; પણ કુસંગે તેને ચોર બનાવ્યો. અંતે તે પલ્લીપતિ થયો. એક વાર ધનદત્ત નાના સાર્થવાહના

સાર્થને લૂંટ્યો. આથી ઉશ્કેરાયેલો ધનદત્ત માલવપતિ પાસેથી ચુનંદા સૈનિકોને લઈને રાત્રિના સમયે જયતાકની પલ્લી ઉપર ત્રાટક્યો. તે વખતે જયતાક તેના સાગ્રીતો સાથે સુરાપાન કરીને ઉન્માદમાં પડ્યો હતો. અચાનક થયેલા હુમલા સામે તેઓ લડી ન શકતાં નાસભાગ કરવા લાગ્યા. જયતાક ગુપ્ત રસ્તેથી ભાગી છૂટ્યો. પણ તેની સગર્ભા પત્ની ધનદત્તના હાથમાં સપડાઈ ગઈ. જયતાક ઉપરનું વેર તેની પત્ની પર વાળવા માટે તેને ધનદત્તે ચોટલાથી ઊંચકીને પથ્થરની તીક્ષ્ણ ધાર સાથે જોરજોરથી અફાળીને મારી નાંખી. તેનો ગર્ભ પણ છૂંદાઈને ખતમ થઈ ગયો. ધનદત્તે હૈયામાં ભભૂકેલી વેરની કારમી આગને આવી ઘાતકી રીતે શાંત કરી.

કોઈ સાગ્રીતે આ બધા સમાચાર જયતાકને આપતાં તેને કારમો આઘાત લાગ્યો. એ સ્ત્રી તેની પ્રાણેશ્વરી હતી, એ ભાવિ સંતાન માટે તેઓ રોજ નિત્ય નવા વિચારો કરતા હતા.

આઘાતની તીવ્ર વ્યથા સાથે વનમાર્ગે આગળ વધતા જયતાકને સામેથી શિષ્યો સાથે ચાલ્યા આવતાં જૈનાચાર્ય યશોભદ્રસૂરિજી મળ્યા.

તેમની પાસે તેણે મન ખોલી નાખ્યું. ખૂબ રડ્યો. સૂરિજીએ આશ્વાસન દઈને ધર્મબોધ આપ્યો. તેને અચૌર્યની પ્રતિજ્ઞા આપી.

બેય વિરુદ્ધ દિશામાં જવા માટે જુદા પડ્યા.

આ બાજુ ધનદત્ત સાર્થવાહ ઉપર તેની ક્રૂરતા અને યુદ્ધકીય અનીતિમત્તાને જાણીને માલવપતિ ક્રોધે ભરાયા. તેને દેશનિકાલ કર્યો. વનમાં તાપસ બનીને ધનદત્તે શેષ જીવન પૂરું કર્યું. હા...એ ધનદત્ત મરીને સિદ્ધરાજ જયસિંહ થયો. જયતાક આગળ વધીને એકશિલા નગરીએ પહોંચ્યો. ત્યાં ઓઢર નામના દયાળુ ગૃહસ્થે તેને નોકર તરીકે ઘેર રાખ્યો.

સૂરિજીના સત્સંગે જયતાક શાંત થઈ ગયો હતો. પત્નીના કરુણ મોતથી પડેલા આઘાતના ઘા રૂઝાયા હતાં. સારા માણસ તરીકેનું જીવન તે જીવી રહ્યો હતો.

એકદા એ જ સુરિજી એ નગરીના ઉદ્યાને પધાર્યા. જયતાક અને તેના શેઠ ઓઢરે તેમની સેવા કરી; ધર્મશ્રવણ કર્યું. પ્રતિબુદ્ધ થયેલા ઓઢરને જિનાલયનું નિર્માણ કરવાનો બોધ આપીને સૂરિજીએ કેટલાક દિવસો બાદ વિહાર કર્યો.

ઓઢરે જિનાલય બનાવ્યું એટલું જ નહિ પણ બન્ને શેઠ અને નોકર ભગવાનની યથાશક્તિ ભક્તિ કરવા લાગ્યા.

એક દી શેઠે જયતાકને ઉજાણીમાં વાપરવા માટે પાંચ કોડી ભેટ આપી. પોતાની માલિકીના બનેલા એ દ્રવ્યમાંથી તેણે અઢાર પુષ્પો ખરીદીને ઊછળતા ભાવે પ્રભુભક્તિ કરી. આથી જ તેણે અઢાર દેશની માલિકીનું પુણ્ય બાંધ્યું.

યથાસમયે મૃત્યુ પામીને જયતાક કુમારપાળ થયો; ઓઢર ઉદયન મંત્રી બન્યો અને તે સૂરિજી કલિકાલસર્વજ્ઞ ભગવંત હેમચંદ્ર સૂરિજી થયા. કેવા ચાર આત્માઓના યોગ-અનુયોગ !

**[૨૦૬] ઝાંઝણનો સંઘ**

માંડવગઢમંત્રી પેથડશાના પુત્ર ઝાંઝણે વિ.સં. ૧૩૪૦માં એકદા સિદ્ધગિરિનો સંઘ કાઢ્યો હતો. તેમાં જૈનાચાર્ય ધર્મઘોષસૂરીશ્વરજી મહારાજા સહિત એકવીસ આચાર્યો હતા.

રસ્તામાં કર્ણાવતી આવ્યું. સંઘે ગામ બહાર પડાવ નાંખ્યો. નરેશ સારંગદેવે ઝાંઝણને આમંત્રણરૂપે જણાવ્યું કે, ''તમારામાં જેટલા મુખ્ય હોય તે બે-ત્રણ હજાર ભાઈ-બહેનો મારા મહેલે ભોજન માટે પધારો.''

સંઘમાં પૂરા અઢી લાખ માણસો હતા. સંઘપતિ ઝાંઝણે જવાબ વાળ્યો કે, ''મુખ્ય અને ગૌણ એવા બે ભેદ મારા સંઘમાં નથી. આપ જણાવો તો અમે બધા આવીએ; નહિ તો કાંઈ નહિ. વળી હવે હું આખા ગુજરાતની અઢારે કોમને જમવા માટેનું આમંત્રણ આપું છું. આપ લાગતાવળગતા તમામ રાજવીઓ ગુજરાતની પ્રજા દ્વારા મારું આમંત્રણ પાઠવશો એવી આશા રાખું છું. મારા શ્રી સંઘના કાર્યની પૂર્ણાહુતિ થાય ત્યાર પછીના આપ જણાવો તે કોઈ પણ પાંચ દિવસમાં હું આ કાર્ય કરીશ.''

સારંગદેવની કૃપણતાને ઝાંઝણની આ લપડાક સખત વાગી ગઈ. તેણે પણ ઝાંઝણને બેઆબરૂ કરવા માટે કમર કસી. ચારે બાજુ જમણ માટે મુકરર કરેલા પાંચ દિવસોની જાણ કરવામાં આવી.

અને... સમગ્ર ગુજરાતનું જમણ શરૂ થયું. લગાતાર પાંચ દિવસ સુધી રોજના પાંચ લાખ માણસોએ જુદાં જુદા સ્થળોએ ઊભા કરાયેલા નાના-મોટા રસોડા ઉપર લાભ લીધો.

છઠ્ઠા દિવસે ઝાંઝણ સારંગદેવ પાસે ગયો. રાજાએ તેને ખૂબ ધન્યવાદ આપ્યાં. ઝાંઝણ તેમને પોતાના રસોડાં ઉપર લઈ ગયો. ત્યાં જોયું તો હજી બીજા હજારો માણસો જમી શકે તેટલી મીઠાઈ ભરપૂર પડી હતી.

સારંગદેવ મોમાં આંગળાં નાંખી ગયો.

## [૨૦૭] ત્રણ આચાર્યો અને પદ્મિની

એકદા મંત્રસિદ્ધિ કરવા માટે પૂ. હેમચંદ્રસૂરિજી મહારાજા, પૂ. મલયગિરિજી મહારાજ અને પૂ. દેવેન્દ્રસૂરિ મહારાજ ઉદ્યત થયા. પરંતુ આ મંત્રસિદ્ધિમાં પદ્મિની કક્ષાની નારીની જરૂર હતી. તેઓ તેની શોધમાં નીકળ્યા. તેઓ કુમારગ્રામ આવ્યા. ત્યાં નદી ઉપર ધોબીએ કપડાં સૂકવ્યાં હતાં તેમાં કપડા ઉપર પુષ્કળ ભ્રમર વળગેલા જોયાં. તે માણસોએ નક્કી કર્યું કે આવું સુગંધિત વસ્ત્ર પદ્મિની સ્ત્રીનું જ હોય. ધોબી દ્વારા તે સ્ત્રીનું ઘર શોધીને ત્યાં ગયા.

તે ઘરના માલિકની રજા લઈને તેની વસતીમાં તેઓએ ચોમાસું કર્યું. ઉપદેશ દ્વારા માલીકને અત્યંત ધર્માભિમુખ કર્યો.

ચાતુર્માસ પૂરું થતાં કૃતજ્ઞભાવે ઝૂકી ગયેલા તે માલિકે ઉપકારનો યત્કિંચિત બદલો વાળવા માટે કાંઈક કામ બતાવવા માટે ભારે આજીજી કરી.

તે વખતે સૂરિજી બોલ્યા કે, ''બોલતાં જીભ અચકાય છે છતાં કહું છું કે, અમારે ત્રણ સાધુઓને જે મંત્રસાધના કરવી છે તેમાં તારી સ્ત્રી કે-જે પદ્મિની છે તેની જરૂર છે. તેણે અમારી સામે ખુલ્લે ખુલ્લાં ત્રણેય દિવસ ઊભા રહેવાનું છે. તારે ખુલ્લી તલવાર લઈને ઊભા રહેવાનું. જે ક્ષણે તને એમ લાગે કે અમારામાંથી કોઈની પણ આંખમાં લેશ પણ વિકારભાવ જણાય છે તે વખતે તારે તત્ક્ષણ તલવારથી અમારું માથું ઉડાવી દેવું.''

અને... આ રીતે સાધના થઈ. ત્રણેય મહાત્માઓએ સિદ્ધિ પ્રાપ્ત કરી.

## [૨૦૮] પેથડ મંત્રી અને દેવગિરિ

માંડવગઢના મંત્રીશ્વર પેથડે અનેક જિનાલયો જૈનનગરીઓમાં બનાવ્યા પછી કોઈ અજૈન નગરીમાં જિનાલય બનાવવાનો વિચાર કર્યો. અનેક લોકો આ જિનાલય દ્વારા મિથ્યાત્વનું વમન કરે તો કેવું સરસ ! એ કરુણા તે વિચારની પાછળ ધૂમતી હતી.

એમણે જૈનધર્મના કટ્ટર દ્વેષી બ્રાહ્મણોની નગરી- દેવગિરિ (આજનું દોલતાબાદ) પસંદ કરી.

સીધી રીતે તો ત્યાંનો જૈન-દ્વેષી રાજા જમીન આપે તેમ ન હતો. ત્યાંના મંત્રી હેમડને સાધ્યા વિના છૂટકો ન હતો.

મહાવિચક્ષણ પેથડ મંત્રીએ પોતાની રાજધાની ઓંકારપુરમાં ''મંત્રીશ્રી હેમડ સદાવ્રત' ખોલ્યું. રોજની એક હજાર સોનામહોરના ખર્ચે લગાતાર ત્રણ વર્ષ સુધી તે ચાલ્યું. જેનો કુલ ખર્ચ સવા કરોડ સોનામહોર ઉપર આવ્યો. આ સદાવ્રતમાં તમામ કોમને હંમેશ પાંચ પકવાન્ન અપાતાં હતાં. આથી હેમડ મંત્રીની ખ્યાતિ ચારે બાજુ ફરી વળી. પોતાના નામને રોશન કરનાર છે

કોણ ? તેની તપાસ કરવા તે જાતે સદાવ્રતમાં આવીને જમ્યો. તેણે મુખ્ય વ્યવસ્થાપકને દાનવીરનું નામ પૂછ્યું... તેણે 'મંત્રીશ્વર હેમડ' કહ્યું.

હેમડ તો ચકિત્ત થઈ ગયો. પોતે જ હેમડ છે. તેમ જણાવ્યું. ત્યારે વ્યવસ્થાપક તેમને પેથડ મંત્રી પાસે લઈ ગયો. અનેક વાત થતાં પેથડે છેવટે કહ્યું કે, "મારે તમારી દેવગિરિ નગરીમાં મોકાની કોઈ જમીન જોઈએ છે. ત્યાં જિનમંદિર બનાવવું છે. આપ જો મારી ઉપર પ્રસન્ન હો તો મને આટલું કામ કરી આપો. આ માટે જ મેં આ સદાવ્રત આપના નામે ખોલ્યું છે."

ભારે ઋણ નીચે દબાયેલા હેમડને મિત્રની વાત સ્વીકારવી પડી. તેણે કહ્યું. "ક્યારેક મારો રાજા મારી ઉપર ખુશ હશે ત્યારે હું આ વાત મૂકીને કામ કરી લઈશ. તમે થોડી ધીરજ રાખજો." આમ કહીને હેમડ વિદાય થયો.

એકદા રાજા ખુશમિજાજ હતો ત્યારે હેમડે પોતાના પ્રિય મિત્રની ઇચ્છા જણાવી. રાજાએ હા પાડી. તરત પેથડને જમીન પસંદ કરવા બોલાવ્યા. તેણે મોકાની જમીન પસંદ કરીને જમીનમાંથી પાણી નીકળે ત્યાં સુધી ખોદવાનું શરૂ કરાવ્યું.

પાણી નીકળ્યું પણ તે ખૂબ જ મીઠું નીકળ્યું. આખા ગામમાં ખારું પાણી જ આવતું હોવાથી બ્રાહ્મણોએ આ જગા ઉપર હવે કૂવો જ બંધાય તેવો આગ્રહ રાજા પાસે કરવાનું નક્કી કર્યું.

હજામ દ્વારા એ લોકવાર્તાની પેથડને ખબર પડી. રાતોરાત હજારો મીઠાની ગૂણો તે પાણીમાં ઠાલવી નાંખી. બીજે દિ' બ્રાહ્મણોથી પ્રેરાયેલો રાજા પાણી ચાખવા આવ્યો. તેણે પાણી ખારું જણાતાં જ બ્રાહ્મણોને જૂઠું બોલવા બદલ ઠપકો આપ્યો.

બેશક, આમ કરવાનું પેથડના મનમાં દુઃખ હતું, પણ તે નિરુપાય હતો.

કરોડો સુવર્ણ મહોરોનો વ્યય કરીને જિનાલય તૈયાર થયું. પ્રતિષ્ઠા થઈ ધજા ફરકી. એ જોઈને ધજા પાસે બાંધેલા માંચડા ઉપર પેથડ એવા જોરથી ઉલ્લાસમાં નાચવા લાગ્યા કે નીચે ઊભેલા ધર્મઘોષસૂરિજી મહારાજને જાન-સલામતિ માટે પેથડને અટકાવવા પડ્યા.

આવા હતા પ્રભુભક્ત અને શાસનભક્ત મંત્રીશ્વર પેથડ.

આવી હતી; ઉદારતા અને નામના કમાવાની નિસ્પૃહતા.

### [૨૦૯] ધનપાળ, શોભનમુનિ અને તિલકમંજરી કાવ્ય

ધારાનગરીના રાજા ભોજની સભામાં કવિ ધનપાળનું ભારે બહુમાન હતું. તે જૈનધર્મનો કટ્ટર દ્વેષી હતો. તેના સગા નાનાભાઈ શોભને તેના પિતાની

ઇચ્છાથી જૈન દીક્ષા લીધી હતી. આ બીનાએ ધનપાળના જૈનધર્મ પ્રત્યેના દ્વેષમાં ભડકો કર્યો હતો.

તેમણે રાજા દ્વારા ધારાનગરીમાં જૈન સાધુનો પ્રવેશ-પ્રતિબંધ કરાવ્યો હતો.

આ બાજુ જૈનધર્મમાં લીન બની ગયેલા શોભનમુનિને મોટાભાઈ ધનપાળને માર્ગસ્થ કરવાનો વિચાર આવ્યો. તેમણે ધારામાં પ્રવેશ કર્યો. રસ્તામાં જ ઘોડા ઉપર આવતાં ધનપાળે મુનિને જોયા. પ્રવેશ-પ્રતિબંધનો ભંગ કરનાર આ સાહસિક મુનિ ઉપર તેને ધિક્કાર છૂટયો. નજીક આવીને તેણે મશ્કરીમાં વાત કરી; જેનો મુનિએ પણ તેવો જ વળતો ઉત્તર આપ્યો. એ ઉત્તરમાં તરી આવેલી સંસ્કૃત ભાષાની પ્રકાંડ વિદ્વત્તાથી ધનપાળ ખૂબ પ્રભાવિત થયો.

શોભનમુનિ એકદા તેને ઘેર વહોરવા ગયા. ધનપાળની પત્નીએ તેને વહેરાવવા માટે દહીં લીધું. તે ત્રણ દિવસનું હતું માટે 'અભક્ષ્ય છે' એમ કહીને મુનિએ તે લેવાની ના પાડી. બાજુમાં ઊભેલા ધનપાળે કહ્યું કે, "જો આ દહીંમાં જીવડાં હોય તો મને બતાવી આપો." શોભનમુનિએ અળતાના રસનો પ્રયોગ કરીને તેમાં પુષ્કળ જીવો દેખાડ્યા.

હવે દહીં બાજુ ઉપર મૂકીને સ્ત્રી લાડુ વહોરાવવા લાગી. તે જ વખતે ચકોર પક્ષીની ચીસો સાંભળીને અને તેની બેચેની જોઈને મુનિએ કહ્યું કે, "તે લાડુમાં ઝેર ભેળવવામાં આવ્યું છે."

ધનપાળ તો આ સાંભળીને સ્તબ્ધ થઈ ગયો. તેણે બિલાડીને બે-ત્રણ કણિયા નાંખ્યા તો તરત થોડી વાર માટે બેભાન થઈ ગઈ ! સાચે જ ધનપાળનો જાન લેવાનું કોઈ રાજકીય ષડયંત્ર રચાયું હતું.

મુનિએ ચકોર પક્ષીની વાત કરી. જૈનદર્શનનું આ ઊંડાણ જાણીને ધનપાળનો દ્વેષ ઓગળી ગયો. હવે તે જૈન ધર્મની સન્મુખ થયો. ક્રમશઃ જૈનધર્મનો કટ્ટર શ્રાવક બન્યો.

એક વાર તેણે આદિનાથ પ્રભુનું કાવ્ય બનાવ્યું. તેણે રાજા ભોજને સંભળાવ્યું તે સાંભળીને પ્રભાવિત થયેલા ભોજે ધનપાળ પાસે પ્રસ્તાવ મૂક્યો કે, "આ કાવ્યમાં જ્યાં 'આદિનાથ' લખ્યું છે ત્યાં 'શંકર' મૂકી દે, 'વિનીતા' નગરીના સ્થાને ધારાનગરી મૂક અને 'ભરત રાજા'ને બદલે 'ભોજ રાજા' મૂક."

આ સાંભળીને ધનપાળ ગંભીર બની ગયા. તેમણે કહ્યું કે, "તમારામાં અને તેમનામાં તો આસમાન-જમીનનું અંતર છે. આ મારાથી કદી બની શકશે નહિ. ક્યાં ઐરાવત અને ક્યાં ગધેડો ? હું કાંઈ તમારો ભાટ નથી !"

આ સાંભળીને ઉશ્કેરાયેલા ભોજે તે ગ્રંથને ત્યાં ને ત્યાં તાપણામાં નાંખીને ભસ્મીભૂત કરી નાંખ્યો.

ધનપાળ સભા છોડીને, ગ્રંથ બળી ગયાના અસહ્ય આઘાત સાથે ઘરે પહોંચ્યા.

પણ તેમની દીકરી રોજ રોજ રચાતો ગ્રંથ વાંચી લેતી હતી. એક જ વારના વાંચનથી તેને કાંઈ પણ કંઠસ્થ થઈ જતું હતું. આથી તેણે આખો ગ્રંથ પિતાજીને લખી આપ્યો.

તેનું નામ અમર કરવા માટે તે ગ્રંથનું નામ 'તીલકમંજરી' રાખ્યું. આજે પણ તે ઉપલબ્ધ છે.

**[૨૧૦] હેમચન્દ્રસુરિજી અને સુવર્ણસિદ્ધિ**

એકવાર ગૂર્જરેશ્વર કુમારપાળને વિચાર આવ્યો કે, "જો ધનની પુષ્કળ સગવડ થાય તો પુષ્કળ લોકોને ધન આપીને જૈનધર્મી બનાવી શકાય."

આ વિચાર તેમણે હેમચંદ્રસૂરિજી મહારાજા પાસે મૂક્યો. તેમણેય તે વાતમાં સંમતિ દર્શાવીને કહ્યું કે, "આપણા ગુરુદેવ દેવચંદ્રસૂરિજી મહારાજા પાસે સુવર્ણસિદ્ધિના પ્રયોગનો પાઠ છે. તે મેળવી લેવાય તો આ ભાવના પૂરી થાય. તે માટે ગુરુદેવને અહીં આમંત્રણ આપીને બોલાવવા જોઈએ. હાલ તેઓ ગામડાંઓમાં વિચરે છે."

કુમારપાળ ગુરુદેવ પાસે પહોંચી ગયા. તેમણે માત્ર એટલી જ વાત કરી કે, "આપના શિષ્ય આપને યાદ કરે છે. આપ પાટણ પધારો તો અમને ખૂબ આનંદ થાય."

કોઈ અસાધારણ કામ હોવાની કલ્પના કરીને ગુરુદેવે પાટણ પધારવાની સંમતિ આપી.

તેઓ એકાએક આવી ગયા, અને હેમચંદ્રસૂરિજી મહારાજાને પૂછ્યું કે, "તને વળી મારું શું કામ પડ્યું ? તું જ હવે ક્યાં ઓછો સમર્થ છે ?" આ વખતે ગૂર્જરેશ્વર પણ ત્યાં જ બેઠા હતાં.

સૂરિજીએ ગૂર્જરેશ્વરની જૈન ધર્મનો વિશાળ ફેલાવો કરવાની ભાવના જણાવી.

આ સાંભળતા જ ગુરુદેવ ઉદાસ થઈ ગયા. ગૂર્જરેશ્વરને વિદાય આપીને તેમણે પોતાના શિષ્યને કહ્યું, "તમે બન્નેએ આ કેટલો અનુચિત વિચાર કર્યો ? જો ધનથી જ ધર્મ ફેલાવી શકાતો હોત તો પરમાત્મા મહાવીરદેવ પાસે દેવેન્દ્રો હાજરાહજૂર હતા. તે પરમકૃપાળુએ જ તેમના દ્વારા આ કામ કેમ ન કરાવ્યું ?

જે ધર્મ ધનથી થાય તેમાં ધનનું જ મહત્ત્વ વધે; ધર્મનું કદાપિ નહિ.

"આવો વિચાર પણ અરિહંતદેવની આશાતના રૂપ બની જાય. માટે ઝટ તેનું પ્રાયશ્ચિત્ત કરી લેવું."

ગુરુદેવની આ વાતથી સૂરિજીની આંખો ખૂલી ગઈ. તેમના જેવાથી આવી ભૂલ થઈ ગઈ તે બદલ તેમની આંખે આંસુ આવી ગયાં. ગુરુદેવના ચરણોમાં પડીને તેમણે ખૂબ પશ્ચાત્તાપ કર્યો.

ગૂર્જરેશ્વરને પણ શાસ્ત્રદષ્ટિ સમજાવીને એ વિચારથી પાછા ફેરવ્યા.

### [૨૧૧] કેવી ધન્ય તે સુશ્રાવિકા

અકબર બાદશાહ - પ્રતિબોધક જૈનાચાર્ય હીરસૂરિશ્વરજી મહારાજા સિરોહી (રાજસ્થાન)માં હતા ત્યારે એકવાર વિલક્ષણ ઘટના બની ગઈ.

કેટલાક યુવાનો વગેરે શ્રાવકો ઉપાશ્રયમાં પ્રતિક્રમણ કરતાં હતાં. ઠંડીનો સમય હોવાથી એક યુવાને સાધુ મહારાજ પાસે હોય તેવી કામળ ઓઢી હતી. આ યુવાનની જે કન્યા સાથે સગાઈ થઈ હતી તે જ કન્યા સવારે મુનિવંદન કરવા આવી. પોતાના ભાવિ પતિને જ તેણે મુનિ સમજીને વંદન કર્યું. પછી જ સાચી વાતની તેને ખબર પડી. ઘેર જઈને તેણે માતાપિતાને કહ્યું કે, "હવે તે મારા માટે પૂજનીય બની ગયા. આ ભવમાં બીજો પતિ હું કરી શકું નહિ." તે બહેને દીક્ષા લઈ આત્મકલ્યાણ કર્યું.

### [૨૧૨] હીરસૂરીશ્વરજીનું અંતિમ ચાતુર્માસ

જૈનાચાર્ય હીરસૂરિજી મહારાજનું છેલ્લુ ચાતુર્માસ ઉના (ગુજરાત)માં થયું હતું. છેલ્લા દિવસોમાં તેમણે ઔષધિઓનો પણ ત્યાગ કર્યો. જ્યારે સંઘના શ્રાવકોની ઔષધ લેવાની વિનંતી તેમણે માન્ય ન કરી ત્યારે ઉનાનાં સાત સો કુટુંબોમાં જેટલી માતાઓનાં બાળકો ધાવણા હતા તે તમામે બાળકોને ધવડાવવાનું બંધ કરી દેવાનું જાહેર કર્યું.

આથી ન છૂટકે કરુણાસાગર સૂરિજીએ ઔષધ લેવું પડ્યું.

ભક્તોની કેવી અપૂર્વ ભક્તિ !

### [૨૧૩] આર્યરક્ષિત દીક્ષા

જેમનું અદ્ભુત નિગોદ-સ્વરૂપ વર્ણન કરનારા તરીકે પરમાત્મા સીમંધરસ્વામીજીના શ્રીમુખે નામ ચડી ગયું હતું તે જૈનશાસનના જ્યોતિર્ધર આર્યરક્ષિતસૂરિજી મહારાજાનું સંસારી કુટુંબ આખું ય અજૈન હતું; સિવાય માતા... તે જૈનધર્મમાં ચુસ્ત હતી.

જ્યારે પુત્ર આર્યરક્ષિત અધ્યયન કરીને મહાન પંડિત બનીને ઘેર આવ્યો ત્યારે માતાએ તેને જરાય સન્માન્યો નહિ. આર્યરક્ષિતે તેનું કારણ પૂછતાં માતાએ કહ્યું કે, "તેં પેટની વિદ્યા મેળવી. તું આત્માની વિદ્યા દૃષ્ટિવાદ ભણે તો હું આનંદ પામું."

અને... માતાના કહેવા મુજબ પોતાના મામા - મહારાજ પાસે જવા રવાના થયો. રસ્તામાં કોઈએ તેને શેરડીના ૯ાા સાંઠા આપ્યા. તેણે કોઈ સોબતે માતાને મોકલાવ્યા. માતાએ અનુમાન કર્યું કે, દીકરો ૯ાા પૂર્વ જેટલું જ્ઞાન ભણશે. (દૃષ્ટિવાદમાં ૧૪ પૂર્વનું જ્ઞાન આવે.)

મામા મહારાજ પાસે જઈને બીજા દ્વારા કરાતી વંદનવિધિ જોઈને તેણે પણ વંદનવિધિ કરી ત્યાર બાદ સઘળી વાત કરી. મામા-મહારાજે કહ્યું કે, "દૃષ્ટિવાદ ભણવા માટે તો સાધુ થવું પડે."

આર્યરક્ષિતે તે વાત કબૂલી. રાજાના ઉપદ્રવના ભયે ખાનગીમાં દીક્ષા કરવામાં આવી.

આ બાજુ તેમના પિતાએ ઘરમાં ધમાલ મચાવી. એટલે ચાલાક માતાએ નાના દીકરા ફલ્ગુરક્ષિતને આર્યરક્ષિતને ઘેર પાછો લાવવા માટે મોકલ્યો. માતાએ કહ્યું કે, "ઘેર આવવા માટે તે જે કાંઈ શરત મૂકે તે તું કબૂલ કરજે."

ફલ્ગુરક્ષિત ગયો. ભાઈએ કહ્યું, "તું સાધુ થાય તો જ વિહાર કરીને તારે ઘેર વહોરવા માટે આવું." ફલ્ગુએ કબૂલ કર્યું તે સાધુ થયો.

ગુર્વાજ્ઞા લઈને બંને ભાઈ-મુનિઓએ ઘર તરફ વિહાર કર્યો. માએ મોટા મહોત્સવપૂર્વક પુત્રોને સન્માન્યા. દેશનાઓ દ્વારા આખું કુટુંબ દીક્ષિત થયું; પણ પિતાએ તો દીક્ષા ન જ લીધી.

પણ એકલા ઘરમાં રહેવાનું અકારું થઈ પડતાં પિતાએ પણ દીક્ષાની વાત સ્વીકારી. પરંતુ તેમાં શરત કરી કે તે કમંડલુ રાખશે, જનોઈ પહેરશે, છત્ર ધારણ કરશે, ચંપલ અને ધોતિયું પહેરશે.

વિચક્ષણ આર્યરક્ષિતસૂરિજીએ તે શરત કબૂલીને દીક્ષા આપી. બીજી બાજુ વંદનાર્થે આવતા બાળકો તે નવી જાતના મુનિને ચીડવે... અને છત્ર વગેરે છોડી દેવાનો આગ્રહ કરે તેવી પ્રેરણા બાળકોને કરી રાખી.

બાળકોના ભારે દબાણથી પિતા-મુનિએ ધીમે ધીમે બધું છોડ્યું પણ ધોતિયું તો ન જ મૂક્યું.

એકદા કોઈ મુનિનો કાળધર્મ થયો. 'તેમની પાલખી ઉપાડે, ઉપસર્ગ

આવી પડે તોય જે પાલખી છોડે નહિ તેને ખૂબ લાભ મળે.' તેવું પુત્ર-મુનિ પાસેથી જાણીને પિતા-મુનિએ એક વાર પાલખી ઉપાડી.

એ જ વખતે થોડાક બાળકોને મોકલીને પિતા-મુનિનું ધોતિયું ખેંચાવી લીધું. સાથેના મુનિઓએ તરત જ તેમને ચોલપટ્ટો પહેરાવી દીધો.

પિતા મુનિ કેમેય ભિક્ષા લેવા જાય નહિ છતાં એક વાર પુત્ર મુનિની પ્રેરણાથી ગયા. એ જ દિવસે તે બત્રીસ લાડુ વહોરી લાવ્યા. એ ઉપરથી સૂરિજીએ એમને બત્રીસ શિષ્યો થવા અનુમાન કર્યું.

**[૨૧૪] વાલીની દીક્ષા**

રાવણ-વાલીના યુદ્ધમાં થતો કારમો માનવ-સંહાર જોઈને ધર્માત્મા વાલીનો આત્મા કંપી ઊઠ્યો. રાવણ પણ ધર્માત્મા હતો, તેણે જરાય વાંધો ન લીધો. બન્નેએ સમજૂતિ કરીને પરસ્પર બે જણે જ લડીને જય-પરાજયનો નિર્ણય કરવાનું નક્કી કર્યું.

વાલીનો વિજય થતો છતાં વિરક્ત બની ગયેલા વાલીએ રાવણને રાજ સોંપી દઈને દીક્ષાનો માર્ગ પકડી લીધો.

**[૨૧૫] શ્રેણિક અને ભદ્રામાતા**

જ્યારે ધનાઢ્ય શાલિભદ્ર દીક્ષા લેવા તૈયાર થયા ત્યારે માતા ભદ્રા શાનદાર વરઘોડો કાઢવા માટે જરૂરી રાજની સામગ્રી લેવા મગધપતિ શ્રેણિક પાસે ગયાં.

ક્ષાયિક સમ્યક્ત્વના માલિક રાજા શ્રેણિક શાલિભદ્રની દીક્ષાની વાત સાંભળીને અચંબો પામી ગયા. શ્રેણિક મનોમન બોલ્યા, "એ ભોગીને ધન્ય છે. હું તો કાદવનો કીટ છું. આવો સુકોમળ શાલિભદ્ર દીક્ષા લે છે ? અહો... ધન્યવાદ."

"માતા ભદ્રા ! તમારા સુપુત્રનો મહોત્સવ તો હું જ કરીશ. વરઘોડો હું કાઢીશ. આ બધો લાભ મારે જ લેવાનો છે." મગધપતિએ ભદ્રાને કહ્યું.

રાજસભા સમેટી લેવાઈ. શાલિભદ્રને ઘેર જઈને મગધપતિએ ખૂબ ખૂબ ધન્યવાદ આપ્યા.

દીક્ષાના દિવસે મગધપતિએ જાતે શાલિભદ્રને સ્નાન કરાવ્યું; પીઠી પણ મગધપતિએ જ ચોળી. અને વરઘોડામાં છડી ધારણ કરીને ઉઘાડે પગે મગધપતિ શાલિભદ્રની પાલખીની આગળ ચાલવા લાગ્યા. વીર-પ્રભુના નામનો મગધપતિ જયજયકાર કરવા લાગ્યા.

## [૨૧૬] અભયકુમાર અને વેશ્યાઓ

અભયકુમાર જેવા મહાબુદ્ધિમાન માણસ પણ ધર્મના અંચળા નીચે એક વાર ઠગાઈ ગયા હતા. બે વેશ્યાઓ 'શ્રાવિકા' બનીને આવી. તેમની શુદ્ધ ધર્મક્રિયાઓ વગેરે જોઈને આકર્ષાયેલા અભયે તેમનું ભોજન-નિમંત્રણ સ્વીકાર્યું.

પેલી વેશ્યાઓએ તેમને ભોજનમાં ઘેન આપીને પકડી લીધા. શત્રુ રાજને સોંપી દીધા.

## [૨૧૭] દ્વારિકાદહન પ્રસંગે એક શ્રાવકની દીક્ષા

જ્યારે દ્વૈપાયન દ્વારિકાનું દહન કરવાની તૈયારી કરી ચૂક્યો હતો. ત્યારે આકાશમાંથી જાહેર કર્યું હતું કે, "જેણે આ આગથી બચવું હોય તેણે પ્રભુ નેમનાથ પાસે દીક્ષા લઈને આત્મકલ્યાણ કરવું પડશે.

આ સાંભળીને પણ માત્ર એક જ શ્રાવક દીક્ષા લેવા તૈયાર થયો. બાકીનાએ નાસભાગ કરીને બચવાનો નિષ્ફળ પ્રયત્ન કર્યો.

## [૨૧૮] રાજા વિક્રમ અને સિદ્ધસેનસૂરિજી

જૈન શાસનના આઠ પ્રકારના પ્રભાવકોમાં જેઓ 'કવિ' તરીકે 'પ્રભાવક' થયા તે જૈનાચાર્ય સિદ્ધસેન દિવાકરસૂરિજી હતા. તેમણે ચાર દિશામાં ઊભા રહીને એકેકા શ્લોકથી રાજા વિક્રમની પ્રશસ્તિ કરી હતી. આથી દરેક શ્લોકે રાજા વિક્રમે એકેકી દિશાનું આખું રાજ્ય સમર્પિત કર્યું હતું જેનો સૂરિજીએ અસ્વીકાર કરતાં કહ્યું હતું કે, "મારે કશું જોઈતું નથી. હું એટલું જ ઇચ્છું છું કે, જો તું પ્રસન્ન થયો હોય તો તારા હૈયે જિનશાસનને સ્થિર કરી દે."

અને વિક્રમ પાક્કા જિનધર્મી રાજા બન્યા. એક વાર સિદ્ધાચળજીનો સંઘ કાઢવામાં આવ્યો હતો. તેમાં પાંચ હજાર આચાર્યો, સિત્તેર લાખ શ્રાવક કુટુંબો હતાં.

આ સૂરિજી રાજાએ આપેલી પાલખીમાં બેસવા લાગ્યા હતા. આ શિથિલતાની તેમના ગુરુ વૃદ્ધઆદિદેવસૂરિજી મહારાજને ખબર પડી કે તેઓ ગુપ્ત રીતે ત્યાં આવ્યા. પાલખી ઉપાડતા ભોઈમાંથી એકને ખસેડીને ગુરુજી જાતે ગોઠવાઈ ગયા હતાં.

પણ પાલખી ઉપાડવાનો અભ્યાસ ન હોવાથી પાલખીને એ બાજુએ આંચકા આવવા લાગતાં સૂરિજી બોલ્યા, "એ ભોઈ ! તને શું ખભો દુખે છે ?" આ વાક્ય સંસ્કૃતમાં બોલ્યા; પણ તેમાં વ્યાકરણની એક ભૂલ કરી બેઠા.

તરત જ ભોઈ બનેલા ગુરુદેવે તે ભૂલ ઉપર ટકોર કરી. પોતાની ભૂલ

કાઢવાની તાકાત કોનામાં છે ? એમ વિચારીને ભોઈને ધારી ધારીને જોતાં ગુરુદેવ જણાયા. સૂરિજી પાલખીમાંથી નીચ ઊતરી ગયા. ગુરુજીએ ઠપકો આપ્યો. સૂરિજીએ ક્ષમા માંગીને પ્રાયશ્ચિત્ત કર્યું.

**[૨૧૯] પેથડનાં ધર્મપત્નીનું દાન**

મંત્રીશ્વર પેથડનાં ધર્મપત્ની જિનમંદિરે જતી વખતે રોજ સવા શેર સુવર્ણના ધન જેટલું દાન કરતાં. એ પુણ્યવંતી સ્ત્રીના દર્શનની રાહ જોઈને યાચકો ઊભા રહેતા.

**[૨૨૦] કુમારપાળની મધ્યાહ્નપૂજા**

ગૂર્જરેશ્વર કુમારપાળ મધ્યાહ્ને પૂજા કરવા નિકળતાં. રોજ ચતુરંગિણી સેના સાથે ઠાઠથી તેઓ નીકળતા. રસ્તામાં સંખ્યાબંધ કરોડપતિઓ જોડાતા. દરેકની સાથે નૈવેદ્ય વગેરેના થાળો ઉપાડતા અનેક નોકરો રહેતા. જે જિનમંદિરે તેઓ પૂજા કરવા જતા તે છન્નું કરોડ સોનામહોરના વ્યયથી ગૂર્જરેશ્વરે બનાવ્યું હતું તેનું નામ ત્રિભુવનપાળ વિહાર હતું.

**[૨૨૧] વજબાહુ અને મનોરમા**

રામચંદ્રના પૂર્વજોમાં વજબાહુ નામના કુમાર થયા હતા. તેમનું મનોરમા નામની રાજકન્યા સાથે લગ્ન થયું. પછી રથમાં બેસીને બાંધેલા છેડે અને બાંધેલા મીંઢળે, ઉદયસુંદર નામના સાળાની સાથે વજબાહુકુમાર ઘર તરફ વિદાય થયા. રસ્તામાં કોઈ નાની ટેકરી ઉપર ધ્યાનસ્થ મુનિની મુખમુદ્રા જોઈને તેમને મુનિ બનવાની ભાવના જાગી. તેમને સાથે છેવટમાં મનોરમા અને ઉદયસુંદર પણ જોડાયાં. બધાયની દીક્ષાની વાત સાંભળીને તેમના માતાપિતાઓને પણ સંસારથી વૈરાગ્ય થયો. બધાએ દીક્ષા લીધી.

**[૨૨૨] ઉદયનમંત્રીની અંતિમ આરાધના**

મરણતોલ રીતે ઘાયલ થયેલા મંત્રીશ્વર ઉદયનને છેલ્લી પળોમાં કોઈ મુનિવરના દર્શન કરવાની તીવ્ર ભાવના જાગી. કમનસીબે નજદીકમાં કોઈ મુનિ ન હતાં. એટલે વિચક્ષણ મંત્રીઓ એક સૈનિકને મુનિવેષ પહેરાવીને ઉદયન પાસે લાવ્યા. તેમને સાચા મુનિ માનીને ઉદયને સઘળી આરાધના કરી લીધી.

બાદમાં પેલા સૈનિકે વિચાર્યું કે, ‘‘જે વેષમાત્રને કારણે ઉદયન જેવા મહામંત્રીએ મને વંદન વગેરે કર્યા તે વેષ કેટલો મહાન ? તેને પહેરનાર હુંય કેટલો મહાન બની ગયો ? હવે શા માટે આ વેષ મૂકવો ?’’

ના... તેણે વેષ ન જ મૂક્યો. તે સાચો સાધુ બની ગયો.

દ્રવ્યક્રિયાની પણ કેવી ભાવ જગાડવાની તાકાત !

**[૨૨૩] કુમારપાળ અને સમ્યક્ત્વ**

જિનશાસન ઉપરની શ્રદ્ધાને દૃઢ કર્યા બાદ ગૂર્જરેશ્વર કુમારપાળની શ્રદ્ધાને ડાલમડોલમ કરી દે તેવા પ્રસંગો પાટણમાં થોડા સમય સુધી બન્યા હતા. મિથ્યાદષ્ટિ લોકો પોતાના તરફથી એવા ચમત્કાર બતાવતા કે ભલભલાને તેમના પ્રત્યે બહુમાન જાગી જાય. પરંતુ બીજી બાજુ કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રસૂરિજી મહારાજા તેમનાથી સવાયા ચમત્કાર બતાવીને હવાને પોતાની તરફેણમાં પલટી નાંખતા. રોજ હવા બદલાયા કરતી. આવા સમયે ગૂર્જરેશ્વર તો સૂરિજીએ આપેલા એક જ જાપને રોમરોમમાં ઘૂંટતા હતા. "તમેવ સચ્ચ નિ:સંક જ જિણેહ પવેઇઅ - વિતરાગ સર્વત્ર જિનેશ્વર દેવોએ જે કહ્યું છે તે જ સાચું છે. શંકારહિત છે."

**[૨૨૪] કુમારપાળ અને બનેવી અર્ણોરાજ**

એક વાર ગૂર્જરેશ્વર કુમારપાળનાં બહેન અને બનેવી અર્ણોરાજ ચોપાટ રમતા હતા ત્યારે એક સોગટી મારતાં કહ્યું, "લે; ગુજરાતના મુંડિયાને આ સોગઠી મારી."

આ હડહડતા અપમાનજનક શબ્દો સાંભળીને ગૂર્જરેશ્વરની બહેન સમસમી ઊઠી. માફી માંગવા માટે પતિને કહ્યું. પણ અર્ણોરાજ તો વધુ ઉશ્કેરાયો. તે કહેવા લાગ્યો, "તારો ભાઈ કુમારપાળ એટલે કોણ ? ગઈ કાલનો રખડુ કે બીજો કોઈ ?"

ધર્માત્મા બહેને અર્ણોરાજને સાફ કહી દીધું કે, "આ રાજસત્તાનો કે મારો સવાલ નથી. ધર્મવ્યવસ્થાનો સવાલ છે. જો માફી નહિ માંગો તો હું તમારી જીભ ખેંચાવીને જ જંપીશ."

આ સાંભળીને ક્રોધે ભરાયેલો અર્ણોરાજ તેને જોરથી લાત મારીને ચાલ્યો ગયો.

બહેન પિયર ચાલી ગઈ. કુમારપાળે યુદ્ધ પોકાર્યું. સાચે જ અર્ણોરાજને હાથી ઉપરથી નીચે પટકીને તેની છાતી ઉપર ચડી જઈને તેની જીભ ખેંચી.

અર્ણોરાજે દયા યાચી ત્યારે જ તેને જીવતો છોડ્યો.

**[૨૨૫] કુમારપાળની કૃપણતા**

અર્ણોરાજ સાથેના ધર્મયુદ્ધમાં ગૂર્જરેશ્વર કુમારપાળના આખા સૈન્યને અર્ણોરાજે પુષ્કળ ધન આપી ફોડી નાખ્યું હતું. કુમારપાળની કૃપણતા આ વખતે ખરેખર ભારે પડી ગઈ હતી.

યુદ્ધના મેદાનમાં જ કુમારપાળને સૈનિકોની 'નહિ લડવાની' ગુપ્ત નીતિની ખબર પડી. તેણે મહાવતને પૂછ્યું ત્યારે બધી વાતની ખબર પડી. મહાવતે કહ્યું કે, "અત્યારે તો આપ, હું અને હાથી... ત્રણ જ... એક છીએ."

કુમારપાળે કહ્યું, "આટલા તો મારે ઘણા છે" આમ કહીને તે એકાએક અર્ણોરાજ તરફ ધસી ગયો. શત્રુઓ તરફથી સિંહનાદ ફૂંકાયો, જેથી ગૂર્જરેશ્વરનો હાથી ગભરાઈને પાછો ભાગે, પણ ગૂર્જરેશ્વરે ખેસના બે ઊભા ચીરા કરીને હાથીના કાનમાં ખોસી દીધા. અને પછી ધસમસતાં જઈને અર્ણોરાજને હાથી ઉપરથી-પાલખીમાંથી નીચે પછાડ્યો.

એ જ વખતે બેન દોડી આવી અને ભાઈ પાસે બનેવી માટે અભયવચન માંગ્યું. અર્ણોરાજે દયા ગુજારવા વિનંતી કરી.

કુમારપાળે કહ્યું, "ધર્મયુદ્ધમાં બહેનનો વિચાર હું ન કરું પણ તું દયા ગુજારવાનું કહે છે તો દયાધર્મની રૂએ તને આજે જીવતો છોડું છું." અને વિજયડંકો વાગી ગયો.

ત્યાર બાદ ધનની લાલચથી ફૂટી ગયેલા સામંતો વગેરેને જ્યારે ગૂર્જરેશ્વરે કશું કહ્યું પણ નહિ ત્યારે તેમની ઉદારતાથી પ્રભાવિત થયેલા તે બધા કાયમના વફાદાર સૈનિકો બની ગયા.

ધર્મયુદ્ધ તે આનું નામ !

ધર્મરક્ષામાં નિર્માલ્યતા કદી ચાલી શકે નહિ. એથી આજે નાની વાતમાં નુકસાન, કાલે મોટી વાતમાંય નુકસાન ! પછી હાથમાં શું રહે ?

**[૨૨૬] ત્રણ ધર્માત્મા ભાઈઓ**

રાજા વીરધવળના સમયની આ વાત છે. કોઈ રાજાને ચાર સંતાનો હતાં. રાજાનું એકાએક અવસાન થતાં નાના ત્રણ ભાઈઓએ મોટાભાઈ પાસે પ્રસ્તાવ મૂક્યો કે પિતાનું વિશાળ રાજ્ય તે સંભાળે તેમને ત્રણેયને એકેકું નાનું રાજ્ય આપે.

પણ જડ મોટો ભાઈ, નાના ભાઈના સંતોષના ધર્મભાવને સ્પર્શી ન શક્યો. તેણે એકાદ પણ રાજ્ય આપવાની સાફ ના પાડી દીધી.

આટલું થવા છતાંય ધર્માત્મા ત્રણ ભાઈઓ લડ્યા-ઝઘડ્યા વિના ત્યાંથી ચાલી નીકળ્યા.

તેઓ રાજા વીરધવળની પાસે ગયા.

મંત્રીશ્વર વસ્તુપાળે તેમનું સ્વાગત કરીને બધી વાત જાણી કે તે ત્રણ ભાઈઓ નોકરી કરવા આવ્યા છે અને દરેકનો વાર્ષિક પગાર એકેક લાખ સોનામહોર છે.

વસ્તુપાળે રાજા વીરધવળને આ વાત કરી. રાજાએ કહ્યું, ''ત્રણ લાખ સોનામહોર તે પગાર હોય ? આટલી રકમમાં તો હું ત્રણે લાખ સૈનિકોનું સૈન્ય નિભાવી શકું.''

વસ્તુપાળે રાજાને આ માણસો રાખી લેવા સમજાવ્યા પણ તે નિષ્ફળ ગયા.

ત્રણે ભાઈઓ ત્યાંથી નીકળીને વીરધવળના દુશ્મન રાજા પાસે ગયા. તે રાજાએ તેમને તરત નોકરીમાં રાખી લીધા અને ત્રણ લાખને બદલે છ લાખ સોનામહોરનો વાર્ષિક પગાર નક્કી કર્યો.

ત્રણે ભાઈઓ રોજ રાજાને કાંઈ કામ પૂછતા ત્યારે રાજા કહેતા કે, ''મજા કરો.... કંઈ કામ નથી.''

એક વાર રાજાએ રાજા વીરધવળને હરાવવા માટે કહ્યું. ત્રણ ભાઈઓએ વીરધવળને દૂત મોકલાવ્યો.

યુદ્ધ શરૂ થયું. આરંભમાં જ ત્રણે ભાઈઓએ ત્રણ બાણ છોડીને ચિઠ્ઠીઓ મોકલી. તેમાં લખ્યું હતું કે, ''ત્રણ લાખ સોનામહોરથી જેટલા સૈનિકો પેદા કર્યા હોય તે બધાને હવે અમારી સામે લાવીને ઊભા કરી દેજો. અમે હવે લડવાનું શરૂ કરીએ છીએ.''

આ લખાણ વાંચીને વસ્તુપાળ સાવધાન થઈ ગયા.

પણ જોતજોતામાં તો મામલો આગળ વધી ગયો. રાજા વીરધવળ, વસ્તુપાળ અને તેજપાળ - ત્રણેયના કપાળે જરાક જ છેટું રાખીને ત્રણ ભાઈઓએ ભાલા ખડા કરી દીધા. રાજા વીરધવળના સૈન્યમાં નાસભાગ થઈ.

ત્રણ ધર્માત્મા ભાઈઓએ કહ્યું, ''તમને હમણાં જ ખતમ કરી નાખતાં પળનીય વાર લાગે તેમ નથી; પરંતુ પહેલાં તમારી રાજસભામાં અમે તમારું પાન ખાધું છે માટે પ્રાણ તો નહિ જ લઈએ. વળી વસ્તુપાળ અને તેજપાળ ! તમે તો અમારા ખૂબ ઉપકારી છો, તે દિવસે અમારા અતિથિ-સત્કારમાં કશી કમી રાખી નથી; પરંતુ તેની સાથે એ વાત પણ સમજી રાખો કે અમારા જે સ્વામી છે તેનું અમે લૂણ ખાઈ રહ્યા છીએ, માટે તમને મરાય તેમ નથી; તેમ છોડી શકાય તેમ પણ નથી.''

આમ કહીને માત્ર રાજા વીરધવળને ભાલાની અણી મારીને ઘોડા ઉપરથી ગબડાવી દીધા.

મૂર્ચ્છિત રાજાને વસ્તુપાળ છાવણીમાં લઈ ગયા. જ્યારે તે ભાનમાં આવ્યા

ત્યારે વસ્તુપાળે રાજાને કહ્યું, "જોયું ને, એ ત્રણ ભાઈઓ આપણને ત્રણ લાખમાં મોંઘા પડી ગયા તેનું પરિણામ ?"

રાજા બિચારો શું બોલે ?

**[૨૨૭] લક્ષ્મણનું અપમૃત્યુ અને સીતાજીનો વૈરાગ્ય**

લક્ષ્મણનો રામચંદ્રજી ઉપર કેટલો સ્નેહ છે તે જોવા માટે દેવે જે રમત કરી તેમાં ખરેખર લક્ષ્મણજી મૃત્યુ પામી ગયા.

કાકાનું આવું અપમૃત્યુ જોઈ રામચંદ્રજીના બે પુત્રો લવણ અને અંકુશને સંસાર ઉપરથી વૈરાગ્ય થઈ ગયો. પિતાજી રામચંદ્રજીને પોતાની ભાવના જણાવીને બે ભાઈઓ ત્યાંથી નીકળી ગયા; તેમણે દીક્ષા લીધી.

રામચંદ્રજી કેમેય માનતા નથી કે લક્ષ્મણ મૃત્યુ પામ્યો છે. છ મહિના સુધી લક્ષ્મણનું મડદું ખભે નાખીને તેમણે ફર્યા કર્યું. છેવટે પોતાનો ભૂતપૂર્વ સેનાપતિ કૃતાન્તવદન, કે જે દીક્ષા લઈને સ્વર્ગમાં દેવ થયો હતો તેણે અનેક ટુચકાઓ કરીને રામને ઠસાવ્યું કે એ લક્ષ્મણ નથી પણ લક્ષ્મણનું મડદું જ છે. ત્યારે રામને ભાન આવ્યું. ત્યાર બાદ તેમણે પણ દીક્ષા લીધી. રામચંદ્રજીની દીક્ષા સાથે સોળ હજાર મુકુટબદ્ધ રાજાઓએ તથા સાડત્રીસ હજાર રાણીઓએ પણ દીક્ષા લીધી હતી.

આવું જ સીતાજીના પ્રસંગમાં બન્યું. જ્યારે તેમણે સફળ દિવ્ય કર્યું. ત્યાર બાદ રામચંદ્રજીએ અયોધ્યામાં પ્રવેશ કરવા જણાવ્યું. તે વખતે સીતાજીએ તેમાં અનિચ્છા દર્શાવીને કહ્યું કે "હવે મને આ સંસારમાં કોઈ રસ રહ્યો નથી." આટલું કહીને તેમણે જાતે જ લોચ કર્યો અને તે વાળ રામચંદ્રજીને આપીને ત્યાંથી ચાલી નીકળ્યાં. નજીકમાં જ રહેલા જ્ઞાની ગુરુ પાસે તેમણે દીક્ષા લઈ લીધી.

**[૨૨૮] નેમિકુમારનું અહિંસક યુદ્ધ**

જ્યારે જરાસંધ સાથે શ્રીકૃષ્ણ યુદ્ધે ચડ્યા ત્યારે કુમાર નેમનાથ ઉપર કૃષ્ણતરફી માણસોનો યુદ્ધમાં જોડાવા માટે આગ્રહ થતાં નેમકુમારે એક મોરચો સંભાળ્યો.

જરાસંધને જરા નામની શક્તિ છોડીને જ્યારે આખી શત્રુસેનાને મૂર્ચ્છિત કરી નાખી ત્યારે તેમાંથી નેમકુમાર અને કૃષ્ણ જ ઊગરી ગયા હતા. "સેનાને મૂર્ચ્છામાંથી શી રીતે મુક્ત કરવી ?" તેવો સવાલ કૃષ્ણે નેમકુમારને પૂછ્યો. તેમણે કહ્યું કે, "શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુની આરાધનાનો અઠ્ઠમ કરીને તે

જિનપ્રતિમાનું પ્રક્ષાલ જલ જો સેના ઉપર છંટાય તો મૂર્ચ્છા વળી જાય." જ્યાં સુધી કૃષ્ણ આ આરાધના કરે ત્યાં સુધી આખી સેનાને સાચવવાની જવાબદારી નેમકુમારે લીધી.

શ્રીકૃષ્ણ વિદાય થયા. દેવેન્દ્રે રથ સાથે પોતાના શસ્ત્રસજ્જ સારથિને નેમકુમારની મદદે મોકલ્યો. જ્યારે જરાસંધે મૂર્ચ્છિત સેના ઉપર બાણવર્ષા કરવાની અનીતિ આચરી ત્યારે નેમકુમારે દૈવી રથને પોતાની સેનાની ચારે બાજુ એટલા જોરથી ઘુમાવ્યે રાખ્યો કે જરાસંધની સેનામાંથી છૂટતાં, તમામ શસ્ત્રો રથ સાથે ભટકાઈને નિષ્ફળ જવા લાગ્યા.

નેમકુમાર પણ બાણવર્ષા કરવા લાગ્યા, પણ તેનાથી શત્રુ-પક્ષના એક પણ માણસને માર્યા વિના માત્ર તેમના મુગટોને જ તે ઉડાવી દેતા.

લગાતાર ત્રણ દિવસ સુધી આવું રક્તહીન યુદ્ધ નેમકુમારે જારી રાખ્યું હતું. નેમકુમારની કેવી અહિંસા પરાયણતા !

**[૨૨૯] ધનપાળની જિનભક્તિ**

"કવિ ધનપાળ હવે ચુસ્ત જૈન બની ગયા છે." તેવી વારંવાર કાને આવતી વાતનું પારખું કરવા માટે રાજા ભોજે એક વાર કવિના હાથમાં પૂજાની સામગ્રીનો થાળ આપીને કહ્યું, "કવિરાજ ! ભગવાનની પૂજા કરી આવો."

ધનપાળ આનો ભેદ પામી ગયા. તેઓ પૂજા કરીને પાછા ફર્યા. રાજાએ પૂછ્યું, "ક્યાં પૂજા કરી ?"

ધનપાળે કહ્યું, "રાજન્ ! પહેલાં તો હું 'શક્તિ'ના મંદિરે ગયો; પણ તેના હાથનું ત્રિશૂળ જોઈને ભય પામ્યો અને ત્યાંથી નાસી ગયો.

"ત્યાર બાદ વિષ્ણુના મંદિરે ગયો. પણ તેમની બાજુમા લક્ષ્મીજીને ઊભેલાં જોઈને; 'મારાથી અંદર ન જવાય !' એમ વિચારીને, ત્યાં આડો પડદો કરીને હું નીકળી ગયો.

"ત્યાર બાદ શંકરજીના મંદિરે ગયો. ત્યાં એકલું લિંગ હતું. આપે આપેલો હાર મારે ક્યાં ચડાવવો ? ગળું હોય તો હાર ચડાવાય ને ? એટલે ત્યાંથી પણ પૂજા કર્યા વિના નીકળી ગયો.

"પછી વીતરાગ ભગવાનના મંદિરે ગયો. અરે રાજન્ ! શું તેની પ્રશમરસ ઝરતી મુદ્રા ! વળી ન ત્યાં કોઈ રાગનું પ્રતીક સ્ત્રી વગેરે અને ન કોઈ દ્વેષનું પ્રતીક ત્રિશૂળ વગેરે; અને ન કોઈ બીભત્સતા !"

"એટલે હું તો એ જિનની જ પૂજા કરીને અહીં આવ્યો છું."

બિચારો રાજા ! શું બોલે ?

**[૨૩૦] ધનપાળની વાદશક્તિ**

જ્યારે રાજા ભોજે આવેશમાં આવીને ધનપાળ કવિનું આદિનાથ-ચરિત્ર બાળી નાખ્યું ત્યારે ધનપાળ ધારાનગરીનો ત્યાગ કરીને સાચોરમાં રહેવા લાગ્યા. આ બાજુ ભોજને પોતાના અકાર્ય બદલ પસ્તાવો થતો હતો, ત્યાં તેની રાજસભામાં કૌલ મતનો સંન્યાસી વાદ કરવા આવ્યો. તેને કોઈ જીતી ન શકતાં રાજાએ ધનપાળને ભારે વિનવણીઓ કરીને બોલાવ્યો. ધનપાળે તે સંન્યાસીને હરાવ્યો.

તે સંન્યાસીએ કહ્યું, "ધનપાળ પંડિતના જેવી વાદશક્તિ આ ધરતી ઉપર કોઈની સંભવિત નથી."

ધનપાળે કહ્યું, "તમારી વાત સત્યથી વેગળી છે. વાદિવેતાળ જૈનાચાર્ય શાન્તિસૂરિજી મહારાજાની વાદશક્તિ પાસે હું કાંઈ વિસાતમાં નથી."

**[૨૩૧] વિમળ અને દામોદર મહેતા**

પાટણના રાજા ભીમદેવના મંત્રી વિમળશા હતા. બીજા મંત્રી દામોદર મહેતા હતા. દામોદર મહેતા જૈનધર્મના કટ્ટર દ્વેષી હોવાથી તેને વિમળ મંત્રી સાથે મેળ પડતો ન હતો.

વિમળે પોતાની અદ્ભુત બાણવિદ્યા બતાવીને ભીમદેવને ખૂબ ખુશ કરી દીધો હતો. તેણે વલોણું કરતી સ્ત્રીના કાનમાં હાલતાં એરિંગ તીરથી ઉડાવી દીધાં હતાં. એક બાળકને સુવાડીને, પેટ ઉપર મૂકેલાં નાગરવેલનાં એક સો પાનમાંથી બાણ વડે ઉપરનાં પાંચ પાન ક્રમશઃ ઉડાવી દીધાં હતાં.

પણ વિમળની વધતી જતી યશકીર્તિ દામોદર મહેતાથી જોવાતી ન હતી.

એક વાર તેણે મંત્રી પાસેથી ૫૬ કરોડનું રાજ લેણું નીકળતું બતાવ્યું. આથી વિમલને ઘણું દુઃખ થયું.

બ્રાહ્મણોના યજ્ઞોમાં થતા બકરાના હોમને અટકાવવા માટે વિમળે ઘણી નિષ્ફળ મહેનત કરી.

આવા પ્રસંગોમાં રાજા ભીમદેવ સાથે વિમળને ભારે મનદુઃખ થવા લાગતાં એક વાર મંત્રીએ પાટણ છોડ્યું. આબુની તળેટીમાં ચંદ્રાવતીનગરીને પોતાનું નિવાસસ્થાન બનાવ્યું. ત્યાંના રાજાને જીતીને વિમળે ત્યાં રાજા ભીમની આણ ફેલાવી. પોતે તેના તરફથી કારભાર ચલાવવા લાગ્યો. ભીમને પોતાની ભૂલનું ભાન આવ્યું. તેણે વિમળને દંડનાયક બનાવ્યો; પરંતુ વિમળ પાટણ તો ન જ આવ્યો.

પોતાનાથી થયેલી યુદ્ધકીય વગેરે હિંસાઓના પ્રાયશ્ચિત્ત રૂપે જૈનાચાર્ય વર્ધમાનસૂરિજીએ આબુનાં જિનમંદિરો બનાવરાવ્યાં.

છેલ્લા વર્ષોમાં વિમળ મંદિરોના નિર્માણકાર્યમાં જ લીન રહ્યાં.

અનેક પ્રકારની ભંભેરણીથી ભોળવાઈ જતા, કાચા કાનના રાજા ભીમે વિમળને મારી નાખવાના અનેક નિષ્ફળ પ્રયત્નો કર્યા હતા.

એક વાર વાઘને બરોબર છંછેડ્યા પછી તેને કબજે કરવા માટે વિમળને મોકલવામાં આવ્યો હતો. વિના શસ્ત્રે વાઘ પાસે જઈને તેના મોંમાં હાથ ઘાલી દઈને કાન પકડીને તેને પીંજરામાં પૂરી દીધો હતો.

બીજી વાર મહામલ્લ સાથે કુસ્તી કરવાનું ભીમે ગોઠવ્યું. તેમાં મલ્લને જુદા જુદા દાવ અજમાવવા દીધા પછી એક જ ધડાકે લોહીલુહાણ કરીને ચિત્ત કરી દીધો હતો.

## [૨૩૨] ચેડામહારાજા અને કોણિકનું યુદ્ધ

મગધપતિ શ્રેણિકે કોણિકને રાજ આપ્યું; તેના બીજા બે ભાઈઓ-હલ્લ વિહલ્લ-ને સેચનક હાથી તથા મૂલ્યવાન હાર તથા કુંડળો આપ્યાં. આ રીતે પાડવામાં આવેલા ભાગથી કોણિકની પત્ની પદ્માવતીને સંતોષ ન થયો. તેણે રીસે ભરાઈને તે આભૂષણો પોતાને મળવાં જોઈએ તેવો પતિ પાસે આગ્રહ રાખ્યો.

તેની અતિ જીદના કારણે લાચારીથી કુણિકને હલ્લ-વિહલ્લ પાસે તેની માગણી કરવી પડી. તેમણે સાફ ના પાડી અને તેઓ સ્વરક્ષા માટે મામા ચેડા મહારાજા પાસે ચાલ્યા ગયા.

કોણિકે ચેડા મહારાજાને કહ્યું કે, ''મારા ભાઈઓ મને સોંપી દો, નહિ તો યુદ્ધે ચડો.''

અને.... જંગની નોબતો બજી ગઈ. ચેડા મહારાજાને રોજ એક જ બાણ છોડવાની પ્રતિજ્ઞા હતી. તેમણે દસ દિવસમાં દસ બાણ છોડીને કોણિકના કાળ વગેરે દસ ભાઈઓને મારી નાખ્યા.

'અગિયારમા દિવસે પોતે મરશે' એ ભયથી કોણિકે યુદ્ધ બંધ કરીને અઠ્ઠમ તપની આરાધના કરી. તેથી સૌધર્મેન્દ્ર અને ચમરેન્દ્ર પ્રત્યક્ષ થયા.

કોણિકે તેમને ચેડાને ખતમ કરવા જણાવ્યું પણ બન્ને દેવેન્દ્રોએ તેના જેવા મહાશ્રાવકની હત્યા કરવામાં સાથ આપવાનો નિષેધ કરી દીધો. માત્ર તેમનાથી કોણિકનું રક્ષણ થાય તેટલી જ મદદ કરવાની તૈયારી દાખવી.

હવે ફરી યુદ્ધ શરૂ થયું. ચેડા મહારાજાએ કોણિક ઉપર બાણ છોડ્યું. તે વખતે સ્ફટિકની શિલાને વિકુર્વીને ઇન્દ્રે તે બાણ તેની સાથે અથડાવી નિષ્ફળ કર્યું.

તરત ચેડા મહારાજાએ વૈશાલીનો કિલ્લો બંધ કર્યો. કોણિકે કિલ્લાને ઘેરો નાખ્યો.

હલ્લ-વિહલ્લ ખૂબ જોરમાં આવીને કોણિકના સૈન્યનો કચ્ચરઘાણ કાઢવા લાગ્યા. કોણિક ખૂબ ચિંતાતુર થયો. મંત્રીઓએ કહ્યું, ''જ્યાં સુધી સેચનક હાથી છે ત્યાં સુધી તેના માલિકોને જીતવા મુશ્કેલ છે, માટે પ્રથમ તો હાથીને મારવો જોઈએ.

બીજો દિવસ થતાં પૂર્વે હાથીના માર્ગમાં અંગારાની ખાઈ તૈયાર કરી દેવાઈ. તેની ઉપર ઘાસ પાથરી દીધું.

જ્યારે હલ્લ અને વિહલ્લ સેચનક ઉપર બેસીને ત્યાંથી પસાર થવા લાગ્યા ત્યારે સેચનક ત્યાં આવીને અટકી ગયો. એને આગળ વધવા ખૂબ પ્રેર્યો; ખૂબ ઠપકો આપ્યો ત્યારે સૂંઢથી સ્વામીઓને જમીન ઉપર મૂકી દઈને એકલો આગળ વધ્યો અને ખાઈમાં પડીને બળી મર્યો.

આથી આઘાત લાગતા હલ્લ વિહલ્લને સંસાર પ્રત્યે વિરાગ થઈ ગયો. દૈવી મદદથી તેઓ પ્રભુ મહાવીરદેવ પાસે આવી ગયા.

વૈશાલીની ચોફેર ઘેરો ઘાલીને કેટલાય સમયથી બેઠેલા કોણિકને અકળામણ થવા લાગી. તે વખતે કોઈ દેવતાએ તેને કહ્યું કે, ''જો વૈશાલીનો કબજો લેવો હોય તો કૂલવાલક નામનો સાધુ જ તે કરી શકે. માગધિકા ગણિકાને તે જંગલમાં મોકલીને કૂલવાલકનું ચારિત્રથી પતન કરીને અહીં લાવવો જોઈએ.

આ કૂલવાલક મુનિ તે હતો, જે દ્વાદશાંગીના જાણકાર સંગમસિંહ આચાર્યનો તપસ્વી શિષ્ય હતો. પણ તેનામાં સ્ત્રીઓ તરફ વિકારભાવે જોવા વગેરેનું તીવ્ર દૂષણ હતું. ગુરુએ વારંવાર ઠપકો આપતાં તેને એક વાર કહ્યું કે, ''તારું સ્ત્રીથી જ પતન થઈ જશે એમ મને લાગે છે.''

આ શબ્દોથી અકળાઈને ગુરુનો ત્યાગ કરીને તે ગિરિ નદીના કિનારે રહીને ઘોર તપ કરવા લાગ્યો.

તેના તપથી પ્રસન્ન થઈને દેવતાઓએ એ નદીનો કિનારો (કૂલ) વાળી દીધો (વાલક). આથી તેનું નામ કુલવાલક પડ્યું.

માગધિકા નામની ગણિકાને કોણિકે તેની પાસે મોકલી. તેણીએ માદક દ્રવ્યો ખવડાવીને; ઝાડા થવા દઈને સેવાના બહાને સ્પર્શ કરીને પતન કરી નાખ્યું.

તેને લઈને ગણિકા રાજા પાસે આવી. રાજાએ વૈશાલી જીતી આપવામાં મદદગાર થવા જણાવ્યું.

તે ભ્રષ્ટ મુનિ વૈશાલીમાં ગયો. તેણે જોયું કે તેમાં જે મુનિ સુવ્રત સ્વામીજીનો સ્તૂપ છે તેના પ્રભાવે વૈશાલી જીતાતી નથી, માટે તેને યુક્તિથી દૂર કરવો જોઈએ.

આથી તેણે લોકોને ઊલટું કહ્યું કે, "તે સ્તૂપના કારણે વૈશાલી મુશ્કેલીમાં છે માટે તેને દૂર કરવો જોઈએ. જેવો તેને દૂર કરવાનો યત્ન કરશો તેવો જ તેનો પરચો થશે. કોણિકના સૈન્યમાં નાસભાગ થવા લાગશે."

મુનિએ કોણિકને કહી રાખ્યું કે, "સ્તુપ તોડવાનું શરૂ થાય કે સૈન્યમાં નાસભાગ કરાવવી."

સઘળું તે મુજબ થયું. ઉત્સાહિત થઈને વૈશાલીવાસીઓએ સ્તૂપ તોડી નાખ્યો. પ્રતિમાજીને દૂર કરી.

અને..... કોણિક તૂટી પડ્યો. ચેડા મહારાજા તે પ્રતિમાજીની રક્ષા કરવા માટે તેને લઈને કૂવામાં પડ્યા. દેવે પ્રતિમા ઝીલી લીધી, ત્યાં જ અનશન કરીને તે સ્વર્ગે ગયા.

કોણિકે વિજય મેળવ્યો. વિશ્વમાં યુદ્ધોમાં સૌથી વધુ સંહાર - એક કરોડ એંસી લાખ માણસોનો - આ સમયે થયો હતો. કોણિક મરીને છઠ્ઠી નરકે ગયો.

**[૨૩૩] અટ્ટનમલ**

ઉજ્જયિનીના રાજા જિતશત્રુ પાસે અટ્ટન નામનો જબરો મલ્લ હતો. તે હંમેશ માટે અજય હતો. સોપારક નગરના અનેક મલ્લોને તેણે હરાવીને પુષ્કળ બક્ષિસો મેળવી હતી. આથી ચિંતાતુર બનેલા ત્યાંના રાજાએ માત્સ્યિક નામનો નવો મલ્લ તૈયાર કર્યો. પૂરી તાલીમ અને તૈયારી પછી તેને અટ્ટન સામે કુસ્તીમાં ઉતારવામાં આવ્યો. રાજાની મહેનત સફળ થઈ. માત્સ્યિક વિજયી બન્યો.

અટ્ટનની 'કાંઈક' ઉંમર થઈ જવાથી હવે તે માત્સ્યિક સાથે ફરીથી લડીને વિજય મેળવી શકે તેમ ન હતું. આથી તેણે ભરૂચ જિલ્લાના ધરણી ગામના કોઈ કદાવર ખેડૂતને મલ્લવિદ્યા શીખવી. તેનું નામ ફલહીમલ્લ રાખ્યું. તેને પૂરેપૂરો તૈયાર કરીને માત્સ્યિક સાથે કુસ્તીમાં ઉતાર્યો.

કેટલાય દિવસો ગયા પણ કોઈ પરિણામ ન જ આવે. બંને બરોબર લડતા હતા અને કોઈને જીતવા દેતા ન હતા.

અટ્ટને એક રાતે ફલહીમલ્લને પૂછ્યું કે,“તું ઝટ વિજય કેમ મેળવતો નથી ? તેને ક્યાંક શરીરમાં કળતર વગેરે કાંઈ પણ થાય છે ખરું ?”

ફલ્હીમલ્લે હા પાડી. માલિશ વગેરે કરીને તેને તૈયાર કરવામાં આવ્યો.

આ બાજુ માત્સ્યિકને પણ તેમાં તાલીમબાજે આ જ સવાલ પૂછ્યો; પણ ગુમાની એવા તેણે સાચી વાત ન કરી. તેને પગની એડીઓમાં દુખતું હતું. બીજે દી કુસ્તી થતાં ફલહીમલ્લે માત્સ્યિકને ચિત પાડી દઈને વિજય મેળવી લીધો.

**[૨૩૪] શાસન-રક્ષા માટેના પ્રસંગો**

જ્યારે જ્યારે ધર્મ ઉપર ભય પેદા થવાના પ્રસંગો ઉપસ્થિત થયા છે ત્યારે ત્યારે તેને નિવારવા માટે યુદ્ધ પણ લડવાં પડ્યાં છે અને અન્ય સખત ઉપાયો પણ લેવા પડ્યા છે.

(૧) કાલકસૂરિજી મહારાજા સાધ્વી સરસ્વતીજીનું અપહરણ કરી ચૂકેલા કામાંધ રાજા ગર્દભિલ્લને સખત બોધપાઠ આપવા માટે શકરાજને યુદ્ધ કરવા માટે લઈ આવ્યા હતા. તેના માર્ગદર્શક સૂરિજી પોતે બન્યા હતા. ગર્દભિલ્લને સખત હાર આપીને તેને જીવતો રાખીને જંગલમાં રવાના કરાવી દીધો હતો. સાધ્વીજીએ આયંબિલ તપ વગેરે શીલરક્ષા અણિશુદ્ધ રીતે કરી હતી.

(૨) મગધપતિ શ્રેણિકે પોતાની મિથ્યાત્વ દશામાં, ‘જૈન સાધુઓ દુરાચારી છે’ એવું સાબિત કરી આપીને ચુસ્ત જૈન પટરાણી ચેલ્લણાને જૈનધર્મથી વિમુખ કરી દેવા માટે છટકું કર્યું હતું. જેમાં મહાદેવજીના મંદિરમાં કારણવશાત્ વિહારમાં એકાકી સંથારો કરતા જૈન સાધુ પાસે વેશ્યાને મોકલી આપવામાં આવી હતી અને મંદિરના દ્વાર બંધ કરી દેવાયાં હતાં.

મુનિ નિર્વિકારી હોવાથી વેશ્યા પતન તો ન કરી શકી, પણ તેણે છટકું ગોઠવાયાની સઘળી વાત કરી. સવારે રાજા વગેરે સેંકડો માણસોની સામે, મંદિર ખૂલતાં; વેશ્યાની સાથે જૈન સાધુ નીકળે તો ધર્મહેલના કેટલી જોરદાર થાય ? આ વિચારે તે મુનિએ લંગોટી જેટલું પહેરીને બાકીનાં તમામ વસ્ત્રો અને ઓઘો મંદિરના દીવાની મદદથી બાળી નાખ્યાં. તેની રાખ શરીર ઉપર ચોળી. મંદિરમાં પડેલો ચીપિયો લીધો. જેવાં દ્વાર ઊઘડ્યાં કે મુનિ ‘અલખ નિરંજન’ બોલતાં બાવાના સ્વરૂપમાં બહાર નીકળ્યા.

ચેલ્લણાને લઈને શ્રેણિક ત્યાં આવી ગયા હતા. બીજા અનેક લોકોને

આમંત્રણ અપાયું હતું. એ બધાય આ દૃશ્ય જોઈને અચંબો પામી ગયા. જૈનધર્મની હેલનાની ભંયકર હોનારત અટકી ગઈ.

મુનિએ કમાલ કરી નાખી !

(૩) સૂરાચાર્યને મારી નાખવા તત્પર બનેલા ભોજથી તેમની રક્ષા કરવા માટે કવિ ધનપાળે સૂરાચાર્યને બાહ્યથી ગૃહસ્થના વેષમાં ધારાનગરીમાંથી નસાડ્યા હતા.

(૪) ધર્મપ્રભાવના માટે વજ્રસ્વામીજી વિમાનમાં પુષ્પો લાવ્યા હતા. રાજા સહિત આખી પુરી-નગરીને બૌદ્ધમાંથી જૈન બનાવી હતી.

(૫) મુનિ વિષ્ણુકુમારને જૈનધર્મદ્વેષી નમુચિને પગ નીચે દબાવીને સખત સજા કરવી પડી હતી. માફી માંગતા તેને છોડી દીધો હતો. આ માટે વિષ્ણુકુમારજીને ક્રોધ લાવવા માટે ખૂબ પ્રયત્ન કરવો પડ્યો હતો.

(૬) પાદલિપ્તસૂરિજી મહારાજાને પોતાના જીવતે જીવ-સ્મશાન-યાત્રા કાઢવાનું નાટક કરવું પડ્યું હતું. જેમાંથી તેમને પૂરી સફળતા મળતાં શાસનહેલના અટકી ગઈ હતી.

**[૨૩૫] સિદ્ધસેન પંડિત**

સિદ્ધસેન પંડિતને પ્રતિજ્ઞા હતી કે તેને જો કોઈ વાદમાં હરાવી દે તો તેણે તેમના આજીવન શિષ્ય થવું.

તેને કોઈએ કહ્યું કે, ''તમે ગમે તેટલા વાદીઓને જીત્યા હોય પણ વૃદ્ધવાદિદેવસૂરિ નામના જૈનાચાર્યને ન જીતો ત્યાં સુધી બધું નકામું.''

તરત સિદ્ધસેને તે જૈનાચાર્યની તપાસ કરાવી. તે વખતે તેઓ ભરૂચમાં હતા. સિદ્ધસેન જે દી ભરૂચ પહોંચ્યા તે જ દી તે સૂરિજીએ ત્યાંથી વિહાર કર્યો હતો.

સિદ્ધસેન ઝપાટાબંધ ચાલવા લાગ્યો. રસ્તામાં જ સૂરિજીને પકડી પાડ્યા. રસ્તામાં જ ગાડર ચરાવતા રબારીઓને લવાદ તરીકે નીમી દઈને તેણે સૂરિજી સાથે વાદ કર્યો. તેની પાંડિત્યભરી ભાષાનું ભાષણ રબારીઓને સમજાયું તો નહિ પરંતુ તેઓ કંટાળી ગયા. પછી સૂરિજીનો વારો આવ્યો. તેમણે રબારીઓની મનઃસ્થિતિ જાણીને ''નવિ મારીએ... નવિ ચોરીએ...'' વગેરે લીટીઓ બોલવા સાથે કચ્છો બાંધીને ગોળાકારે તાબોટા લેવાનું જે શરૂ કર્યું કે રબારીઓ ઝાલ્યા રહી ન શક્યા. તેઓ બધાય તેમની સાથે ગોળાકારે તાબોટા લેતા તે લીટીઓ બોલવા લાગ્યા. રબારીઓએ સૂરિજીની તરફેણમાં ચુકાદો આપ્યો.

સુરિજીએ પંડિત સિદ્ધસેનને કહ્યું કે, "આ ન્યાય મને સ્વીકાર્ય નથી. આપણો ન્યાય તો ભરૂચની રાજસભામાં પંડિતો કરે. ચાલ, આપણે ત્યાં જઈને પુનઃ વાદ કરીએ."

પણ સિદ્ધસેન ન માન્યો. પોતે જ નીમેલા લવાદનો ન્યાય તે અમાન્ય કરવા તૈયાર ન હતો. તેની આ દૃષ્ટિની સૂરિજી મનોમન અનુમોદના કરવા લાગ્યા.

સિદ્ધસેન પોતાની પ્રતિજ્ઞા મુજબ તેમનો શિષ્ય થયો. આ સિદ્ધસેન તે જ જૈન ઇતિહાસના ગગનના ઝળહળતા સિતારા જૈનાચાર્ય સિદ્ધસેન દિવાકરસૂરિજી.

**[૨૩૬] ક્ષીરકદંબક પાઠક**

આ વાત જૈન રામાયણમાં આવે છે.

એ હતા, ક્ષીરકદંબક નામના પાઠક. જંગલમાં જ તેમનું ઘર, તેમની પાસે રાજાનો પુત્ર; પુરોહિતનો પુત્ર અને પોતાનો પુત્ર - અનુક્રમે વસુ, નારદ અને પર્વતક ભણતા હતા.

જ્યારે ક્ષીરકદંબકે સંન્યાસ ગ્રહણ કરીને એ ઘરનો ત્યાગ કર્યો ત્યારે તેમનો પુત્ર પર્વતક ગુરુ-સ્થાને આવ્યો. જે વસુ હતો તે રાજા થયો. વસુની સત્યવાદી તરીકેની નામના હતી.

એક વાર વસુ રાજાને કોઈ શિકારી પાસેથી પારદર્શક સ્ફટિકનો મોટો દૈત પથ્થર ભેટ મળ્યો. વસુએ તેમાંથી સિંહાસન નીચેની વૈદિકા બનાવડાવી. તેની ઉપર સિંહાસન ગોઠવ્યું. તે વેદિકા એવી પારદર્શક હતી કે ત્યાં જોતાં સહુને એમ જ લાગે કે સિંહાસન અધ્ધર-આકાશમાં - જ રહેલું છે. આ ભ્રમણાનો પૂરો લાભ વસુ રાજાએ ઉઠાવ્યો. તેણે એવી જાહેરાત કરાવી કે સત્યવાદિતાના પ્રભાવે વસુ રાજાનું સિંહાસન આકાશમાં અધ્ધર રહ્યું છે.

જે શિલ્પીઓએ આ વેદિકા બનાવી હતી તેઓ આ સફેદ જૂઠાણાનો ભાંડો ફોડી નાખે તે ભયથી વસુએ તે બધાયને મારી નંખાવ્યા હતા.

આ બાજુ ક્ષીરકદંબક પાઠકના સ્થાને-ગુરુપદે બિરાજેલા પર્વતકે એક વાર શિષ્યોને 'અજૈર્યષ્ટવ્યં' પાઠનો અર્થ કરતાં કહ્યું કે, 'અજ એટલે પશુ, તેનો હોમ કરીને યજ્ઞ કરવો."

આ અર્થ સમજાવાતો હતો ત્યારે જ પર્વતકનો સહાધ્યાયી નારદ, મિત્ર-પર્વતકને મળવા આવ્યો. આ અર્થ સાંભળીને નારદે પર્વતકને કહ્યું કે, "આપણા ગુરુ ક્ષીરકદંબકે આવો અર્થ કર્યો નથી. તેમણે તો આ સ્થળે અજ એટલે ન ઊગી શકતું ધાન્ય-ચોખા-કહેલ છે."

પણ નારદની વાત પર્વતકે ન માની એટલે બન્ને પોતાના ત્રીજા સહાધ્યાયી વસુરાજા પાસે ગયા. તેમણે નિર્ણય કર્યો કે જે ખોટો પડે તેની જીભ કાપી નાંખવી.

પર્વતકની પત્નીને આ વાતની ખબર પડી. તે જાણતી હતી કે તેના પતિ ખોટા છે. એટલે વસુરાજા પાસે ગઈ અને પતિની તરફેણમાં ચુકાદો આપવા માટે ખૂબ આગ્રહ કર્યો, પહેલાં તો આવું જૂઠું બોલવાની સાફ ના પાડતાં વસુએ છેલ્લે નમતું જોખ્યું.

બીજે દી રાજસભામાં વસુએ જેવો જૂઠા પર્વતકની તરફેણમાં ચુકાદો આપ્યો કે તરત જ દૈવી પ્રકોપ થયો. સ્ફટિકની વેદિકામાં તિરાડ પડી. જોતજોતામાં તેના ટુકડે ટુકડા થઈ ગયા.

સિંહાસન નીચે પડ્યું. વસુ પટકાઈ ગયો. વસુ ત્યાં જ મરીને નરકમાં ગયો.

વસુ તો મર્યો પરંતુ તેની ગાદી ઉપર તેના જે જે પુત્રો બેઠા તે બધાયને દેવતાએ હણી નાંખ્યા.

### [૨૩૭] કુમારપાળનાં પૂજાનાં વસ્ત્રો

ગૂર્જરેશ્વર કુમારપાળ જિનપૂજામાં પોતાનાં જ વસ્ત્રો વાપરતા હતા. એક વાર ભૂલથી બાહડમંત્રીના નાનાભાઈ ચાહડે તે વસ્ત્રો પહેરીને પૂજા કરી. આથી ગૂર્જરેસ્વરે ચાહડને નવાં વસ્ત્રો લાવી આપવાનો હુકમ કર્યો.

હવે આ પ્રકારનાં વસ્ત્રો માત્ર બંબેરા નામની નગરીમાં જ બનતાં હતાં. ત્યાંનો રાજા તેને એક વાર વાપર્યા પછી જ વેચાણ માટે મૂકવા દેતો હતો.

ચાહડને વિમાસણ થઈ; પરંતુ ઘણી યુક્તિ કરીને, અઢળક દ્રવ્યનો વ્યય કરીને પણ વાપર્યા વિનાનાં તે વસ્ત્રો મેળવવામાં આવ્યાં.

### [૨૩૮] કુમારપાળની આરતી

ત્રિભુવનપાળવિહાર નામના પોતાના પૈસે બનાવેલા જિનમંદિરના ઘૂળેવા નામના રંગમંડપમાં ઊભા રહીને ગૂર્જરેશ્વર કુમારપાળ પ્રભુજીની આરતી ઉતારતાં ઉતારતાં એકાએક અટકી ગયા. તેઓ મનોમન બોલવા લાગ્યા, "આ ત્રિલોકનાથની સાચી ભક્તિ મારે હૈયે છે જ નહિ. જેને હૈયે પરમાત્મા હોય તેના હૈયે લક્ષ્મી શી રીતે હોય ? પ્રભુજીના શરીરે જે પુષ્પોની અંગરચના થઈ છે તે એક જ ઋતુનાં પુષ્પો છે; છતાંય કેવી સુંદર આંગી બની છે. પણ જો છય ઋતુનાં પુષ્પો ભેગાં કરીને રોજ આંગી થાય તો તે કેટલી અદ્‌ભુત થાય ?

"તો મારી પાસે લક્ષ્મીની ક્યાં કમી છે ? પણ હું રહ્યો કૃપણ, એટલે

મેં લક્ષ્મીનો પુષ્કળ વ્યય કરીને પણ છ ઋતુનાં પુષ્પો બારેમાસ ઊગે તેવો બાગ બનાવ્યો જ નહિ.

કાંઈ નહિ.... હવે જાગ્યા ત્યારથી સવાર.... જ્યાં સુધી મારા બાગમાં છ ય ઋતુનાં પુષ્પો દરેક ઋતુમાં ન ઊગે ત્યાં સુધી મારે નિર્જલ ઉપવાસની પ્રતિજ્ઞા.''

અને..... પછી અટકી ગયેલી આરતી ફરી ચાલુ થઈ.

આ વાતની ગુરુદેવ હેમચંદ્રસૂરિજી મહારાજાને ખબર પડી. રાતે જ ધ્યાનસ્થ થઈને દેવતાને હાજર કર્યા. સઘળી વાત કરી. હવે શું કરવું જોઈએ ? તે વિચારવાની દેવતાને પ્રેરણા કરી. જો કશું ન કરાય તો જૈનશાસનના મહાપ્રભાવક શ્રાવક કુમારપાળને કાયમ માટે ખોઈ નાખવાનું બને. આ સાંભળીને દેવતા અન્તર્ધાન થયા.

બીજા દિવસે સવારે વનમાળીએ દોડતા આવીને ગૂર્જરેશ્વરને સમાચાર આપ્યા કે બાગમાં છ ય ઋતુનાં પુષ્પો ખીલી ઊઠ્યાં છે !

કેવા પ્રભુભક્ત ! કેવા ગુરુ !

**[૨૩૯] પેથડની જિનભક્તિ**

માંડવગઢના મંત્રી પેથડ જ્યારે જિનપૂજા માટે મંદિરમાં પ્રવેશ કરતાં ત્યારે તેમનો એક માણસ મંદિરની બહાર બેસી રહેતો. તેને સખત આદેશ હતો કે, ''રાજ વગેરેનાં કોઈપણ કામ માટે મળવા આવેલા માણસને મંદિરમાં પ્રવેશવા દેવો નહિ.''

એક વાર રાજાને પેથડનું તાત્કાલિક કામ પડતાં માણસને બોલાવવા મોકલ્યો. પણ તે વખતે જિનપૂજા ચાલતી હતી. તેને અંદર જવા ન દેતાં તેણે પાછા ફરીને રાજાને વાત કરી. ગુસ્સે ભરાઈને રાજાએ ફરી તેને બોલાવવા મોકલ્યો. ફરી પણ તેમ જ થયું.

હવે ક્રોધથી દાંત કચકચાવતો રાજા પોતે જ મંદિરે આવ્યો. તેણે અંદર જવાનું કહ્યું ત્યારે, ''પૂજાનાં વસ્ત્ર પહેરીને જ જઈ શકાશે.'' તેમ અસંદિગ્ધ ભાષામાં પેથડમંત્રીના માણસે રાજાને સંભળાવી દીધું.

પણ આજે રાજાને પેથડમંત્રીની પૂજા જોવી જ હતી એટલે ગમ ખાઈને પણ તે સ્નાનાદિ કરીને અંદર પેઠો.

એ વખતે પુષ્પપૂજા ચાલી રહી હતી. હંમેશ સાથે બેસીને ટેવાયેલો કલ્યાણમિત્ર મંત્રીશ્વરની પાછળ બેસીને થાળમાંથી જે વખતે જે જોઈએ તે જ પુષ્પ આપતો જતો હતો. રાજા સંકેત કરીને તેને ખસેડીને પોતે ત્યાં બેસી ગયો. પણ પુષ્પો આપવા જતાં એકને બદલે બીજું અપાઈ ગયું. મન્ત્રીશ્વરે

પાછળ વળીને જોયું. રાજાને પોતાને જ બેઠેલા જોયા. પણ જરાય ખચકાયા વિના મન્ત્રીશ્વરે પૂજનવિધિ ચાલુ રાખી,

જ્યારે તેઓ બહાર નીકળ્યા ત્યારે જ તેમણે રાજાને પ્રણામ કર્યા.

પ્રભુભક્તિની એકાકારતા જોઈને ઠંડાગાર બની ગયેલા રાજાએ મન્ત્રીશ્વરની પીઠ થાબડતાં કહ્યું, ''આવા મહાન મન્ત્રી મને મળ્યા બદલ હું ખૂબ ગૌરવ અનુભવું છું. જે પોતાના પરમાત્માનો ભક્ત છે એ મને કદી બેવફા નહિ બને એની મને પૂરી ખાતરી છે.''

**[૨૪૦] આમ્રભટ્ટ અને કુમારપાળ**

એક વાર ગૂર્જરેશ્વર કુમારપાળે આમ્રભટના કોઈ કાર્યથી ખૂબ પ્રસન્ન થઈને કોટિ દ્રવ્ય, ત્રણ સુવર્ણ - કલશ અને ચોવીસ જાતિમાન ઘોડા ભેટ આપ્યા.

તે લઈને ઘેર જતાં આમ્રભટને અનેક યાચકો ઘેરી વળ્યા તેણે તે બધું ય ઇનામ સહુને આપી દીધું.

આમ્રભટ પ્રત્યેની ઈર્ષ્યાથી પ્રેરાઈને કેટલાક વિઘ્નસંતોષીઓએ ગૂર્જરેશ્વરના કાન ભંભેરતા કહ્યું કે, ''તમારાથી પણ વધુ લોકપ્રિય થઈ જવા માટે આમ્રભટે બધી બક્ષિસનું દાન કરી દીધું છે.''

ઉશ્કેરાયેલા ગૂર્જરેશ્વરે આમ્રભટ પાસે ખુલાસો માંગ્યો.

તેણે કહ્યું : ''ગૂર્જરેશ્વર ! આપ આટલું દાન ન કરી શકો અને હું જ તે કરી શકું. કેમ કે ગમે તેમ તો ય આપ એટલે કોણ ? માત્ર બાર ગામડાંના ધણી ત્રિભુવનપાળના પુત્ર ! અને હું એટલે ? અઢાર દેશના માલિક ગૂર્જરેશ્વર કુમારપાળનો પુત્ર (સેવક) ! આમ આપના કરતાં મારું સ્થાન વધુ ગૌરવવંતુ છે.''

આ સાંભળીને ગૂર્જરેશ્વર ખૂબ આનંદિત થઈ ગયા.

**[૨૪૧] કુમારપાળનું જાસૂસીતંત્ર**

એક વાર શત્રુ રાજા અર્ણવની ગુપ્ત બાતમીઓ મેળવવા માટે ગૂર્જરેશ્વર કુમારપાળે કંચન નામના મંત્રીને મોકલ્યા.

મંત્રીએ અર્ણવરાજની દાસી સાથે બનાવટી પ્રેમ શરૂ કર્યો. એક વાર તે મોડી રાતે આવી તેથી કંચનમંત્રીએ ક્રોધે ભરાઈને કહ્યું કે, ''તારા પ્રેમ ખાતર હું ઉજાગરા કરું છતાં તને તેની જાણે કશી જ કિંમત જણાતી નથી.''

દાસીએ કહ્યું, ''આજે રાજા-મંત્રીની ગુપ્ત વાત સાંભળવામાં મન લલચાઈ જતાં મને મોડું થઈ ગયું છે. થાંભલે સંતાઈને મેં સાંભળ્યું છે કે, કુમારપાળ

જ્યારે મંદિરે દર્શન કરવા જાય ત્યારે વ્યાઘ્ર નામના રાજાએ તેનું છરીથી ખૂન કરી નાંખવું.''

કંચન મંત્રીએ તાબડતોબ આ બાતમી ગૂર્જરેશ્વરને પહોંચાડી. મંદિરે જતાં રસ્તામાં લાગ મેળવવા માટે ઊભેલા વ્યાઘ્રરાજને સૈનિકોએ પકડી લીધો. તેની પાસેથી છરી મળી. કુમારપાળ પાસે તેને ખડો કરવામાં આવ્યો. તેમણે તેને કહ્યું, ''હું તને નહિ મારું પણ આવું કામ કરાવનાર તારા રાજા અર્ણવને મારીશ.''

આ ઘટના પછી અર્ણવે બીજું કપટ કર્યું. યુદ્ધમાં કુમારપાળના સૈન્યને ફોડી નાંખ્યું. પણ તે વખતે ય હાથી અને મહાવતની મદદથી ગૂર્જરેશ્વરે વિજય મેળવ્યો. અર્ણવરાજે દયા ગુજારી માટે જીવતો છોડ્યો પરંતુ તેના મુગટની બે ય બાજુ જીવનભર બે લાલ જીભ મૂકવાની ફરજ પાડીને પોતાની બહેનોની 'જીભ ખેંચવાની ઇચ્છા' પૂરી કરી.

### [૨૪૨] કુમારપાળ અને સોમનાથ મંદિરનો જીર્ણોદ્ધાર

હજી જ્યારે ગૂર્જરેશ્વર કુમારપાળ જૈનધર્મી બન્યા ન હતા; હજી જ્યારે સોમેશ્વર મહાદેવના તે પરમ ભક્ત હતા તે વખતે પણ, 'પોતાનો જાન એક વાર બચાવ્યો હતો' તે ઋણમાંથી મુક્ત થવા માટે તેમણે કલિકાલ-સર્વજ્ઞ હેમચંદ્રસૂરિજી મહારાજાને 'ગુરુ' તરીકે સ્થાપ્યા હતા. પરંતુ તેણે સ્પષ્ટ રીતે કહ્યું હતું કે, ''હું શંકરનો પરમ ભક્ત છું, તમારે મને તમારા ધર્મની બહુ વાતો કરવી નહિ.''

એક વાર કુમારપાળે સોમનાથ મહાદેવના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવવાનું ચાલુ કર્યું. કમનસીબે અનેક જાતનાં વિઘ્નો આવતાં રહ્યાં. તેણે ગુરુદેવની સલાહ માંગી. સૂરિજીએ કહ્યું કે, 'જીર્ણોદ્ધાર પૂરો ન થાય ત્યાં સુધી કાં બ્રહ્મચર્ય પાળવું, કાં તો મદ્ય-માંસનો ત્યાગ કરવો.'

કુમારપાળે મદ્ય-માંસનો ત્યાગ કર્યો. બે વર્ષે મંદિરનો જીર્ણોદ્ધાર પૂરો થયો. રાજાએ મદ્ય-માંસની છુટ્ટી માંગી પણ સૂરિજીએ મહાદેવજીના દર્શન વિના છુટ્ટી નહિ કરવાની સલાહ આપી.

બ્રાહ્મણોની પ્રેરણાથી કુમારપાળે સૂરિજીને પણ મહાદેવજીના દર્શનાર્થે પધારવા વિનંતી કરી; જેનો જરાય ખચકાટ વિના સૂરિજીએ સ્વીકાર કર્યો. સૂરિજી ખૂબ દૂરદર્શી હતા. તેઓ ઘણું મેળવવા માટે થોડુંક છોડવાની વણિકવૃત્તિમાં નિષ્ણાત હતા.

શત્રુંજય તીર્થની યાત્રા કરીને સૂરિજી આવી પહોંચ્યા. કુમારપાળ પણ

આવી પહોંચ્યા. કુમારે સૂરિજીને દર્શન કરવા માટે મંદિરમાં પધારવાની વિનંતી કરી. સૂરિજીએ કહ્યું, 'એમાં વિનંતી શું ? એ માટે તો અમે અહીં આવ્યા છીએ.''

મંદિરે જઈને ઊંચા સ્વરે સ્તુતિ કરતાં કહ્યું કે, ''જે સર્વથા વીતરાગ થઈ ગયા હોય તેને મારા નમસ્કાર છે. પછી તે નામથી બ્રહ્મા હોય, વિષ્ણુ હોય, મહાદેવ હોય કે જિન હોય.''

भानबीजांकुरजनना रागाद्याः क्षयमुपागता यस्य ।
ब्रह्मा वा विष्णुर्वा हरो जिनो वा नमस्तस्मै ॥

આ રીતે વીતરાગ પરમાત્માની સ્તુતિ કરી. કુમારપાળને સૂરિજી માટે અતિશય બહુમાન પેદા થયું.

પછી બંને ગભારામાં ગયા. તે વખતે કુમારપાળે સૂરિજીને પૂછ્યું કે, ''મહાદેવ સમો કોઈ દેવ નથી, તમારા જેવા કોઈ ગુરુ નથી. અને મારા જેવો કોઈ તત્ત્વનો અર્થી નથી. હવે અહીં જ્યારે આવો ત્રિવેણીસંગમ થયો છે ત્યારે ઘણાબધા ધર્મોમાં સત્ય ધર્મ કયો ? તે આપની પાસેથી જાણવાની મારી ઇચ્છા છે. આપ જેવા ગુરુ મળ્યા પછી આવો સંશય શા માટે રહે ?''

સૂરિજીએ કહ્યું, 'આ સંશયનું નિવારણ ખુદ મહાદેવજી જ કરશે. હું હમણાં જ તેમને મંત્રબળથી પ્રગટ કરું છું. તે વખતે તમારે શ્રેષ્ઠ કપૂર તેમની સામે નાંખતા જવું.''

એમ કરતાં એકાએક સૂર્યથી પણ જોરદાર તેજવર્તુળ પ્રગટ્યું. તેમાંથી સાક્ષાત મહાદેવ પ્રગટ્યા.

કુમારપાળે પોતાનો સંશય પૂછ્યો. ત્યારે મહાદેવજીએ કહ્યું કે, ''તારે આ ગુરુને જ ભજવા. એ મૂર્તિમાન પરબ્રહ્મ છે, ચારિત્ર શિરોમણિ છે, તત્ત્વજ્ઞ છે. તું આ પ્રમાણે કરીશ તો તારું કલ્યાણ થઈ જશે.''

આમ કહીને મહાદેવજી અન્તર્ધાન થયા.

આ ઘટનાથી આશ્ચર્યમુગ્ધ થયેલા કુમારપાળે સૂરિજીને કહ્યું, ''રે ! આપ જ મારા ઈશ્વર છો; આપ જ પરબ્રહ્મસ્વરૂપ છો; આપને તો મહાદેવજી પણ વશ છે. આપે મને જીવનદાન આપીને મારો આ લોક સુધાર્યો, હવે શુદ્ધ ધર્મનું દાન કરીને મારો પરલોક સુધારી આપો.''

કહેવા માટેની આ સુંદર તક છે એમ જાણીને સૂરિજીએ કુમારપાળને કહ્યું, ''તો છોડેલા મદ્ય-માંસ કાયમ માટે છોડી દો.''

એ જ વખતે કુમારપાળે તેના ત્યાગની પ્રતિજ્ઞા કરી. આ પછી ધીમે

ધીમે કુમારપાળ જિનધર્મની અભિમુખ થતા ગયા. અંતે એવા પાકા શ્રાવક બની ગયા કે ગુરુદેવે તેમને 'પરમાર્હત્' (ઉચ્ચતમ કક્ષાના શ્રાવક) કહ્યા.

પછી તો કુમારપાળને અઢાર દેશની માલિકી અકારી લાગવા માંડી. તેઓ પરમાત્માને વારંવાર પ્રાર્થના કરવા લાગ્યા કે, "મારું અઢાર દેશનું માલિકીપણું પાછું લઈને મને તારા શાસનનું ભિખારીપણું (સાધુપણું) આપ !"

## [૨૪૩] કરોડો સોનામહોરોથી થયેલાં ગુરુપૂજન આદિ કાર્યો

(૧) રાજા વિક્રમે એક કરોડ સોનામહોરથી સિદ્ધસેન દિવાકરસૂરિજીનું ગુરુપૂજન કર્યું હતું.

(૨) આમરાજાએ સવા કરોડ સોનામહોરથી બપ્પભટ્ટસૂરિજીનું ગુરુપૂજન કર્યું હતું. તેમના આચાર્યપદના મહોત્સવમાં (વિ.સં. ૮૧૧) આમરાજાએ એક કરોડ સોનામહોરનો વ્યય કર્યો હતો. ગોપગઢમાં તેણે જે પૌષધશાળા બનાવી હતી તેનો વ્યાખ્યાનમંડપ ત્રણ લાખ સોનામહોરનો થયો હતો. રાત્રે પણ સાધુઓ વાંચીને સ્વાધ્યાય કરી શકે તે માટે દીવાલોમાં ત્રણ લાખ સોનામહોરોના ખરીદેલા ચન્દ્રકાન્ત વગેરે રત્નો જડવામાં આવ્યાં હતાં.

## [૨૪૪] કુમારપાળની ગુરુશ્રદ્ધા

જ્યારે દેવબોધિ બ્રાહ્મણ પંડિત કુમારપાળને પુનઃ બ્રાહ્મણધર્મ તરફ વાળવા માટે જોરદાર ચમત્કારો કરતો હતો. ત્યારે એક વાર તો કુમારપાળ પણ સ્તબ્ધ થઈ ગયા હતા. તેમણે વાગ્ભટ્ટને કહ્યું કે, "આ કેવા અદ્ભુત ચમત્કારો કરે છે ? શું "મારા ગુરુ પાસે આવી ચમત્કાર-વિદ્યાઓ હશે ખરી ?"

'મારા ગુરુ' શબ્દ સાંભળીને જ વાગ્ભટ્ટે મનથી નિર્ણય કરી લીધો કે હજી બાજી પૂરેપૂરી સલામત છે,

તેણે સૂરિજીને સઘળી વાત કરી. તેમણે દેવબોધિ કરતાં પણ અદ્ભુત અને અનોખા ચમત્કારો કરી બતાવતાં કુમારપાળની ગુરુદેવ પ્રત્યેની આસ્થા વધુ સ્થિર થઈ.

## [૨૪૫] બાળમુનિ મલ્લવાદી અને બૌદ્ધો સાથે વાદ

મલ્લવાદીજીના ગુરુ બૌદ્ધો સાથેના વાદમાં હારી જતાં તેમને શરત મુજબ વલ્લભીપુરના તમામ જૈનો સહિત આખા કાઠિયાવાડનો ત્યાગ કરવો પડ્યો હતો.

વલ્લભીપુરમાં તે વખતે શિલાદિત્ય રાજા હતો. (વિક્રમની છઠ્ઠી સદીમાં) પૂર્વે તો તે જૈન હતો, પરંતુ બૌદ્ધો દ્વારા શ્વેતામ્બરોનો પરાજય થતાં તે બોદ્ધ ધર્મી થયો.

જૈનોની વિદાય થતાં શત્રુંજય તીર્થના પરમાત્મા આદિનાથ બૌદ્ધ-મૂર્તિ તરીકે બૌદ્ધો દ્વારા પૂજાવા લાગ્યા.

શિલાદિત્યની બહેન ભૃગુક્ષેત્રના રાજા વેરે પરણી હતી. તેને મલ્લ નામનો અતિ તેજસ્વી પુત્ર થયો હતો, રાજાનું મૃત્યુ થતાં બહેને આઠ વર્ષના પુત્ર મલ્લ સાથે દીક્ષા લીધી.

એકદા જૈનોની અતિ અલ્પ સંખ્યાનું કારણ બાળ-મલ્લમુનિએ માતા સાધ્વીજીને પૂછ્યું. માતા સાધ્વીએ કહ્યું કે, 'વિશિષ્ટ કોટિના વાદી-પ્રભાવકોના અભાવે બૌદ્ધો સાથેના વાદમાં થયેલો પરાજય તે કારણ છે. આથી આપણે શત્રુંજય તીર્થ પણ ખોયું છે.''

સત્ત્વથી ધગધગતા મલ્લમુનિએ તે જ વખતે બૌદ્ધોને હરાવવાની ભીષ્મ-પ્રતિજ્ઞા કરી.

એ માટે જરૂરી આત્મબળ મેળવવા માટે તે માતાના આશિષ લઈને કોઈ પર્વત ઉપર જઈને ઉગ્ર તપ કરવા લાગ્યા. શાસ્ત્રવિધિ મુજબ નજીકના ગામેથી ભિક્ષા લાવવા લાગ્યાં. એકદા રાત્રે સ્વાધ્યાય કરતાં આકાશમાંથી પસાર થતાં દેવતાઓ તેમને પૂછ્યું કે, ''મીઠું શું ?''

તેમણે જવાબ આપ્યો, ''વાલ.''

છ માસ બાદ ત્યાંથી પસાર થતાં દેવતાએ એટલું જ પૂછ્યું, ''શેની સાથે ?''

મુનિએ તરત ઉત્તર આપ્યો, ''ઘી-ગોળ''ની સાથે.

એ વખતે દેવીએ પ્રત્યક્ષ થઈને વરદાન આપ્યું કે, ''તમે વાદમાં સર્વત્ર વિજયી બનશો. આ નયચક્ર નામનો ગ્રંથ રાખો. તેના અભ્યાસથી તમે બૌદ્ધો સાથે ખૂબ સારી રીતે વાદ કરી શકશો અને સહેલાઈથી વિજય પામી શકશો.''

પણ અફસોસ ! તે ગ્રંથ લઈને બાળ મુનિએ પ્રથમ શ્લોક સારી રીતે વાંચ્યા બાદ ભૂલથી જમીન ઉપર મૂક્યો, તેથી દેવી રૂષ્ટ થઈ ગયાં. તેમણે તરત ગ્રંથ લઈ લીધો અને આવી જ્ઞાનની અશાતના કરવા બદલ ઠપકો આપ્યો.

મુનિએ 'મિચ્છામી દુક્કડં' દઈને તે ગ્રંથ પાછો આપવા માટે દેવીને ઘણું કહ્યું પણ દેવી ન જ માન્યા. મુનિના દુભાયેલા અંતરને જોઈને તેમણે આશ્વાસન આપ્યું કે જે પ્રથમ શ્લોક તમે વાંચ્યો છે તેનું જ મનન કરજો. તેટલા માત્રથી પણ તમને એવો જોરદાર ક્ષયોપશમ થશે કે તેનાથી બૌદ્ધો સાથેના વાદમાં તમે વિજયી બની શકશો. (મતમતાંતરે દેવીએ એમ કહ્યું કે હવે હું સહાયક બનીશ પણ પ્રત્યક્ષ નહિ થાઉં.)

મલ્લમુનિએ શિલાદિત્યને બૌદ્ધો સાથે વાદ ગોઠવવા માટે કહેવડાવ્યું. વાદ શરૂ થયો. છ માસ પૂરા થતાં બૌદ્ધો પરાજયની અણી ઉપર આવી ગયા. આથી બૌદ્ધાચાર્યે માંદગીનું બહાનું કાઢીને તે દિવસે વાદસભામાં ઉપસ્થિત થવાનું ટાળ્યું. મલ્લમુનિએ રાજાને કહ્યું કે તે રાજકીય માંદગી છે એટલે શિલાદિત્યે તપાસ કરાવી બૌદ્ધાચાર્ય તદ્દન-સાજા નરવા છે તે જાણીને રાજાને તેમના જુઠાણાને લીધે ખૂબ નફરત થઈ.

અંતે પરાજય જાહેર થયો.

શત્રુંજય તીર્થ પુનઃ જૈનોને પ્રાપ્ત થયું.

વિ.સં. ૫૭૩માં શિલાદિત્યનું મૃત્યુ થયું.

**[૨૪૬] જિણહ શેઠ**

એ ધોળકાનો વતની હતો, નામે જિણહ ભારે ગરીબ માંડ જીવન ગુજારો ચાલે. એકદા નવાંગી ટીકાકાર અભયદેવસૂરિજી મહારાજાએ તેને ચિત્તસમાધિ માટે પાર્શ્વ-પ્રભુની પૂજા તથા ભક્તામર સ્તોત્રનો પાઠ હંમેશ કરવા કહ્યું. તેણે તેનો અખંડિતપણે અમલ ચાલુ કર્યો.

એક વાર તે ઘીનો ગાડવો લઈને ફેરીએ નીકળ્યો હતો. વગડાની વાટમાં ત્રણ ચોરો મળ્યા. ઝપાઝપીમાં જિણહે ત્રણેયને મારી નાંખ્યા. તેની આ તાકાતની રાજા ભીમદેવને જાણ થઈ. તેમણે જિણહને ધોળકાનો દંડનાયક બનાવ્યો. તેની ભારે ધાકને લીધે સમગ્ર હકૂમતમાંથી ચોર, લૂંટારૂઓ ભાગી છૂટ્યા.

પણ તે ખૂબ નીતિમાન, પ્રામાણિક વગેરે હોવા સાથે હૃદયનો ખૂબ કઠોર હતો. આથી ભારે ક્રૂરતાવાળી સજા કરી દેતાં પણ તે જરાય અચકાતો નહિ.

એક ધર્મપ્રેમી ચારણને આ વાત રુચતી ન હતી. આવો ધર્માત્મા આટલો બધો કઠોર ન હોવો જોઈએ એવો તેનો ખ્યાલ હતો.

એક વાર જિણહને બોધ દેવા માટે ચારણે યુક્તિ કરી.

તેણે હાથે કરીને ઊંટ ચોર્યાનો દેખાવ કરીને રાજના ચોકીદારની ધરપકડ વહોરી લીધી. આવો અપરાધ કરવા બદલ ચારણને શું સજા કરવી ? તે પૂછવા માટે ચોકીદાર જિનમંદિરે ગયો. જિણહ શેઠ તે વખતે પુષ્પપૂજા કરતાં હતાં.

બહારથી ચોકીદારે સઘળી વાત ટૂંકમાં કરી તેના જવાબમાં મૌન રહીને જિણહ શેઠે પુષ્પ હાથમાં લઈને તેની ડીંટી તોડી નાંખતા બતાવીને એવો સંકેત આપ્યો કે, "તે ચારણનું ગળું આ રીતે મરડીને તેને મારી નાંખો."

આ વખતે ચારણ બહાર જ ઊભો હતો. તેણે તરત જ મોટેથી આ

પ્રમાણે ગાયું :

એક જિણહને જિણો (જિનેશ્વરદેવ) મળ્યો.
ન ફળ્યો તારણહાર
જેહ અમારણ (અહિંસાના પ્રતિપાદક પ્રભુને) પૂજઈ
તે કિમ મારણહાર

આ સાંભળીને જિણહ શેઠ ચમક્યા. પૂજાવિધિ પૂરી કરીને બહાર આવીને ચારણને આમ કહેવાનું કારણ પૂછ્યું.

ચારણે કહ્યું, ''શેઠજી ! હું ગરીબ ચારણ છું. હું તે ઊંટ ચોરતો હોઈશ ? ચોરીને સંતાડવું ક્યાં ? મારી પાસે તેટલી જગ્યા ક્યાંથી હોય ? આપે આટલો તો વિચાર કરવો હતો ! મેં તો આપને ટકોર કરવા માટે જ ઊંટ ચોર્યાનો દેખાવ કર્યો હતો. આપ અમારિના પ્રવર્તક એવા 'જિન'ના પૂજક છો છતાં આપ કેવા કઠોર મારણહાર છો ? શેઠ ! આપના જેવા ધર્મીને આ જરાય શોભતું નથી હોં !''

ચારણની મધ નીતરતી કડવી વાત સાંભળીને દંડનાયક ખુશ થઈ ગયા. તેને ઇનામ આપ્યું. ત્યાર પછી તેણે કઠોરતા ઘણી ઓછી કરી નાંખી.

આ જિણહ શેઠે ધોળકામાં બે જિનાલયો બનાવ્યા હતાં. તેણે અનેક ધર્મકાર્યો કર્યાં હતાં.

રાજા ભીમદેવ (વિ. સં. ૧૦૭૮)ના સમયની આ ઘટના છે.

## [૨૪૭] દિગમ્બરાચાર્ય કુમુદચન્દ્ર

સિદ્ધરાજ જયસિંહના સમયની આ વાત છે. એ વખતે આચાર્ય વાદિદેવસૂરિજી મહારાજા થયા. એક વાર તેમણે કર્ણાવતીમાં સિદ્ધ નામના શ્રાવકને ત્યાં ચાતુર્માસ કર્યું. એ સમયે ઝનૂની દિગંબરાચાર્ય કુમુદચન્દ્ર પણ કર્ણાવતીમાં જ ચાતુર્માસ રહ્યા હતા. તેને વાદિદેવસૂરિજી સાથે વાદ કરવાનું મન થયું. તેણે વારંવાર સૂરિજીને વાદ કરવા જણાવ્યું પણ સૂરિજી કાયમ મૌન રહ્યા.

આથી દિગંબરાચાર્યનું ઝનૂન વધ્યું. તેઓ બેલગામ બોલવા લાગ્યા. એક દિવસે તેમના નિવાસસ્થળ પાસેથી સરસ્વતીશ્રી નામનાં જૈન સાધ્વી પસાર થતાં હતાં. તેમને રસ્તા ઉપર ઊભા રાખીને કુમુદચન્દ્રે વાદિદેવસૂરિજી મહારાજાની વાદ કરવાની ડરપોકતા જણાવી. આ સાંભળીને સાધ્વીને પગથી માથા સુધી ઝાળ લાગી ગઈ.

તે સીધાં સૂરિજી પાસે આવ્યાં અને એકદમ ભાવાવેશમાં આવીને તેમને

કહેવા લાગ્યાં કે, ''મોટા મહારાજે તમને આચાર્ય બનાવ્યા છે તે શું અમારી વિડંબનાને માત્ર જોયા કરવા માટે આચાર્ય બનાવ્યા છે ? શત્રુને જીતી ન શકાય તો હથિયારો રાખી મૂકેલાં શા કામનાં ? પરાભવ પમાડતી સમતા રાખવાનો શો અર્થ ? કદાચ આ સમતાથી તમે તરી જવાના હશો પણ તમારી આ સમતા જૈનસંઘનું તો કારમું અહિત જ કરશે.''

સાધ્વીજીના રોમરોમમાંથી પ્રસરતી જિનશાસનભક્તિને સૂરિજી જોઈ રહ્યા. તેમને શાન્તિથી વિદાય કરીને પાટણમાં સિદ્ધરાજ જયસિંહને વાદસભા યોજવાનું જણાવ્યું. ચાતુર્માસ પૂરું થયા બાદ પાટણમાં વાદ થયો.

દિગંબરોએ લવાદને ફોડી નાંખવા માટે લાંચાદિનો માર્ગ લીધો તો ય વાદિદેવસૂરિજી મહારાજાએ પોતાના ભક્તોને તેમ કરવાની સાફ ના પાડી. તેમણે કહ્યું કે, ''વિજય તો દેવગુરુની મહતી કૃપાથી મળશે. લાંચના માર્ગે મળતો વિજય પરાજય કરતાં ભૂંડો છે. આપણને એવો વિજય ન ખપે.'' અને વાદમાં... વાદિદેવસૂરિજી મહારાજાનો વિજય થયો.

આ સમયે કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રસૂરિજી મહારાજા હજી ઉંમરમાં નાના હતા. તેમને વાદસભામાં દેવસૂરિજી મહારાજા સાથે જોઈને દિગંબરાચાર્ય સવાલો દ્વારા ગમ્મત કરવા ગયા પરંતુ આ મુનિએ એવા તો જડબાતોડ જવાબ આપ્યા કે અંતે તેમને ચૂપ થઈ જવું પડ્યું.

રાજમાતા મીનળદેવી દિગંબર-પક્ષે હતાં. ભાવિ કલિકાલસર્વજ્ઞ એક વાર તેમની પાસે ગયા. તેમણે કહ્યું કે, ''વાદમાં દિગંબરો એવું પ્રતિપાદન કરે છે કે, સ્ત્રી ગમે તેટલો ધર્મ કરે તો ય તેનો તે ભવે મોક્ષ થાય જ નહિ. જ્યારે અમે તેમની વિરુદ્ધમાં છીએ. સ્ત્રીએ શો ગુનો કર્યો છે કે તેનો મોક્ષ થાય જ નહિ ?''

આ વાત જાણ્યા બાદ રાજમાતાએ દિગંબરોનો પક્ષ ત્યાગી દીધો હતો.

દેવસૂરિજી મહારાજાનો વાદ-વિજયનો ઉત્સવ અનોખો હતો. રાજા સિદ્ધરાજ પણ ગુજરાતી આચાર્યના વિજયથી આનંદવિભોર બની ગયા હતા. વાદ-વિજયની ખુશાલી વ્યક્ત કરતો નગરમાં જે વરઘોડો નીકળ્યો હતો. તેમાં રાજાએ ચાલીને દેવસૂરિજી મહારાજને પોતાના હાથનો ટેકો આપ્યો હતો. સૂરિજીના એક ભક્તે લાખો સોનામહોરોનું યાચકોને અનુકંપા દાન કર્યું હતું.

આ વાદમાં શરત હતી કે જે હારે તે તેના સંઘને લઈને દેશ છોડી જાય. પણ સૂરિજીએ વિજય પામ્યા બાદ ચાલ્યા જતા કુમુદચંદ્રને વાર્યા હતા

અને 'પોતે તે શરત પળાય તેવો આગ્રહ રાખતા નથી.' તેમ જણાવીને પોતાનું વિશ્વવાત્સલ્ય વ્યક્ત કર્યું હતું.

પણ જો દિગંબરાચાર્ય જીત્યા હોત તો તેઓ જરૂર જૈન સંઘ સમસ્તની દેશમાંથી હકાલપટ્ટી કરાવત.

આજે જૈન સાધુઓ વસ્ત્ર પહેરીને ગ્રામાનુગ્રામ વિહરે છે તે શક્ય ન હોત.

**[૨૪૮] દેદાશેઠ અને સોનાની પોસાળ**

એક વાર ગામમાં પૌષધશાળા કરવા અંગેની વિચારણા મહાજન કરી રહ્યું હતું. તે વખતે ત્યાં બેઠેલો દેદો કહેવા લાગ્યો કે, "આ બધો ય લાભ મને જ મહાજન આપી દે."

તે વખતે કો'કે કટાક્ષમાં કહ્યું, "દેદા ! બધો લાભ તને આપી તો દઈએ પણ તારે સોનાની પૌષધશાળા બનાવવી પડશે. બોલ કબૂલ છે ?" એ ભાઈને ખબર ન હતી કે દેખાતો ગરીબ દેદો હકીકતમાં ગરીબ નથી, અને એના મનની અમીરી તો આસમાનને આંબી ગઈ છે !

ફરી ઊભા થઈને હાથ જોડીને દેદાએ કહ્યું, "ભલે ! મહાજન મને તેવી આજ્ઞા કરે, આવાં તે મારાં અહોભાગ્ય ક્યાંથી ?"

મહાજને દેદાને આખી પૌષધશાળા બનાવવાનો લાભ આપ્યો પણ ચોરીના ભયથી સોનાની પૌષધશાળા બનાવવાની ના કહી.

પણ આ તો દેદો શેઠ હતો. એ હવે પાછો શેનો પડે ? સોનાની પૌષધશાળા બનાવતાં જેટલી સંપતિ વપરાય તેટલી સંપતિનું કેસર ખરીદ્યું અને તેને ચૂનામાં મિશ્રીત કરીને તેની દીવાલો બનાવી. આ કેસર છપ્પન પોઠ ભરીને (ઊંટ ઉપર) કાશ્મીરથી લાવવામાં આવ્યું હતું.

સાંભળવા મુજબ આજે પણ તે ખંડિયેર પૌષધશાળાના અવશેષોમાં કેસરના તાંતણા જોવા મળે છે.

આ દેદા શેઠ, તે માંડવગઢના મહામંત્રી પેથડશાના પિતાશ્રી.

તેમણે જ્યારે કલ્પસૂત્રમાં સાંભળ્યું કે સિદ્ધાર્થ અને ત્રિશલાદેવી જુદા જુદા ખંડોમાં સૂતાં હતાં; અને તેથી જ જ્યારે ત્રિશલાદેવીને ચૌદ સ્વપ્નો આવ્યાં ત્યારે તેઓ સિદ્ધાર્થ રાજાના શયનખંડમાં તે સ્વપ્નવર્ણન કરવા ગયા હતા; ત્યારથી ઘેર આવીને પોતાની પત્નીને વાત કરીને જુદા સુવાનું (બ્રહ્મચર્ય પાલન) ચાલુ કરી દીધું હતું.

આવા દંપતીના પુત્ર તરીકે પેથડ મંત્રી પાકે તેમાં શી નવાઈ ? પેથડે

પણ ભરયૌવનમાં સજોડે સંપૂર્ણ બ્રહ્મચર્ય લીધું હતું

આવા દંપતીના પુત્ર તરીકે ઝાંઝણ જેવા મહાન ધર્મપ્રભાવક પાકે તેમાં શી નવાઈ ?

**[૨૪૯] બાળસાધુને તમાચો**

રાજા વીરધવળના મૃત્યુ પછી તેમનો યુવરાજ વીસળદેવ રાજા થયો.

એક દિવસ વીસળદેવના મામા 'સિંહ' પસાર થતા હતા, તે વખતે પૌષધશાળાના મેડા ઉપરથી કોઈ બાળસાધુએ ભૂલથી કાજો (ધૂળ વગેરે) ફેંક્યો. એ બધું સિંહના માથા ઉપર પડતાં તે ક્રોધે ભરાયો. મેડા ઉપર જઈને તેણે તે બાળસાધુને જોરથી લાફો મારી દીધો. તેની સાથે કહ્યું કે, ''રાજમાં તમારો જૈન મંત્રી છે તેથી શું થઈ ગયું ? આવું બિલકુલ નહિ ચલાવી લેવાય ?''

થોડી વારમાં મંત્રીશ્વર વસ્તુપાળ ગુરુવંદનાર્થે આવ્યા. ગુરુદેવે તો કાંઈ ન કહ્યું પણ શ્રાવકોએ સઘળી વાત કરી. ભેગા થઈ ગયેલા જૈનોને વસ્તુપાળે કહ્યું; જે મર્દ હોય તે સિંહની પાંચેય આંગળીઓ કાપી નાખે, જેના વડે તેણે બાળમુનિને લાફો માર્યો છે.''

''ત્યાગીને લપડાક એ મારી સત્તા સામેનો પણ પડકાર છે ! મારે આવા માણસોની સખત ખબર લેવી જ રહી. પછી તે ખુદ રાજા હોય તો ય શું ?'' કેટલાક યુવાનો સિંહને ઘેર પહોંચ્યા. તેને પડકારીને આંગળીઓ કાપી નાંખી.

ધૂંઆપુંઆં થઈને સિંહ રાજા પાસે ગયો. રાજા પણ વસ્તુપાળ મંત્રી ઉપર ખૂબ ક્રોધે ભરાયો. મામાના આગ્રહથી રાજાએ વસ્તુપાળને કેદ કરવા માટે અશ્વારોહીને મોકલ્યો. વસ્તુપાળની હવેલી જૈનોથી ખીચોખીચ ઘેરાયેલી હતી. યુવાનોએ અશ્વારોહીને કહ્યું, ''ખબરદાર! આગળ વધ્યો છે તો ! તારી જાન સલામત નથી એ સમજી રાખજે.'' સઘળી કોમના અગ્રણીઓ વસ્તુપાળની તરફેણમાં ત્યાં આવી ઊભા હતા.

એક અગ્રણીએ કહ્યું, ''ગાદી ઉપર આવેલા રાજાને ભાન નથી કે ધોળકાની આબાદીના મૂળમાં વસ્તુપાળ અને તેજપાળ બંધુઓ છે. સૈનિક ! તારા રાજાને સઘળી કોમના સઘળા પ્રજાજનો તરફથી આ સંદેશો કહેજે કે, ''તમારા મામાને ભરોસે ચાલજો મા ! કોઈ શાણા માણસોની સલાહ લઈને રાજ કરજો નહિ તો પરિસ્થિતિ વધુ ખરાબ થશે. મંત્રીની હવેલી ઉપર સૈન્ય મોકલશો તો હજારો લાડકવાયાઓ પોતાનાં લોહી રેડશે. આ વસ્તુપાળ બંધુઓનો વાળ

પણ વાંકો કરનારો કોઈ પાક્યો નથી. દેવી અનુપમાએ નારીગણમાં જે ચેતના પ્રગટાવી છે તે નારીઓ શક્તિના અવતાર સમી રણચંડી બનશે; જો વસ્તુપાળ બંધુઓને કેદ કરવાના પ્રયત્નો થશે તો.''

''ભલા સૈનિક ! તું રવાના થા અને તારા રાજાને અમારો સંદેશો આપ.''

જ્યારે સૈનિકે વીસળદેવને સઘળી વાત કરી ત્યારે તે સ્તબ્ધ થઈ ગયો. પણ આબરૂનો સવાલ ઊભો થતાં તેણે જીદમાં આવીને લશ્કર સાથે જવાનો સેનાપતિને હુકમ કર્યો. તે વખતે રાજના વૃદ્ધ અને વિચક્ષણ સોમેશ્વર પુરોહિતે રાજાને ખૂબ ખૂબ સમજાવીને હુકમ પાછો ખેંચાવ્યો.

તેણે કહ્યું, ''રાજન્ ! આપ આ શું કરી રહ્યા છો ! દાદા લવણપ્રસાદે જેમને કોહિનુરના હીરાની ઉપમા આપી છે, પિતા વીરધવળે જેમની સલાહને કદી અવગણી નથી, તેમને કેદ કરવાની આપ તૈયારી કરો છો ? અને તે પણ આપના મામાના મૂર્ખાઈભર્યા ઉશ્કેરાટથી પ્રેરાઈને !

''ભૂલથી જ જે બાળસાધુ વડે ધૂળ નંખાઈ ગઈ તેને તમાચો મારી દેવા સુધીની નાલાયકી આચરનાર આપના મામાને આપ નિર્દોષ ગણો છો શું ? રે ! સંતના હાથે ઊડેલી રજ મળે ક્યાંથી ? એ તો ગંગાજળ જેટલી જ પવિત્ર ગણાય.

''વળી દંડનાયક તેજપાલના આદેશો વિના સેનાપતિ શી રીતે લશ્કરને હુકમો આપશે ? શું તે પ્રજાવત્સલ દંડનાયકનો સામનો કરશે ! અરે રાજન્ ! સૈનિકો હથિયાર હેઠા મૂકશે અને સેનાપતિ આપની નોકરી છોડશે, પણ લોકપ્રિય બંધુઓ ઉપર લશ્કર છોડવાનું કાર્ય કદી બની શકશે નહિ.''

''જે દેવી અનુપમાએ યુદ્ધ સમયમાં ઘાયલ સૈનિકોની માતાની જેમ માવજત કરી છે એ અનુપમાના ઘરને સૈનિકો ઘેરો ઘાલે એ કદી સંભવિત નથી.''

સોમેશ્વર પુરોહિત હજી આગળ બોલવા જતા હતાં ત્યાં એક સૈનિકે આવીને તલવાર મૂકી. તેણે કહ્યું કે, ''આ અમારા સેનાપતિજીની તલવાર છે. દંડનાયકને કેદ કરવા કરતાં સેનાપતિજી નોકરી છોડી રહ્યા છે. રાજા સાહેબ આ તલવાર સ્વીકારે એટલે અમે તમામ સૈનિકો તલવાર સમર્પિત કરીએ.''

રાજમહેલની નીચે હજારો પ્રજાજનો ટોળે વળીને ઊભા હતા. તેઓ ખૂબ આવેશમાં હતા. તમામ ધર્માનુયાયીઓ એક બની ગયા હતા કેમ કે સહુને એક ભય હતો કે આજે જૈન સાધુનું અપમાન, આવતીકાલે અમારા સંત-મંહતનું અપમાન ! પરમ દી અમારું અપમાન !

વીફરી ગયેલા વાતાવરણને પામી જઈને રાજાએ વાત પલટી નાંખી. મહેલના ઝરૂખે આવીને તેમણે પ્રજાજનોને કહ્યું, "મારા રાજમાં ધર્મને ઊની આંચ આવશે નહિ. સહુ નિર્ભય રહો. મારા મામાએ ગંભીર ભૂલ કરી છે અને તેનો બદલો તેમને પણ મળી ગયો છે. હું તેમની જરા પણ દયા ખાવા ઇચ્છતો નથી."

પ્રજાજનોએ રાજા વિસળદેવની જય બોલાવી.

પ્રજાજનો સંતોષથી વિખરાઈ ગયા.

પણ ત્યારથી વસ્તુપાળ બંધુઓનું મન રાજમાંથી ઊઠી ગયું. તેમણે ટૂંક સમયમાં નિવૃત્તિ લીધી.

બંને બંધુઓએ શત્રુંજય તીર્થનો મહાસંઘ કાઢ્યો પણ લીંબડી પાસે આવેલા અંકેવાળિયા ગામે વસ્તુપાળની તબિયત લથડી અને ત્યાં ખૂબ સમાધિપૂર્વક મૃત્યુ થયું. (ઇ.સ. ૧૨૪૧)

ત્યાર બાદ દસ વર્ષે તેજપાળનું મૃત્યુ થયું.

અગણિત ધર્મકાર્યો કરનાર વસ્તુપાળ અંત સમયે બોલ્યા હતા, 'મળ્યો જિનધર્મ, પણ હું તેને આરાધી શક્યો નહિ."

તેના મૃત્યુથી સાધુઓની આંખમાં આંસુ આવી ગયાં હતાં.

**[૨૫૦] "સંસારમાં સારભૂત સ્ત્રી છે."**

સંઘ લઈને નીકળેલા સંઘપતિ વસ્તુપાળ સ્થંભનતીર્થ આવ્યા ત્યારે પાર્શ્વનાથ પ્રભુનાં દર્શન કરતાં એકાકાર બની ગયા. વસ્તુપાળની પ્રભુભક્તિની એકતાનતા જોઈ ચૈત્યવંદન કરતાં એક મુનિરાજના મુખમાંથી કાવ્ય-પંક્તિ નીકળી ગઈ : અસ્મિન અસાર સંસારે સારં સારંગલોચના (અસાર એવા સંસારમાં સારભૂત હોય તો તે સ્ત્રી છે.) આ સાંભળતા જ વસ્તુપાળના હૃદયમાં આશ્ચર્ય સાથે દુઃખ થયું. તેઓ સંઘ પ્રયાણના દિવસ સુધી મુનિવરને વંદના કરવા ઉપાશ્રયે ન ગયા. છેલ્લે દિવસે મુનિવરનો ભેટો થઈ જતાં, મુનિવરે આગળનું પદ ઉચ્ચાર્યું : યત્ કુક્ષિપ્રભવા એ તે વસ્તુપાળ ! ભવદશા : (જેની કૂખેથી, હે વસ્તુપાળ ! તારા જેવાઓનો જન્મ થયો છે.) આ ખુલાસો સાંભળી વસ્તુપાળનું શિર ઝૂકી ગયું.

**[૨૫૧] સોમભટ્ટ અને અંબિકા**

સોમભટ્ટ બ્રાહ્મણની પત્ની ચુસ્તપણે જૈનધર્મ પાળતી હતી; તેનું નામ અંબિકા હતું. સાસરામાં તે જૈનધર્મનું પાલન કરે તે કોઈને ગમતું ન હતું. આથી તેને બધા ય ખૂબ ત્રાસ દેતા હતાં.

એક વાર કોઈ જૈન સાધુ ઘેર પધાર્યા. અંબિકાએ ભારે ભક્તિભાવથી ઘરમાં તાજી બનાવેલી બધી મીઠાઈ ભિક્ષાપાત્રમાં નાંખી દીધી.

સાંજે સોમભટ્ટ વિપ્ર ઘેર આવ્યો ત્યારે તેને આ વાતની ખબર પડી. તેનો ક્રોધ આસમાનને આંબી ગયો. અંબિકાની સાસુએ મીઠું મરચું ભભરાવીને બધી વાત કરી હતી.

હાથમાં ઘણ લઈને અંબિકાને મારવા દોડ્યો. આથી ગભરાઈ ગયેલી અંબિકા બે ય બાળકોને બગલમાં લઈને જંગલ તરફ નાસી ગઈ.

આ બાજુ બધા રાતે જમવા બેઠા ત્યારે રસોડામાં મીઠાઈ તો પતરાળામાં એટલી ને એટલી જ દેખાઈ. આથી અંબિકાનાં સાસુ વગેરેને ખાતરી થઈ કે વહુને ચોક્કસ કોઈ દૈવી મદદ જણાય છે. અથવા તેના નિર્મળ શીલનો આ પ્રભાવ છે.

પશ્ચાત્તાપ કરતો સોમભટ્ટ જંગલ તરફ દોડવા લાગ્યો. જ્યારે તે અંબિકાની લગભગ નજદીકમાં આવ્યો ત્યારે અંબિકા કોઈ ઝાડની ઘટામાં રાતવાસો કરવાની ગોઠવણ કરતી હતી. એ ઝાડ ઉપરથી દોડતા આવી રહેલા પતિને જોઈને તેને ભય લાગ્યો કે પતિ હજી પણ તેને મારી નાંખશે. આથી બે ય બાળકોને લઈને 'ધબાક' કરતી તે કૂવામાં પડી. તેણે નેમનાથ ભગવાનનો જપ શરૂ કરી દીધો. થોડી જ વારમાં તે મૃત્યુ પામીને નેમનાથ પ્રભુની શાસનદેવી અંબિકા બની.

હવે સોમનાથ ભટ્ટ મોડો પડી ગયો હતો. અંબિકા અને બે બાળકોનાં મડદાં પાણી ઉપર તરતાં તેણે જોયાં.

તેણે સંસારવિરક્ત થઈને સંન્યાસ લીધો. એ જ અંબિકા દેવીના વાહન તરીકે તે દેવલોકમાં જન્મ પામ્યો.

### [૨૫૨] 'એક સમયમાં કેટલા ઉપયોગ ?'ની ભિન્ન માન્યતા

પૂ. જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ મહારાજા આગમપ્રધાન વાદી હતા. જ્યારે પૂ. સિદ્ધસેન દિવાકરસૂરિજી મહારાજા તર્કપ્રધાન વાદી હતા. પ્રથમ પૂજ્યશ્રીની એ માન્યતા હતી કે કેવળજ્ઞાનીને કેવળ જ્ઞાન અને કેવળદર્શનનો ઉપયોગ વારાફરતી હોય, ત્યારે દ્વિતીય પૂજ્યશ્રીની માન્યતા એ હતી કે તે બંનેનો ઉપયોગ એકીસાથે હોય.

દિવાકરસૂરિજીના મતનું ખંડન જિનભદ્રગણિવરે સ્વભાષ્યમાં કર્યું છે. આમ છતાં દિવાકરસૂરિજીએ જિનકલ્પસૂત્રની ચૂર્ણિમાં તેમની સ્તુતિ કરી છે.

સ્વમતની સ્થાપના કરવા છતાં પરમતના પ્રતિપાદક તરીકે કોઈ તિરસ્કાર ભાવ નહિ !

**[૨૫૩] રાજા મેઘનાદ**

એ રાજાનું નામ મેઘનાદ હતું; તેની રાણીનું નામ મદનમંજરી હતું. તેણે ધરણેન્દ્રે દિવ્ય વસ્ત્ર આપ્યું હતું. તેના પ્રભાવથી કરોડોની કમાણી થતી હતી. આથી લાખો સોનામહોરોનું તેણે ગરીબોને દાન આપ્યું હતું. હજારો જિનમંદિરોનું નિર્માણ કર્યું હતું. તમામ જૈનોના કર માફ કર્યા હતાં. કેટલાય સાધર્મિકોને કોટિપતિ બનાવ્યા હતાં. હરેક પર્વતિથિએ ત્રણ હજાર રાજાઓ સાથે રાજા મેઘનાદ પૌષધ કરતાં હતાં.

**[૨૫૪] પંકપ્રિય કુંભાર**

અયોધ્યામાં એક વાર જિતારી નામનો રાજા હતો. તેની રાજધાનીમાં પંકપ્રિય નામનો કુંભાર રહેતો હતો. તેનાથી કોઈનું સહેજ પણ સારું જોવાતું ન હતું. તેવું કાંઈ દેખાય એટલે તે ઈર્ષ્યાથી ચીસો પાડે અને છાતી માથું જોરજોરથી કુટવા લાગે.

આથી તેના પુત્રોએ તેને જંગલમાં મકાન બનાવી આપીને ત્યાં રાખ્યો હતો, જેથી કોઈનું સુખ તેને જોવું ન પડે.

પણ કમનસીબે એક વાર કોઈ ગરીબ ઘરની રૂપવતી કન્યા સાથે લગ્ન કરીને રાજા તે વનમાં તેને લઈને ફરવા નીકળ્યો. પંકપ્રિયના ઘર આગળથી તેનો રથ નીકળ્યો. તે જ વખતે રાજાએ રાણીને પૂછ્યું કે "બોરના ઝાડ કેવાં હોય ?" રાણીએ કહ્યું કે, "હવે તો એ બધું હું ભૂલી ગઈ છું."

આ સાંભળીને, "ગરીબની દીકરી આટલા બધા વૈભવમાં મહાલે ?" એ ઈર્ષ્યાથી પ્રેરાઈને ચીસો પાડતા પંકપ્રિયે પાસેની પથ્થરની શીલા સાથે પોતાનું માથું અફાળ્યું.

બિચારો તત્કાળ મરી ગયો ! રે ! ઈર્ષ્યા ! કેવો ભયંકર દોષ !

**[૨૫૫] રાજા થતા પહેલાં કુમારપાળનો ત્રાસ**

પાટણમાં સિદ્ધરાજના મૃત્યુના સમાચાર નાસતાં-ભાગતાં કુમારપાળને મળ્યા. હવે તેણે નિરાંતનો દમ ખેંચ્યો. તેણે પાટણ તરફ પ્રયાણ શરૂ કર્યું. તેણે છેલ્લો રાતવાસો કડીગામના દેવમંદિરમાં કર્યો. ત્યાં રાત્રે કોટવાળ આવ્યો. કુમારપાળને ચોર સમજીને તેણે ઢોરની જેમ માર માર્યો. માત્ર પોતડી જેટલું રહેવા દઈને બધું લૂંટી લીધું.

અને... કમાલ ! બીજે દિ પાટણમાં કુમારપાળના નામનો ડંકો વાગવા લાગ્યો.

### [૨૫૬] વર્ધમાનસૂરિજીને દેવીનો સંકેત

જૈનાચાર્ય વર્ધમાનસૂરિજી વલ્લભીપુરમાં બિરાજતા હતા એક વાર શૌચ માટે બહારની ભૂમિએ ગયા ત્યાં કોઈ યુવતીને રડતી જોઈને તેમણે કારણ પૂછ્યું. તેણે કહ્યું, "ટૂંક સમયમાં જ આ નગરીનો ભંગ થવાનો છે માટે તમે બધાં જલદી નીકળી જાઓ

"તમે ભિક્ષામાં વહોરેલું દૂધ કાલે લોહી થઈ જાય તો મારી વાત સાચી માનજો. એ દૂધ જ્યાં સુધી પાછું દૂધ ન દેખાય ત્યાં સુધી તમે ચાલ્યા જ કરજો."

અઢાર હજાર ભરેલા ગાડા શ્રાવકોની સાથે સૂરિજીએ વિહાર કર્યો.

જ્યારે સહુ મોઢેરા આવ્યા ત્યારે તે રક્તવર્ણું દૂધ શ્વેતવર્ણું થયું. આથી ત્યાં સહુએ મુકામ કર્યો.

### [૨૫૭] કુમારપાળ અને અજયપાળના મૃત્યુનો સમય

કુમારપાળનું મૃત્યુ વિ. સં. ૧૨૨૯માં થયું. ત્યાર બાદ તેના ભાઈ મહિપાલનો પુત્ર અજયપાળ રાજા થયો. તે ક્રૂર, આતતાયી અને જિનધર્મના કટ્ટર દ્વેષી રાજાનો રાજ્યકાળ માત્ર ત્રણ વર્ષનો હતો. તે ખૂબ જ ખરાબ રીતે વિ. સં. ૧૨૩૨માં મૃત્યુ પામ્યો. ત્યારબાદ તેનો બાળપુત્ર મૂલરાજ ગાદી ઉપર આવ્યો હતો.

### [૨૫૮] વજસ્વામીજી અને જાવડશા

મહુવાના ભાવડનો દીકરો જાવડશા હતો. જૈનાચાર્ય વજ્રસ્વામીજીએ તેને શત્રુંજયતીર્થના ઉદ્ધારની પ્રેરણા કરી હતી. તેણે કહ્યું કે, "મારાં અઢાર વહાણોનો બાર વર્ષ થયા ક્યાંય પત્તો લાગતો નથી જો આ કામ પતી જાય તો તીર્થોદ્ધારનો લાભ ચોક્કસ લઈ શકાય. કોણ જાણે સૂરિજીએ કેવા આશિષ આપ્યા ! બીજે જ દિ, અણધાર્યા વહાણોના વાવડ મળી ગયા. તેના માલની તમામ મિલકત જાવડશાએ તીર્થોદ્ધારમાં લગાવી દીધી. જાવડનું સાસરું ઘેટીમાં હતું.

### [૨૫૯] વજસ્વામીજીના જન્મ વગેરેની સાલનોંધ

વજ્રસ્વામીજીનો જન્મ વીર સં. ૪૯૬માં, ૫૦૪માં દીક્ષા, ૫૪૮માં યુગપ્રધાનપદ, ૫૮૪માં સ્વર્ગવાસ પામ્યા. તેમના પટ્ટધર વજ્રસેનસૂરિજી મહારાજા હતા. તેમનો જન્મ વીર સં. ૪૯૨માં, ૫૦૧માં દીક્ષા, ૫૮૪માં ગચ્છનાયક પદ, ૬૧૭માં યુગપ્રધાન પદ અને ૬૨૦માં સ્વર્ગવાસ થયો. તેમનું ૧૨૮ વર્ષનું આયુષ્ય હતું, ૧૧૯ વર્ષનો દીક્ષાપર્યાય હતો.

વજ્રસ્વામીજીના પિતા ધનગિરિ દીક્ષાર્થી હોવા છતાં તેમને વડીલોના આગ્રહથી સુનંદાની સાથે લગ્ન કરવાની ફરજ પડી હતી. તે સગર્ભા થતાં જ ધનગિરિ દીક્ષાના માર્ગે ચાલી નીકળ્યા હતા.

**[૨૬૦] પીથો અને ઘીનો વેપાર**

માંડવગઢના મંત્રીશ્વર પેથડશાના ભૂતકાળની આ વાત છે. પિતા દેદાશાહે લાખોની સંપત્તિ સાત ક્ષેત્રમાં વાપરી નાંખી અને સુવર્ણસિદ્ધિનો પાઠ પુત્ર પેથડને આપ્યો.

કમનસીબે સુવર્ણસિદ્ધિ થઈ નહિ. એટલે પેથડ ભયાનક ગરીબીમાં ફસડાઈ પડ્યો. કેટલીક વાર તો તેને ખાવાનાં પણ ફાંફાં પડતાં હતાં.

આવી સ્થિતિમાં તે માંડવગઢમાં આવ્યો. ત્યાં ગ્યાસુદીન નામનો બાદશાહ રાજ કરતો હતો. ચીંથરેહાલ દશામાં નગરપ્રવેશ કરતાં શુકન સારા થતાં તેનો જીવ કાંઈક આશાયેશ પામ્યો.

તેણે થોડી મદદ લઈને ઘીની દુકાન કરી. તેની પ્રામાણિકતાને લીધે દુકાન જામી ગઈ. એટલું જ નહિ પણ તેના તાજા શુદ્ધ ઘીની બાદશાહ ગ્યાસુદીનને પણ આવશ્યકતા પડી.

રોજ દાસી દુકાને આવે, અને બાદશાહના કુટુંબ માટે ઘી લઈ જાય.

આમાં પીથા (પેથડ)ને એક મુશ્કેલી પેદા થઈ. દાસી ગમે તેવા સમયે મોડી મોડી પણ ઘી લેવા આવે એટલે પીથાને જિન પૂજામાં પણ વિક્ષેપ થવા લાગ્યો. પૈસા કરતાં પ્રભુપૂજાનું તેને મન ઘણું મહત્ત્વ હતું.

એક દી દાસીને ઘી આપવાની ના પાડીને ધમકાવીને કાઢી મૂકી. પીથો તેની પાછળ પાછળ જ ચાલ્યો. જેવી દાસીએ બાદશાહને ફરિયાદ કરી કે પીથો પણ ત્યાં હાજર થઈ ગયો. તેણે કહ્યું, "પરવરદિગાર ! મેં આજે જાણી જોઈને આપની દાસીનું અપમાન કર્યું છે. આ રીતે આપ રોજ મારું ઘી મંગાવો છો પણ મને ભય છે કે કોક દી, કોઈ વેરી આ ઘીમાં ઝેર ભેળવી દે તો ? આના કરતાં આપને ત્યાં જ ગાયો રાખીને વલોણું કરાવીને રોજ તાજું ઘી મેળવાય તો કેવું સરસ ? આપ આ રીતે જ ઘી પ્રાપ્ત કરો એવી આ સેવકની નમ્ર વિનંતી છે."

બાદશાહને પીથાની વાત હૈયામાં બરાબર જડી ગઈ. તેમણે તેનો અમલ કર્યો. આથી પીથાની જિનપૂજા બરાબર જામી ગઈ. ભગવંતની ભક્તિમાં તે રસતરબોળ થવા લાગ્યો.

આ ભક્તિના પુણ્યપ્રતાપે જ પીથાને માંડવગઢના મહામંત્રી પેથડશા બનાવ્યા હશે ?

**[૨૬૧] ઝાંઝણશાની દીકરી ઉપર સિદ્ધરાજનો શુભ પ્રેમ**

પેથડમન્ત્રીનો પુત્ર ઝાંઝણ હતો. તેની દીકરીને સિદ્ધરાજે પોતાના ખોળામાં બેસાડીને પોતાની દીકરી તરીકે જાહેર કરી હતી. એક દી' દીકરીને 'કાંઈક' માગવા માટે સિદ્ધરાજે કહ્યું.

તેણે કહ્યું, "હું જયાં લગી જીવું ત્યાં સુધી તમારા દરેક ગામમાંથી મને એક તોલો સોનું મળતું રહે તેવો પ્રબંધ કરવો."

આમાં દર વર્ષે તેને અઢાર લાખ, બાણું હજાર તોલા સોનું મળતું. આ તમામ દ્રવ્યનો સારા માર્ગે વ્યય કરી દેવામાં આવતો. આ દ્રવ્યમાંથી સાત સો નૂતન જિનાલયોનાં નિર્માણ પણ કરવામાં આવ્યાં હતાં.

**[૨૬૨] તપસ્વી કૃષ્ણર્ષિ**

કુવલયમાલાના કર્તા ઉદ્યોતનસૂરિજી થયા. તેમના ગુરુ ભાઈ કૃષ્ણર્ષિ હતા. તેઓ વર્ષમાં છત્રીસ દિવસથી વધુ દિવસ ખોરાક લેતા નહિ. શેષ તમામ દિવસો ઉપવાસ કરતા. આથી તેમના શરીરની તમામ વસ્તુ - મળ, મૂત્ર, પસીનો, થૂંક વગેરે ઔષધ બની ગયેલ હતાં. તેમના ચરણના પ્રક્ષાલનના પાણીથી સર્પવિશ દૂર થઈ જતું.

નાગોરથી ભિન્નમાલ સુધીમાં તેમણે જ્યાં જ્યાં પારણા કર્યાં ત્યાં ત્યાં ભક્તોએ નવું જિનાલય બનાવ્યું હતું.

તેમના તપથી પ્રભાવિત થઈને અનેક જૈનેતર રાજાઓ તથા શ્રીમંતોએ જૈનધર્મ સ્વીકાર્યો હતો. અનેક બ્રાહ્મણોએ જૈન-દીક્ષા લીધી હતી.

કૃષ્ણર્ષિ ઘણો સમય સ્મશાનમાં બેસીને ધ્યાનમાં રહેતાં હતાં.

**[૨૬૩] વનરાજનો બાલ્યકાળ**

વિક્રમની આઠમી સદીમાં - ૭૫૨ની સાલમાં વનરાજનો જન્મ થયો હતો. ૮૦૨માં પાટણનું શિલારોપણ થયું તે પૂર્વે તે બહારવટું કરતો હતો. એક વાર કાકેર ગામમાં કોઈ શ્રીમંતને ત્યાં તે ચોરી કરવા ગયો. દહીંથી ભરેલા વાસણમાં તેનો હાથ પડી જતાં તેણે તે ઘરમાં ચોરી ન કરી પરંતુ આખા ગામમાંય ચોરી ન કરી, અને તે ત્યાંથી નીકળી ગયો.

સવારે ઘરના માણસોએ દહીંમાં પડેલી હસ્તરેખાઓ જોઈ. અતિ ઉત્તમ રેખાઓ જોઈને બધા સ્તબ્ધ થઈ ગયા. 'કોણ ઉત્તમ આત્મા આવ્યો હશે

આપણે તેનું આતિથ્ય પણ ન કર્યું ?' આ વિચારથી સહુ ખેદ કરવા લાગ્યા. આ વાતની વનરાજને ખબર પડતાં તે ગુપ્ત રીતે ઘરના શેઠને મળ્યો.

શેઠની દીકરી શ્રીદેવીએ તેને ભાઈ તરીકે સ્વીકારીને ભારે પ્રેમથી જમાડીને આશિષ આપી કે, ''તમે વહેલી તકે રાજા થજો.''

વનરાજે કહ્યું, ''હું રાજા થઈશ ત્યારે તારા હાથે રાજતિલક કરાવીશ.''

વનરાજે તે વચન પાળ્યું.

વનરાજના બાલ્યકાળથી જીવન ઘડતરમાં જૈનાચાર્ય શીલગુણસૂરિજીનો મોટો ફાળો હતો.

## [૨૬૪] પાસિલનું જિનાલય-નિર્માણ

વિ.સં. ૧૧૮૩માં વાદિદેવસૂરિજી મહારાજના ઉપદેશથી સિદ્ધરાજ જયસિંહે રાજવિહાર નામનું જિનાલય બનાવ્યું હતું. તેની આદિનાથ પ્રભુજીની પ્રતિમા પંચ્યાસી અંગુલની હતી.

એકદા આરાસણ ગામનો રહેવાસી પાસિલ તે મંદિરે પૂજા કરવા આવ્યો. પૂજા બાદ તે પ્રતિમાજીનું માપ લેવા લાગ્યો.

તે વખતે નેવું લાખ સોનામહોરના સ્વામી છાડા શેઠની બાલવિધવા દીકરી હસુમતી ત્યાં ચૈત્યવંદન કરતી હતી.

પાસિલને પ્રતિમાજીનું માપ લેતો જોઈને તેણે પૂછ્યું, ''શું તમનેય આવી વિરાટ કદની પ્રતિમાજી ભરાવવાના ભાવ જાગ્યા છે ?''

વ્યંગમાં બોલાયેલી આ વાણીને ગરીબ પાસિલે ગંભીરતાથી ઉપાડી લીધી.

તેણે કહ્યું, ''હા... તેમજ છે. પણ તેની પ્રતિષ્ઠાવિધિ વખતે તમારે હાજર રહેવું પડશે.''

આમ કહીને પાસિલ ઘેર ગયો. તેણે દસ ઉપવાસ કરવાપૂર્વક અંબાજીની આરાધના કરી. તેમણે પ્રત્યક્ષ થઈને સોનામહોરોનું નિધાન બતાવ્યું.

અને... પાસિલની ભાવના પૂર્ણ થઈ. તેવી જ પ્રતિમાવાળું જિનમંદિર બનાવ્યું. વાદિદેવસૂરિજી મહારાજાના હસ્તે અંજનશલાકા પ્રતિષ્ઠા કરાવી.

ધર્મના ભાઈ તરીકે સ્વીકારેલા પાસિલના આ પ્રસંગે હસુમતી પણ હાજર રહી.

ત્યારબાદ હસુમતીએ પણ નવ લાખ સોનામહોરનો જિનપ્રાસાદ બનાવ્યો.

## [૨૬૫] કુમારપાળ અને કુળદેવી

કલિકાલસર્વજ્ઞ ભગવાન હેમચંદ્રસૂરિજીનો પુનિત યોગ પ્રાપ્ત કરીને રાજા કુમારપાળે જૈનધર્મનો સ્વીકાર કર્યો હતો. પરંપરાથી ચાલી આવેલી કુળદેવીની પૂજાનો ત્યાગ કરી દીધો હતો.

કુમારપાળે કુળદેવી પશુભોગ આપવાનું બંધ કર્યું. એથી કુળદેવી કોપાયમાન થઈ. એક વખત તેણે કુમારપાળને કહ્યું, "તમારે કુળ પરંપરાથી ચાલી આવતો પશુભોગ આપવો જ પડશે." કુમારપાળે સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધું કે, "કુળદેવી ! તમે જગદજ્જની ખરાં કે નહિ ? જો તમે જગતના "જીવોની મા હો તો તમે તમારા જ બાલુડાંઓનું બલિદાન ઇચ્છો છો ? આ તો કદી સંભવે નહિ. કુળદેવી ! ધર્મ તો નિર્દોષ જીવોની રક્ષામાં જ છે. સર્વ જીવ પ્રત્યેનો કરુણાભાવ એ જ ધર્મનું સ્વરૂપ છે. મારાથી જીવદયાના ધર્મની અવહેલના નહિ જ થઈ શકે. તમે કહો તો તે ખાતર અઢાર દેશનું સ્વામિત્વ પણ ત્યાગી દેવા હું આ જ પળે તૈયાર છું. પરંતુ એ હિંસાનું પાપ તો મારી પાસે કોઈ પણ રીતે કરાવી શકો તેમ નથી. મારા આ દૃઢ નિશ્ચયને કોઈ પણ દેવાત્મા ચલાયમાન કરી શકે તેમ નથી એ વાતની તમે હમણાં જ નોંધ કરી લેજો."

કુમારપાળની કોળાફાડ સાફ વાત સાંભળતા જ કુળદેવીએ ક્રોધથી કંપવા લાગી એણે પોતાનું ત્રિશૂળ ઉગામ્યું. અને કુમારપાળની છાતીમાં ઝીક્યું ! એ જ પળે રાજા કુમારપાળના દેહમાં બળતરા ઉત્પન્ન થઈ અને તે વધતી ચાલી. એની સાથે આખાય શરીરમાં કોઢ ફેલાતો ગયો.

પણ શરીરમાં ઊપડેલા અસહ્ય દાહની આ પરમાર્હતને કશી ચિંતા ન હતી.; આખોય દેહ વિકૃત બન્યાનો પણ એને કોઈ અફસોસ ન હતો.

પણ એનું મન કહેતું હતું કે, "નીરોગીતા ભલે જતી રહી... રૂપ પણ ભલે ચાલ્યું ગયું. કશોય વાંધો નહિ; પણ આ દુનિયાના લોકોને જ્યારે એ વાતની ખબર પડશે કે મિથ્યાદૃષ્ટિ કુળદેવી કંટકેશ્વરીના ત્રિશૂળનો આ પ્રભાવ છે... ત્યારે લોકોના અંતરમાં મિથ્યાધર્મની બલવત્તાની કલ્પના જાગશે... કલિકાલસર્વજ્ઞ ભગવંત જેવા મારા ગુરુ ઉપસ્થિત હોવા છતાં કાંઈ ન કરી શક્યા !. એવી કલ્પના કરીને સદ્ધર્મની નિર્બળતા કલ્પી નાંખશે. અરરર...! વીતરાગ ભગવંતોનો મહાબલવાન ધર્મ પણ નિર્બળ તરીકે પંકાશે ? અને મિથ્યાદૃષ્ટિનો નિર્માલ્ય ધર્મ પ્રભાવક ગણાશે ?... અહો ! આ રીતે તો કેવું ભયંકર શાસનમાલિન્ય ચોમેર વ્યાપી જશે ? નહિ, નહિ. એ પાપ તો કદી પ્રસરવા નહિ દઉં. લોકોને આ વાતની જાણ થાય એ પહેલાં જ વહેલી સવારે ચિતા ખડકીને બળી મરીશ."

રાજા કુમારપાળે શાસનમાલિન્યનું પાપ નિવારવા માટે અગ્નિપ્રવેશનો

નિર્ણય કરી લીધો. તરત મંત્રીશ્વરને બોલાવીને પોતાનો અફર નિર્ણય પ્રગટ કર્યો. ધર્માત્મા મંત્રી ત્યાંથી નીકળીને સીધા ભગવાન હેમચંદ્રસૂરિજીની પાસે ગયા. સઘળી બીનાથી વાકેફ કર્યા. ભગવંતે કહ્યું, "રાજાને ચિંતા કરવાની કશી જરૂર નથી." પછી તેમણે જળને મંત્રિત કરીને આપ્યું અને કહ્યું, 'આ જળના સિંચન માત્રથી રાજાને આરોગ્ય અને રૂપ બંને પ્રાપ્ત થઈ જશે."

મંત્રપૂત જળ લઈને મંત્રીશ્વર રાજા કુમારપાળની પાસે પહોંચી ગયા એ જળનો છંટકાવ કરતાં દાહ શાન્ત થઈ ગયો અને રૂપ પુનઃ પ્રાપ્ત થઈ ગયું.

## [૨૬૬] નન્નસૂરિજી અને ગોવિંદસૂરિજી

બપ્પભટ્ટસૂરિજી એ સમયના પ્રખર શાસન-પ્રભાવક હતાં. એણે આમરાજને ધર્મસન્મુખ બનાવ્યો હતો. વિધર્મી આમરાજને જૈન ધર્મથી પ્રભાવિત કરીને એના દ્વારા અપૂર્વ કાર્યો કરતા રહેતા હતાં.

એક દિવસની વાત છે. બપ્પભટ્ટસૂરિજીને આમરાજે પ્રશ્ન કર્યો, "ભગવાન ! વર્તમાનકાળમાં આપની હરોળમાં બેસી શકે એવા સમર્થ કોઈ મુનિરાજ હશે ખરા ?"

સુંદર પ્રશ્નનો સુંદર પ્રત્યુત્તર વાળતાં મુનિરાજે કહ્યું, "શેરના માથેય સવા શેર હોય જ ! રાજન્ મનેય ટપી જાય તેવા એક નહિ બે-બે આચાર્યો છે."

"પ્રભો ! હાલ તેઓ ક્યાં બિરાજે છે ? મારે તે પ્રભાવક પુરુષના તરત દર્શન કરવાં છે." ભારે અજાયબી અને ઉત્સુકતા સાથે રાજાએ સામે પૂછ્યું.

"રાજન્ ! હાલ તેયો બે ય મોઢેરામાં છે. તેમના નામો છે. નન્નસૂરિ અને ગોવિંદસૂરિ."

બીજે જ દિવસે મોઢેરા જવાનો આમરાજે સંકલ્પ કરી લીધો.

પ્રભાત થયું. સંપૂર્ણ વેશપલટો કરી લઈને આમરાજ ઘોડા ઉપર ચઢી બેઠા. એડી મારી ને પવનવેગે ઘોડો ઉપાડ્યો.

એ સમયે વ્યાખ્યાન ચાલી રહ્યું હતું. ધર્મરસિક લોકો કીડિયારાની જેમ ઊભરાયાં હતાં. ચૂપકીથી આવીને આમ રાજા એ મેદનીમાં જ બેસી ગયા.

પણ... આ શું ? વ્યાખ્યાતા મુનિરાજ તો કામસૂત્રનું વર્ણન કરી રહ્યા હતા. જેમ જેમ એ વિષયનું ઊંડાણ તે પકડતા ગયા તેમ તેમ રાજાના અંતરમાં જાગેલું ઘમસાણ વધતું ચાલ્યું.

એના મનમાં શંકા-કુશંકાઓનાં ધાડેધાડાં ઊતરવાં લાગ્યાં. "રે ! હું આ શું સાંભળી રહ્યો છું ? કામસૂત્રનું આવું વર્ણન કરનાર કદી બ્રહ્મચારી હોઈ શકે ? અસંભવ, અનેક રૂપસુન્દરીઓનો ભોક્તા હું રાજા આમ - જે નથી જાણતો એનું હૃદંયગમ વર્ણન આ સાધુ કરી રહ્યા છે. નહિ, નહિ. કામભોગના અનુભવ વિના આટલી હદ સુધીનું છેલ્લામાં છેલ્લી બાબતનું વર્ણન સંભવી શકતું જ નથી ! મારા ઉપકારી ગુરુ આ સાધુને પારખવામાં બેશક નિષ્ફળ ગયા છે ! ધિક્કાર હો આ સાધુને ! એના વેષને ! એની વિદ્વત્તાને !"

રાજા આમ અધવચમાં જ ઊભો થઈ ગયો. એણે ઘોડો મારી મૂક્યો. નગરમાં જઈને રાજભવનમાં ન જતાં સીધો ઉપાશ્રયે ગયો. સૂરિજીને સઘળી વાત કરી.

સૂરિજી પામી ગયા કે રાજા દોડતી ગાડીએ ચડવા ગયો એનો જ આ પ્રત્યાઘાત આવ્યો છે. પેલા વક્તા મુનિ વિરાગની ઇમારતને મજબૂત કરવા માટે કામવર્ણનનો પાયો વધુ ઊંડો લઈ જતા હતા. જેટલો પાયો ઊંડો એટલી ઇમારત ઊંચી અને મજબૂત.... પણ રાજા તે પાયાના જ દર્શનમાં રહી ગયો. અધૂરી વાત મૂકીને દોડી આવ્યો. સડો કાઢવા પેટ તો ચિરાઈ ગયું પણ ટાંકા મારવાના રહી ગયા. પછી તો હોનારત જ થઈ જાય ને ? ભારે થઈ ગઈ....

એક પળમાં નજર સામેથી સઘળું પસાર થઈ ગયું.

શાસનમાલિન્યના બિહામણા ભૂતનો પડછાયો એમની નજરે તરવા લાગ્યો. હવે શું થાય ? એક પળ વિચાર કરીને તેઓ સ્વસ્થ થઈ ગયા.

સૂરિજીએ કહ્યું, "રાજન્ ! તારી ભૂલ થાય છે."

"ના, ના, ગુરુવર્ય ! એ શ્રવણ સ્વપ્ન હતું કે સત્ય તેનો નિર્ણય કરવા મેં ત્યાં જ મારી જાતને ચૂંટીઓ ભરી હતી. મને પાકી ખાતરી થઈ છે કે કામનું આવું વર્ણન કરનાર માણસ વ્યભિચારી જ હોવો જોઈએ. હાય ! આવા જૈન સાધુઓ ! ઊજળાં વસ્ત્રમાં કાળાં કામ !"

પણ ભ્રમણા થયાની ખૂબ આગ્રહ સાથે જણાવાયેલી વાતનો રાજા આમ ઇનકાર ન કરી શક્યો. કેટલાક દિવસ બાદ ફરી એક વાર મોઢેરા જઈ આવવાનો સૂરિજીને તેણે કોલ આપ્યો.

આ બાજુ સૂરિજીએ તે આચાર્યોને સઘળી બીનાથી વાકેફ કર્યા. 'અતિ'નો

પરિત્યાગ આવશ્યક જણાવ્યો બની ગયેલા શાસનમાલિન્યનું નિવારણ કરવાની સત્વર આવશ્યકતા જણાવી. રાજા આમનો ફરી ત્યાં આવવાનો દિવસ જણાવ્યો.

આ બધું જાણીને બેય આચાર્યોને થોડી વાર આશ્ચર્ય થયું. ખેર ! જે બન્યું તે બન્યું. ભલે ઘા લાગી ગયો... જેનાથી ઘા લાગ્યો છે તે જ મલમપટ્ટા કરશે.

અને... એ દિવસ આવી ગયો. રાજા આમ ફરી ગુપ્તવેશે મોઢેરા પહોંચી ગયો.

આજે ભરત બાહુબલિના જીવનપ્રસંગનું વર્ણન ચાલતું હતું. વાત આગળ વધતી ચાલી. રાજા ભરતે દૂત બાહુબલિ પાસે મોકલેલ જણાવ્યો. દૂત અને બાહુબલિ વચ્ચે થયેલી ટપાટપી જણાવી. યુદ્ધની નોબતો બજી ગઈ. રણશિંગાં ફૂંકાઈ ગયાં ! ભાટ-ચારણો યુદ્ધવીરોને સાબદા બનવા માટે જે રીતે પાણી ચડાવતા એનું વ્યાખ્યાતા મુનિએ વર્ણન ચાલુ કર્યું. એ વીરરસનું પોષણ એવું તો આબેહૂબ થા લાગ્યું કે આખી સભા ભૂલી ગઈ કે પોતે સભામાં બેઠેલા શ્રોતાઓ છે, આ ઉપાશ્રય છે. જ્યાં એ વીરરસ પરાકાષ્ઠાએ પહોંચ્યો અને ગગનભેદી અવાજો સાથે ખૂનખાર યુદ્ધનો આરંભ થયો ત્યાં આખી સભા ઊભી થઈ ગઈ. ''મારો મારો...કાપો...કાપો...'' ના આવાજોથી ઉપાશ્રય ગાજી ઊઠ્યો ! રાજા આમે પણ મ્યાનમાંથી તલવાર ખેંચી કાઢી.

વિરાગભૂમિ યુદ્ધભૂમિમાં પલટાઈ ગઈ.

ધર્મરસિક શ્રોતા યુદ્ધરસિક યોદ્ધો બની ગયો. મુખ ઉપરનો શાન્તરસ નાસી ગયો. વીરરસ ત્યાં ફરી વળ્યો.

જાણે બાજી હાથ બહાર થઈ ગઈ ! રાજા આમ પાછળ ઊભો રહી ન શક્યો ! તલવાર વીંઝતો સહુની મોખરે આવી ઊભો ! એને જોતાંની સાથે જ આચાર્ય ભગવંતે કહ્યું, ''સબૂર ! રાજા આમ ! સબૂર. આ યુદ્ધભૂમિ નથી, આ તો છે ધર્મભૂમિ ! જંગ ખેલવો હોય તો કર્મશત્રુ સાથે ખેલો ! ત્યાં આ તરવાર બુઠ્ઠી છે ! મ્યાન કરી દો એને.

''ત્યાં આ વીરરસ નીરસ છે. દૂર કરો એને.

''ત્યાં આ યુદ્ધકળા બુઠ્ઠી છે. વિરાગકળા જ ત્યાં વિજય પમાડી શકે.''

રાજા આમ સ્તબ્ધ થઈ ગયો. પોતે ક્યાં છે અને કોણ છે એ હકીકતથી સભાન થઈ ગયો.

શ્રોતાઓ પણ વીરરસને પોષવાની અદ્ભુત કળાથી દંગ થઈ ગયા.

રાજા આમે હાથ જોડીને પૂછ્યું, ''પ્રભુ ! યુદ્ધકળાનો આપે અનુભવ કર્યો નથી, છતાં આટલું અદ્ભુત નિરૂપણ ? કે મારા જેવો સભાન માણસ પણ એ વીરરસના પોષણમાં તણાઈ જાય અને મ્યાનમાંથી તલવાર ખેંચી કાઢે !''

સસ્મિત વદને આચાર્ય ભગવંતે કહ્યું, ''રાજન્ ! તદ્દન ખરી વાત ! યુદ્ધકળાના અનુભવ વિના ય આવું નિરૂપણ મેં કર્યું તેમાં ગુરુકૃપાનો પ્રભાવ છે ? શાસ્ત્રમાં દરેક રસનું આબેહૂબ વર્ણન આવે છે. માટેસ્તો તે દિવસે મેં કામરસનું વર્ણન કર્યું હતું ને : પણ હું થોડો જ કામશાસ્ત્રનું અનુભવજ્ઞાન પામ્યો છું ?''

આચાર્ય ભગવંતનું છેલ્લું વાક્ય સાંભળીને રાજા ચોંકી ગયો ! એક પ્રખર પ્રવચન-પ્રભાવક આચાર્ય ભગવંતના જીવન માટે કરી નાંખેલી અઘટિત વિચારણા માટે તેનું અંતર પશ્ચાત્તાપના મહાનલથી બળવા લાગ્યું.

રાજા આમે આચાર્ય ભગવંતનાં ચરણોમાં માથું મૂકી દીધું. પેટ ખોલીને સઘળી વાત કહી. એની આંખમાંથી દડદડ આંસુ વહી જવા લાગ્યાં.

આચાર્ય ભગવંત તો ક્ષમાશ્રમણ હતા. એમની સાધુતા ક્ષમાના પ્રાણથી ધબકતી હતી. અવૈરના એ આરાધક હતા. એમણે ઉદાર દિલે ક્ષમા આપી.

શાસનમાલિન્યના અમંગળ પાપનું વાદળ વીખરાઈ ગયું. જિનશાસનનો સૂર્ય એનાં તેજકિરણોથી ધરતીતલ ઉપર સર્વત્ર છાઈ ગયો.

**[૨૬૭] સિદ્ધસેનસૂરિજી અને ચિત્તોડનો સ્તંભ, પારાંચિત પ્રાયશ્ચિત્ત**

એક વખત સિદ્ધસેન દિવાકરસૂરિજી ચિતોડ ગયા હતા. ચૈત્યોનાં દર્શન કરતાં એક ચૈત્યના સ્તંભ તરફ તેમની દૃષ્ટિ પડી. એકીટસે સ્થંભ તરફ જોઈને નજીકમાં ઊભા રહેલા વૃદ્ધ આદમીને પૂછ્યું, ''આ સ્તંભ શેનો બનેલો છે ? ઈંટોનોય નથી જણાતો અને પથ્થરનોય નથી લાગતો. વળી એને આ સ્થાને કેમ ઊભો કરવામાં આવ્યો છે ?''

બુઝર્ગ આદમીએ કહ્યું, ''ભગવન્ ! લોકવાયકા એવી છે કે આ સ્તંભ ઔષધિઓનો બનેલો છે. એની અંદરના પોલાણના ભાગમાં પૂર્વાચાર્યોએ રહસ્યમય વિદ્યાગ્રન્થો મૂકેલા છે. સ્તંભનું મુખ ઔષધિઓથી બંધ કરવામાં આવ્યું છે. ઘણા પ્રયત્નો કરવા છતાં એ મુખદ્વાર ઊઘડતું નથી.''

સૂરિજી સ્તંભની નજીક સરક્યાં, એનું મુખદ્વાર સૂંઘ્યું. કઈ ઔષધિઓનો એની ઉપર લેપ કરવામાં આવ્યો છે તે સુગંધમાત્રથી તેમના ખ્યાલમાં આવી

ગયું. એ બધી ઔષધિ મંગાવીને તેનો લેપ તે મુખદ્વાર ઉપર કરાવતાંની સાથે જ દ્વાર ખૂલી ગયું. અંદરથી એક પુસ્તક નીકળ્યું. સૂરિજીએ એને હાથમાં લીધું અને ખોલ્યું. એના પ્રથમ પૃષ્ઠ ઉપર બે વિદ્યા લખેલી. એક હતી, સુવર્ણસિદ્ધિ અંગેની; બીજી હતી, સરસવી. (સરસવના જેટલા દાણા મંત્રીને પાણીમાં નાંખવામાં આવે તેટલા ઘોડેસ્વાર ઉત્પન્ન થઈ જાય.)

સૂરિજી બીજું પાનું ખોલવા જાય છે ત્યાં ગેબી વાણી થઈ. "બસ ! થોભી જાઓ. આટલાથી જગતની સેવા કરો." સૂરિજીએ પુસ્તક યથાવત્ મૂકી દીધું.

એકદા તેઓ કર્મારપુર નગરમાં ગયા. સૂરિજીના અસાધારણ પ્રભાવથી આકર્ષાઈને નગરનો રાજા દેવપાળ તેમની પાસે આવવા લાગ્યો તેમનો ભક્ત થઈ ગયો.

એક વાર પડોશનો શત્રુરાજા વિજયવર્મા એકાએક ત્રાટક્યો. રાજા દેવપાળ ભયભીત થઈ ગયો. સૂરજીએ તેને આશ્વાસન આપ્યું.

સરસવી વિદ્યાના બળથી વિરાટ અશ્વદળ ખડું કરી દીધું. રાજા વિજયવર્મા એ સૈન્યને જોઈને જ ભયભીત થઈ ગયો. જેનું અશ્વદળ જ આટલું મોટં છે તેનાં બીજાં દળો કેવડાં હશે ? એ રાતોરાત પલાયન થઈ ગયો.

સૂરજીએ આ પ્રભાવથી રાજા દેવપાળ તો અત્યન્ત આશ્ચર્યમુગ્ધ થઈ ગયા.

"ભગવન્ ! આ ઉપકારનો બદલો શી રીતે વાળી શકાય ? કેવું અહિંસક યુદ્ધ આપે ખેલી નાખ્યું ! મને કેવો ભવ્ય વિજય અપાવ્યો ?" રાજા દેવપાળે સૂરિજીને કહ્યું.

સૂરિજીએ કહ્યું, "ઉપકારની વાત જવા દે. પણ તારા આત્માના ઉપકાર માટે તું વીતરાગ સર્વજ્ઞ ભગવંતોએ દેખાડેલો જિનધર્મ સ્વીકાર." સૂરિજીની નિઃસ્પૃહતાની ટોચને રાજા દેવપાળનું મસ્તક ઝૂકી ગયું. તેણે જિનધર્મ સ્વીકાર્યો ! સર્વત્ર જિનધર્મની બેહદ પ્રશંસા થવા લાગી. અગણિત આત્માઓ સમ્યક્ત્વાદિ અમૂલ ધર્મો પામ્યા.

રાજા દેવપાળ સૂરિજીને સદા સાથે જ રાખવા લાગ્યો. સૂરિવર પણ એના દ્વારા શાસનપ્રભાવનાનાં કોડીબંધ કાર્યો કરાવવા લાગ્યા. સમગ્ર પૃથ્વીતલ ઉપર જિનધર્મની જયપતાકાઓ ખોડંગાતી ચાલી.

એક વખતની વાત છે. સૂરિવર ઊંડા ચિંતનમાં ગરકાવ થઈ ગયા છે.

સર્વજીવને શાસનરસી કરી દેવાની ભાવના એમની રગેરગમાં વ્યાપી ગઈ છે.

વિચારનો એક ઝબૂકો આવી ગયો ! તાળી પાડતાં જ સૂરિવર સ્વગત બોલ્યા, ''ગણધર ભગવંતોએ જિનવાણીને પ્રાકૃત ભાષામાં મઢી લીધી ! લોકભાષા પ્રાકૃત છે માટે જ સહુને સરળતાથી એ ભાષાસૂત્રો સમજાઈ જાય એ વાત તદ્દન સાચી... પરંતુ એથી એ સૂત્રોનું ગૌરવ ક્યાંથી રહે ? એનું માન-સન્માન કેટલું થાય ? અર્થઘન સૂત્રોની અર્થઘનતા લોકભાષામાં તો પ્રવાહી બની જાય ! જો આપણે એનું અર્થગાંભીર્ય જાળવી જ રાખવું હોય તો એ સૂત્રોને સંસ્કૃત ભાષામાં રૂપાન્તરિત કરી દેવાં જોઈએ !

પ્રાકૃત એ પ્રાકૃત અને સંસ્કૃત એ સંસ્કૃત.

એની મજા જ ન્યારી.

અર્થગૌરવ એમાં જ ઘનતા પામે.

મારો વિચાર સુંદર છે ને ! શાસ્ત્રવિરુદ્ધ તો નથી જ ને ?''

અંતરને ટકોરો મારીને સૂરિવરે મનોમન સમજી લીધું કે ''નહિ, એમાં કશું ય શાસ્ત્રબાહ્ય નથી.''

પણ વળી એક વિચાર ઝબૂકી ગયો : ''ના, હું ગમે તેમ તોય છદ્મસ્થ. મારી પણ ભૂલ કાં ન થાય ? આજ પૂર્વે તો કેટલાય ધુરંધર વિદ્વાન, સુવિહિત ગીતાર્થ, અધ્યાત્મના સાગર શા આચાર્યો ભગવાન સુધર્માસ્વામીજીની પાટને દીપાવી ગયા. કોઈએ આ વિચાર કર્યો નથી.

ક્યાં હું અલ્પજ્ઞ ! અને ક્યાં એ પૂજનીય શાસ્ત્રોના મર્મજ્ઞો !

ક્યાં મારી શાસનસેવા અને ક્યાં એમની નસનસમાં પરિણમી ગયેલી શાસનવફાદારી !

પ્રાકૃત ભાષામાં જ સૂત્રો બોલાતી પરંપરા એય શાસ્ત્ર જ છે ને ?

માર્ગ બે છે - એક શાસ્ત્ર અને બીજી સુવિહિત ગીતાર્થચરિત પરંપરા ! શાસ્ત્રમાં ન મળતી હોય તેવી પણ એ પરંપરામાં જીવતી જોવા મળતી વાતો-આચરણાઓ-એ પણ શાસ્ત્ર જ છે કે બીજું કાંઈ ?

હા, કદાચ ખોટી પણ કોઈ પરંપરા ચાલી પડી હોય તેય બને. સંભવ છે કે શાસનનાં અનેક કાર્યોમાં વ્યસ્ત રહેતા એ મહાત્માઓએ કોઈ વાતને નજરમાં ન પણ લીધી હોય ! જરૂર આવું સંભવિત છે. પરંતુ મારે પરંપરાને એકદમ ખોટી માની લેવી શી રીતે ? અને ખોટી કદાચ હોય તો મને એકલાને એ પરંપરા પલટાવવાનો અધિકાર ખરો ? વિદ્યમાન ગીતાર્થ ભગવંતોની ઉપસ્થિતિમાં સકળ સંઘને ભેગો કરું. મારી વાત વિનમ્ર ભાવે રજૂ કરું. સહુ

એક મતે મંજૂર કરે તો જ એનો અમલ કરું.

એકલદોકલ એવું સાહસ કરી શકે તો એ ભારે મોટી અવિધિ ગણાશે. જે કદાચ મને અહીં જ, આ જ, જીવનમાં ભયંકર આપત્તિમાં હડસેલી મૂકશે. ના, ના. એવું દુ:સાહસ-પાપ જનમ-જનમનું મારાથી તો ન જ થાય.

વળી આની પાછળ દાખલોય કેવો ખોટો બેસે ? સહું વિચાર કરશે કે જેને જે ઠીક લાગે તે તેણે કરવું.

શાસ્ત્રબાહ્ય પરંપરા લાગે તો તરત જ ફગાવી દેવી... રે ! તો તો સન્નાટો વ્યાપી જાય, જિનશાસનમાં ! સહુ સહુનું ધાર્યું કરે તો કોઈ પણ માણસ પોતાનું ધાર્યું કરીને ખેદાનમેદાન કરી નાંખે, ભદ્રકજીવોની ધર્મશ્રદ્ધાને. ભયંકર અંધાધૂધી મચી જાય. પછી આવી સુંદર એકસૂત્રતા ન રહે ! રે, અનેક બીજાં તત્ત્વોને ઢાંકવા માટે પણ નવી આચરણાઓના ઝંડા ઊંચકાય ! એની સામે વિરોધો જાગે ! યાદવાસ્થળી મચી જાય. ના, ના, આવું અઘટિત હું કેમ કરું ? ભલે મને એક વિચાર આવી ગયો. પણ સંઘ તો ભેગો કરવો જ છે. સહુની સમક્ષ આ વિચાર મૂકવો જ છે.

સિદ્ધસેન દિવાકરસૂરિજીએ ટૂંક સમયમાં જ સંઘની સમક્ષ પોતાનો વિચાર પ્રસ્તુત કર્યો. સંઘ ખૂબ જ વિનીત હતો. સુરિવરની આમન્યાને એ પૂરી અદબથી પાળતો. સંઘમાં થોડી વાર ગણગણાટ વ્યાપી ગયો. અંતે એક આધેડ ઉમરની વ્યક્તિએ ઊભા થઈને હાથ જોડીને સૂરિવરને કહ્યું, "પ્રભો ! આપનું મન્તવ્ય એ છે કે ગણધર ભગવંત-ગુમ્ફિત સૂત્રોને સંસ્કૃત ભાષામાં ફેરવી નાખવાથી એનું ગૌરવ વધશે. આપનું મન્તવ્ય જ બરોબર રહો પરંતુ અમારો એક પ્રશ્ન છે કે આ રીતે સૂત્રોની પ્રાકૃત ભાષા બદલી નાખવાથી સહુને એ સૂત્રોનો અર્થબોધ દુર્ગમ નહિ બની જાય ! વસ્તુને અતિ સુંદર બનાવવા માત્રથી શું ? જો તે સુપ્રાપ્ય ન બનતી હોય તો ! સંસ્કૃત ભાષાનાં સૂત્રો કેટલાને સમજાશે ? અર્થજ્ઞાન વિના ક્રિયાઓંમાં ઉપયોગ કેટલો જળવાશે ? શું એ અજ્ઞાન અને અનુપયોગનો દોષભાર આપના શિરે નહિ આવે ?

"વળી જો સંસ્કૃત-સૂત્રરચના જ વધુ ઉચિત હતી તો એ ભગવંતોએ તેમ શાથી ન કર્યું ? એમણે જે કર્યું તેની વિરુદ્ધમાં વિચાર પણ કરવાથી અનંત તીર્થંકરદેવોની આશાતનાનું કાળું પાપ લલાટે ન અંકાઈ જાય શું ?

"ગુરુદેવ ! અમને તો લાગે છે કે આવો વિચાર કરીને આપે આપના આત્માનું અહિત કર્યું છે."

મહાકવિ સિદ્ધસેનસૂરિજીનાં અંતરમાં આ વિચાર પડતાં જ સોપો પડી

ગયો ! એમની ભૂલ તરત જ ખ્યાલમાં આવી ગઈ ! "અહા ! મારા જેવા આચાર્યપદના ગૌરવવંતાસ્થાને રહેલાથી આવી ભૂલ થઈ ? આ તે કાંઈ નાનકડી ભૂલ કહેવાય ? રે ! ઝેર ખાવાનો વિચાર પણ એટલો જ ઝેરી છે કેમ કે એમાંથી જ વિષપાનની પ્રવૃત્તિ અમલમાં આવે છે.

સખ્ત દંડ : સખત પ્રાયશ્ચિત્ત અનિવાર્ય છે !

બીજાઓને પણ મારી વાતનો ધડો બેસે ! ફરી કોઈ આવી ગંભીર વૈચારિક ભૂલ ન કરે. અને જો તેમ કરે તો મારું અનુકરણ કરીને સખ્ત દંડ પામીને જીવનશુદ્ધિ કરે.

સૂરિવરે ઉપસ્થિત સંઘની સમક્ષ પોતાની ભૂલ સ્વીકારી લીધી એની ગંભીરતા પણ જણાવી અને સંઘ પાસે જ તેનું પ્રાયશ્ચિત્ત માગ્યું.

સંઘે કહ્યું, "પ્રભો ! આપ ખુદ સમર્થ જ્ઞાની છો. આ અમારો વિષય નથી."

થોડી વાર વિચાર કરીને સૂરિવરે કહ્યું, "મારી આ ગંભીર ક્ષતિના પ્રાયશ્ચિત્તરૂપે મારે બાર વર્ષ સુધી ગચ્છબહાર તદ્દન ગુપ્તપણે રહેવું. ઘોર તપ કરવો, અને પારણામાં શુષ્ક આહાર લેવો. બીજું એક મોટા રાજાને પ્રતિબોધ કરો. ત્રીજું, એક તીર્થનો ઉદ્ધાર કરવો."

આખોય ઉપસ્થિત સંઘ આ સાંભળીને સ્તબ્ધ થઈ ગયો. વહાલા સૂરિવર ! બાર વર્ષ સુધી ભૂગર્ભમાં ચાલ્યા જાય ! ઘોર તપ તપે ! પારણેય શુષ્ક આહાર લે ! એ બધી વાતે અમને શોકાતુર કરી મૂક્યા. સહુ હીબકાં ભરીને રડવા લાગ્યા.

પણ... શાસનની અવિચ્છિન્ન શુભ મર્યાદાઓના સંરક્ષક સૂરિજી પોતાના નિર્ણયમાં અવિચલ હતા. સંઘની સંમતિ લઈને ત્યાંથી ચાલી ગયા.

પૂરાં સાત વર્ષ સુધી ગુપ્તપણે રહ્યા. એક દિવસની વાત છે.

ઉજ્જયિની નગરીમાં મહાકાલેશ્વર મહાદેવનું મંદિર હતું. દિવસના સવારના પ્રહરમાં જ લોકોનાં ટોળેટોળાં એ મંદિર તરફ જઈ રહ્યાં હતાં. સહુ કહેતા કે એ મંદિરની શિવપિંડિકા ઉપર પગ રાખીને એક જટાધારી બાવો ત્યાં બેઠો છે. રાજસેવકોએ એ દૂર કરવા નિષ્ફળ પ્રયત્નો કર્યા. પછી થાકીને તેના બરડે કોરડા વીંઝવા લાગ્યા તો એ બાવો તો હસતો જ રહ્યો;પરંતુ બીજી બાજુ મહારાજા વિક્રમની રાણીઓ એમના અંતઃપુરમાં ચીસો પાડવા લાગી !

લોકો આવી વાતો કરતાં જાય છે અને એ બાવાનાં દર્શનાર્થે દોડ્યાં

જાય છે. ભારે ઠઠ જામી છે. કોલાહલનો સુમાર નથી. થોડી વારમાં મહારાજા વિક્રમ જાતે ત્યાં આવ્યા. તેમણે કહ્યું, "ઓ મુનિ ! શિવપિંડિકાની આવી આશાતના કેમ કરી રહ્યા છો ? એમને તો આપે નમસ્કાર કરવા જોઈએ ને ?"

બાવાએ કહ્યું, "જો નમસ્કાર કરીશ તો આ શિવપિંડિકા એકદમ ફાટશે. તને મંજૂર છે ?" વિક્રમે સંમતિસૂચક માથું હલાવ્યું.

તરત જ બાવાએ નમસ્કાર કર્યા અને મોટા ધડાકા સાથે લિંગ ફાટ્યું. ભગવાન પાર્શ્વનાથની દિવ્ય પ્રતિમા પ્રગટ થઈ ગઈ.

રાજા વિક્રમ તરત જ પરિસ્થિતિ પામી ગયો. તેણે સાશ્ચર્ય પૂછ્યું, "શું આપ કોઈ જૈન મુનિ છો ? પણ વેશ તો જોગીનો દેખાય છે ?"

"હા, હું જૈન મુનિ સિદ્ધસેન દિવાકરસૂરિ છું" બાવાના વેષમાં રહેલા સૂરિજીએ કહ્યું.

વર્ષો પૂર્વનો ઇતિહાસ આંખ સામે ખડો થઈ ગયો.

સંઘે સૂરિજીને વીનવીને સાત વર્ષે જ ફરી ગચ્છમાં લીધા.

રાજા વિક્રમ એમનો ભક્ત બન્યો.

પાંચ શ્લોકોનીપ્રશસ્તિ સંભળાવીને રાજા વિક્રમને પ્રમુદિત કરીને ચુસ્ત જૈન બનાવ્યો.

એક વખત સૂરિજીએ શત્રુંજય તીર્થનું માહાત્મ્ય સમજાવ્યું. રાજા વિક્રમે વિમલાચલનો ભવ્ય સંઘ કાઢ્યો, આખા પર્વતનો જીર્ણોદ્ધાર કરાવ્યો. પછી ગિરનારતીર્થની યાત્રા કરી. બન્નેય ગુરુ શિષ્ય ઉજ્જયિની તરફ પાછા વળ્યા.

સિદ્ધસેનસૂરિજીની પ્રાયશ્ચિત્તરૂપ ત્રણેય પ્રતિજ્ઞાઓ પૂર્ણ થઈ.

કેવા હતા એ શાસનપ્રભાવક સૂરિદેવ કે જેમના એકેકા શ્લોકે રાજા વિક્રમે એકેકી દિસાનું સમગ્ર સામ્રાજ્ય ચરણે ધર્યું હતું. છતાં તેનો અસ્વીકાર કરીને રાજા વિક્રમને તેના હૃદયમાં જિનશાસન સ્થિર કરવાનું કહ્યું હતું!

જેમણે રાજા વિક્રમ પાસે સિદ્ધાચલજીનો સંઘ કઢાવ્યો હતો, જેમાં પાંચ હજાર આચાર્યો હતા, ૭૦ લાખ શ્રાવક-કુટુંબો હતાં ! આ સંઘ દ્વારા જેમણે ગામેગામ અપૂર્વ શાસનપ્રભાવના કરી હતી !

વંદન હો એ કવિવર શાસનપ્રભાવક સૂરિદેવને !

### [૨૬૮] ઉદો વાણિયો અને સાધર્મિક ભક્તિ

એ અતિ ગરીબ હતો, ઉદો.

ગરીબીનો ઉપાય કરવા માટે તે કર્ણાવતીમાં આવ્યો.

ન કોઈ ઓળખ ન કોઈ લાગવગ. ક્યાં જાય ? એ સીધો દેરાસરે ગયો. તેની સાથે તેનું આખું કુટુંબ હતું. બધાંએ મંદિરમાં ચૈત્યવન્દન કર્યું. ખૂબ સુંદર રીતે સ્તવન બોલ્યા; સ્તુતિ કરી, પચ્ચક્ખાણ કર્યું. પ્રભુભક્તિમાં ભાવવિભોર બનેલા કુટુંબના એકાદ પણ સભ્યને પેટની આગ જણાઈ નહિ.

જ્યારે તેઓ મંદિરમાંથી બહાર નીકળ્યા ત્યારે લક્ષ્મીબાઈ નામની ડોશીમાં તેમની બધાની સાધર્મિક ભક્તિ કરવા માટે ઘેર લઈ ગયાં. ડોશીમા ધનવાન તો હતાં પણ ખૂબ ઉદાર દિલનાં હતાં. તેમણે એવી સુંદર આગતા-સ્વાગતા કરી કે ઘણા વખતે આજે આખા કુટુંબે પેટમાં ટાઢક અનુભવી.

ઉદો ડોશીમાના ભોજનથી ધરાયો હતો તે કરતાં વધુ તો તેના વાત્સલ્યથી ધરાઈ ગયો હતો.

અધૂરામાં પૂરું ડોશીમાએ પોતાના જ બાજુના ઘરમાં ત્રણ મહિના સુધી રહેવાની વાત કરી. તે દરમ્યાન કોઈ ધંધો જામી જાય તો બીજું ઘર લઈને ત્યાં રહેવા જવાની ગોઠવણ કરી શકાય.

ડોશીમાની અંતરની દુવાથી બધા પાસા પોબારા પડ્યા. ત્રણ મહિનાની આવક દ્વારા ઉદાએ ડોશીમાનું એ જ ઘર ખરીદી લીધું.

મકાનને પાડી નાખીને નવેસરથી પાયો ખોદતાં સોનામહોરો, રત્નો વગેરેથી ભરપૂર ચરૂ નીકળ્યો. ઉદાએ ડોશીમાને સોંપ્યો તેમણે સાફ ના પાડી, "મેં જમીન સહિત મકાન વેચી નાખ્યા પછી આ ચરૂ ઉપર મારો હક કદી ન હોઈ શકે." ડોશીમાનો આ ન્યાય હતો.

ઉદો રાજસભામાં ગયો. સિદ્ધરાજ જયસિંહે આનો ન્યાય કરવા માટે મહાજનને બોલાવ્યું. મહાજને ફેંસલો આપ્યો કે તે ધનની માલિકી ઉદાની જ ગણાય.

ઉદાએ મહાજનનો ફેંસલો શિરોમાન્ય તો કર્યો પણ એ બધા ધનમાંથી ભવ્ય જિનાલય બનાવી દીધું.

આથી ઉદાનો યશ ચારે બાજુ પ્રસરી ગયો એના કારણે એનો ધંધો ખૂબ વધુ જામી ગયો. તેણે રહેવા માટે મોટું મકાન લીધું.

ધનવાન ઉદો હવે ઉદયન શેઠ બન્યો. રાજા કર્ણદેવના મૃત્યુ બાદ સિદ્ધરાજે તેને મંત્રીપદે બેસાડ્યો.

ઉદયન શેઠ હવે ઉદયન મંત્રી થયો. એની જિનધર્મ પ્રત્યેની આસ્થા અદ્‌ભુત હતી. એ દેવ-ગુરુનો પરમ ભક્ત હતો. એની ધર્મખુમારી તો અનોખી જ હતી.

## [૨૬૯] અકબરની ક્રૂરતાના પ્રસંગો

શી રીતે આવા ક્રૂર અને અતિ ઘાતકી અકબરને જગદ્‌ગુરુ હીરસૂરિજી મહારાજાએ સાવ અહિંસક બનાવી દીધો હશે ? કેવું હશે એમનું ચારિત્રબળ?

આ બોલે છે આંકડા, અકબરની ક્રૂરતાના ! (૧) ચિતોડનો કિલ્લો સર કરતી વખતે અકબરે લાખો સ્ત્રીપુરુષોને અને પશુઓ સુધ્ધાંને કાપી નાંખ્યાં હતાં. તે વખતે ૭૪ા મણ તો જનોઈનો ઢગલો થયો હતો. (૨) લાહોર નજીકના જંગલમાં એક લાખ પશુઓને ભેગાં કરીને તેમની નિર્દય કતલ કરાવી હતી. (૩) ૧૬૨૦ની સાલમાં ગોંડવાણાની રાણી દુર્ગાવતી સાથેની લડાઈમાં તેણે બેહદ ક્રૂરતા આચરી હતી. (૪) રણથંભોર, કલિંજર, બિહાર, બંગાળને જીતવામાં તેણે લાખો માનવોનો સંહાર કર્યો હતો. (૫) શિકાર કરવા માટેના રસાલા તરીકે તેની પાસે પાંચ હજાર પાડા, વીસહજાર કૂતરાં, વીસ હજાર વાઘરી, પાંચ સો ચિત્તા, આઠસો રખાતો અને હજારો બાજ અને શકરા પક્ષીઓ હતાં.

## [૨૭૦] ચાંગો અને ઉદયન મંત્રી

એક વાર પૂ. દેવચંદ્રસૂરિજી મહારાજા ધંધુકામાં બિરાજમાન હતા. તેમની નજર એક બાળક ઉપર ઠરી ગઈ હતી. તેનું નામ ચાંગદેવ હતું. તેના પિતા મોઢ વણિક હતા, નામે ચાંચિંગ અને માતા જૈન, નામે પાહિની.

જ્યારે સૂરિજીને ખંભાત તરફ વિહાર કરવાનો સમય થયો ત્યારે ચાચિંગ તેના ઘેર ન હતો. પાહિનીની સંમતિ લઈને સૂરિજીએ ચાંગાને વિહારમાં સાથે લીધો.

ખંભાતમાં ચાંગો ઉદયન મંત્રીને ત્યાં જ રમતો, જમતો અને ગુરુદેવ પાસે અધ્યયન કરતો.

જ્યારે ચાચિંગ ઘરે આવ્યો ત્યારે ચાંગાને જૈન ગુરુ સાથે મોકલવા બદલ પાહિનીને ખૂબ ઠપકો આપ્યો. અને ચાંગો ખૂબ વહાલો હતો. એના વિના એ ઝૂરવવા લાગ્યો. એક દિવસ તે ખંભાત તરફ નીકળી ગયો. જ્યારે તે ખંભાત પહોંચ્યો ત્યારે સીધો સૂરિજી પાસે ગયો અને ચાંગો પોતાને સોંપી દેવા જણાવ્યું.

ભારે ઠંડકથી સૂરિજીએ કહ્યું, "ચાંગો અત્યારે ઉદયન મંત્રીને ઘેર જમવા માટે ગયો છે. તમારે પણ ભોજનાદિ કરવાનાં હશે તો મંત્રીશ્વરને ત્યાં જ તમારું પિતા-પુત્રનું મિલન થાઓ."

ચાચિંગ મંત્રીશ્વરની હવેલીએ પહોંચે તે પૂર્વે જ સૂરિજીએ મંત્રીશ્વરને સઘળી માહિતીથી વાકેફ કરીને ચાચિંગને શાન્ત પાડી દેવા માટે જણાવ્યું.

જેવો ચાચિંગ હવેલીએ આવ્યો કે રમતો ચાંગો, 'બાપુજી ! બાપુજી !' કહેતો તેમને વળગી પડ્યો. ઉદયને તેને ખૂબ સારી રીતે સત્કાર્યો.

પછી પકવાન્નોનું ભોજન થયું. ચાંગદેવ બાપુજીના ખોળામાં બેસીને જ સાથે જમ્યો.

ભોજનવિધિ પતી ગયા બાદ પહેરામણી કરવાનો રિવાજ જણાવીને કેટલીક વસ્તુઓ લાવ્યો. ચાચિંગને એક ધોતી-જોટો આપ્યો. ત્યાર બાદ ત્રણ લાખ સોનામહોર આપી અને છેલ્લે પોતાના દીકરા હાજર કરીને બે હાથ જોડીને ઉદયન મંત્રીએ ચાચિંગને કહ્યું, "અમારા ગુરુદેવ આ ચાંગાના લલાટમાં જૈન-ધર્મના મહાન પ્રભાવક તરીકેનું ઝળહળતું તેજ જોઈ રહ્યાં છે. તમે ચાંગો અમને સોંપો; અમે તેમની ખૂબ સારી રીતે માવજત કરીશું. એના બદલામાં હું મારા દીકરા તમને સોંપી દેવા તૈયાર છું."

જ્યારે ઉદયન આ શબ્દો બોલતા હતા ત્યારે ચાંગદેવના હૈયે હર્ષ સમાતો ન હતો. ઊભરાઈને બહાર આવેલો હર્ષ તેના પગના થનગનાટમાં છતો થતો હતો.

ઉદયનના શબ્દોની ચાચિંગ ઉપર ભારે આસર થઈ.

"મારો છોકરો ! મહાન ધર્મપ્રભાવક પુરુષ ! મારાં આવાં સદ્ભાગ્ય ક્યાંથી ?" એનું મન હર્ષવિભોર બનીને ગણગણતું હતું.

એણે એક ધોતી-જોટો રાખીને ત્રણ લાખ સોનામહોર પરત કરીને કહ્યું, "તમારા પ્રેમના પ્રતીક તરીકે આ ધોતી-જોટો રાખું છું. મારે બીજું કશું ન જોઈએ. મારી ઇચ્છા એ હતી કે તમે જ મારા પુત્રને રાખો અને મોટો કરો. પણ હવે તમારી વાત સાંભળીને હું જૈન-ધર્મગુરુને મારો વહાલો ચાંગો સોંપું છું. તમે તેની પૂરી કાળજી કરજો."

આ સાંભળીને ઉદયન મંત્રીની આંખમાં પણ હર્ષનાં આંસુ આવી ગયા.

યોગ્ય સમયે ખૂબ ઠાઠથી ચાંગાની દીક્ષા થઈ. તેમનું નામ સોમચંદ્રવિજય રાખવામાં આવ્યું.

ભવિષ્યમાં આ જ આપણા કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રસૂરિશ્વરજી મહારાજા બન્યા.

### [૨૭૧] ઉદયનમંત્રી પ્રથમ દેવલોકે

સો વર્ષની વયે ઉદયન મંત્રી પ્રભાસપાટણના રાજા સાથે લડાઈમાં ઘાયલ થયા હતા. અતિ સુંદર આરાધના કરીને તે મૃત્યુ પામ્યા હતા. તે પ્રથમ દેવલોકે ગયા.

### [૨૭૨] ધર્મશ્રદ્ધા અને શાતવાહન

પ્રતિષ્ઠાનપુરનો રાજા શાતવાહન એક વાર જંગલમાં ભૂલો પડી ગયો. વનનો કોઈ ભીલ તેને પોતાના ઝૂંપડે લઈ ગયો. રાજાની બારે ભાવથી આગતાસ્વાગતા કરી.

પણ અચાનક-એ જ વખતે તે ઢળી પડ્યો. તેનું મૃત્યુ થઈ ગયું. આથી રાજાને ખૂબ આઘાત લાગ્યો.

રાજમહેલે જઈને તેણે તમામ ધર્મોના પંડિતોને ભેગા કર્યા. તેણે સવાલ કર્યો કે, "શું અતિથિ-સત્કાર ધર્મનું આ ફળ છે; મોત ? મારે અત્યારે જ આનો જવાબ જોઈએ, નહિ તો ધર્મ ઉપરની મારી આસ્થા ખતમ થઈ જશે."

એ વખતે વરરુચિ નામના પંડિતે એક દિવસની મહેતલ માંગી. રાતે તેણે 'ભારતી'ની આરાધના કરી. તેણે પ્રત્યક્ષ થઈને કહ્યું કે, "તે ભીલનો જીવ આ જ નગરમાં ધનપતિ શેઠના ઘેર નવ માસ બાદ જન્મ પામવાનો છે. તેના જન્મ પછી તમે રાજાને લઈને ત્યાં જજો. તે જ બધું બોલવા લાગશે."

એ પ્રમાણે વરરુચિ અને રાજા ધનપતિ શેઠના ઘેર ગયા. તાજા જન્મેલા બાળે કહ્યું, "હે રાજન્ ! હું તે જ ભીલ છું તમારી સેવાનું જ આ ફળ કે હવે હું ભીલ મટીને નવ કરોડ સોનામહોરના સ્વામીનો પુત્ર બની ગયો છું."

આ સાંભળીને રાજાને ખૂબ સંતોષ થયો. ધર્મ પ્રત્યેની એની શ્રદ્ધા હવે તો ચોલમજીઠના રંગ જેવી અવિનાશી બની ગઈ.

### [૨૭૩] પાટણના કપર્દીની સાધના

પાટણમાં કપર્દી નામનો ગરીબ જૈન વસતો હતો. ફેરીનો ધંધો કરતો અને રાતે ઉપાશ્રયે પ્રતિક્રમણ કરીને સૂઈ જતો.

એક વખત કાલિકાલસર્વજ્ઞ હેમચંદ્રસૂરિજી મહારાજા ત્યાં વિદ્યમાન હતા. જિનધર્મના ચુસ્ત આરાધક અને ભક્ત કપર્દીની કારમી ગરીબી ધર્મકાર્યોમાં વિશેષ, પ્રગતિ કરવા દેતી નથી તેવું તેમણે જાણ્યું. આ માટે સૂરિજીએ તેને ભક્તામર સ્તોત્રની અગિયારમી ગાથા (દૃષ્ટ્વા ભવન્તમનિમેષ...) ત્રણેય કાળ

૧૦૮ વાર ભાવપૂર્વક બોલવાનું સૂચન કર્યું. આ વિધિ અખંડિતપણે છ માસ સુધી કરવાનું અને તેની સાથે એકાશન, સંથારે શયન, પૂર્ણ બ્રહ્મચર્ય પાલન કરવાનું જણાવ્યું.

કપર્દીએ યથાવિધિ આરાધના પૂર્ણ કર્યું. છેલ્લા દિવસે ચક્રેશ્વરી દેવી પ્રગટ થયાં. તેમણે કપર્દીને કહ્યું કે, "કાલે કોરા ઘડા તૈયાર રાખવા. મારુ દૂધ તેમાં ભરી દેવું. તે બધું સોનું થઈ જશે.

કપર્દીએ અર્ધમણિયા બત્રીસ ઘડા તૈયાર કરીને મૂકી દીધા દરેકમાં દેવીદત્ત દૂધ ભરવામાં આવ્યું.

કપર્દીએ વિનંતી કરી કે, "બત્રીસમા ઘડાનું દૂધ જેમનું તેમ જ રખાય તો સારું. જો એ દૂધનો અક્ષયકુંભ બને તો તેના વડે ચતુર્વિધ સકળ સંઘની ભક્તિ કરી શકું."

દેવીએ તે વાત કબૂલ કરી. મહાધનાઢ્ય બની ગયેલા કપર્દીએ દૂધપાક-પૂરીના ભોજનથી ચતુર્વિધ સંઘની ભક્તિ કરી.

### [૨૭૪] યશોધર રાજાનું અકાળે અવસાન

યશોધર રાજા અતિ રૂપવાન હોવા છતાં તેની રાણી નયનાવલી કાળા અને કુબ્જ, એવા દ્વારપાળમાં અતિ મોહિત હતી. તે જ કારણે તેણે રાજા યશોધરને ઝેર આપીને મારી નાખ્યો હતો. દીક્ષાની ભાવનાવાળા રાજાનું આ રીતે અકાળે કરુણ અવસાન થઈ ગયું.

### [૨૭૫] પ્રદેશી રાજાને રાણી દ્વારા ઝેર

પ્રદેશી રાજાની રાણી સુરિકાન્તાએ, વધુ ધર્મ કરતા રાજા ઉપર રોષે ભરાઈને ઝેર આપ્યું હતું. રાજા તેર છઠ્ઠ કરીને આરાધના કરતા કરતા મૃત્યુ પામીને પહેલા દેવલોકમાં સૂર્યાભદેવ થયા હતા.

### [૨૭૬] રાણી મૃગાવતીનું ચિત્ર

રાજા શતાનિકની રાણી મૃગાવતી હતી. કોઈ ચિત્રકારે તે સૌન્દર્યસમ્રાજ્ઞી રાણીનું અદ્‌ભુત ચિત્ર દોર્યું. રાજા શતાનિક ખૂબ ખુશ થઈ ગયો. પણ જ્યાં તેણે ચિત્રમાં રાણીની સાથળ ઉપર બતાડેલો તલ જોયો ત્યાં તેનું માથું ભમવા લાગ્યું. આ તલની ચિત્રકારને શી રીતે ખબર પડે ? તેને ચિત્રકારના દુરાચારી જીવનની કલ્પના થઈ. તેને ફાંસીની સજાનો આદેશ થયો.

એ મહાન ચિત્રકાર ધરતી ઉપરથી અકાળે નાબૂદ થાય એ વાત કોઈને પસંદ ન હતી. વળી ચિત્રકાર ચારિત્રસંપન્ન હતો.

માત્ર આંગળી જોઈને સમગ્ર ચિત્ર બનાવવાની તેની પાસે કળા હતી.

આથી કૌસાંબીના તમામ ચિત્રકારોએ રાજા પાસે જઈને ખૂબ વિનવણી કરીને ફાંસીની સજા રદ કરાવીને દેશનિકાલની સજા કરાવી.

ચિત્રકારે મનમાં વેરની ગાંઠ વાળી. અવન્તીના રાજા ચંડપ્રદ્યોત પાસે જઈને તેણે લાવણ્ય નીતરતું મૃગાવતીનું ચિત્ર દેખાડ્યું. તે રાજા ખૂબ કામી હતો. મૃગાવતી તેની સાળી જ થતી હોવા છતાં તેને મેળવવા કૌસાંબી ઉપર ત્રાટક્યો. પરાજયના ગભરાટમાં શતાનિકની છાતી બંધ થઈ ગઈ, તે મૃત્યુ પામ્યો.

સદ્નસીબે મૃગાવતીએ યુક્તિઓ દ્વારા શીલરક્ષા કરી; અને અંતે વીર-પ્રભુની પાસે દીક્ષા લીધી.

**[૨૭૭] ઝીંઝુવાડાના મહાજનની ચાલાકી**

ઝીંઝુવાડાના જિનાલયમાં હાલ જે પાર્શ્વનાથ અને મહાવીર સ્વામીજીની પ્રતિમાઓ છે તે અમદાવાદથી લાવવામાં આવી છે. તેનો રોમાંચક ઇતિહાસ છે.

ઝીંઝુવાડાના શ્રીસંઘે બે શ્રાવકોને અમદાવાદના સંઘ પાસે પ્રતિમાજીઓ માંગવા મોકલ્યા હતા. અમદાવાદનાં કેટલાંક જિનાલયોમાં વિશેષ પ્રતિમાજી હોવા છતાં ઝીંઝુવાડાની વિનંતી માન્ય કરવામાં સંઘના અગ્રણીઓ રોજ ભેગા થઈને ગલ્લાંતલ્લાં કરે.

ઝીંઝુવાડાના ભાઈઓને સમય લંબાવીને થકવી નાંખવાની અમદાવાદના શેઠિયાઓની મુરાદ ખ્યાલમાં આવી ગઈ. એક દી ચાલુ સભામાંથી તે બે ભાઈઓ અકળાઈને ઊભા થયા. એકે બીજાને કહ્યું, "અલ્યા, ઊઠ ! આમાં કાંઈ વળે તેમ નથી. હવે આપણે કોઈ તીર્થંકરની પ્રતિમા બેસાડવી જ નથી. હાલ, બજારમાંથી કૃષ્ણ અને શંકરની મૂર્તિઓ ખરીદીને ઘરભેગા થઈ જઈએ. છેવટે તો બધા ભગવાન એક જ છે ને ?"

જોરજોરથી દેકારો મચાવતા બહાર નીકળતાં અને આવું અનિચ્છનીય બોલતા જોઈને અમદાવાદના અગ્રણીઓ ચમક્યા. તેમણે તે જ સભામાં બે મૂર્તિઓ આપવાનું નક્કી કરી દીધું.

ઝીંઝુવાડામાં શુભ દિવસે બન્ને પ્રતિમાજીનો ધામધૂમથી પ્રવેશ થઈ ગયો.

**[૨૭૮] અનુપમાદેવીની ઉદારતા**

આબુના પહાડ ઉપર વસ્તુપાળ બંધુઓના જિનાલયનું કામ ધમધોકાર ચાલી રહ્યું હતું. સઘળી દેખરેખ તેજપાળનાં પત્ની અનુપમા રાખતાં હતાં.

શિયાળાના દિવસો આવ્યા અને કામ ધીમું પડી ગયું. અનુપમાએ સલાટો પાસેથી ઠંડીનું કારણ જાણી લીધું. તેણે વિચાર્યું કે, "આયુષ્યનો અને લક્ષ્મીનો શો ભરોસો ? બેય ચંચળ... આ રીતે ધીમું કામ ચાલશે તો ક્યારે પૂરું થશે !"

બીજા દિવસથી રાતના અને દિવસના જુદા જુદા મજૂરો કરી દેવામાં આવ્યા.

તાપણાંનો પ્રબંધ કરી દેવામાં આવ્યો. અનુપમાદેવી જાતે સલાટોના આરોગ્યની અને ઉત્તમ ભોજનની કાળજી રાખતાં હતાં.

તે કારીગરોની 'મા' બની ગયાં હતાં. મજૂરી ઉપરાંત પુષ્કળ ધન આપતાં પાછાં પડતાં ન હતાં. માટે તો એક સલાટે પણ ત્યાં પોતાના દ્રવ્યે જિનાલય બાંધ્યું છે ને !

**[૨૭૯] ચન્દ્રયશા રાજાની પ્રતિજ્ઞાચુસ્તતા**

વિનીતાનગરીના ચક્રવર્તી રાજા ભરત....

તેમના પુત્ર ચન્દ્રયશા..... ભારે ધર્મચુસ્ત. પ્રતિજ્ઞાપાલનમાં ખૂબ કટ્ટર.. પ્રાણાન્તે ય પ્રતિજ્ઞાભંગ ન કરે.

એક વખત ખરેખર તેવી જ કસોટી થઈ. તેમને દર ચતુર્દશીના પૌષધનું વ્રત હતું. એ મુજબ એક વાર તેઓ પોતાની પૌષધશાળામાં ધ્યાનસ્થ મુદ્રામાં હતા. તે વખતે દેવોના રાજ ઇન્દ્ર દેવસભામાં બેસીને નૃત્ય જોતો હતો. તેમાં તેણે ભરતક્ષેત્ર ઉપર અવધિજ્ઞાનનો ઉપયોગ મૂક્યો. તેણે ધ્યાનમાં એકાકાર બની ગયેલા ચન્દ્રયશાની મુખાકૃતિ જોઈને ડોકું ધુણાવ્યું. "અહા ! કેવા ધર્માત્માઓ ! અને અમે કેવા પામર ભોગલંપટો !" એનું. મન બોલી ઊઠ્યું.

ઇન્દ્રની ઉદાસ મુખમુદ્રા જોઈને ઉર્વશી અને રંભાએ નૃત્ય અટકાવી દીધું. તેમની પાસે જઈને ઉદાસીનતાનું કારણ પૂછતાં ઇન્દ્રે સઘળી વાત કરીને છેવટે કહ્યું કે, "ચન્દ્રયશાની પૌષધની પ્રતિજ્ઞાને તોડવા જગતની કોઈ શક્તિ સમર્થ નથી."

આ સાંભળીને બન્ને નર્તકીઓ મનમાં હસી. તેમણે ચન્દ્રયશાને પ્રતિજ્ઞાથી ચલિત કરવાનો નિર્ણય કર્યો. શ્રાવિકાઓનુંરૂપ લઈને બન્ને વિનીતાનગરીના શુક્રાવતાર પ્રાસાદમાં પ્રભુજીની સમક્ષ ચૈત્યવન્દન કરવા લાગી. તેમના અદ્‌ભુત કંઠથી, ત્યાં જ પૂજા કરવા આવેલો ચન્દ્રયશા આકર્ષાયો. તેણે ભાન ખોયું. સહવર્ત્તી મન્ત્રીએ રાજાનો ભાવ જાણી લઈને મંદિરની બહાર નીકળતાં શ્રાવિકાઓને જાતિ કુલ પૂછી લીધાં. બન્ને વિદ્યાધરીઓ છે અને યોગ્ય પતિની શોધમાં નીકળી છે. પતિ તેને જ કરવો છે જો કાયમ તેમના કહ્યામાં-કબજામાં

જ રહે. તેમની કોઈ પણ વાતની કદી અવગણના ન કરે.

ચન્દ્રયશાએ આ બધી શરતો કબૂલ કરી. તેથી તેમનું લગ્ન થયું.

થોડા દિવસ તો સઘળું સીધું ચાલ્યું પણ ચતુર્દશી આવી એટલે રાજાએ પોતાને પૌષધ લેવાની પ્રતિજ્ઞા જણાવી.

બે રાણીઓએ પૌષધ લેવાની સાફ ના પાડી અને લગ્ન કરતી વખતે આપેલું વચન યાદ દેવડાવ્યું.

હવે રાજા શું કરે ? એક બાજુ પ્રતિજ્ઞાભંગ, બીજી બાજું વચનભંગ... એકેય પરવડે તેમ ન હતું.

આથી રાજાએ જીવનભંગ કરી લેવાનો નિર્ણય કર્યો. પોતાની તલવાર પોતે જ જોરથી ગરદન ઉપર ઝીંકી. પણ અફસોસ ! ઘા ન વાગ્યો. વારંવાર જીંકી પણ નિષ્ફળ.

બન્ને સ્ત્રીઓ દેવીના રૂપમાં પ્રગટ થઈ. તેમણે પ્રતિજ્ઞાપાલનની મક્કમતાની ભારે પ્રશંસા કરી. પોતે દેવેન્દ્રની વાત સાંભળીને પરીક્ષા કરવા આવી હતી તે જણાવ્યું અને બન્ને દેવીઓ અંતર્ધાન થઈ.

જીવતાં તો હજી ઘણાંને આવડે, પણ મરતાં તો કોકને જ આવડે. ચન્દ્રયશા રાજાને બેય આવડતાં હતાં.

છેવટે તેમણે દીક્ષા લીધી અને તે જ ભવમાં કૈવલ્ય પામીને મોક્ષે ગયા.

**[૨૮૦] પેથડમંત્રીની અનોખી દાન-રીત**

વિ. સં. ૧૩૧૩, ૧૩૧૪, ૧૩૧૫માં ભારતભરમાં કારમો દુકાળ પડ્યો હતો. ગુરુદેવે કરેલી આગાહીથી સાવધાન થઈ ગયેલા મન્ત્રીશ્વર પેથડે કરોડો મણ અનાજનો સંગ્રહ કરી લીધો હતો.

દુષ્કાળ શરૂ થતાં તેણે ચોમેર સદાવ્રતો અને દાનશાલાઓ ખોલી નાખી.

એક વાર રાજા વીસળદેવને તેની દાનશાળાની દાનપદ્ધતિ જોવાનું મન થયું.

વેશપલટો કરીને રાજા દાન લેવા ગયો. દાનની રીત એવી હતી કે લેનારાનું મુખ પેથડને જોવા ન મળે. બેયની વચ્ચે પડદો રહે. આથી લેનારાને સંકોચ ન થાય.

પડદામાંથી વીસળદેવે પોતાનો હાથ લાંબો કર્યો. હાથની રેખાઓ જોઈને પેથડ મન્ત્રી ચમક્યા. "અરે ! આટલો બધો પુણ્યવાન માણસ ! અને તેને ય હાથ લંબાવવો પડ્યો ! હાય ! કેવો સહુનો ભરડો લીધો છે, આ દુકાળે ! કાંઈ નહિ."

આમ વિચારીને ખૂબ મૂલ્યવાન રત્ન રાજાના હાથમાં મૂકી દીધું.

રત્ન જોઈ રાજાએ બહારથી જ પૂછ્યું, "કોને આ વસ્તુ આપી ?"

પેથડે કહ્યું, "તેના ભાગ્યને. વળી હું નથી દેતો.... તેનું ભાગ્ય જ લઈ જાય છે." રાજા વીસળદેવ ખૂબ પ્રસન્ન થઈ ગયો. પડદો દૂર કરીને પેથડ મન્ત્રીને ભારે આદરભાવથી તે ભેટી પડ્યો.

**[૨૮૧] ગંગામા અને શિખરજીનો પહાડ**

જ્યારે ગંગામાને ખબર પડી કે પોતાનો પુત્ર લાલભાઈ નેતા છતાં *શિખરજીના પહાડ ઉપર તૈયાર થનારા અંગ્રેજોના 'ગેસ્ટહાઉસ'ને અટકાવી* શકતો નથી. ત્યારે ગંગામાને ખૂબ દુઃખ થયું.

જ્યારે લાલભાઈ શેઠ જમવા બેઠા અને જ્યાં કોળિયો મોંમાં મૂકવા ગયા ત્યારે માએ તેમને કહ્યું, "કામ કરવાની તારામાં શક્તિ નથી તો સંગનો નેતા થઈને કેમ બેઠો છે ? લે, આ સાડલો, ચૂંદડી, અને બંગડી પહેરી લે... તારા જેવા કાયરને તો આ જ વેશ શોભે. માંસાહારીઓના પવિત્ર તીર્થ ઉપર બંગલા થાય અને તું અટકાવી ન શકે ?"

લાલભાઈ શેઠને માના આ શબ્દો અત્યન્ત આકરા લાગ્યા. તેમણે તરત જ કામ આરંભ્યું અને પરિણામે તે બંગલાઓનું નિર્માણકાર્ય બંધ રહી ગયું.

**[૨૮૨] શોભનની નીતિમત્તા**

મહારાજા કુમારપાળના સમયની આ વાત છે. શ્રીપાળ નામે ખૂબ ગરીબ માણસ હતો. છ બાળકોનો તે પિતા હતો. ભરણપોષણ માટે તે પરચૂરણના ધંધામાં ઘણી અનીતિ કરતો. તેના મોટા થયેલા દીકરા શોભને પિતાને આ પાપ નહિ કરવા માટે બહુ સમજાવ્યો પણ તેની મહેનત નિષ્ફળ ગઈ. એક વાર ઘરાક સાથે અનીતિ કરતા શ્રીપાળ પકડાઈ ગયો. આખા ગામમાં હોહા થઈ. ત્યારથી તેનો ધંધો ખતમ થઈ ગયો. આથી શ્રીપાળને સખત આઘાત લાગ્યો. તેમાં જ તે માંદગીના બિઝાને પટકાયો.

હવે શોભન દુકાને બેસવા લાગ્યો. છ માસમાં તો તેની નીતિમત્તાના ચારે બાજુ વખાણ થવા લાગ્યાં. પિતાની અપકીર્તિના કારણે શરૂમાં મુશ્કેલી પડી પણ પછી તો ધંધો એવો જામ્યો કે શોભન મોટા ધનવાનોની હરોળમાં ગણાવા લાગ્યો.

*તેનું યુવાસ્થામાં અકાળ મૃત્યુ થયું હતું. તેની નીતિમત્તાની કદર કરવારૂપે* વિરાટ સ્મશાનયાત્રામાં ગૂર્જરેશ્વર કુમારપાળે હાજરી આપી હતી.

## [૨૮૩] ઉદાયી રાજાનુ ખૂન અને નવ નન્દોની પરંપરા

મગધપતિ શ્રેણિકનો પુત્ર કોણિક, તેનો પુત્ર ઉદાયી હતો. તેનું સાધુવેષ પહેરીને, લાગ જોઇને 'વિનયરત્ન' નામના સાધુએ ખૂન કર્યું હતું. એ વખતે રાજા ઉદાયી આચાર્યભગવંતની બાજુમાં પૌષધવ્રતમાં સૂતા હતા. આચાર્યભગવંતે આ ખૂનની પાછળ ઘોર ધર્મનિન્દાનું અનુમાન કર્યું. એ ધર્મનિન્દાને અટકાવવા માટે તેમણે આત્મહત્યા કરી.

ઉદાયી રાજા નિઃસંતાન હતો. આમ શિશુનાગ વંશનો અંત આવ્યો.

બાદ પ્રજાજનોએ નંદ નામના પરાક્રમી સામંતને પાટલીપુત્રની ગાદીએ બેસાડ્યો. આ સામંત મૂળમાં તો હજામ હતો. આ નંદનો કલ્પક નામનો મહાવિચક્ષણ મન્ત્રી હતો. એના કારણે જ નંદનો રાજ્યવિસ્તાર ખૂબ વ્યાપક બન્યો હતો.

નંદની પરંપરામાં કુલ નવ નંદ થયા, જેમાં છેલ્લો મહાપદ્મ નામનો નંદ હતો.

કલ્પકના વંશવારસો જ નવેય નંદોના શાસનકાલમાં મન્ત્રીપદે આવતા રહ્યા. જેમાં છેલ્લા મન્ત્રી શકટાળ હતા, જે સ્થૂલભદ્રજીના પિતા હતા.

નવમા નંદને દૂર કરીને ચન્દ્રગુપ્ત રાજા થયો. ત્યારથી મૌર્યવંશ ચાલ્યો. ચન્દ્રગુપ્તની માતાનું નામ મુરા હતું. તે ઉપરથી આ મૌર્ય વંશ કહેવાયો.

## [૨૮૪] મંત્રીશ્વર કલ્પક

જ્યારે પહેલા નંદનું મગધ પર શાસન હતું ત્યારે કલ્પક તેનો મહામંત્રી હતો. આખા સામ્રાજ્યમાં એ માનીતો થઈ ગયો હતો. આના કારણે એના પ્રત્યે અન્ય રાજકીય માણસોને ખૂબ ઈર્ષ્યા જાગી ઊઠી હતી.

કોઈ પણ હિસાબે કલ્પકને આફતમાં મૂકી દેવાની એ માણસોની મેલી મુરાદ હતી. કોઈ એવું છટકું ગોઠવીને કલ્પકનું અને તેના આખા કુટુંબનું ધનોતપનોત કાઢી નાખવાની એ લોકોની દુષ્ટ વૃત્તિ હતી.

રાજા નંદ પાસે કલ્પકના સંદર્ભમાં ખૂબ જ ખોટી કાનભંભેરણી કરીને કલ્પકનાં વિરોધી દુષ્ટ તત્ત્વોએ રાજાને ઉશ્કેર્યો. કાચા કાનના રાજાએ પણ કલ્પકને મારી નાંખવાનો હુકમ છોડ્યો. પરંતુ પેલા નીચ માણસોને કલ્પક એમ સીધી રીતે મરી જાય તે ઇષ્ટ ન હતું. તેમની ઇચ્છા તો કલ્પકને એના આખા કુટુંબ સાથે રિબાવી રિબાવીને મારવાની હતી. આથી એ લોકોએ

રાજાને સલાહ આપી કે, "રાજન્ ! એ રીતે એને મારી ન નાખો. પરંતુ કોઈ અવાવર કૂવામાં એના આખા કુટુંબને પણ ઉતારી દો. અને ત્યાં જ ભૂખ્યા-તરસ્યા એની મેળે જ એ બધાને મરી જવા દો.

કાચા કાનના રાજાને આ યોજના પસંદ પડી ગઈ. જૂના જમાનામાં એ કાળમાં આવા અવાવર કૂવા આવી સજાઓ માટે રખાતા હતા. કલ્પકસહિત એના આખાય કુટુંબને કૂવામાં ઉતારી દેવામાં આવ્યું. માત્ર એક મોટો છોકરો બહારગામ ગયો હતો, તે માત્ર ઊગરી ગયો.

રાજાની આજ્ઞાથી તે કૂવામાં એ આખા કુટુંબ વચ્ચે રોજ માત્ર એક ભોજનની થાળી ઉતારવામાં આવતી. એક થાળી ભોજન આખા કુટુંબના સભ્યોને શી રીતે પૂરું પડે ? ચાર-પાંચ દિવસમાં જ નાનાં બાળકોના શરીર સુકાવા લાગ્યાં. પંદર દિવસ થયા એટલામાં તો અનેક મડદાં પડવા લાગ્યાં. કૂવામાં ઘોર અંધકાર હતો. સાંકડી જગ્યા હતી. મડદાંની ભયંકર બદબો પણ આવવા લાગી.

આવા કરુણ સંયોગોમાં ઉપરથી ઊતરતી ભોજનની થાળી કોણ ખાવા તૈયાર થાય ? એક દિવસ કલ્પક હજી બચી ગયેલાં નાનાં બાળકોને થાળીનું ભોજન જમાડવા ખૂબ આગ્રહ કરે છે. બાળકો કહે છે કે, "ના ! પિતાજી આપ ખાઓ. અમારે નથી ખાવું."

કલ્પકની પત્ની પોતાના પતિદેવને કહે છે કે, "સ્વામીનાથ ! મારી એક વિનંતી સાંભળો. ભોજનની એક જ થાળીથી હવે બધા જીવી શકે તેમ મને લાગતું નથી. વળી ક્યારેક પણ રાષ્ટ્રની ઉપર શત્રુઓ દ્વારા ભયંકર આક્રમણ આવશે જ અને તે વખતે આ રાષ્ટ્ર દુષ્ટોના કબજે ન થવા દેવું હોય તો તમારે જીવતા રહેવું જ પડશે. કો'કદી રાજા નંદ ખૂબ હેરાન થશે ત્યારે તમને યાદ કરશે અને કદાચ કહેશે કે 'મેં આ કાવતરાબાજોને ઓળખ્યા નહિ. હવે તમારે જ રાષ્ટ્રને સંભાળવું પડશે.' ભવિષ્યમાં દેશનાં કરોડો બાળકોને અને લોકોને બચાવવાં હોય તો અમને બધાંને મરવા દો, અને તમે જ રોજ આખી ભોજનની થાળી જમી લઈનેય જીવતા રહી જાઓ."

તરત જ બીજા સહુ કુટુંબીજનો કહે કે,"અમે જીવીએ તોય શું ? આપ જીવશો તો અનેકોને જિવાડી શકશો."

કેવી રાષ્ટ્રભક્તિ ! કેવી જાનફિસાની !

## [૨૮૫] પ્રવરદેવ નામનો ભિખારી

પ્રવરદેવ નામનોએક ખાઉધરો માણસ હતો. આખો દિવસ જે તે વસ્તુ ખાધા કરે. પરિણામે એને કોઢ થયો. લોકો એને ખૂબ ધિક્કારવા લાગ્યા. એક વાર એણે એક મુનિવરને જોયા અને એટલે તેમની પાસે જઈને તેણે પૂછ્યું, ''મહાત્મા ! મને કોઢ કેમ થયો ? અને હવે શી રીતે શમે ?'' જ્ઞાની મુનિ ભગવન્તે ઉત્તર આપ્યો કે, ''આ રીતે આખો દી ગમે તે ખાધા જ કરવાની અવિરતિનું પાપ દૂર કર. આ દુઃખની ચિંતા ન કર. એ તો પછી તરત આપોઆપ નષ્ટ થશે.''

મુનિ ભગવન્તની વાત પ્રવરના ગળે ઊતરી અને એક જ પ્રકારનું ધ્યાન, એક જ વિગઈ, એક જ શાક અને ઉષ્ણ અચિત જલ, આ પ્રમાણે જબ્બર તપ કરવા લાગ્યો.

પ્રવરદેવે જબ્બર તપ કરવા માંડ્યું અને બીજી બાજુ પુણ્ય કર્મનો પણ ઉદય થવા લાગ્યો. લોકોની એના પ્રત્યેની ધિક્કારવૃત્તિ ચાલી ગઈ અને ખૂબ પ્રેમવૃત્તિ પેદા થઈ. સહુના સહકારથી નાનકડો ધંધો શરૂ કર્યો અને એમાં ફાવટ આવતાં એ ભિખારી મટીને મોટો કરોડપતિ થઈ ગયો. નિષ્પાપ આજીવિકા દ્વારા કોટિ સુવર્ણ પ્રાપ્ત કર્યું, છતાં એ ભોગસુખોમાં લપેટાયો નહિ. જેના પ્રભાવથી એ મહાસુખી થયો હતો એ કારણને, એ કદી છોડતો નથી અને એ જ રીતે એક પ્રકારનું ધાન, એકજ શાક, એક જ વિગઈ તથા ઉષ્ણ અચિત જળપાન વગેરે તપ ચાલુ જ રાખે છે.

એની ખાનપાન વગેરેની તીવ્ર ઈચ્છાઓ શમી ગઈ. એણે પોતાનું કોટિધન પરાર્થોમાં વાપરવા માંડ્યું. દુકાળના સમયમાં એક લાખ મુનિઓને ભિક્ષા વહોરાવી અને એક લાખ સાધર્મિકોનો ઉદ્ધાર કર્યો. જિંદગીભર અખંડવ્રત પાળીને સૌધર્મ દેવલોકમાં ઈન્દ્રનો સામાનિક દેવ થયો અને ત્યાંથી મરીને કમલપુર નગરના શુદ્ધબોધ શેઠની વ્યોમાલા પત્નીના પેટે અવતર્યો.

કમલપુર નગરના કમલસેન રાજાને એક નૈમિત્તિકે આવીને કહ્યું હતું કે, ''તમારા નગરમાં દુકાળ પડશે, માત્ર એક જ વર્ષ નહિ, પણ ૧૨-૧૨ વર્ષ સુધી આ દુકાળ ચાલશે. વરસાદ લગીરે થશે નહિ, અને પ્રજા આ ભયંકર દુકાળમાં મૃત્યુ પામતી જશે.'' રાજા આ સાંભળીને અચંબો પામી ગયો.

પરંતુ અષાઢ માસ આવતાં જ મેઘ તો બારે ખાંગે તૂટી પડ્યો. રાજા વગેરે ખૂબ આશ્ચર્યમાં પડી ગયા. પેલા નૈમિત્તિકને રાજા બોલાવીને કહ્યું કે, ''અરે ! તું તો કહેતો હતો ને કે તમારા દેશની સ્થિતિ ભયંકર થવાની છે ? ૧૨ વર્ષનો દુકાળ પડવાનો છે. અને આ જો તો ખરો, કેટલો વરસાદ

પડ્યો ? આવાં ગપ્પાં કેમ મારે છે ?''

ત્યારે નૈમિત્તિકે કહ્યું, ''રાજન્ ! હજી કહું છું કે મારું કહેવું તદ્દન સાચું જ હતું. પરંતુ શું થયું તે મને સમજાતું નથી. તમે કોઈ સાચા જ્ઞાની આવે તો પૂછજો.''

અને.... ખરેખર એક દિવસ યુગસમંધર નામક જ્ઞાની ગુરુ આવ્યા ત્યારે રાજાએ એમને પૂછ્યું : ''ભગવન્ ! નૈમિત્તિકની વાત શું ખરેખર સાચી હતી કે ૧૨ વર્ષનો દુકાળ પડવાનો છે ?''

ત્યારે ગુરુએ કહ્યું, કે, ''એ નૈમિત્તિક કહેતો હતો તેમ, ગ્રહચાર તો તેવો જ હતો કે જેથી બાર વર્ષનો દુષ્કાળ પડે. આ જ અરસામાં તારા નગરમાં એક મહાપુણ્યવાન આત્માનો શુદ્ધબોધ શેઠને ત્યાં જન્મ થયો, માટે તેના ગતજન્મના પ્રચંડ તપના પુણ્યપ્રભાવને કારણે એ ગ્રહચાર પણ નિષ્ફળ નીવડ્યો અને ધોધમાર વરસાદ પડ્યો.'' આમ કહીને ગુરુએ તેનો પ્રવરદેવ તરીકેનો આખો પૂર્વભવ કહ્યો.

**[૨૮૬] રામલો બારોટ અને તીર્થરક્ષા**

ગૂર્જરેશ્વર કુમારપાળની રાજગાદી ઉપર ચડી બેઠેલો રાજા અજયપાળ, ગૂર્જરેશ્વરની ધાર્મિકતાની જીવંત સાક્ષી રૂપે ઊભેલાં જિનમંદિરોને ધરાશાયી કરવાના જાણે શપથ લઈ ચૂક્યો હોય તે રીતે એક પછી એક જિનમંદિર ધૂળ ભેગું કરતો તારંગાતીર્થને ધરતીનશીન કરવા માટે આગળ ધસી રહ્યો હતો.

એના રસ્તામાં એક ગામ આવ્યું, ત્યાંના જૈનો ભારે ધર્મપ્રેમી. તારંગાની રક્ષા માટે વિચાર કરવા આખો સંઘ એકઠો થયો. આખી રાત વિચારણા કરી પણ કોઈ ઉપાય ન જડ્યો. એ વખતે રામલાલ નામના એક બારોટે તીર્થરક્ષાનું બીડું ઝડપ્યું. સંઘે એનાં બાળબચ્ચાં વગેરે કટુંબીજનોની કાયમી સંભાળ રાખવાની જવાબદારી માથે લીધી. રામલાલ બારોટને સહુએ તિલક કર્યું. યુવતીઓએ આશિષ આપી. રામલાલે નાટક મંડળી તૈયાર કરી બીજા માણસો દ્વારા આ નાટક-મંડળીની ભારે પ્રસંસા અજયપાળ પાસે કરાવી. અજયપાળે રામલાલનું નાટક જોવાની ઇચ્છા દર્શાવી. રામલાલ બારોટે અજયપાળ સમક્ષ ઉપસ્થિત થઈને કહ્યું, ''રાજન્ ! (૧) નાટક તો આપને જરૂર બતાવીશ, પણ મારી બે શરત પાળવી પડશે. (૨) નાટકમાં જે કાંઈ આવે તે જોવું જ પડશે. અને નાટકના અંત સુધી ઉઠાશે નહિ.

રાજાએ શરતો કબૂલ કરી. રાત્રે દશ વાગ્યે નાટક શરૂ થયું.

એના પહેલા અંકમાં આપ-બળે અઢળક સંપત્તિ પ્રાપ્ત કરીને શ્રીમંત થયેલો એક યુવાન દેખાયો. ગુરુ-ઉપદેશે એણે જિનમંદિર બનાવ્યું. ભારે ઠાઠથી

અને આંતરમસ્તીથી એ ધનાઢ્ય માણસને રોજ જિનપૂજા કરતો દેખાડ્યો. આ દૃશ્ય જોતાં અજયપાળ સમસમી ઊઠ્યો. પણ શરતને આધીન હોવાથી લાચાર બનીને બેસી રહ્યો.

બીજા અંકમાં એની વૃદ્ધાવસ્થા દેખાડી. બાપ મરણપથારીએ પડ્યો. ત્રણે પુત્રોને બોલાવ્યા. જિનમંદિરની રક્ષા કરવાનું કહ્યું અને પરમાત્માની સદૈવ ભક્તિ કરવાની પ્રેરણા કરી. પહેલા બે પુત્રોએ તો પિતાજીની આજ્ઞાને વધાવી લીધી પરન્તુ સૌથી નાના નાસ્તિક પુત્રે તેમ કરવાની ઘસીને ના પાડી દીધી; એટલું જ નહિ પરન્તુ ગુંડા જેવા પોતાના મિત્રોને તે લઈ આવ્યો અને પિતાએ નિર્માણ કરેલા ગગનચુંબી જિનમંદિરને ખતમ કરવા માટે શિખર ઉપર ચડીને પોતાના જ હાથે પહેલો ઘા કર્યો.

આ દૃશ્ય જોઈને કમકમી ઊઠેલા પિતાએ પથારીમાંથી બેઠા થઈને ભારે ઉશ્કેરાટથી રાડ નાંખતાં કહ્યું, ''ઓ કર્મચંડાલ ! પેલો અજયપાળ પણ તારા કરતાં સારો કે જે કુમારપાળના મૃત્યુ બાદ તેનાં બનાવેલાં મંદિરો તોડે છે; અને તું મારા જીવતાં જ મારું જિનમંદિર ખતમ કરવા તૈયાર થયો છે !''

નાટકનું આ દૃશ્ય જોતાં રાજા અજય કંપી ઊઠ્યો. સિંહાસનેથી એકદમ ઊભા થઈ જઈને એણે બૂમ પાડીને કહ્યું, ''ઓ રામલાલ બારોટ ! બસ કર.... બહું થયું... આ દૃશ્ય મારાથી જોવાતું નથી.

''આજથી હું પ્રતિજ્ઞા કરું છું કે એક પણ મંદિરનો કદાપિ નાશ કરીશ નહિ,'' અને.... તારંગાતીર્થના શિખર ઉપર ફરફરતી ધ્વજા અભયવચન પામી ગઈ. શ્રીસંઘે રામલાલ બારોટનું વીરોચિત સન્માન કર્યું.

### [૨૮૭] યક્ષદેવસૂરિજી અને જિનમૂર્તિઓની રક્ષા

પરમાત્મા દેવાધિદેવ પાર્શ્વનાથની પરંપરામાં ઉપકેશગચ્છના આચાર્ય ભગવંત યક્ષદેવસૂરિજી (ત્રીજા) થઈ ગયા. આચાર્ય વજ્રસેનસૂરિજી મહારાજના એ સમકાલીન હતા. આટલું જ નહિ પણ ચન્દ્ર, નાગેન્દ્ર વગેરે તેમના શિષ્યોને તેમણે ખૂબ સારી રીતે શાસ્ત્રાધ્યયન કરાવ્યું હતું. જિનમૂર્તિઓની રક્ષાઓનો તેમના જીવનમાં ખૂબ જ રોમાંચ પ્રસંગ બની ગયો હતો, જે જૈન-ઇતિહાસમાં નોંધાઈ ગયો છે. એ પ્રસંગને આપણે અહીં યાદ કરી લઈએ.

એક વખત પોતાના પાંચસો શિષ્યો સાથે તેઓએ મુગ્ધપુર (હાલનું મહુવા)માં સ્થિરતા કરી હતી. એ અરસામાં એકાએક વંટોળિયાની જેમ મ્લેછોનું સૈન્ય ધસમસતું આવી રહ્યું છે, ગામોનાં ગામો તારાજ કરી રહ્યું છે, 'મંદિરો ધરાશાયી કરવાં અને મૂર્તિઓ ભાંગી નાખવી' એ તો આ મ્લેચ્છ સૈન્યનો મુદ્રાલેખ બન્યો છે.... એવા સમાચાર યક્ષદેવસૂરિજીને મળ્યા.

મુગ્ધપુરમાં અનેક જિનાલયો હતાં, અનેક પ્રતિમાજી હતાં એની રક્ષા એ આ આચાર્યશ્રી માટે ચિંતાનો વિષય બન્યો. એ જ રાત્રિએ તેઓ ધ્યાનસ્થ થયા અને એમના ધ્યાનબળે દેવીને હાજર થવાની ફરજ પડી.

આચાર્યશ્રીએ દેવીને કહ્યું, ''મ્લેચ્છો ક્યાં સુધી આવી પહોંચ્યા છે ? તેની ભાળ મેળવીને મને તરત જ જણાવો.''

'તથાસ્તુ' કહીને દેવી ચાલી ગયાં પણ અફસોસ ! મ્લેચ્છોના દુષ્ટ દેવતત્ત્વે આ દેવીને બાંધી લીધાં. એમની કામગીરીને નાકામયાબ બનાવી.

વધુ સમય સુધી રાહ જોયા બાદ આચાર્યશ્રીએ દેવીના આગમનની આશા મૂકી દીધી. પોતે જ હવે ધર્મરક્ષાના કાર્યમાં લાગી ગયા. એમણે તરત ગામના ધર્મીજનોને ભેગા કર્યા; પરન્તુ ઘણાખરા તો પોતાના જ માલસામાનને સગવગે કરવાની ચિંતામાં પડ્યા હતા. પણ જે કેટલાક ધર્મીજનો ધર્મરક્ષા માટે તૈયાર થયા તેમને આચાર્યશ્રીએ કામે લગાડ્યા. **'આપત્કાલે મર્યાદા નાસ્તિ' એ ન્યાયે રાતોરાત જ પ્રતિમાઓનું ઉત્થાપન કરીને દરેક ધર્મીના માથે એકેકી પ્રતિમા મૂકવામાં આવી. પણ હજી તો ઘણાં પ્રતિમાજી રહ્યાં હતાં. એટલે દરેક સાધુના માથે પણ એકેકી પ્રતિમા મૂકવામાં આવી. સહુ રાતોરાત આડમાર્ગે વિદાય થઈ ગયા અને સુરક્ષિત સ્થાને વહેલી સવારે પહોંચી ગયા.**

થોડાક સાધુ સાથે આચાર્યશ્રી ઉપાશ્રયમાં જ રહ્યા સવાર પડતાં જ મહુવા ઉપર મ્લેચ્છ સૈન્ય ત્રાટક્યું. મંદિરોને ખાલી જોઈને મ્લેચ્છો ગુસ્સે ભરાયા. આચાર્યશ્રી પાસે જવાબ માગ્યો. પણ તેઓ મૌન રહ્યા. મ્લેચ્છોએ તેમના તમામ સાધુઓને ત્યાં કાપી નાખ્યા.

આચાર્યશ્રીને સ્તંભ સાથે મુશ્કેટાટ બાંધીને ભૂખે મારી નાખવા માટે એક મ્લેચ્છ સૈનિકને સોંપીને સૈન્ય આગળ વધ્યું. થોડી જ વારમાં ચોકીદારે સૂરિજીને 'મત્થએણં, વંદામિ' કહીને નમસ્કાર કર્યા. તેણે કહ્યું, ''હું જૈન છું. વખાનો માર્યો મ્લેચ્છોની ટોળીમાં જોડાયો છું. હવે આપ વહેલી તકે અહીંથી રવાના થઈ જાઓ. ''આમ કહીને તે દયાળુ સૈનિકે આચાર્યશ્રીને નસાડી મૂક્યા. નજદીકના ગામમાં તે પહોંચ્યા. ત્યાં ઘણા જૈનો રહેતા હતા. એકાકી આચાર્યશ્રીને જોતાં સહુ સ્તબ્ધ થઈ ગયા. સઘળી માહિતી મળતાં આખા ગામમાં સોંપો પડી ગયો. શોક ફરી વળ્યો.

હવે શું કરવું ? આચાર્યશ્રી પાસે એક પણ શિષ્ય નથી. તરત જ જૈનસંઘ ભેગો થયો. કેવી રીતે પ્રતિમાજીઓનો આચાર્યદેવે બચાવ કર્યો અને કેવી સ્થિતિમાં તેમના કેટલા શિષ્યો કપાઈ ગયા વગેરે માહિતી સભામાં આપવામાં

આવી. એ સાથે જણાવવામાં આવ્યું કે, "અત્યારે સૌ પ્રથમ કર્તવ્ય આચાર્યશ્રીને શિષ્યોથી યુક્ત કરવા તે છે."

તરત જ કેટલાક તેજસ્વી કિશોરો અને યુવાનોની ટીપ થઈ. ધર્મશાસનની રક્ષા કાજે સંપત્તિ આપનારા તો સહુ નીકળે પણ તેજસ્વી સંતતિ તો કોક વીરલા જ આપે ને !

ચૌદ માતાઓએ પોતાના સુયોગ્ય લાડકવાયા પુત્રો આચાર્યશ્રીનાં ચરણોમાં મૂકી દીધા.

### [૨૮૮] સિંહને દૂધ પીતો કરતા જૈન મન્ત્રીશ્વર

ઉદેપુરના એ મહારાજા હતા. એ ક્ષત્રિય હતા. માંસાહારી પણ હતા. એમણે એક સિંહ પાળ્યો હતો. એ સિંહ ઉપર એમની અપાર મમતા હતી. રોજ થોડો સમય એની સાથે ગેલ કર્યા વિના એમને ચેન ન પડે. માંસ પણ જાતે જ ખવડાવતા.

આ સિંહનો વિયોગ અત્યંત અકારો થઈ પડવાને કારણે તો મહારાજા ખાસ કામ સિવાય બહારગામ જવાનું પસંદ જ કરતા નહિ.

પણ એક વખત એમને ન છૂટકે પંદર દિવસ સુધી બહારગામ જવાનું થયું. સિંહને મૂકીને જવાના વિચારમાત્રથી એમની આંખે આંસુ ઊભરાઈ જવા લાગ્યાં પણ બીજો કોઈ ઉપાય ન હતો. પોતાના વિશ્વાસુ મન્ત્રીને બોલાવીને મહારાજાએ કહ્યું, "તમારા પુત્રની જેમ સિંહનું તમે લાલન-પાલન કરજો. એને લેશ પણ દુઃખ ન પડે તેની કાળજી કરજો. એનો પાલક એની બધી જરૂરિયાતોને જાણે છે. તમે તેની ઉપર સંપૂર્ણ દેખરેખ રાખજો."

મન્ત્રીએ મહારાજાની આજ્ઞા શિરસાવંદ્ય કરી. સિંહને ખૂબ જ વહાલ કરીને મહારાજા રથમાં ચડી ગયા.

મન્ત્રી ચુસ્ત જૈન હતા. પરમાત્માના એ અનન્ય ભક્ત હતા. ગરીબોના એ બેલી હતા. સાધર્મિકોના એ વત્સલપિતા જેવા હતા. પરનારીઓના સહોદર હતા. પ્રાણીમાત્રના એ મિત્ર હતા. સંધ્યા નમતાં જ એમણે સિંહના પાલકને બોલાવ્યો. વાતચીતમાં એમને એ વાતનો ખ્યાલ આવ્યો કે સિંહનો ખોરાક માત્ર માંસ છે. માંસ તેને આપવું જ પડે, અન્યથા એ મરવાનું જ પસંદ કરે.

મન્ત્રીના હૈયે ફફડાટ પેદા થયો. શી રીતે આ ધર્મસંકટનું નિવારણ કરવું ? રે ! માંસ ખાવું ! એ જેમ પાપ છે, તેમ માંસ ખવડાવવું એય

પાપ જ છે ! મન્ત્રીનું અંતર વારંવાર બોલતું હતું.

બીજા દિવસે સવારે માંસભરેલો થાળ મૂકવાને બદલે મન્ત્રીએ કઢાયા દૂધનું તપેલું અને બે મણ પૂરીનો થાળ પિંજરામાં મુકાવ્યો.

ભોજન લેવા દોડી આવેલા સિંહે આમાં પોતાનું ઘોર અપમાન જોયું. એને વ્યક્ત કરવા જોરથી ચિચિયારીઓ પાડી.

પણ મન્ત્રી ડગી જવા માટે ધરાર લાચાર હતો. આખો દિવસ સિંહ ભૂખ્યો જ રહ્યો. ત્રણ દિવસના વહાણાં વાઈ ગયાં. સિંહે ત્રણેય દિવસના ઉપવાસ કર્યા.

મન્ત્રીના અંતરમાં વિચારોનું ભયંકર ઘમસાણ ચાલ્યું. સિંહ મરી જશે તો મહારાજાને કેટલો આઘાત લાગશે ? અને આઘાત મહારાજાનો ભોગ લેશે તો પ્રજાનું શું થશે ? તો... આપદ્ધર્મ તરીકે મોટા દોષના નિવારણ માટે માંસ ખવડાવવાનો નાનો દોષ ન સેવાય શું ? મન્ત્રીના મનમાં આ પ્રશ્ન ઘોળાતો રહ્યો, પણ અંતે મન્ત્રીએ એક નિર્ણય ઝટઝટ કરી લીધો. સત્ત્વશીલ માણસ માટે આપદ્ધર્મની વાતો શોભતી નથી. ચોથે દિવસે સવારે મન્ત્રીએ જાતે જ પિંજરનું બારણું ખોલ્યું. અને પોતે જ સિંહની સામે ચાલી ગયા. જીવનનું આ એક અચરજ હતું. સિંહ મૂઢ બનીને મન્ત્રીને જોતો રહ્યો. મન્ત્રીએ સિંહને કહ્યું, ''માંસ વિના જો તારે ચાલે તેમ જ ન હોય તો અનશન ત્યાગ અને મને જ ખાઈ લે. આ સિવાય બીજો કોઈ વિકલ્પ મારી પાસે નથી.'' આટલું બોલીને મન્ત્રીએ અરિહંત પરમાત્માનું શરણું લીધું. અને...ડઘાઈ ગયેલા સિંહે દૂધપાકમાં પોતાનું મોં નાખી દીધું ! મન્ત્રીશ્વરના અપૂર્વ સત્ત્વે સિંહ જેવા ક્રૂરતમ હિંસકને પણ અહિંસાનો આરાધક બનાવ્યો.

**[૨૮૯] મજૂર અને પાંચ પથ્થર**

એક રાજા હતો. પોતાના નગરની સીમા ઉપર નાનકડો પહાડ હતો. એકદા તે પહાડ ઉપર ચારે બાજુ કિલ્લો બનાવીને તેની અંદર રાજમહેલનું નિર્માણ કરવાનો તેને વિચાર આવ્યો.

એક દિવસ કામ શરૂ થયું. જેમ જેમ આસપાસનાં ગામડાંઓમાં આ ચણતરની જાહેરાત ફેલાતી ગઈ તેમ તેમ અનેક ગરીબ લોકો આજીવિકા મેળવવા માટે ત્યાં કામ કરવા આવવા લાગ્યા.

તેમાં જેણે જૈન મુનિ તરીકેનું જીવન ન પાળી શકવાના કારણે છોડી દીધું હતું. તે માણસ પણ મજૂરી કરવા માટે ત્યાં આવી ચડ્યો.

તેનું સશક્ત શરીર જોઈને કારભારીએ તેને પથ્થર ફોડવાના અને ઊંચકીને મૂકી જવાના કામમાં રોક્યો.

એક દિવસ તોડેલ મોટા મોટા પથ્થરોને ઊંચકીને તે કિલ્લા તરફ મોટાં ડગ ભરતો ઝપાટાબંધ જઈ રહ્યો હતો, તે જ વખતે કામકાજ જોવા માટે રાજા ઘોડા ઉપર સવાર થઈને સામેથી આવી રહ્યા હતા. તેમણે આ પહેલવાનને જોઈને વિચાર્યુ કે, "આ માણસ એકલો જ પંદર માણસનું કામ કરી દે તેવો લાગે છે. કેટલો બધો ભાર ઊંચક્યો છે ! કેટલી બધી ઝડપ છે !"

એના કામનો વેગ જરાય ઓછો ન થઈ જાય તે માટે રાજાએ તાબડતોડ હુકમ કરીને પહેલવાનના ખાતર આવવા-જવાનો સાવ સ્વતંત્ર રસ્તો નક્કી કરી આપ્યો. રાજાએ પહેલવાનને કહ્યું, "તારે આ જ રસ્તા ઉપર જવું અને આવવું આ રસ્તે કોઈ પણ માણસ તને ભટકાશે નહિ તેવી વ્યવસ્થા મેં કરી છે. આથી તું એકધારી તીવ્ર ગતિથી માલની હેરફેર કરી શકીશ જો કદાચ કોઈ માણસ તારા જ માટે ખાસ નક્કી કરેલા આ માર્ગ ઉપર આવી ચડે તો જરાય વિલંબ કર્યા વિના તેને ધક્કો મારીને બાજુ ઉપર ફેંકી દેજે, પણ તેની ખાતર તું લગીરે થોભી જતો નહિ."

રાજાનો હુકમ તમામ મજૂરોએ જાણ્યો. પહેલવાનના માર્ગે ભૂલથી પણ ન જવાય તેની બધા મજૂરો ભારે કાળજી રાખવા લાગ્યા.

આ વ્યવસ્થાથી પહેલવાનનો કામ કરવાનો વેગ ખૂબ વધી ગયો. રાજાને પણ તેથી ખૂબ સંતોષ થયો.

એક દિવસની વાત છે. માથે અને ખભે મળીને પહેલવાન મોટા દૈત પાંચ પથ્થર ઊંચકીને ભારે વેગથી પોતાના માર્ગ ઉપર આગળ ધસમસી રહ્યો હતો. પણ તે જ વખતે કોઈ જૈન મુનિ તેની સામેની બાજુથી પહેલવાનના માર્ગેથી આવવા લાગ્યા. આસપાસના મજૂરો વગેરેએ આ જોયું અને સહુને લાગ્યું કે રાજાના હુકમ મુજબ પહેલવાન પેલા સાધુને ધક્કો મારીને પછાડી નાંખશે.

પણ આશ્ચર્ય ! જૈન સાધુ નજદીકમાં આવ્યા કે તરત પહેલવાને પાંચ પાષાણો બાજુ ઉપર મૂકી દીધા અને તેમને વંદના કરી. પોતે ખસી જઈને રસ્તો કરી આપ્યો અને આગળ પધારવાની વિનંતી કરી. મુનિરાજ એ જ માર્ગે આગળ વધ્યા.

આ જોઈને કોક ઈર્ષ્યાળુએ રાજાને વાત કરી. રાજાએ પહેલવાનને બોલાવીને પૂછ્યું, "પેલા સાધુને ધક્કો મારીને બાજુ ઉપર હડસેલી મૂકવાના

મારા આદેશની અવગણના કેમ કરી ? તું જ કેમ બાજુ ઉપર ખસી ગયો ?" વગેરે.

પહેલવાને કહ્યું, "રાજન્ ! આ જગતમાં બીજા બધા માટે હું આપના હુકમનો અમલ કરી શકું છું, પરન્તુ જૈન મુનિ માટે તે અમલ થઈ ન શકે."

"કેમ કે મને ખબર છે કે તેઓ મારા કરતાં પણ વધુ ભારેખમ એવા પાંચ મહાવ્રતનો ભાર ઊંચકે છે. વળી મને તો ઠીક પડે ત્યારે આરામ લેવો હોય તો - મારા પાંચ પાષાણો બાજુ ઉપર મૂકી શકું છું; જ્યારે આ મુનિઓ જીવનની એકાદ પળ માટે પણ મહાવ્રતોના ભારને બાજુ ઉપર કદી મૂકતા નથી. આથી તેઓ મારા કરતાં ઘણા મહાન છે. માટે આવા મુનિઓ આપણાં નિયમમાં અપવાદરૂપ જ રહેશે."

રાજાને આ સાંભળીને સંતોષ થઈ ગયો,

**[૨૯૦] પરમાત્મા આદિનાથનો પૂર્વભવ**

પ્રભંકરાનગરીમાં અભયઘોષ નામનો વૈદ્ય રહેતો હતો. તેના ચાર મિત્રો હતા. રાજપુત્ર, મંત્રીપુત્ર, શ્રેષ્ઠીપુત્ર અને સાર્થવાહ-પુત્ર.

એકદા વૈદ્યને ત્યાં સહુ બેઠા હતા. તે વખતે કોઈ કુષ્ઠરોગી મુનિરાજ ભિક્ષા માટે પધાર્યા. તેમની રોગ દશા જોઈને ચારેય મિત્રોએ વૈદ્ય મિત્રને પોતાનું જ્ઞાન ઉપયોગમાં લેવા જણાવ્યું.

વૈદ્ય અભયઘોષે કહ્યું, "જો તમે ખૂબ જ મૂલ્યવાન એવું ગોશીર્ષચંદન અને કંબલરત્ન મને મેળવી આપો તો લક્ષપાક તૈલ કે જે મારી પાસે તૈયાર છે તેની મદદ વડે આ મુનિરાજને હું રોગથી મુક્ત કરી દઉં.

એક વેપારી પાસે જઈને ચાર મિત્રોએ તે બન્ને વસ્તુઓ મેળવી લીધી. વેપારીને પરિસ્થિતિની જાણ થતાં એક પણ સુવર્ણમહોર તેણે ન લીધી. તે બોલી ઊઠ્યો, 'બે લાખ સુવર્ણમહોરની બે વસ્તુઓના ઉપયોગથી એક મહાત્મા જો નિરામય બની જતા હોય તો હું કેવું અઢળક પુણ્ય કમાઈ લઈશ ? ના... બે લાખ મહોર લઈને તે પુણ્યને જતું કરવા હું ધરાર તૈયાર નથી."

પાંચેય મિત્રો તે ઉદ્યાનમાં પહોંચ્યા. જ્યાં પેલા મહાત્મા ધ્યાનસ્થ મુદ્રામાં બિરાજમાન હતા. તેમને હાથ જોડીને, સેવા કરવાની મિત્રોએ રજા માંગી અને કામ શરૂ કર્યું.

પહેલાં લક્ષપાક તૈલનું માલિશ કરવામાં આવ્યું. તેની ભયંકર ઉષ્ણતાથી મુનિનો દેહ જાણે જલવા લાગ્યો. પણ અગાધ સમત્વના સ્વામી એ મહાત્માએ ઊંહકારો પણ ન કર્યો. તૈલની ઉષ્ણતાથી ઢગલાબંધ કૃષ્ટ-કૃમિઓ ચામડી ઉપર આવવા લાગ્યા. તે નિર્દોષ જીવો તરફડીને મરી ન જાય તે માટે મુનિના

દેહ ઉપર રત્નકંબલ નાખવામાં આવી. આ કંબલની ભારે ઠંકડથી ખેંચાઈને બધા કૃમિ તે કંબલમાં ચડી ગયા.

વૈદ્યે પહેલેથી જ કુદરતી મરી ગયેલી ગાયનું શબ મંગાવી રાખ્યું હતું. તેની ઉપર રત્નકંબલ ઝાટકતાં બધા કૃમિ પોતાનો ખોરાક મેળવવા માટે તે ગો-શબમાં ઊતરી ગયાં.

ફરી મુનિના શરીરે લક્ષપાક-તૈલનું મર્દન ! ફરી અઢળક કૃમિઓનું બહિરાગમન ! ફરી રત્નકંબલ ! ફરી ગો-શબ ઉપર કૃમિ-વિસર્જન !

પ્રત્યેક વખત દેહની અંદરઅંદરની ધાતુઓ સુધી ઉષ્ણ તૈલ પહોંચતા મુનિને વેદના દ્વિગુણ, ત્રિગુણ થતી ચાલી. પણ અંતે મુનિ સાવ નીરોગી થયા.

પાંચેય મિત્રોએ મુનિને પ્રણામ કર્યા. તેમના શરીરમાં જે શાતા પેદા થઈ તે તેમના મુખ ઉપર સ્પષ્ટ દેખતાં મિત્રોના આનંદની કોઈ અવધિ ન રહી.

વૈદ્ય અભયઘોષે તે કંબલરત્ન વેચી નાખ્યું. તેને અડધી રકમ (અડધો લાખ સોનામહોર) પ્રાપ્ત થઈ. આ રકમનું તેણે શિખરબંધી જિનમંદિર બનાવ્યું.

પણ વૈદ્યને ભય હતો કે પારકા પૈસે પોતે બનાવેલા આ મંદિરનો નિર્માતા પોતે છે એવું લોકો કહેવા લાગશે તો પોતે કેવા પાપનો ભાગીદાર થશે ?

એટલે તેણે તે મંદિરના મુખ્ય પ્રવેશદ્વાર ઉપર મોટી તકતી મુકાવી. તેમાં લખ્યું હતું કે, "મુનિની સેવા માટે એક વેપારી તરફથી મળેલી રત્નકંબલના ઉપયોગ બાદ તેના વેચાણમાંથી પ્રાપ્ત થયેલી રકમમાંથી આ જિનાલયનું નિર્માણ કરવામાં આવેલ છે."

આ વૈદ્યરાજનો આત્મા તે જ પરમાત્મા આદિનાથ થયો.

### [૨૯૧] જૈન મુનિ અને ચાણક્ય

સમ્રાટ ચન્દ્રગુપ્તને જૈનધર્મ ઉપર ભારે શ્રદ્ધા હતી. જૈન સાધુઓના એ પરમ ભક્ત હતા. એમના સમયમાં કામવિજેતા સ્થૂલભદ્રજીના ગુરુ સંભૂતિવિજયજી મહારાજા પાકટ વૃદ્ધાવસ્થાને પામી ચૂક્યા હોવાથી પાટલિપુત્રમાં રહ્યા હતા.

એ સમયમાં બારવર્ષી દુકાળે ભારતવર્ષને ભરડામાં લીધો. વૃદ્ધ આચાર્યશ્રીએ પોતાના ઘણાખરા શિષ્યોને સમુદ્રતટના દેશો તરફ વિહાર કરાવી દીધો.

કેટલાક સાધુઓને મન્ત્રાદિ જ્ઞાન આપવા માટે પોતાની સાથે પાટલિપુત્રમાં રાખ્યા. આચાર્યશ્રીના અત્યંત ગુરુભક્ત બે શિષ્યો હતા. ગુરુદેવે તેમને પોતાની સાથે ન રાખતા વિહાર કરાવી દીધો હતો. પરંતુ ગુરુવિરહ નહિ ખમાતા બેય ગુરુભક્તો પાછા ફર્યા અને અધ્યયન કરવા માટે રોકવામાં આવેલા સાધુઓની સાથે રહી ગયા.

આ વાતની જાણ થવા છતાં અને વાત્સલ્યમૂર્તિ આચાર્યશ્રી મૌન રહ્યા. કારમા દુષ્કાળના સમયમાં ભિક્ષા લાવવાની કામગીરી અતિ કપરી હતી અને ભારે બુદ્ધિકૌશલ તથા નિખાલસભાવની જરૂરિયાતવાળી હતી. આથી વૃદ્ધાવસ્થાને ગણકાર્યા વિના સંભૂતિવિજયજી મહારાજા પોતે તમામ સાધુવૃન્દની ભિક્ષા લાવતા. અને ખૂબ જ પ્રમાણસર ભિક્ષા સહુને વહેંચતા. એમાં જે કાંઈ થોડુંક વધે તે સ્વયં લેતા. આથી તેમનું શરીર વધુ ને વધુ કૃશ થતું ચાલ્યું.

પેલા બે ગુરુભક્ત મુનિઓને ગુરુદેવની આવી સ્થિતિમાં પોતે જ નિમિત્ત બન્યાનું લાગતાં પારાવાર દુઃખ થયું.

આથી તેમણે પોતાના વિદ્યાબળથી પોતાની ભિક્ષા લાવવાનો નિર્ણય કર્યો.

બીજા દિવસથી અદૃશ્ય-અંજન આંજીને તેઓ અદૃશ્ય બનીને ચંદ્રગુપ્તના ભોજન સમયે રાજમહેલમાં રોજ જવા લાગ્યા અને સમ્રાટની થાળીમાંથી જ કેટલુંક ભોજન લઈ લેવા લાગ્યા.

આથી સમ્રાટને રોજ અલ્પ ભોજન મળવા લાગતાં તેનું શરીર ક્ષીણ થવા લાગ્યું. એ સંબંધમાં મંત્રીશ્વર ચાણક્યે ચિંતાતુર બનીને કારણ પૂછ્યૂં ત્યારે સમ્રાટે સઘળી સાચી વાત ચાણક્યને કરી.

બીજે જ દી ભોજન-ચોરોને પકડવા માટે ચાણક્યે છટકું ગોઠવ્યું.

ભોજનના અપહરણની વેળાએ એકાએક ધૂપ પ્રગટાવ્યો. મુનિઓની આંખનું અંજન ઓગળીને ધોવાઈ ગયું. બેય મુનિઓ ત્યાં જ પ્રત્યક્ષ દેખાવા લાગ્યા.

જૈન મુનિઓને ચોરી કરતા જાણીને ચાણક્યનું માથું ભમવા લાગ્યું. તેને આ સત્ય 'કદી ન માની શકાય' તેવું અસંભવિત લાગ્યું.

મુનિઓએ પેટછૂટી સઘળી વાત ચાણક્યને કરી દીધી.

બીજે દિવસે સંભૂતિવિજયજી મહારાજા પાસે જઈને વંદનાદિ વિધિ કરીને ચાણક્યે બે મુનિઓની ચોરીના પાપની ફરિયાદ કરી. ચાણક્યે કહ્યું, "પથ્થર ઉપર કમળ ઊગવાની વાતને પણ હજી હું માની લઉં; પરંતુ જૈન મુનિઓ રાજમહેલમાં ચોરી કરે એ વાત મારી આંખેઆંખ જોવા છતાં મારા માનવામાં આવતી નથી. ગુરુદેવ ! આપના શિષ્યોની આવી દુર્દશા ! આથી પ્રજાજનોમાં જૈનધર્મ પ્રત્યે કેવી લાગણી પેદા થશે ?"

થોડીક પળો શાન્ત રહીને ગુરુદેવે કહ્યું, "મંત્રીશ્વર ! મુનિઓએ ભોજનની ચોરી કરી તે વાત તદ્દન સાચી છે. એમનો બચાવ કરવાની વાત મારાથી

કદી થઈ ન શકે. પરંતુ હું તમને એક વાત પૂછું છું કે મુનિઓને આટલી હદે પહોંચવું પડે તેવી સ્થિતિનું નિર્માણ થઈ જાય ત્યાં સુધી તમારા જેવી પ્રજાહિતચિંતક વ્યક્તિઓ ઊંઘમાં જ હતી તે વાત તદ્દન સાચી છે ને ! જો તેમ હોય તો તમે કેટલા ગુનેગાર ગણાઓ ?''

ગુરુદેવની વાત સાંભળીને ચાણક્યને પોતાના ઉપેક્ષા-દોષનું ભાન થયું. તેણે તરત ક્ષમા માગી અને બીજા જ દિવસથી યોગ્ય કાર્યવાહી અમલમાં મૂકી.

**[૨૯૨] સુબંધુ મંત્રી અને ચાણક્યની બુદ્ધિમત્તા**

ચાણક્યનો સમકાલીન સુબંધુ મંત્રી હતો. મંત્રી થવાની મહત્ત્વાકાંક્ષા તેમનામાં ખૂબ હતી આ વાતથી ચાણક્ય અજાણ ન હતો. રાજ્યના કોઈ ષડયંત્રના ભોગ બનીને જીવન બરબાદ કરવા કરતાં, ચારિત્ર લઈને આબાદ શા માટે ન કરવું ? એ વિચારથી એક દિવસ ચાણક્યે ચારિત્રનો સ્વીકાર કર્યો. હવે સુબંધુ મંત્રીપદે આવ્યા. ચાણક્યનો કાંટો મૂળમાંથી ઉખેડી નાખવાની તેની ભાવના હતી. તેથી મુનિવેષમાં રહેલા ચાણક્યને તે જીવવા દેવા માંગતો ન હતો.

એક દિવસ ચાણક્યમુનિની સેવા કરવાની રજા લઈ સુબંધુ જંગલમાં ગયો. ચાણક્ય ધ્યાનમાં ઊભા હતા. તેમની ચારેબાજુ છાણાં ગોઠવીને, ધૂપ અને દીપ પ્રગટાવીને જાણે કે તેમની સેવા કરી રહ્યો છે તેવી માયા કરી. થોડીક ક્ષણો બાદ સળગતી દીવી તે છાણામાં નાંખી દીધી, આગ લાગી. ચાણક્યમુનિ પરમાત્માના ધ્યાનમાં લીન બનીને કાળધર્મ પામી ગયા.

હાશ ! હવે તો મૂળમાંથી ગયો. એમ વિચારી સુબંધુ ચાણક્યની હવેલીમાં ગયો. સીધો તિજોરી પાસે ગયો અને તિજોરીમાંથી અઢળક નાણું મેળવી લેવા તેણે તિજોરી ખોલી. તિજોરીમાંથી એક ચાવી મળી, જેના દ્વારા એક બીજું ખાનું ખોલ્યું. તેમાંથી પણ એક ચાવી મળી જેના દ્વારા અંદરનું એક બીજું ખાનું ખોલ્યું...એમ કરતાં કરતાં સાત ચાવીઓ મળી અને સાત ખાનાંઓ ખોલ્યાં. સુબંધુના હર્ષનો કોઈ પાર ન હતો. તેને થયું કે અતિ મૂલ્યવાન ચીજ સંતાડી હશે. જે મને સાતમાં ખાનામાંથી પ્રાપ્ત થશે.

સાતમાં ખાનામાં એક ડબ્બી હતી, તે તેણે ખોલી તેમાંથી ભરપૂર સુવાસ આવતી હતી. નાકે લગાડીને તે સુવાસ તેણે લીધી. તેટલામાં તેની નજર તે ખાનામાં પડેલા કાગળ ઉપર પડી.

કાગળ લઈને તેણે વાંચ્યો. કાગળમાં લખ્યું હતું કે, 'આ ખાનામાં પડેલી ડબ્બી લઈને જે કોઈ સુગંધ માણશે તેનું એક જ દિવસમાં મોત થશે. માત્ર અપવાદ એટલો જ છે કે જો તે સ્ત્રીને કદી અડશે નહિ, અગ્નિ અને પાણીનું સેવન કરશે નહિ, તો જરૂર બચી જશે.'

આ કાગળ વાંચતાં જ સુબંધુના હોશકોશ ઊડી ગયા. તે મનમાં બોલ્યો, "નાલાયક ! મરતો તો ગયો પણ મને મારતો ગયો. હવે તો આ ત્રણ શરતોનું પાલન કરવા માટે મારે જૈન સાધુ થયા સિવાય છૂટકો જ નથી. કેટલું કઠોર છે એ સાધુ જીવન! પરંતુ તેથીય ભયાનક છે એક દિવસમાં થનારું મરણ ! એ બેમાંથી કોઈ વિકલ્પ પસંદ કરવાનો હોય તો મારે સાધુજીવન જીવવાનો વિકલ્પ જ પસંદ કરવો રહ્યો."

અને ખરેખર સુબંધુએ જૈન સાધુનો વેશ પહેરી લીધો. પેલી શરતોનું પાલન શરૂ કર્યું અને જીવન પૂરું કર્યું.

જૈન શાસ્ત્રકારો કહે છે કે આ સુબંધુને જૈન સાધુ શેં કહેવાય ?

**[૨૯૩] રાવણનો પોતાનો મરણ અંગેનો પ્રશ્ન**

રાજા ઈંદ્ર સાથેના મહાયુદ્ધમાં વિજેતા બનીને રાજા રાવણ લંકા તરફ પાછા જઈ રહ્યા હતા; ત્યાં રસ્તામાં "અનન્તવીર્ય' નામના વીતરાગ કેવલી ભગવંતનાં તેમને દર્શન થયાં. પોતાની જાતને ધન્ય માનતા રાવણ તેમની પાસે ગયા. વંદનાદિ કરીને કેવલી ભગવાનની ધર્મદેશના સાંભળી.

દેશના પૂર્ણ થયા બાદ રાવણે એમને એક પ્રશ્ન પૂછ્યો. "હે ભગવંત ! આપ જેવાની મહતી કૃપાથી, પુણ્યના ઉદયને સહકાર મળશે તો હું જીવન તો કદાચ સુંદર મજેનું જીવી જવાને ભાગ્યવાન બની શકીશ; પણ મારા મરણનું શું ? જો મારું મરણ અનિષ્ટ રીતે થાય તો મારું સમગ્ર જીવન કલંકિત થાય, વળી મરણ સમયની ચિત્તની શુભાશુભ સ્થિતિ (લેશ્યા) ઉપર જ પરલોકની સદ્‌ગતિનો આધાર છે, એટલે મારું મરણ બગડે તો પરલોક પણ બગડે.

માટે હે ભગવન્ ! આપ ત્રિકાળજ્ઞાની છો તો આ એક વિનમ્ર પ્રશ્ન છે કે, "સેવકનું મરણ શી રીતે થશે ?"

ભગવંતે ઉત્તર આપતાં કહ્યું, "લંકાપતિ ! તમારું મરણ પરસ્ત્રીના કારણે થશે."

આ સાંભળતા જાણે કે માથે વીજળી પડી હોય એવો વજ્રપાતનો અનુભવ કર્યો.

એ એકદમ બોલી ઊઠ્યા, "અરે ! અરે ! ભગવન્ ! રાજા રાવણના લલાટે પરસ્ત્રીનું કાળું કલંક ? આ હું શું સાંભળી રહ્યો છું ? બીજું ગમે તે સાંભળી શકાય પણ આ ભવિષ્યવાણી મારાથી સાંભળી જતી નથી ! ઓહ !

લંકાપતિ દુરાચારી બનશે ? પરસ્ત્રી તરફ એની નજર કતરાશે ? એટલી હદે જઈને અધમ થશે ?"

રાવણનું અંતર અસહ્ય પીડા અનુભવવા લાગ્યું. થોડી જ પળોમાં સ્વસ્થ થઈને એ ફરી બોલવા લાગ્યા, "ભગવન્ ! મારાથી આ કટુ સત્ય ખમી શકાતું નથી, હું આપઘાત કરવા તૈયાર છું પણ આવું કલંકિત જીવન તો મારાથી કેમેય નહિ જીવી શકાય. પ્રભો ! આપ તો સર્વજ્ઞ છો, સર્વદેશી છો; આપનું વચન ત્રિકાલાબાધ્ય જ હોય મને એમાં લેશ પણ શંકા નથી. પરંતુ મારે એક પ્રતિજ્ઞા કરવી છે; પાણી પહેલાં જ પાળ બાંધવી છે; લલાટના એ લેખ ઉપર લોઢાની મેખ મારવી છે...."

મને પ્રતિજ્ઞા આપો, "પરસ્ત્રી મને નહિ ઇચ્છે તો હું એનો સંગ નહિ કરું. (પરસ્ત્રિયમનિચ્છન્તી રમયિષ્યામિ નહ્યહમ્)

"ભગવન ! પ્રાણના સાટે હું આ પ્રતિજ્ઞા પાળીશ."

"અને જો.... આ પ્રતિજ્ઞાનું બરોબર પાલન થયું તો આ સંબંધિત કોઈ કલંક મારા લલાટે લાગવાની સંભાવના જ રહેતી નથી."

રાવણની યાચનાને અનન્તવીર્ય કેવલીએ અનુકૂળ થઈને પ્રતિજ્ઞા આપી. રાજા રાવણને સંતોષ થઈ ગયો. આ કલંકથી પોતે હવે સંપૂર્ણપણે નિર્ભય થઈ ગયો છે એવી પ્રસન્ન લાગણી અનુભવતા રાવણ ત્યાંથી ઊઠ્યો. કેવલી ભગવંતને વંદન કરી વિદાય થયો.

અકાટ્ય કર્મોની આંધી સામેય લડી લેવા માટે કમર કસવાનો પુરુષાર્થ કરનાર રાજા રાવણ ! ધન્ય છે તમને ! જો આ પ્રતિજ્ઞા તમે લીધી ન હોત ! જો એનું પાલન તમે કર્યું ન હોત ? તો.... ખરેખર પરસ્ત્રીગમનનું અતિભયાનક પાપ તમારા દેહને કદાચ અભડાવી ગયું હોત ! એક મહાસતીજીના જીવનનો તમે કદાચ અકાળે પૂર્ણવિરામ બોલાવી દીધો હોત !

વંદન હો.... પરરમાત્માઓના પ્રતિજ્ઞાના આયોજનને !

કેટલાંય પાપોથી, પ્રતિજ્ઞાએ; કેટકેટલાને બચાવ્યા હશે ?

જેણે પાણી પહેલાં પાળ બાંધી, પ્રતિજ્ઞાની; એમના જીવન પાપોના ઘોડાપૂરે ડૂબતાં-તણાતાં, મરતાં આબાદ ઊગરી ગયાં.

ઇતિહાસનાં અનેક પાનાંઓ આ સત્યની ગવાહી પૂરી છે.

**[૨૯૪] નીતિમાન શ્રાવક અને દુકાળમાં ધોધમાર વરસાદ**

એક વખત ગુજરાતમાં ભયંકર કોટિનો દુકાળ શરૂ થયો. ગુજરાતનો નાથ અકળાઈ ગયો. તેણે જોષીઓને બોલાવ્યા. જોષીઓએ દુકાળના ભયાનક ગ્રહોની સ્થિતિ સમજાવીને વધુ બેચેન કરી મૂક્યો. પણ છેલ્લે તેમણે કહ્યું, "છતાં એક ઉપાય છે. આપના નગરની અંદર સંપૂર્ણ નીતિમાન એક જૈન શ્રાવક રહે છે. જો તે આકાશ નીચે ખુલ્લામાં આવીને ઊભો રહે અને આકાશ સામે જોઈને તે કહે કે, "હે વરસાદ ! તું પડ." તો ધોધમાર વરસાદ તૂટી પડે."

આ સાંભળીને રાજા જાતે તે શ્રાવકને ઘેર ગયો અને વરસાદ લાવવા માટે વિનંતી કરી.

મહાદયાળુ શ્રાવક હાથમાં ત્રાજવું ઊંચું રાખીને બોલ્યો કે, "હે વરુણદેવ ! જો આ ત્રાજવામાં મેં કદાપિ અનીતિ કરી હોય તો આ ચાલતો દુકાળ કાયમી બની જાય, પણ જો મેં અનીતિ કરી ન હોય તો હમણાં જ બારેખાંગે મેહ વરસી પડો." અને ખરેખર ધોધમાર વરસાદ તૂટી પડ્યો.

કેવી છે નીતિના નાનકડા પણ ધર્મની પ્રચંડ તાકાત !

**[૨૯૫] પારસમણિ શેઠ હઠીસિંહ**

અમદાવાદમાં આવેલી હઠીસિંહની વાડી તે જ આ હઠીસિંહ શેઠ !

શેઠની ખ્યાતિ પારસમણિ તરીકેની હતી. કેટલાકો તો તેને પારસમણિ જ કહેતા. એક દિવસ ગામડાની અભણ બાઈએ આ સાંભળ્યું, અને એણે વિચાર કર્યો કે, 'જો શેઠ પારસમણિ હોય તો તેમને લોખંડનો ટુકડો અડાડવાથી તે જરૂર સોનું થઈ જવું જોઈએ. લાવ, હું પરીક્ષા કરું. જો સાચું હશે તો મારી ગરીબી પણ ફેડાઈ જશે.'

તે બાઈ શેઠના ઘરે પહોંચી ગઈ. શેઠના એ પડતીના દિવસો હતા. પત્નીએ બાઈની સઘળી વાત સાંભળી અને અંદરના ખંડમાં બેઠેલા શેઠને વાત કરી. શેઠ વિચારમાં પડી ગયા. છતાંય ગરીબ બાઈને પોતાની પાસે બોલાવી પોતાની પત્નીનું બધું જ ઘરેણું તે બાઈને ભેટ ધરી દીધું. બાઈ આનંદવિભોર બનીને ચાલી ગઈ.

શેઠ ખરેખર પારસમણિ પુરવાર થયા.

**[૨૯૬] આર્યરક્ષિતસૂરિજી અને ઇન્દ્ર**

જ્યારે આર્યરક્ષિતસૂરિશ્વરજીનાં જ્ઞાન ઉપર આફરીન થઈને ઇન્દ્ર સ્વર્ગમાં જવાની તૈયારી કરતા હતા ત્યારે આર્યરક્ષિતજીએ ઇન્દ્રને કહ્યું, "ભાઈ, તું થોડી વાર અહીં વધુ રોકાઈ જા. જેથી ભક્તિ માટે ગયેલા મારા સાધુઓ પાછા આવી જાય અને પ્રત્યક્ષ રૂપથી તને જોઈ શકે, અને સ્વર્ગ વગેરે પદાર્થો તરફની તેમની શ્રદ્ધા વધુ મજબૂત બની જાય.'

ઇન્દ્રે કહ્યું, "ભગવંત ! હે ભગવંત ! કલિકાલના સાધુઓનું સત્ત્વ કાંઈ ઓછું હોય છે ! શાસ્ત્રમાં શ્રદ્ધા વધારવાના બદલે મને જોઈને મારા જેવા થવાની ઇચ્છા ધરાવતા થઈ જાય તો ?" આ વાત સાંભળીને સૂરિજી ચૂપ થઈ ગયા.

પોતે આવ્યાની માત્ર નિશાની કરીને ઇન્દ્ર ત્યાંથી વિદાય થઈ ગયો.

**[૨૯૭] ભીષ્મની 'ના-યુદ્ધ'ની તીવ્ર ઇચ્છા વગેરે વિશિષ્ટતાઓ**

ભીષ્મ કૌરવના પક્ષે રહીને કૌરવોને કબજામાં રાખવા માંગતા હતા તેવા અનુમાનને અનેક બીનાઓથી પુષ્ટિ મળે છે.

(૧) યુદ્ધ શરૂ થતાં પૂર્વે જ ભીષ્મે યુદ્ધમાં અસંમતિ દર્શાવી હતી.

(૨) પહેલાં દસ દિવસના યુદ્ધનું નેતૃત્વ લઈને ભીષ્મ ખરેખર તો યુદ્ધ લડ્યા ન હતા પણ માત્ર દિવસો પસાર કરતા હતા. કદાચ કૌરવોને સદ્‌બુદ્ધિ જાગે અને યુદ્ધ બંધ રાખી દે એવી આશાથી....

આથી જ – ભીષ્મની યુદ્ધકીય નિષ્ક્રિયતાથી - વાજ આવી જઈને દુર્યોધન એક દિવસ ભીષ્મની સામે ખૂબ વધારે પડતું, આક્ષેપાત્મક બોલી ગયો હતો.

(૩) દુર્યોધનના કટુતમ પ્રલાપ પછી ભીષ્મે યુદ્ધ તો ખેલ્યું પણ પાંડવોને હણવાને બદલે જાતે જ ઘાયલ થઈ ને પડ્યા. તે પછી પણ અર્જુનની વિશિષ્ટતાઓ આંખે દર્શાવીને દુર્યોધનને ભીષ્મે 'હજી પણ યુદ્ધ બંધ કર !'એવી સલાહ ભારપૂર્વક આપી હતી.

બેશક, ભીષ્મના પુરુષાર્થ કરતાં પ્રારબ્ધ મૂઠી-ઊંચેરું આગળ જ રહેતું હતું એટલે એને ઝૂક્યા વિના ભીષ્મનો ઉપાય જ ન રહ્યો.

સમગ્ર રીતે પણ મહાભારતની કથા નિયતિ દ્વારા ઢસડાતા, તણાતા, વેરવિખેર થતા પાત્રોની કથા છે. ત્યાં ભીષ્મ 'બિચારો' શું કરે ?

ભીષ્મનો આત્મભોગ કેટલો બધો જોવા મળે છે ? પિતા ખાતર એણે

સંસારસુખ જતું કર્યું, કૌરવોને સમજાવવા ખાતર તે દુષ્ટોના પક્ષે રહીને લોકોમાંથી યશ ખોયો. લોકો તેનું રહસ્ય ન સમજી શક્યા અને એથી ભીષ્મને અપયશ મળ્યો. અને છેલ્લે પાંડવોને ઘાયલ કરવાને બદલે પોતે જ ઘાયલ થઈને અંતે જાન ખોયો.

ખોવાનું બધુંય ભીષ્મને..... સુખ, યશ અને જીવન... તેય સ્વેચ્છાએ : સહર્ષ કેટલું આત્મ-બલિદાન ! કેવો આત્મા ! અજૈન મહાભારતકાર ભીષ્મને આવાં બધાં કારણોસર ખૂબ દુઃખી તરીકે જુએ છે. એવાં દુઃખો એને જ મળ્યાં. તેમાં 'પૂર્વભવનો તે વસિષ્ઠ ઋષિથી શાપિત આત્મા હતો' તે કારણ બતાડે છે.

પણ આ ઘટનાઓ બરોબર લાગતી નથી. ભીષ્મ દુઃખી ન હતો પણ નિષ્ફળ જરૂર હતો અને તેથી જ તે 'હાસ્ય વિનાનો' હતો. તેમ ભીષ્મ ખૂબ ધર્મી હતો, તેથી જ તેની નિષ્ફળતાને લીધે તે માનસિક રીતે તૂટી પડતો ન હતો, 'પરંતુ 'નિયતિ'ને જ નજરમાં રાખીને નિષ્ફળતાને પચાવી નાખતો હતો. એના સ્થાને બીજો કોઈ હોત તો તે અઘોર નિષ્ફળતાઓ બદલ આંસુ સારતો હોત. ભીષ્મ કદી આંસુ સારતો ન હતો.

નિષ્ફળ માટે હાસ્ય વિનાનો....

ધર્મી માટે આંસુ વિનાનો.....

કેવો અફલાતૂન-બેજોડ-આદમી, આ ધરતી ઉપર પેદા થયો હતો !

ભીષ્મનું સમદૃષ્ટિત્વ કેવું જાજરમાન હશે કે તદન વિરોધી અને વાતે વાતે ઉગ્રતાથી લડી પડતા બંને પક્ષોને તે અત્યન્ત આદરણીય બન્યા હતા.

ભીષ્મની નીતિમત્તા કેટલી જોરદાર કે નિઃશસ્ત્ર, ગરીબ, સ્ત્રી અને નપુંસક સાથે નહિ લડવાની યુદ્ધનીતિને, શિખંડી સામે શસ્ત્ર નહિ ઉગામીને ઘાયલ થઈને પણ બતાડી. (ભીષ્મથી તરછોડાયેલી (!) અંબા જ બીજા ભવે શિખંડી બનીને ભીષ્મને મારે છે એ બધી વાત જૈન મહાભારતમાં સ્વીકૃત બની નથી.)

ભીષ્મની ધાર્મિકતા કેટલી જીવંત કે યુદ્ધમાં ઘાયલ થઈને ધરતી પર પડ્યા બાદ, શરીરમાં લાગેલાં બાણોને કાઢ્યા વિના–જેમના તેમ જ રાખીને- દેહ અને આત્મા વચ્ચેના ભેદજ્ઞાનની પોતાનામાં કેટલી માત્રા છે તેનું પારખું છેલ્લા શ્વાસ સુધી કરે છે !

ભીષ્મની સંસારત્યાગની બાળપણની ભાવના કેટલી ઉગ્ર કે યુદ્ધમાં ઘાયલ

થયા બાદ મુનિવેષ સ્વીકારીને, જીવનનું છેલ્લું વર્ષ અદ્‌ભુત સાધનામાં વ્યતીત કરે છે. છેલ્લો મહિનો - આખોય નિર્જલ ઉપવાસ કરે છે. છેલ્લી પળોમાં યુધિષ્ઠિર વગેરે ઉપસ્થિત આત્માઓને અંતિમ બોધ દેવાપૂર્વક અને તમામ અનુપસ્થિત આત્માઓ સાથે હાર્દિક ક્ષમાપના કરે છે, પરમાત્માનું શરણ લે છે અને અત્યંત સુંદર સમાધિ સાથે પ્રાણ છોડીને બારમા દેવલોકે પહોંચે છે.

આવા હતા મહાન ભીષ્મ ! ધર્માત્મા ભીષ્મ ! આત્મબલિદાન વ્યસની ભીષ્મ !

હા....નિયતિથી નિષ્ફળ બનાવાયેલા પુરુષાર્થના સ્વામી ! છતાંય અ દુઃખી ! આંસુ-વિનાના ! અને હાસ્ય વિનાના !

પરમ-પિતૃભક્ત ! મહાબ્રહ્મચારી ! જબ્બર અહિંસક ! ગૃહસ્થ ભીષ્મ ! કેવા મહાન !

મહામુનિ ! ઉગ્ર તપસ્વી ! અજાતશત્રુ ! દેહાત્મભેદકારક ! સાધક ભીષ્મ ! કેવા વંદનીય !

ના... આવા ભીષ્મના પાત્રાલેખનમાં એમને 'હીણા' કલ્પીને કોઈ અન્યાય આચરજો મા !

**[૨૯૮] ભીષ્મની પ્રતિજ્ઞા**

નાવિક શ્રેષ્ઠે પોતાના મનની વાત બેધડક રીતે ગાંગેયને કરી.

જરાય ખચકાયા વિના ગાંગેયે કહ્યું, "ઓહ ! આ વાત છે, એમ ને ? કાંઈ વાંધો નહિ. મારી પાસે એનું પણ સમાધાન છે.

"મારી એક પ્રતિજ્ઞા એ કે મારે રાજા થવું નહિ, અને હવે મારી બીજી પ્રતિજ્ઞા હું એ કરું છું કે મારે કદી લગ્ન કરવું નહિ : નિર્મળ બ્રહ્મચર્યનું પાલન કરવું. હવે તારા મનની શંકાનું સમાધાન થયું ને ? હવે મારા પુત્રને રાજ્ય પ્રાપ્તિનો સવાલ જ પેદા થતો નથી ને ? બસ... તો તું તારી પુત્રી સત્યવતીને મારા પિતા વેરે પરણાવ અને તેમની મનઃ કામના પૂર્ણ કર. હું તને મારી મા તુલ્ય માનીશ.

"નાવિક ! પિતાની ભક્તિ એ જ મારું સર્વસ્વ છે. એની સામે લગ્નજીવનનાં કહેવાતાં સુખોનું મારે મન કોઈ મૂલ્ય નથી. વળી મેં કિશોર વયમાં જ બ્રહ્મચર્યનો મહિમા ચારણ મુનિવરો પાસેથી સાંભળ્યો છે; ત્યારથી જ મને તેનો ભારે પ્રેમ છે. આજે તું મારો મોટો ઉપકારી નીવડ્યો કે તેં મને આજીવન બ્રહ્મચર્ય પાળવાની તક આપી. અહિંસાવ્રતને તો મેં મારું જીવન બનાવ્યું જ હતું. હવે બ્રહ્મચર્ય પણ મારું જીવન. અને તેની સાથોસાથ પિતૃભક્તિ કરવાનો

અમૂલખ લાભ. હવે મારે બીજું શું જોઈએ ?

"હા.... એક વાત હજી રહી જાય છે, એ ચારણ મુનિવરોની જેમ સર્વસંગનો ત્યાગ કરવાની; પણ એય તક આવશે તો હું છોડવાનો નથી. પણ આજે તો એ શક્ય લાગતું નથી."

ગાંગેયનુ વાક્ય પૂરું થતાં જ આકાશસ્થ વિદ્યાધરોએ પ્રસન્ન થઈને પુષ્પોની વૃષ્ટિ કરી. તેમણે કહ્યું, "અરે ! અરે ! ભીષ્મ પ્રતિજ્ઞા ! ભીષ્મ પ્રતિજ્ઞા !

અને.... એ દિવસથી ગાંગેય 'ભીષ્મ'ના નામે આ જગતમાં પંકાયા.

**[૨૯૯] અર્જુનનો વિષાદ અને કૃષ્ણની અપૂર્વ સમજાવટ**

શ્રીકૃષ્ણે પરપક્ષનો પરિચય આપ્યો અને અર્જુનના યુદ્ધ લડવાના હોશકોશ ઊડી ગયા. તેણે ખૂબ જ હતાશાથી ભરેલા અવાજમાં શ્રીકૃષ્ણને કહ્યું, "મારાથી કોઈ પણ સંયોગમાં યુદ્ધ થઈ શકે તેમ નથી. આપે જેમની ઓળખ આપી તે બધા મારા જુદી જુદી રીતેના નિકટના સંબંધીઓ છે. શું મારે એમને હણી નાખવાના ? રે ! આ તો મારાથી કેમેય નહિ બની શકે."

"અરે ! જો રાજલક્ષ્મી પામવા માટે સ્વજનો, સ્નેહીજનો, અરે ! ગુરુજનો અને વડીલજનોના લોહીનો ભોગ લેવાનો હોય તો ના...ના શ્રીકૃષ્ણ ! મારાથી તે કદાપિ ન બની શકે.

"મારે તો રાજલક્ષ્મી નથી જોઈતી, હું આજીવન વનવાસી બનીને રહેવા માટે તૈયાર છું.

"જેમના ખોળામાં હું રમ્યો છું, જેમણે મને અપાર વહાલ દાખવ્યું છે તે મારા પરમ પૂજનીય શ્રી ભીષ્મ પિતામહને મારે બાણથી વીંધી નાંખવાના ? હાય ! અસંભવ.

"જેમણે મને દિલ દઈને ધનુર્વિદ્યા શીખવી છે. જેમના હૈયાના કોડ હતા મને વિશ્વનો સર્વશ્રેષ્ઠ બાણાવળી બનાવવાના તેથી જ પેલા નિર્દોષ ગુરુભક્ત એકલવ્યનો અંગૂઠો ગુરુદક્ષિણામાં જેમણે કપાવી નાખ્યો તેવા મારા પ્રાણસ્વરૂપ ગુરુ દ્રોણાચાર્ય ઉપર મારે બાણોની વર્ષા કરવાની ? ઓ ! એ શી રીતે મારાથી થઈ શકશે ?

"અને પેલા કૃપાચાર્ય ! એય મારા અમારા કૌરવકુળના વિદ્યાગુરુ ! મારે તેમને પણ હણી નાખવાના ? ના, મારું પરમ પવિત્ર ગાંડીવ ધનુષ ગુરુજનોના લોહીથી ખરડાઈને કલંકિત થઈ નહિ શકે. હું ગાંડીવ નીચે મૂકી દઉં છું."

અર્જુનના હૈયામાં આ પરિસ્થિતિનો પહેલેથી જ ખ્યાલ હશે પરન્તુ જ્યારે તે પરિસ્થિતિનું તેણે ઉઘાડી આંખે દર્શન કર્યું ત્યારે જ તેની ભયાનકતા તેને બરોબર સમજાઈ; અને એના રોમેરોમમાં રમતી કૃતજ્ઞતાએ એને ગાંડીવ ઊંચકતો હતાશ કરી દીધો.

રણભૂમિ માટે તદ્દન અપાત્ર એવા કોઈ ક્ષમાશીલ સાધુને રણભૂમિમાં લાવીને ખડા કરી દીધા હોય અને તેમની જે દશા થાય તેવી કરુણાર્ત્ત સ્થિતિ અર્જુન અનુભવવા લાગ્યો.

શ્રીકૃષ્ણને લાગ્યું કે પરિસ્થિતિ ખૂબ વિકટ બની રહી છે. જો અર્જુનને યુદ્ધ માટે ઉત્સાહિત કરવામાં નહિ આવે તો પાંડવોનો પરાજય સુનિશ્ચિત છે.

કર્ણ વિનાના કૌરવો, અને અર્જુન વિનાના પાંડવો સાવ 'વામણા' છે. ગમે તેમ કરીને અર્જુનના લોહીમાં યુદ્ધની ગરમી લાવી દેવાનો સંકલ્પ કરીને શ્રીકૃષ્ણ અર્જુનને કહેવા લાગ્યા, ''અર્જુન ! તું ક્ષત્રિય છે હોં ! તું કોઈ શ્રમણ નથી. આ સ્થળે તું 'સગા અને વહાલા'ના સંબંધો જોઈ રહ્યો છે તે તારા ક્ષાત્રવટને માટે ખૂબ શરમભરી બાબત છે.

''જે પિતામહે પોતાના જ પુત્રો અને પૌત્રોની સામે શસ્ત્રો ઉગામ્યાં હોય એને પિતામહ કહેવાય કે શત્રુ કહેવાય ?

''જે વિદ્યાગુરુઓ પોતાના જ વહાલામાં વહાલા શિષ્યોને ખતમ કરી નાખવા માટે થનગની રહ્યા હોય તેમને વિદ્યાગુરુ કે શત્રુ કહેવાય ?

''અર્જુન ! તારી બુદ્ધિ સાવ બહેર મારી ગઈ લાગે છે, નહિ તો આટલી સીધી વાત તને કેમ ન સમજાઈ ? આ પ્રશ્ને તારા હૈયામાં વડીલજનો અને ગુરુજનો પ્રત્યે જેમ ભક્તિભાવ ઊભરાયો છે તેમ તેઓના હૈયે તારા પ્રત્યેનો ભૂતપૂર્વ વાત્સલ્યભાવ કેમ ઊભરાયો નથી ! તેઓ તને - તમને બધાને - મારી નાખવાની ક્રૂરતાની ઘાતકી લાગણીઓથી કેમ ઊભરાયા છે ? શું તું આવાઓને તારા ઉપકારીજન માને છે એમ ? શું આવાઓને તારે વિદ્યાગુરુ કહેવા છે એમ ?

''વળી તું કહે છે કે, હું તેમને મારી શકીશ નહિ. અરે ! તું શું તેમને મારવાનો હતો ! એમનાં પાપકર્મો જ એમને મારવાનાં છે. તું તો નિમિત્તમાત્ર બનવાનો છે. અર્જુન ! એક વાત સમજી લે કે દુર્યોધન, દુઃશાસન, શકુનિ અને કર્ણે દ્રૌપદીના વસ્ત્રાહરણ વગેરે પ્રસંગો ઉપર જે પાપ કર્યું છે અને ભીષ્મ, દ્રોણ વગેરેએ મૌન રહીને તેમને જે પ્રકારે પાપ કરવામાં ઉત્તેજન

આપ્યું છે. એ પાપ એટલું બધું ભયંકર છે, એટલું બધું ઉગ્ર છે કે તેમને આ જ ભવમાં તેનું ફળ મળી રહેવાનું છે; અને હવે તો ઝાઝા દિવસો પણ લાગવાના નથી. ઉગ્ર પાપીઓ તેમના પાપે જ તે જ ભવમાં મરે છે, એ શાસ્ત્રવચનને તું વિસરી ન જા. માટે મારે તને એટલું જ કહેવું છે કે તું તારો ક્ષાત્રધર્મ બજાવ. સ્વયં મરનારાઓને મારવાની તારે તો માત્ર વિધિ જ કરવાની છે.

"વળી સામેથી બાણના પ્રહારો ચાલુ રહે ત્યારે ક્ષત્રિય બચ્ચો કોઈ પણ સ્થિતિમાં શાન્ત ઊભો રહે ખરો ? તું વીર ક્ષત્રિયાણી માતા કુન્તીનું સંતાન નથી ? શું તું મહાપરાક્રમી ક્ષત્રિયરાજા પાંડુનું બીજ નથી ? ઓ અર્જુન ! અત્યારનું તારું વર્તન તે સાચી હકીકતમાં પણ શંકા પ્રેરે તેવું બની ગયું છે."

શ્રીકૃષ્ણના આ શબ્દોએ અર્જુનના વિષાદનો ભુક્કો બોલાવી દીધો.

**[૩૦૦] ખુમારીવંતા વીરાચાર્ય**

સિદ્ધરાજ જયસિંહ જેમને ભારે બહુમાનથી સત્કારતો હતો એવા એ જૈનાચાર્ય નામે વીરાચાર્ય.

કોણ જાણે કેમ, એક દી સિદ્ધરાજે ભરસભામાં વીરાચાર્યજીને કહ્યું કે, "આપના મુખ ઉપર જ તેજ છે તે આપને મળતાં રાજ સન્માનને આભારી છે."

આ શબ્દો સાંભળતાં જ વીરાચાર્યજીનું સત્ત્વ છંછેડાયું. તરત જ તેમણે રાજાને કહ્યું, "રાજન્ ! મિથ્યા ગર્વ ન કરો. મુનિઓના લલાટના તેજ તેમના સંયમપાલનને આભારી છે એ વાત તમારા હૈયે લખી રાખો.

બીજી વાત... કે હું ઘણા વખતથી વિહાર કરવાની ઇચ્છા રાખતો હતો. આજે હું પાટણથી વિહાર કરીશ."

અને... વીરાચાર્યજીએ બપોરના સમયે પાટણ છોડ્યું. વીરાચાર્યજી રાજા દ્વારા અપમાનિત થયાના સમાચાર પાટણના સમસ્ત જૈન સંઘમાં વાયુવેગે ફેલાઈ ગયા હતા. હજારો ભક્તજનો આશ્રુભીની આંખે વીરાચાર્યને વળાવવા ગયા.

આ બાજુ રાજા સિદ્ધરાજને પોતાની થઈ ગયેલી ભૂલનો ખ્યાલ આવતાં ખૂબ પ્રશ્ચાત્તાપ થયો. તેણે જૈન મન્ત્રી સાન્તુને વીરાચાર્યજી પાસે મોકલ્યા. પણ તે વખતે તો તેઓ એ વિહાર શરૂ કરી દીધો હતો. સાન્તનું મંત્રી જલદીથી પાછળ ગયા. વીરાચાર્યજી હજી ગામ બહાર પહોંચીને માંગલિક સંભળાવી રહ્યા હતા.

સાન્તનુએ સૂરિજીને પાછા ફરવાની અશ્રુભીની આંખે પ્રાર્થ-
મહારાજા સિદ્ધરાજ તરફથી મોકલાયેલો ક્ષમાપના - સંદેશ જણાવ્યો.
સંઘે પાછા ફરવાની પ્રાર્થનામાં ભારે આગ્રહભર્યો સાથ પુરાવ્યો. સહુ
જ યાચના હતી, "એક વાર ઉપાશ્રયે પાછા ફરો."

અને.... સૂરિજી ખરેખર પાછા ફર્યા. સહુના ઉરમાં આનંદ સમાતો
સૂરિજી ઉપાશ્રયે આવી ગયા પાટે બેસીને માંગલિક સંભળાવવાનું

અરે.... પણ એકાએક આ શું થયું ! સૂરિજી પાટ ઉપરથી અધ્ધર
આકાશ તરફ જવા લાગ્યા. સકળ સંઘ જોતો જ રહી ગયો અને
અદૃશ્ય થઈ ગયા.

થોડા દિવસ બાદ સમાચાર મળ્યા કે સૂરિજી રાજસ્થાનના પાલી
રહેલા સાધુઓની સાથે બિરાજમાન છે.

કેટલાક સમય બાદ સિદ્ધરાજે ફરીથી સાન્તનુને સૂરિજી પાસે
અને પોતાના અંતરની શાન્તિ માટે પાટણ પધારવા વિનંતી કરી.

સાન્તનુએ સૂરિજી પાસે જઈને એ વિનંતી રજૂ કરી. ઉદારદિલના
ક્ષમાપ્રધાન સૂરિજીએ કહ્યું, "એ તરફ આવીશ ત્યારે પાટણ આવવાન
ભાવ રાખીશ. મને તે રાજા તરફ કોઈ દ્વેષભાવ નથી. પણ તેણે જે
દાખવ્યો તેને બોધપાઠ આપવા પૂરતું જ મારે 'કાંઈક' કરવું પડ્યું છે.
રાજા સિદ્ધરાજને મારા ધર્મલાભ જણાવવાપૂર્વક કહેજો કે, હું જરૂર તે
વિનંતીને ધ્યાનમાં રાખીશ."

અને.... ખરેખર એક દી સૂરિજીએ પાટણમાં પ્રવેશ કર્યો. રાજાને
મળતાં જ તે ગામ બહાર જઈને સૂરિજીનાં ચરણોમાં પડી ગયો. અશ્રુ
સાથે તેણે ક્ષમા માગી.

કહેવાય છે કે રાજાએ પાટણના ઈતિહાસમાં ન નીકળ્યો હોય
વરઘોડાપૂર્વક સૂરિજીનો ભારે દબદબભર્યો નગરપ્રવેશ મહોત્સવ કર્યો.

OOO

# દરેક આવતી કાલ : ભાવીનો પ્રથમ દિવસ

વર્ષનો પહેલો દિવસ.

કેટલા બધા ઉલ્લાસથી માણસ ઉજવે છે ? કેવા કેવા શુભ સંકલ્પો કરે છે ? કેવા સારાં કામોનો આરંભ કરે છે ? તો હવે સાંભળો.

આ જીવનનો આપણો જે શેષ ભવિષ્યકાળ છે, એનો સૌથી પહેલો દિવસ દરેક આવતી કાલ છે.

તો ભવિષ્ય - કાળની દરેક આવતી કાલને આપણે ખૂબ ઉલ્લાસ સાથે, સારાં કાર્યો કરવાના સંકલ્પ સાથે ઉજવવી ન જોઈએ ?

જો તેમ થાય તો આખો ભવિષ્યકાળ ઉલ્લાસમય, સત્કાર્યમય બની જાય.

હવે જે ગયો, ભૂતકાળ : ખરડાએલો, ગંધાએલો, નિષ્ફળ ગયેલો... ભલે ગયો. તેથી તૂટી ન પડો. Let the bygone be the bygone. હવે દરેક આવતીકાલને ઉજળી બનાવવા માટે સજ્જ થઈ જાઓ.

-પં. ચન્દ્રશેખરવિજયજી